

# ધર્મતત્ત્વપ્રકાશ

પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારા

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી લબ્ધિ-લક્ષ્મણસૂરિ-ગુરુભ્યો નમઃ

પૂ૦ ગુરુદેવ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી સ્મારક
ગ્રન્થમાળા પુષ્પ ૮

# ધર્મતત્વ પ્રકાશ

[ આવૃત્તિ બીજી ]

— વ્યાખ્યાતા —

સ્વ૦ પરમગુરુદેવ વ્યા૦ વા૦ ગચ્છાધિપતિ બહુશ્રુત પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના
પટ્ટપ્રભાવક દક્ષિણદેશોદ્ધારક અજોડ વ્યાખ્યાતા પૂ૦ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

卐

: સં...પા...દ...ક :

શતાવધાની પૂ૦ આચાર્યદેવ—
શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ

卐

: પ્રકાશક :

શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાનમંદિર-દાદર

## પ્રાપ્તિસ્થાન


શ્રી આત્મ-કમલ-
લબ્ધિસૂરીશ્વરજી
જૈન જ્ઞાનમંદિર
૬, જ્ઞાનમંદિર રોડ,
દાદર B.B. મુંબઈ ૨૮

卐

વિ. સં. ૨૦૩૩
વી સં. ૨૫૦૩
ઈ. સ. ૧૯૭૭
દ્વિતિયાવૃત્તિ
નકલ ૧૫૦૦
પ્ર. આ. ન. ૨૦૦૦


- ભેટ -


મુદ્રક :-
ભાનુચંદ્ર નાનચંદ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ,
પાલીતાણા


## 卐 સંસ્કારી-સાહિત્ય 卐

- અણમોલ રત્નો
- પ્રસંગ પરિમલ
- તેજસ્વી રત્નો
- અંતરના અજવાળા
- ધર્મકથાએ (હિન્દી)
- રાત્રિ ભોજન
- રાત્રિ ભોજન (હિન્દી)
- ધર્મતત્ત્વ પ્રકાશ
- કથાપરિમલ
- આર્હત ધર્મ (હિન્દી)
- આત્મતત્ત્વવિચાર ભા.૧-૨
- ,, (હિન્દી)
- ફીલોસોફી ઓફ સોલ
- દક્ષિણમાં દિવ્ય પ્રકાશ
- સંસ્કારની સીડી
- સ્તવનાવલી
- નૂતન ગહુંલી સંગ્રહ
- અહિંસા
- લોર્ડ મહાવીર
- મૃત્યુની ગોદમાં
- જૈન શાસનમાં ઉપયોગ
- દેવાધિદેવની અલૌકિકતા
- નમસ્કાર મહિમા

# આમુખ

"શ્રી ધર્મતત્ત્વપ્રકાશ" શુભાભિધાન સંકલિત આ પુસ્તકના પ્રકાશન પહેલાનાં ફર્માઓ મને સંકલન કરવાનો પ્રસંગ સાંપડયો. આ ગ્રંથરત્નનું અવલોકન કરતા મારૂં હૃદય નવપલ્લવિત બન્યું અને હૈયું હર્ષથી હિલોળે ચડયું. મને વિચાર સ્ફૂર્યો કે આ અદ્ભૂત દશ્યોથી ભરપૂર અવનીતલ પર માનવો મોંઘેરી માનવ જીંદગીને મેળવીને અનોખી વમળ વાટિકામાં અટવાઇ જાય છે. વાસનાઓની વિષમયી વહ્નિમાં બળીને ખાખ થઇ જાય છે. શ્રેયરૂપ પ્રેય માર્ગને ઓળખી શકતા નથી; તેથી આત્મતત્ત્વ જેવા ઉમદા તત્ત્વને સમજી શકતા નથી અને પાપના પંથે પ્રયાણ કરીને દુર્ગતિના દાવાનલમાં દગ્ધ બનીને અનંતો કાળ સંસારમાં પરિભ્રમણ કરી મહાદુ:ખી થાય છે.

શ્રી ધર્મતત્ત્વપ્રકાશ નામના આ ગ્રન્થરત્નમાં પૂજયપાદ અજોડ વ્યાખ્યાતા દક્ષિણદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે રસસભર તત્ત્વપૂર્ણ અને વિદ્વત્તા પૂર્ણ આપેલા વ્યાખ્યાનોનો સંગ્રહ સંગ્રહીત થયો છે. આ ગ્રન્થ એવો આકર્ષક છે કે તે વાંચકોના હાથમાં આવતાવેંત જ તેમાં તે તન્મય બની જાય, ભૂખ્યાને જેમ વિવિધ વાનગીથી ભરેલો રસપૂર્ણ રસથાળ મળી જાય અને એકતાન બનીને, બને તો બે હાથે એ ભોજન આસ્વાદવા જેમ મંડી પડે તેમ જ તેમાં તે એકમના બની જાય છે.

પથદીપ હોવા છતાં ય જાણે તે અંધ બની ગયો હોય તેવો તે ભાનભૂલો બની જાય છે. તેવી રીતે આ ધર્મતત્ત્વપ્રકાશ નામનો ગ્રન્થરત્ન વાંચક મહાશયને વાંચતાવેંત જ તન્મય બનાવે તેવો રસપૂર્ણ છે. એમ પ્રત્યેક નિષ્પક્ષીને કહેવું જ પડશે. પૂ૦ આદ વ્યાખ્યાનકાર પ્રસિદ્ધ અને પ્રભાવક વક્તા છે. એમની દેશનાલબ્ધિ કે દેશનાઅતિશયે વિશ્વને ઉંડો બોધ મળવા સાથે રસમુગ્ધ બનાવ્યાના અનેક ઉમદા ઉદાહરણો વિશ્વના રંગમંડપમાં રમી રહ્યા છે. આ ગ્રંથરત્ન સાચે જ રોચક અને અત્યંત આકર્ષક છે તેમ જ લોકભોગ્ય શૈલિથી લખાયેલ હોવાથી લોકપ્રિય બનશે એ નિઃસંદેહ હકીકત છે.

પૂ૦ વ્યાખ્યાનકાર-આકૃતિથી મનોમુગ્ધ છે, બુલંદ અવાજ; ભવ્ય વ્યક્તિત્વ અને વર્ણન કરવાની અનોખી વિશિષ્ટ વિશદ શક્તિ ધરાવે છે. વર્ણનોમાં વિશદમતિ અને તર્કપૂર્ણ વચન વિલાસોના પ્રવાહક છે, જયાં જયાં જ્યારે જ્યારે તેઓશ્રીના વ્યાખ્યાનોનું આયોજન થાય છે, ત્યાં ત્યાં માનવ મહેરામણનું તો પૂછવું જ શું? જાણે સાગર ઉમટ્યો જોઇ લો. શ્રોતાજનો આ વ્યાખ્યાન શ્રવણ કરવામાં તન્મય બની જાય છે એટલું જ નહિ પણ તેમને સાત્ત્વિક અને તાત્ત્વિક બોધ મળે છે. આત્મતત્ત્વની પીછાણ થાય છે. ગહન એવા કર્મતત્ત્વજ્ઞાનને સહજમાં હસ્તગત કરે છે અને ધર્મ-સંમુખ બની શ્રેયના મંજુલ માર્ગે પ્રયાણ કરી અંતે મુક્ત બને છે, સિદ્ધ બને છે.

એટલે આ પુણ્ય પુરુષનાં વ્યાખ્યાનોના સંગ્રહરૂપ આ ગ્રન્થરત્ન જનતાને ખૂબ જ બોધ પેદા કરવા સાથે જાગૃતિનાં સૂરો પૂરશે. આત્મદશાનું સત્યભાન કરાવીને મોક્ષસુખના માત્ર અભિલાષી બનાવશે.



આ પહેલાના પણ એઓશ્રીના પ્રગટ થયેલા ગ્રન્થો જનતાને ખૂબ રૂચ્યા છે. જનતાએ હૃદયથી અને ભાવથી અત્યંત બિરદાવ્યા છે, તેના વાંચન, મનન અને નિદિધ્યાસનથી અનેક ભાવુક આત્માઓનાં હૃદયમાં બીજાધાન થયા છે. પુનઃ પુનઃ એ ગ્રંથો વાંચવા સૌ જનો હોંસે હોંસે તલસે છે. તેવી જ રીતે આ ગ્રન્થરત્ન પણ ગૌરવ અને સન્માન પ્રાપ્ત કરશે એવો દૃઢ વિશ્વાસ છે.

આ ગ્રંથરત્નનું સંપાદન કાર્ય શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજીએ અથાગ પરિશ્રમ લઇને ગુરુભક્તિ તરબોળ હૃદયથી કર્યું છે. પૂ૦ પાદ વ્યાખ્યાનકાર આચાર્ય મહારાજ અને સંપાદક આચાર્યશ્રી સાચે જ સાધુવાદને પૂર્ણ પાત્ર છે. પ્રયત્ન અત્યંત પ્રશસનીય સ્તુત્ય અને ઉપકારક છે. પૂ૦ આચાર્યદેવના વ્યાખ્યાનોમાં સિદ્ધાંત સૌરભ છે, રંગભરી કથાઓના કમનીયતા છે, તીવ્રમતિજન્ય તર્કોના તરંગો છે, દીલરંજક દલીલોનો હેલે ચડેલો દરિયો છે, અવાજનું અમૃત છે અને પ્રકાણ્ડ પાંડિત્ય પણ છે. ખરેખર આવા રસભરપૂર-વિદ્વત્તાપૂર્ણ સચોટ અને અસરકારક વ્યાખ્યાનોનો આ સંગ્રહ જનતામાં અત્યંત ઉપકારક નીવડશે એ હકીકત છે.

બીજાપુર (કર્ણાટક)
કાર્તિક પૂર્ણિમા,
વિ. સં. ૨૦૨૭

લિ૦
આ. વિજયભુવનતિલકસૂરિ

# 卐 ગ્રન્થ પ્રશસ્તિ 卐

લેખકઃ—

પ્રોફેસર શ્રી શાંતિલાલ ખીમચંદ M.A.P.H.D. બારસી

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના "જૈનધર્મતત્ત્વ પ્રકાશ" ગ્રંથ પર હું પ્રશસ્તિ કે અભિપ્રાય આપું એ તો એક અનધિકાર ચેષ્ટા જેવું ગણાશે. સૂર્યના પ્રકાશનો અનુભવ જ્યારે સાક્ષાત્ થાય છે, ત્યારે તેની મહત્તા વર્ણવવામાં શી વિશેષતા? તો પણ પોતાની ભાવના પ્રકટિત કરવાની ઉત્કટ અભિલાષા દુર્દમ્ય બનવાથી જ શબ્દો લખવા હું પ્રેરાયો છું.

એક તો "જૈન ધર્મતત્ત્વ" જેવો વિષય અને તેમાં વળી જેમની જીહ્વાપર સાક્ષાત્ સરસ્વતી વાસ કરતી હોય એવા પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ એટલે સોનામાં સુગંધ જેવો સુયોગ થયો છે એમ કહ્યા વગર રહેવાતું નથી.

પૂજ્યપાદ આચાર્યદેવના તાત્ત્વિક પ્રવચનો શ્રવણ કરવા બારસીના શું જૈન! શું જૈનેતર! શું હિંદુ, શું મુસલમાન સૌ, કોઈ

હોંસે હોંસે દોડી આવતા હતા, અને આ પ્રવચનોથી ખૂબ જ પ્રભાવિત થતા હતા, માનવ-મહેરામણનું તો પૂછવું જ શું?

ધર્મતત્ત્વનું ઉંડું જ્ઞાન, વક્તૃત્વની અપ્રતિમ છટા, વાણીનો ઓજસપૂર્ણ પ્રવાહ, શાસ્ત્રીય અને વ્યવહારિક દૃષ્ટાંતો તથા દાખલા દલીલોથી સમૃદ્ધ એવો આ ગ્રન્થ મુમુક્ષુ જીવો માટે બહુ જ ઉપકારી નિવડશે અને ધર્મથી અજાણ પરંતુ ભદ્ર પરિણામી જીવોને ધર્મમાર્ગમાં જોડવા માટેનું અજોડ સાધન બનશે એવો મારો દૃઢ વિશ્વાસ છે.

જૈનધર્મનું સ્વરૂપ, ધર્મની વ્યાખ્યા તથા મહત્તા સમજાવનારા અનેક ગ્રન્થો હોવા છતાં શાસ્ત્રને અનુકૂળ રીતે સીધી સાદી સરલ પણ પ્રભાવપૂર્ણ રસઝરતી ભાષામાં તર્ક તથા દાખલા દલીલોથી સંપન્ન બનેલો આ ગ્રન્થ પોતાનું અનોખું સ્થાન સંપન્ન કરે છે. જડવાદથી જકડાયેલા અને વિષય વાસનાના ઝેરિલા વાતાવરણમાં ફસાઇને મૂઢ બનેલા લોકો માટે આ ગ્રન્થ સંજીવની જેવો સિદ્ધ થશે.

પરમપૂજ્ય આચાર્યદેવના વ્યાખ્યાનોનું સંપાદન તથા સંકલન કરનાર પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ સાચે જ ગૌરવ અને ધન્યવાદને પાત્ર છે, કારણકે તેઓશ્રીએ ગુરુભક્તિયુક્ત હૃદયે ધર્મરંગમાં રંગાઇને પોતાના ગુરુના મુખમાંથી નીકળતા વચનપુષ્પો વીણી વીણી તથા સુંદર રીતે ગુંથીને આ પુસ્તક રૂપે એવી સુગંધી, સુંદર અને શાશ્વત માળા બનાવી છે કે જે પેઢિયો સુધી સુગંધ તથા તાજગી આપતી રહેશે. પૂ૦ આચાર્યશ્રીનું સંકલન તથા સંપાદન એટલું સચોટ છે કે ગ્રન્થ વાંચવાની સાથે જ એમના ગુરુદેવની જ્ઞાની, ભવ્ય અને પ્રભાવપૂર્ણ

મૂર્તિ આંખો આગળ ઉભી થાય છે. તેમનો બુલંદ અવાજ કાનમાં ગુંજવા માંડે છે.

દેવ-ગુરુ અને ધર્મનું સ્વરૂપ તથા મહત્તા વિગેરે વિષયોને સ્પર્શતા આ પ્રવચનો જિજ્ઞાસુ તેમજ મુમુક્ષુ-ઓને આનંદ અવિરત અપૂર્વ પ્રેરણા આપતા રહેશે.

લિ૦

તા. ૧૮-૧૧-૭૦ શાંતિલાલ ખીમચંદ શાહ M. A.
બારસી પ્રાધ્યાપક
શ્રી શિવાજી કોલેજ બારસી

---

## બીજી આવૃત્તિ અંગે

"ધર્મતત્ત્વ પ્રકાશ" ની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં હૃદય આનંદવિભોર બને છે. પૂ૦ ગુરુદેવના વ્યાખ્યાનોનાં આત્મતત્ત્વ વિચાર ભા, ૧-૨, નમસ્કાર મહિમા અને ધર્મતત્ત્વ પ્રકાશ. આ ત્રણે દળદાર પુસ્તકો સર્વત્ર પ્રસિદ્ધિ પામી, લોકપ્રિય બન્યા છે. એટલું જ નહીં પણ શિક્ષિત-વર્ગને આશીર્વાદ રૂપ અને સાધુ ભગવંતોને પણ વ્યાખ્યાનમાં અત્યંત ઉપયોગી અને ઉપકારક પૂરવાર થયા છે. સૌ કોઇ આ સાત્ત્વિક અને તાત્ત્વિક ગ્રન્થોના વાંચન દ્વારા જીવનને અજવાળે એ જ એક અંતરની અભિલાષા.

જૈન જ્ઞાનમંદિર, —કીર્તિચંદ્રસૂરિ
દાદર B. B.



ધર્મપ્રેમી શ્રી વાડીલાલ જસરાજ કોઠારી

## ધર્મપ્રેમી શ્રી વાડીલાલ જશરાજ કોઠારીની

## ❋ આછી રૂપરેખા ❋

---

જેઓ સૌરાષ્ટ્રના મૂળી ગામના વતની છે. તેમના ધર્મ-પત્નીનું નામ ભૂરીબહેન. રમણીકલાલ અને શશીકાન્ત બે પુત્રો અને કમળા અને ઇંદુમતી એમ બે પુત્રીઓ છે, ૩૫ વર્ષથી તપશ્ચર્યા ચાલુ છે પોતાના ગામમાં આયંબીલ ખાતું પોતે ચલાવે છે. ૧૦ પૈસામાં લોકોને જમાડવાનો લાભ લે છે. ગયા વર્ષે તેમણે ઉપધાન કરાવ્યા હતા, કાલીનામાં પૂ૦ આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી જૈન પાઠશાળામાં પાંચ હજાર એક ભેટ આપ્યા હતા. પાલીતાણામાં ભાતુ પણ અપાય છે. અનેકવિધ શુભ કાર્યોમાં લક્ષ્મીનો લ્હાવો લે છે. તેમના પુત્ર શશીકાંતભાઈ પણ પિતાજીના પગલે ચાલી સારો લાભ ઉઠાવી રહ્યા છે. સૌ સુંદર જીવન જીવી માનવ જીવનને સફળ કરી રહ્યા છે. —પ્ર૦

# મંગલદર્શન

લેખકઃ— વિદ્વાન લેખક અને ચિંતક શ્રી કિરણભાઇ (મુંબઈ)

એક સંસ્કૃત શ્લોક છે કે "સિંહે નખ વડે હાથીના ગંડસ્થળમાંથી પાડેલુ ગજ-મોતી વનમાં પડ્યું હતું. કોઇ ભીલડીએ દૂરથી એને જોયું, ખાવાનું બોર માની તે ભીલડી દોડી. તેણે ગજમોતી લઇ લીધું દાંત વડે દાબી જોતાં એ પાકું બોર હોય એવું તેને લાગ્યું નહિ એટલે તેને ફેંકી દીધું

આ ગજમૌક્તિક પાસે બોરના ખેતરો પણ તુચ્છ છે એ વાત ભીલડી શું જાણે!

ગજમૌક્તિકથી ય અનંતુ અમૂલ્ય એવું ધર્મનું મોતી આપણને પ્રાપ્ત થયું છે. જો આપણે તેની ઉપેક્ષા કરીશું તો જંગલની ભીલડીથી વધુ હીન ગણાઇશું.

આજે જયારે વિજ્ઞાન અને હિંસા ભેગા મળીને માનવજાતને ભરખી જવા માટે મથી રહ્યા છે ત્યારે ધર્મ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ ન પાલવે.

માનવજીવન પર યંત્રોનું વર્ચસ્વ વધી રહ્યું છે. આજનું

જીવન યંત્રવત્ બનતું જાય છે જો આપણે જાગૃત નહિ થઇએ, ધર્મતત્ત્વના પ્રકાશને જીવનમાં પ્રગટાવવાનો પ્રયત્ન નહિ કરીએ તો અર્વાચિન વિજ્ઞાનનું આ વિષ આપણી સર્વોચ્ચ આંતર સંપત્તિને વેરવિખેર કરી નાખશે અને પ્રાપ્ત થયેલું માનવજીવન નિષ્ફળ ગયું હશે.

## આજની કરૂણતા

પશ્ચિમનો એક પ્રખ્યાત લેખક તેના "પચીસમો કલાક" (The Twenty Fifth Hour) નામના ગ્રંથમાં લખે છે કે–

"આજે આપણે માનવગુણોને અને માનવ નિયમોને તિલાંજલી આપી રહ્યા છીએ, આપણી માનવતા ખોઇ રહ્યા છીએ. આનું પહેલું ચિહ્ન છે: માનવીનો માનવી માટેનો તિરસ્કાર."

અહિંથી પતનની કરૂણતાનો આરંભ થાય છે.

જ્યારે માનવીને માનવી પ્રત્યે તિરસ્કાર જન્મ્યો છે ત્યારે અન્ય જીવસૃષ્ટિ પ્રત્યેના સદ્ભાવની તો આશા કયાંથી રાખવી!

માત્ર ધર્મતત્ત્વનો પ્રકાશ એવો છે જે માનવી પ્રત્યેની નહિ પણ સર્વ જીવો પ્રત્યેની જવાબદારીનું ભાન જગાડે છે. અને પતનમાંથી ઉગારે છે.

જર્નલ ઓફ અમેરિકન મેડીકલ એસોસીએશન નામના એક પત્રમાં એક અમેરિકન વૈજ્ઞાનિકે પ્રયોગો પછી પુરવાર કર્યું છે કે ધાર્મિક શ્રદ્ધા અને શરીર તથા મનની તંદુરસ્તીને ગાઢ સંબંધ છે.

(Unified Field Theory of Faith and Helth)

ધર્મ વડે શરીર તથા મનથી સૂક્ષ્મ આત્માના સુખ શાંતિ કઇ રીતે પ્રાપ્ત થાય તેનું દર્શન આ વૈજ્ઞાનિકોને હજી ઉઘડયું નથી.

## ધર્મતત્ત્વનો મહિમા

આજે ધર્મના સંસ્કારોનું સિંચન કરવાની અનિવાર્ય અગત્ય છે ત્યારે લોકભોગ્ય સરલ શૈલીમાં થયેલા પરમ-વિદ્વાન પૂજ્ય આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ-શ્રીના આ વ્યાખ્યાનોનું પ્રકાશન અત્યંત આવકાર દાયક છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે-આ ધર્મ જ એવો મિત્ર છે કે જે મૃત્યુ પામેલાની સાથે જાય છે. બીજું સઘળું શરીરની સાથે જ નાશ પામે છે.

ધર્મનો મહિમા અપરંપાર છે. ત્રણ જગતમાં જે કંઇ સુંદર સ્થાનો છે, તે સર્વને અનુબંધવાળા ગુણથી યુક્ત ધર્મ વડે મનુષ્ય પ્રાપ્ત કરે છે.

धर्मश्चिन्तामणिः श्रेष्ठो, धर्म कल्याणमुत्तमम् ।
हित एकान्ततो धर्मं, धर्म एवाऽमृतं परम् ॥

ધર્મ એ શ્રેષ્ઠ ચિન્તામણિ છે, ધર્મ એ ઉત્તમ કલ્યાણ છે. ધર્મ એકાન્ત હિત કરનાર છે અને ધર્મ એ જ પરમ અમૃત છે.

ધર્મથી જગતમાં સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે.

પૂ૦ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજી "ધર્મબિંદુ પ્રકરણ" માં ફરમાવે છે કે—

धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।
धर्म एवापवर्गस्य पारंपर्येण साधकः ॥

ધર્મ ધનની ઇચ્છાવાળાને ધન આપનારો છે, કામ એટલે ઇંદ્રિયોના વિષયની ઇચ્છાવાળાને કામ-ઇંદ્રિયોના વિષય આપનારો છે અને પરંપરાએ મોક્ષને સાધનારો છે.

આ પ્રમાણે શાસ્ત્રકારે ધર્મનું ઇહલોક સંબંધી અભ્યુદય ફલ કહીને આ ધર્મ જન્મ, જરા, મરણ વગેરે દોષોને ઉચ્છેદ કરનાર મોક્ષનો સાધક છે એમ ફરમાવ્યું છે.

બહુ કહેવાથી શું ? જગતને હિતકારી એવું તીર્થંકરપણું, પરિશુદ્ધ એવા અભ્યાસથી ઉત્તમ મનુષ્ય પ્રાપ્ત કરે છે.

તેથી માનવભવની સાર્થકતા ધર્મતત્ત્વનો પ્રકાશ પ્રગટાવવામાં રહેલી છે.

## પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો

પૂજ્ય આચાર્યશ્રીના વ્યાખ્યાનો જૈન અને જૈનેતર સર્વેમાં અત્યંત આદરપાત્ર બન્યાં છે. તેમની વાણી શ્રોતાઓ ઘણા રસપૂર્વક સાંભળે છે.

ગહન વિષયોને સરલ બનાવવાની પૂજ્ય આચાર્યશ્રીની અનોખી શૈલી અત્યંત પ્રશંસનીય છે. તેથી આવા વ્યાખ્યાનો માત્ર વિદ્વાનોને ભોગ્ય ન રહેતા લોકભોગ્ય બને છે.

કથાપ્રસંગો દ્વારા રસ જાગૃત કરી પૂજ્ય આચાર્યશ્રી શ્રોતાઓનું અદ્ભુત આકર્ષણ કરે છે અને દ્રવ્યાનુયોગ તથા

આધ્યાત્મિક વિષયક કઠિન વિષયોને સામાન્ય શ્રોતા પણ સરલતાથી સમજી શકે તેવી સાદી પણ સચોટ ભાષામાં અસરકારક રીતે સમજાવે છે. તેઓશ્રીનાં પ્રવચનોમાં જ્ઞાન અને ક્રિયાનો સમન્વય હોય છે.

રસમય હળવી શૈલીમાં ધર્મતત્ત્વના પદાર્થોનું નિરૂપણ કરવું એ પૂજ્ય આચાર્યશ્રીની વકતૃત્વ શક્તિનું અપૂર્વ કૌશલ્ય બતાવે છે.

તેઓશ્રીની સહૃદયતા, સૌજન્યતા અને ઔદાર્યનો પરિચય તેમના થોડા સહવાસમાં આવનારને પણ સ્પર્શે છે.

## ધર્મતત્ત્વ પ્રકાશ

'ધર્મતત્ત્વ પ્રકાશ'ના આ વ્યાખ્યાનો શાસ્ત્રકાર મહર્ષિ શ્રી આર્ય શય્યંભવસૂરીશ્વરજી મહારાજાના શ્રી દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથાથી શરૂ કરે છે.

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ તેના લક્ષણ છે. જેનું મન સદાય ધર્મમાં રત છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

આ સામાન્ય શ્લોક નથી પણ અધ્યાત્મનું રસાયણ છે. વ્યાખ્યાનો મનનપૂર્વક વાંચી આ રસાયણનું આપણે જીવનમાં સેવન કરવાનું છે.

જે દુર્ગતિમાં પડતા બચાવી લે અને સદ્ગતિમાં સ્થાપન તે ધર્મ

આવો ધર્મ સંયમમાં પ્રવૃત્તિ અને અસંયમથી નિવૃત્તિરૂપ છે. જે અહિંસા, તપ અને સંયમ લક્ષણવાળો છે.

જે ધર્મ આત્માની શુદ્ધિ અને સિદ્ધિ સાથે સંબંધ રાખે છે તે અહિંસા, સંયમ અને તપ યુક્ત ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે.

જેનાથી હિત સધાય તે મંગલ છે.

મને સંસારથી ગાળે, મને સંસારથી દૂર કરે તે મંગલ.

સંસારમાં પૂર્ણ કળશ, સ્વસ્તિક, દહિં વગેરે દ્રવ્ય મંગલ છે. દ્રવ્ય મંગલ વડે એકાંતિક સુખ કે આત્યંતિક દુઃખક્ષય શકય નથી.

ધર્મ એકાંતિક અને આત્યંતિક મંગલ છે ધર્મ એવું મંગલ છે જે સુખ સ્વરૂપ છે, ધર્મ દુઃખનો આત્યંતિક ક્ષય કરે છે જેથી દુઃખનો અંકુર પણ ન રહે.

ધર્મ આત્માની શુદ્ધિ કરે છે, આત્માને મોક્ષ અપાવે છે, જન્મ-મરણના બંધનોને કાપે છે. કર્મબંધનથી મોટું કોઈ દુઃખ નથી. કર્મમુક્તિથી મોટું કોઇ સુખ નથી.

મોક્ષ પ્રાપ્ત કરાવનાર ધર્મ સાચે જ ઉત્કૃષ્ટ મંગલ છે, સર્વશ્રેષ્ઠ મંગલ છે. એવી દૃઢ પ્રતીતિ થઈ જાય અને અહિંસા, સંયમ અને તપ જીવનમાં આવે, ધર્મ વડે મન ભરેલું રહે ત્યારે ધર્મતત્ત્વનો પ્રકાશ અમૂલ્ય એવા મનુષ્યભવને સફલ કરે છે.

## સંપાદન

પૂજ્ય આચાર્યદેવના વ્યાખ્યાનોનું સંપાદન તેમના શિષ્ય પૂજ્ય આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજે કર્યું છે.

તેઓશ્રીએ વ્યાખ્યાતા આચાર્યદેવની શૈલી કાયમ રાખી ભારે પરિશ્રમપૂર્વક આ સંપાદન કાર્ય સુંદર રીતે કર્યું છે.

સંપાદક પૂજ્ય આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજી મહારાજશ્રી પોતે પણ સુપ્રસિદ્ધ વક્તા અને લેખક છે. તેમના પુસ્તકો જનતામાં ઘણા લોકપ્રિય નીવડ્યા છે.

ધર્મતત્ત્વ પ્રકાશના આ વ્યાખ્યાનોમાં શ્રદ્ધાળુ આત્માની શ્રદ્ધા વધુ દૃઢ બને, જિજ્ઞાસાને સંતોષ થાય તેવી સામગ્રી પ્રાપ્ત થાય છે.

પૂજ્ય આચાર્યદેવના આવા વ્યાખ્યાનોનું પ્રકાશન ઘણું હિતકારી છે. જેમાંથી ન્યાય, નીતિ, સદ્‌વિચાર અને સદાચારની પ્રેરણાઓ વડે અનેકના જીવનમાં ધર્મતત્ત્વનો પ્રકાશ પ્રગટશે.

પોતાના સંયોગ અને સામર્થ્ય અનુસાર સર્વ કોઇ આત્મકલ્યાણના પરમપથ ઉપર પ્રગતિ કરે એ પ્રાર્થના !

જ્ઞાનપંચમી, વિ. સં. ૨૦૨૭
અલ સબાહ કોર્ટ, મરીન ડ્રાઇવ, — કિરણભાઇ
મુંબઇ

## પ્રસ્તુત "ધર્મતત્ત્વ" પુસ્તકના પ્રકાશન અંગે

બોરીવલી (ઇસ્ટ) કાર્ટરરોડ જૈન સંઘના ૨૦૩૨ના ચાતુર્માસ દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી તેમજ ૨૦૩૩ માં શ્રી ઉપધાન તપની મંગળ આરાધના થતાં થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. આ માટે સંસ્થા શ્રી કાર્ટર રોડ બોરીવલી જૈન સંઘનો હાર્દિક આભાર માને છે.

### દીક્ષા નિમિત્તે

સરસ્વતીબ્હેન (પાંચાલ) શ્રી ઉપધાન તપની મંગળ આરાધના કરી માળના મંગળ દિવસે જ દીક્ષા ગ્રહણ કરી સાધ્વીજી ચંપકશ્રીજીના શિષ્યાઓ સાધ્વીજી ચંદ્રપ્રભાશ્રીજી તથા સાધ્વીજી તરૂણપ્રભાશ્રીજીના શિષ્યા તરીકે સાધ્વીજી સરસ્વતીશ્રીજી તરીકે જાહેર થયા. તેમણે તેમની દીક્ષા નિમિત્તે રૂા. ૫૦૧) આ પ્રકાશનમાં ભેટ કર્યા છે. તેમજ રૂા. ૫૦૧) મહાવીર નગર (કાંદીવલી પૂ૦ આ. ગુરુદેવ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી જૈન પાઠશાળામાં ભેટ આપ્યા છે. સંસ્થા તેની સાભાર નોંધ લે છે.



ધર્મપ્રેમી શ્રી હીરાલાલ લક્ષ્મીચંદ મહેતા

# ધર્મપ્રેમી શ્રી હીરાલાલ લક્ષ્મીચંદ મહેતાની
# 卐 આછી રૂપરેખા 卐

---

શ્રી હીરાભાઈનો જન્મ રાજકોટ (સૌરાષ્ટ્ર) પાસે આવેલા પડધરી ગામમાં. જેમની માતાનું નામ કસ્તુરબહેન અને પિતાશ્રીનું નામ લક્ષ્મીચંદભાઈ. તેમના ધર્મપત્નીનું નામ મધુબહેન છે.

વિ. સં. ૧૯૭૫ માં મુંબઈ શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રયમાં જ્યારે શતાવધાની પૂ૦ આ. શ્રી વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ બિરાજતા હતા, ત્યારે છેલ્લે છેલ્લે તેમના સમાગમમાં તેઓ આવ્યા. પૂ૦ ગુરુદેવના પ્રવચનો શ્રવણ કરી જીવનનું વ્હેણ જ બદલાઈ ગયું. પૂ૦ ગુરુદેવની નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવ્યું. "શ્રી લક્ષ્મણકીર્તિ ગ્રુપ" ની સ્થાપના દ્વારા સાધર્મી ભાઈ-બહેનો માટે મોટી રકમ કાઢી મદદરૂપ બની રહ્યા છે. ઠેર-ઠેર ગુરુદેવોના વ્યાખ્યાનોમાં બસ દ્વારા ભાવિકોને લઈ જવાની વ્યવસ્થા કરવી વિ. અનેક કાર્યોમાં તન-મન અને ધન દ્વારા સુંદર સેવા બજાવી રહ્યા છે. તેમના ધર્મપત્ની મધુબહેન પણ તેમનાં બધા કાર્યોમાં સહભાગી બની રહે છે.

—પ્ર૦

## પ્રકાશકીય નિવેદન

દાદર શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રન્થ-માળા આજ વર્ષોથી સુંદર અને સંસ્કારી સાહિત્યપ્રચાર કરી જનતામાં લોકપ્રિય બની રહી છે. છેલ્લા ૮-૧૦ વર્ષમાં તો આ ગ્રંથમાળા તરફથી ઘણી મોટી સંખ્યામાં વિવિધ ભાષામાં વિવિધ તત્ત્વજ્ઞાનભર્યું સાહિત્ય પ્રગટ થઈ જનતાના હાથમાં જઈ રહ્યું છે. કેટલાક પુસ્તકો તો ૭-૭ ૮-૮ અને દસ દસ ૧૧-૧૧ આવૃત્તિઓ જોવા પામ્યા છે. આથી આ સંસ્કારી સાહિત્ય જનતામાં કેવું અને કેટલું લોકપ્રિય અને લોકાદર પામ્યું છે એ સ્હેજે સમજી શકાય તેવી હકીકત છે.

આજ સુધીમાં આ ગ્રન્થમાળાના નાના-મોટા ૬૫ થી ૭૦ પુસ્તકોની ત્રણ લાખ નકલથી ઉપર નકલો વિવિધ ભાષામાં પ્રકટ થઇ ચૂકી છે. મોટા ભાગે જિજ્ઞાસુઓને આ સાહિત્ય વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. થોડી જ નકલો બુક-સેલરો માટે કિંમતથી પ્રકટ કરવામાં આવે છે.

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે વિ. સં. ૨૦૨૪ના દાદર જૈન જ્ઞાનમંદિરના ચતુર્માસ દરમ્યાન, પૂજ્ય-પાદ, પ્રખર વિદ્વાન જૈનાચાર્ય શ્રીમદ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી

મહારાજે ચારે મહીના ચાર વિષય પર મોંઢેથી જ શ્રી દશવૈકાલિકસૂત્રની પ્રથમ ગાથા ધમ્મો મંગલ મુક્કિઠ્ઠંના ઉપર આપ્યા હતા.

પૂજ્યપાદ આચાર્યદેવની વ્યાખ્યાનશૈલી અજોડ અને અસાધારણ છે. સમગ્ર ભારતમાં તેઓ અજોડ વ્યાખ્યાન શૈલિ અને ભવ્ય વ્યકિતત્વના કારણે વિખ્યાત છે. વિષયને વિશદરૂપે ચર્ચી, દૃષ્ટાંતો યુક્તિઓ અને દલીલોથી સભર, સરળ અને સાદી ભાષામાં તત્વજ્ઞાન ભર્યા જટિલ વિષયને પણ સુંદર રીતે રજૂ કરી શકે છે એટલે એઓશ્રીના વ્યાખ્યાનો તાત્વિક અને સાત્વિક હોય છે, રસપ્રદ અને બોધપ્રદ હોય છે.

મંડનાત્મક પદ્ધતિ, શાસ્ત્રોનું ઉંડું જ્ઞાન અને ગંભીરતાથી જ્યારે તેઓ વિવેચન કરે છે ત્યારે પાવો વાગે અને વિષધર ડોલી ઉઠે તેમ શ્રોતાજનો આ વ્યાખ્યાનો શ્રવણ કરતાં ડોલી ઉઠે છે એટલું જ નહિ પણ શ્રોતાજનો ઉપર તેની ઉંડી છાપ પડે છે. ઉંડી અસર કરે છે અને એમની પ્રભાવકતાના દર્શન થાય છે.

પૂ૦ આચાર્યદેવના વ્યાખ્યનોની ખરી અને ખાસ વિશેષતા તો એ છે કે તેઓ શાસ્ત્ર અને સિદ્ધાંતની શૈલી મુજબ જ સચોટ, અડગ અને નિડરપણે પ્રરૂપણા કરે છે, લોક પ્રવાહ કે વાહવાહમાં તણાયા વગર સિદ્ધાંત મુજબની પરૂપણા કરી સત્યને રજૂ કરે છે. પણ રજૂ કરવાની અનોખી શૈલિના કારણે વિરોધીઓ પણ એ વાતને શ્રવણ કરતાં કાન પકડે છે અને કબૂલે છે કે નહિ કહેવું પડશે.

આજના અનેક પ્રશ્નોને છણી; વિષયને સુંદર રીતે વણી, ઘણી ઘણી માર્મિક વાતોને રજૂ કરી, અવસરે લાલ બત્તી ધરી વાંચકોના હૈયાને હરી લેવા ઉપરાંત તાત્વિક બોધ આપી જડતાને કાપી રગરગમાં વ્યાપી જાય તેવા આ પ્રભાવક પ્રવચનો આત્માને ધર્મ માર્ગે થાપી અંતે ઉન્નતિના શિખરે પહોંચાડે છે.

એ વ્યાખ્યાનોના સંગ્રહરૂપ આ ધર્મતત્વ પ્રકાશ નામનું પુસ્તક તેઓશ્રીના પટ્ટાલંકાર શતાવધાની પૂ૦ આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજે અનેકવિધ પ્રશસ્ય પ્રવૃત્તિઓમાં રચ્યા પચ્યા રહેવા છતાં અથાગ પરિશ્રમ અને ચીવટપૂર્વક સુંદર રીતે સંપાદન કર્યું છે.

વિશેષમાં આ ગ્રન્થ માટેનો સુંદર અભિપ્રાય શાસન પ્રભાવક પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજે લખી મોકલ્યો છે જેથી અમે તેમના અતિ ઋણી છીએ. તેમજ વિદ્વાન લેખક અને ચિંતક શ્રી કિરણભાઇનું વિસ્તૃત અને વિશદ મંગળ વચન, પ્રોફેસર શ્રી શાંતિલાલ ખીમચંદ B. A. (બારસી)ની ગ્રન્થ પ્રશસ્તિ, પ્રોફેસર શ્રી ઘનશ્યામ જોષીના બે બોલ આદિ મળવાથી ગ્રન્થની મહત્તામાં અનેકગણો વધારો થયો છે. સૌનો અમો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

અમારી ગ્રન્થમાળા તરફથી સુંદર અને સંસ્કારી સાહિત્ય વિપુલ પ્રમાણમાં પ્રકાશિત થઇ પ્રગટ થવામાં

કારણભૂત અને મૂખ્ય ઉપકારી કાવ્યમય પ્રવચનકાર પૂ૦ આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરિજી મહારાજ છે. સંસ્થા સદા માટે તેઓશ્રીની ઋણી રહેશે.

શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસના માલીકો શ્રી ભાનુભાઇ આદિએ અત્યંત ચીવટપૂર્વક સુંદર અને સ્વચ્છ પ્રીન્ટીંગ કાર્ય કરી આપી અમારા કાર્યને વેગ આપ્યો છે જેથી અમે તેઓને પણ આ તકે યાદ કરીએ છીએ.

અમારાથી જાણે અજાણે શાસ્ત્ર વિરૂદ્ધ કંઇ પણ લખાઇ ગયું હોય તો તેનો મિચ્છામિ દુક્કડં દઈ રજા લઇશું.

તા. ૨૮-૧૧-૭૦ [ પ્રથમાવૃત્તિનું ] —પ્રકાશક

## મૂલ્યાંકન

લેખકઃ— પ્રો. ઘનશ્યામ જોષી. એમ. એ.

જિન શાસન ધુરંધર પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની આ પૂર્વે અદ્ભૂત કૃતિ "આત્મતત્વ વિચાર" ગ્રંથ રત્નનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાનું મને સદ્ભાગ્ય સાંપડયું હતું. પરિણામે એ મહાન ગ્રંથના અત્યંત પ્રશસ્ય અને અમૂલ્ય તત્વોનો રસાસ્વાદ માણવાનો મને જિનેશ્વરદેવની કૃપાથી સ્વાભાવિક રીતે જ લ્હાવો પ્રાપ્ત થયો અને પૂ૦ આચાર્યદેવની જ્વલંત પ્રતિભાશક્તિ, મેધા પ્રકાંડશાસ્ત્ર કૌશલ્ય, પ્રબળ સ્વસિદ્ધાંત પ્રતિપાદક શક્તિ વિગેરે ગુણોનો મને અનુભવ થયો. તેઓ સાચે જ વેદાંત કેસરી છે, જેઓ ભારતના પ્રત્યેક ખૂણે ગર્જના દ્વારા અજ્ઞાનના આવરણો દૂર ફેંકી રહ્યાં છે અને લાખો મુમુક્ષુઓ તેમની વાણી અને સાહિત્ય દ્વારા આત્મકલ્યાણ સાધી રહ્યા છે.

"ધર્મતત્ત્વ પ્રકાશ" તેમનું અન્ય પ્રકાશન છે તેમની પ્રસ્તાવના લખવા પૂ૦ આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરિજીની મને આજ્ઞા થઇ. શુભસ્ય શીઘ્રં માનીને આ ગ્રંથ ભવ્ય જીવોને અત્યંત કલ્યાણકારક નિવડશે એ જ હેતુથી આ પ્રસ્તાવના મેં લખી છે. બાકી તો ગુરુદેવની વાણી પર વિવેચન કરવાની યોગ્યતા તો સ્વયં ગુરુદેવમાં જ છે. તેથી આ પ્રસ્તાવના તેમના ગુણાનુવાદના હેતુથી અને વાચકવર્ગ આ વિરલ કૃતિમાં જે નવનીત છુપાયુ છે તેનો ઉપયોગ કરવા લલચાય એ હેતુથી લખાઈ છે.

"ધર્મતત્વ પ્રકાશ" ગ્રંથ રત્નની વિશેષતા તો એ છે કે "આત્મતત્વ વિચાર"ની માફક તેની શૈલિ, શાસ્ત્રીય પરિભાષાથી યુક્ત હોવા છતાં અત્યંત રોચક છે. ધર્મ પ્રત્યે સુગ ધરાવતો હાલનો ફેશનવાદી વર્ગ પણ આ ગ્રંથની પકડમાં અવશ્ય જકડાઇ જશે. તેમના મોહનાં વમળ આ પુસ્તક વાંચતાં ઓસરી જશે. આજનો સુશિક્ષિત વર્ગ વિજ્ઞાનને માને છે પરંતુ ધર્મ જ એક મહાન વિજ્ઞાન છે તેની તેમને ખબર નથી. ચંદ્ર અને શુક્ર પર પહોંચવા માટે સૈકાઓ સુધી દેશની સંપત્તિ વેડફી નાંખનાર મહાન રાષ્ટ્રોને પોતાના શરીરમાં બેઠેલા ચૈતન્ય સ્વરૂપ આત્માનું સંશોધન કરવાની પડી નથી. આ સમાન બીજી કરૂણતા, વિધિનો કટાક્ષ કે મૂર્ખતા બીજી કઇ હોઇ શકે ! વૈજ્ઞાનિકો જેઓ પોતાની જાતને સુશિક્ષિત કહેવડાવે છે તેવાની સાન આ પુસ્તક બરોબર ઠેકાણે લાવવા સમર્થ નિવડશે.

મહાન રાષ્ટ્રોના માંધાતાઓ જેઓ પોતાના દેશમાં ગુનેગારને ખૂનને બદલે ફાંસી આપે છે પરંતુ યુદ્ધમાં જાતે જ લાખો માણસોનાં જાણીબુઝીને ખૂન કરે છે તેવા માંધાતાઓ તથા તેમના આદર્શોને પોષતા વિચારકોની પણ સાન ઠેકાણે લાવવા આ ગ્રંથ સમર્થ નિવડશે.

પૂ૦ આચાર્યશ્રીએ આ ગ્રંથમાં ધર્મ એ જીવનનો પ્રાણ છે, જીવનનો ધબકાર છે. ધર્મને હણો તો તે તમને હણશે અને ધર્મને રક્ષો તો તે તમને રક્ષશે–એમ યુક્તિપુર્વક પુરવાર કર્યું છે. ધર્મના વાસ્તવિક સ્વરૂપને નસેનસમાં ઠસાવી દેવા

અનેક વિધ અને તર્કશુદ્ધ દૃષ્ટાંતો આપ્યા છે. શાસ્ત્રના દૃષ્ટાંતો સાથે આધુનિક સત્ય ઘટનાઓનો સુમેળ સાધીને તેમના કથનો અણિશુદ્ધ પુરવાર કર્યા છે. સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર્યનો ત્રિવેણી સંગમ પૂ૦ આચાર્યશ્રીએ વિસ્તારપૂર્વક સૂક્ષ્મ સિદ્ધાંતો દ્વારા સમજાવ્યો છે. નમસ્કાર મહામંત્ર દ્વારા જે ચમત્કારપૂર્ણ અનુભવો જૈન અને જૈનેતર ભાઈઓને થયા છે તે વાંચીને અનેક જીવો નમસ્કાર મહામંત્રનું શરણુ સ્વીકારવા ઉત્સુક બનશે એ હકીકત છે.

અંતમાં આ ગ્રન્થ દિન-પ્રતિદિન કષાયોની ગર્તામાં ગરકાવ થતા યુગ માટે મહાન ઉદ્ધારક નિવડશે. સિનેમા જેવા વ્યસનોથી દિનપ્રતિદિન પોતાના તનની અને મનની સમૃદ્ધિનું દેવાળું ફૂંકતા વિદ્યાર્થી જગત માટે નવું જીવન અર્પતી સંજીવની સમાન નિવડશે. અને પ્રાણીમાત્ર માટે જીવનના સત્યમાર્ગ તરફ ઉન્મુખ થવા પ્રેરક બનશે એવો મને દૃઢ વિશ્વાસ છે.

શતાવધાની આચાર્ય શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિજી મહારાજ સાથે જ આ ગ્રંથનું પરિશ્રમપૂર્વક ખંતથી સંપાદન કરવામાં સફળ નીવડ્યા છે.

ગુરુ-શિષ્યની આ બેલડી અનુપમ 'સાહિત્ય સર્જી જગત ઉપર અસીમ ઉપકાર કરી રહી છે. ખરેજ તેમનો આ પ્રશસ્ય પ્રયત્ન પ્રશંસનીય અને સ્તુત્ય છે. ઇત્યલમ.

૪૩/એ. ભારતનગર, ઘનશ્યામ જોષી
ગ્રાંટરોડ-મુંબઈ–૭

नमो जिणाणं

બારસીનગરે દક્ષિણદેશોદ્ધારક પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં બારસી નગરમાં માળારોપણ મહોત્સવ પ્રસંગે-મુંબઇ-પાર્લાના ઉદ્યોગપતિ શેઠ રતિલાલ નાણાવટીના શુભ હસ્તે "ધર્મ તત્વપ્રકાશ" નામના ગ્રંથની પ્રકાશન

## વિધિ પ્રસંગે ગવાયેલ ગીત

આજે આનંદ મંગળ માળ........ આજે
બારસી નગરના આંગણે આજે, વર્તે મંગળ માળ.
માળાનો મહોત્સવ મંડાણો, આંગી પુજાની ધમાલ.
પહેરશે આજે સર્વ તપસ્વી, સિદ્ધિ વધુવરમાળ;
ગ્રંથ પ્રકાશનનો વળી આજે, કેવો જામ્યો તાલ.
મોતી મણીના જાયા લાડીલા, નાણાવટી રતિલાલ;
ગ્રંથ પ્રકાશન કરવા કાજે, આજ થયા ઉજમાળ.
સરળ સુંદર સુબોધ શૈલીમાં, સાહિત્ય સર્જે વિશાલ;
એવા કીર્તિચંદ્રસૂરીશ્વર, કરતા ખૂબ કમાલ.
જ્ઞાનતણા દીવડા પ્રગટાવે, ઘટઘટ ઝાક ઝમાળ;
સાત્વિક ને તાત્વિક વાણીના, પીરસતા રસથાળ
પ્રૌઢ પ્રતાપી પ્રખર વ્યાખ્યાતા, લક્ષ્મણસુરિ ગુણમાળ;
તેજે રાજે દિનકર સરીખા, અષ્ટમી શશી સમ ભાલ.
લોકભોગ્ય સંસ્કારી સુચારુ, સરસ અને સુરસાળ;
સમજાવે સુંદર શૈલીમાં, સમજે બાળ ગોપાળ.
જૈન સાસનનો ધ્વજ ફરકાવે, શાસનના રખવાળ.
કીર્તિપતાકા ફરરર ફરકી, ગુંથી ગુણ ફૂલમાળ.

નમો જિણાણં

# ધર્મ તત્વ પ્રકાશ

: વ્યાખ્યાતા :

પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ

મુદ્રક : શ્રી ભાનુચંદ્ર નાનચંદ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિન્ટીંગ પ્રેસ-પાલીતાણા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# ધર્મ-તત્વ-પ્રકાશ

## વ્યાખ્યાન ૧ લું

શાસ્ત્રકાર મહર્ષિ શ્રી આર્યશય્યંભવસૂરીશ્વરજી મહારાજ શ્રી દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં આપણુને ચાર વસ્તુ સમજાવી રહ્યા છે.

પ્રથમ ધર્મનું સ્વરૂપ, બીજું ધર્મનું મહત્વ, ત્રીજું ધર્મનું ફળ અને ચોથી વસ્તુ-ધર્મ કોને ફળે ?

આ ચારે વિષય અત્યંત મહત્વના છે. આરાધક આત્માઓને અત્યંત ઉપયોગી છે. ધર્મનું સ્વરૂપ, ધર્મનું મહત્વ વિગેરે વસ્તુને જાણ્યા સિવાય-ધર્મની આરાધનામાં જે રસ અને ઉલ્લાસ ઉત્પન્ન થવો જોઈએ તે થતો નથી માટે જ આ બધા વિષયોને ઝીણવટપૂર્વક સૂક્ષ્મ બુદ્ધિથી સમજવાની અત્યંત આવશ્યકતા છે. તેથી જ આપણે આ ચાતુર્માસમાં આ ચાર વિષય ઉપર વિશદ રીતે વિવેચન કરવાનું રાખ્યું છે.

અનુયોગના ચાર પ્રકાર છે-૧ ચરણ કરણાનુયોગ ૨ દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મ કથાનુયોગ. આ ચાર અનુયોગ

પૈકી દશવૈકાલિક-સૂત્રમાં મૂખ્યતયા ચરણ કરણાનુયોગનું પ્રતિપાદન છે.

આપણે ત્યાં 'नाग किरियाहिं मौक्खो' આ વસ્તુ-દ્વારા જ્ઞાન અને ક્રિયા બન્નેનું મહત્વ બતાવવામાં આવ્યું છે, કોઇ અપેક્ષાએ જ્ઞાન મૂખ્ય છે અને કોઇ અપેક્ષાએ ક્રિયા મૂખ્ય છે. એકલુ જ્ઞાન એ પાંગળુ છે અને એકલી ક્રિયા એ આંધળી છે, એટલે જ્ઞાન અને ક્રિયાનો યોગ મળતા મુક્તિમાર્ગની સાધના સુંદર રીતે કરી શકાય છે.

ક્રિયા વિનાનું એકલું જ્ઞાન કામ આવી શકતું નથી અને જ્ઞાન વગરની એકલી ક્રિયા પણ ઉપયોગી નીવડતી નથી, માટે જ કલ્યાણની કામના વાળા આત્માઓએ જ્ઞાન અને ચારિત્ર બન્નેની આરાધના કરવાની છે, જ્ઞાન અને ક્રિયા બન્ને મળીને જ મોક્ષનું કારણ બને છે, માટે જ શાસ્ત્રકારોનું એ ફરમાન છે કે-

**हयं नाणं क्रियाहीणं हया अन्नाणीणो किया ।**
**पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥**

જેમકે-એક અટવીમાં એક આંધળો અને બીજો પાંગળો એમ બન્ને જણા જુદા જુદા સ્થળે બેઠા છે. અચાનક-અટવીમાં આગ લાગી. દાવાનળ સળગ્યો પણ આંધળો જોઈ શકતો નથી અને પાંગળો જોવા-જાણવા છતાં દોડી શકતો નથી, પરિણામે બન્નેનો વિનાશ થાય છે.

હવે આપણે એક બીજું ઉદાહરણ લઇએ. એક અટવીમાં બીજો એક આંધળો અને બીજો પાંગળો એમ બન્ને બેઠા હતા ત્યાં અચાનક દાવાનળ સળગ્યો અને બન્ને જણાએ સલાહ-સંમતિથી

પોતાના પ્રાણ બચાવવાનું નક્કી કર્યું. આંધળો કહે હું જોઇ શકતો નથી પણ ચાલી શકું છું. ત્યારે પાંગળો કહે હું જોઈ શકું છું પણ ચાલવા માટે અસમર્થ છું. એટલે આંધળાએ પાંગળાને પોતાના ખભા ઉપર બેસાડયો અને પાંગળો જેમ દોરે તેમ આંધળો ચાલવા લાગ્યો, પરિણામે બન્ને સહીસલામત સ્થાને પહોંચી ગયા અને બન્નેના પ્રાણ બચી ગયા. તેવું જ જ્ઞાન અને ક્રિયાનું છે. જ્ઞાન એ માર્ગ બતાવે છે અને ક્રિયા રસ્તો કાપે છે. બન્ને મળી મોક્ષમાં પહોંચે છે.

શાસ્ત્રકારો કહે છે.

**जहाखरो चंदणभार वाहों भारस्य भागो ण हु चंदणस्स,**
**तहाखु नाणी चरणेण हींणो नाणस्स भागी न हु सुगइस्स.**

ચંદનનો ભાર વહન કરનાર ગધેડો જેમ ચંદનની સુવાસ પામી શકતો નથી. પણ ફક્ત ભારનો જ ભાગી થાય છે. એવી રીતે જ્ઞાનવાન પણ જો ચારિત્રવાન નથી તો તે સદ્ગતિનો ભાગી બની શકતો નથી એટલે મુક્તિપુરીમાં પહોંચવા માટે-જ્ઞાન અને ચારિત્ર બન્નેની અત્યંત આવશ્યકતા છે એ વાત સિદ્ધ છે.

જો કે ઉપદેશ માળામાં ગ્રન્થકારે જ્ઞાનાધિક અને શાસનની ઉન્નતિ કરનાર ક્રિયાહીનને પણ **વરતર** કહ્યા છે. શ્રેષ્ઠ કહ્યા છે, ખૂબ સુંદર ચારિત્ર પાળનાર ઉત્કટ તપશ્ચર્યા કરનાર પણ જો જ્ઞાનમાં અલ્પ છે તેને જ્ઞાનીની અપેક્ષાએ બીજા નંબરનો બતાવ્યો છે. આ વાત આપેક્ષિક છે. ત્યાં શાસનની ઉન્નતીની અપેક્ષા છે. તેથી જ્ઞાનીની અપેક્ષાએ ક્રિયાવાન્ ઓછો છે. આ વાત આપણે એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીશું.

## અકબર અને બીરબલ-

એક વખત બાદશાહ અકબરે સૌ સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે–આ બોર્ડ પર દોરેલી લીંટીને અડચા વગર જ નાની કરવવાની છે. આ સાંભળી સૌ વિચારમાં પડી ગયા. લીંટીને અડચા વગર નાની શી રીતે થાય. કોઈ આ વાતનો ઉકેલ કરી શકયું નહિ. છેલ્લે બીરબલ ઉભો થયો અને તેણે તરત જ એ લીંટીની બાજુમાં બીજી મોટી લીંટી દોરી, જેથી પ્રથમની લીંટી–આપોઆપ નાની જણાવા લાગી. બાદશાહ અકબર બીરબલની ચતુરાઇ ઉપર પ્રસન્ન થયો અને સભાજનોએ પણ બીરબલની બુદ્ધિ–ચાતુર્યના વખાણ કર્યા, સૌ એકી અવાજે કહેવા લાગ્યા કે કિંમત બુદ્ધિની છે.

શાસનની પ્રભાવના એટલે ધર્મની પ્રભાવના, જ્ઞાની અનેક આત્માઓને ધર્મના માર્ગે વાળવામાં નિમિત્ત બને છે, માટે જ પ્રભાવક હોય અને જ્ઞાની હોય તો ક્રિયાહીન હોવા છતાં તેને વરતર એટલે સારો અને શ્રેષ્ઠ ગણાવામાં આવ્યો છે.

બીજો ક્રિયાવાન છે, તપસ્વી છે, છતાં જ્ઞાનમાં અલ્પ છે તો એ શાસનપ્રભાવક જ્ઞાનીની અપેક્ષાએ બીજા નંબરનો છે.

જેમકે–બજારમાં સુવર્ણ પણ વેચાય છે અને હીરામાણેક પણ વેચાય છે પણ સુવર્ણ કરતા હીરાની કિંમત વધારે છે તેમ જ્ઞાનની કિંમત ક્રિયા કરતા વધી જાય છે.

"દેશઆરાધક કિરિયા કહી સર્વઆરાધક જ્ઞાન" આ વાકય પણ એજ વાતની સાક્ષી પૂરે છે. એટલે શાસનની પ્રભાવના કરનાર મહાપુરુષનો દરજ્જો–ઘણો ઉંચો છે.

આ વાતનો મુદ્દો શિથિલાચારને પોષણ આપવાનો નથી. પરંતુ શાસનપ્રભાવક એવા જ્ઞાનવાનની મહત્તા બતાવવાનો છે અને એવા મહાપુરુષોની હીલના કરવી એ મહાપાપ છે. એ વાત સમજાવવા માટે છે.

જેમકે બે છોકરા હોય-એમાં એક છોકરો કમાતો હોય અને સાથે સાથે તે ખર્ચાળ પણ હોય અને બીજો છોકરો કમાતો નથી પણ ખર્ચાળ છે. આ બન્નેમાંથી કયો છોકરો સારો ગણાશે ? કહેવું જ પડશે કે કમાવનારો છોકરો. એ સારાની ગણત્રીમાં આવશે. હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ.

'धम्मो मंगल मुक्किट्ठं' આ પદમાં પ્રથમ ધર્મ શબ્દ છે. એ આપણને મહત્વની વાતનું સૂચન કરે છે, આ વિશ્વમાં જો કોઈ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ હોય તો તે ધર્મ છે. જગતની તમામ સુખ-સાહ્યબીનું મૂળ કારણ ધર્મ છે. ધર્મ છે તો બધું છે, અને ધર્મ નથી તો કંઈ નથી. માટે જ મહાપુરુષો કહે છે કે—

**धर्मो जगति सार: सर्व सुखानां प्रधान हेतुत्वात् ।**
**तस्योत्पत्तिर्मनुजात् सारं तेनैव मानुष्यं ॥**

મતલબ જગતમાં સારભૂત જો કોઇ વસ્તુ હોય તો તે ધર્મ છે, અને તે સર્વ સુખોનું મૂળ કારણ છે. અને તેની ઉત્પત્તિ મનુષ્ય જન્મમાં થાય છે, માટે જ આ માનવભવ સાર ગણાય છે, એટલે વિશ્વના સમસ્ત સુખોનું મૂળ કારણ ધર્મ હોવાથી ધર્મ એ જગતમાં સાર મનાય છે, શ્રેષ્ઠ મનાય છે અને ઉત્તમ ગણાય છે.

જેમકે એક વ્યક્તિ–કે જે પોતાની જાતને મહાન બુદ્ધિ-શાળી માનતો હતો, એ વ્યક્તિ એક વખત જંગલમાં જઇ ચઢયો, ત્યાં એક આંબાનું ઝાડ તેના જોવામાં આવ્યુ કે જે ફળ ફૂલ શાખા–પ્રશાખા અને પાંદડાઓથી લચી રહ્યું હતું. પેલો ભાઇ આ ઝાડ જોઇ વિચાર કરે છે કે ઝાડ ઘટાદાર હોવાથી સૌ કોઇ તેનો આશ્રય લે છે, થાકયા–પાકયા પથિકોને છાયા આપે છે અને શીતળતા આપે છે માટે તે અત્યંત ઉપયોગી છે, પીળી રોચક કેરીઓ જોઇને તે વિચાર કરવા લાગ્યો કે આ કેરીઓનો માણુસ ઉપભોગ કરે છે, તેનો રસ કાઢી તેનો સ્વાદ અનુભવે છે, કેરીઓ ચૂસવામાં પણ કામ આવે છે, કાચી કેરી છૂંદો, મુરબ્બો અને અથાણામાં ઉપયોગી નીવડે છે, આની સુગંધથી માણુસ તર બની જાય છે, આંબાના પાંદડાઓ મંગળ નિમિત્તે તોરણ બાંધવામાં કામ લાગે છે, આંબાના લાકડાના પાટિયા મંત્રયંત્ર લખવામાં ઉપયોગમાં આવે છે, અને ઝાડનું લાકડું પણ વિવિધ કામમાં આવે છે.

પરંતુ જમીનમાં રહેલા આ મૂળીયાનો શું ઉપયોગ? મૂળીયુ તો કંઇ કામ આવતું નથી. માટે મૂળીયુ નકામું છે. આમ વિચારમાં ને વિચારમાં તે આંટા મારી રહ્યો છે. તેટ-લામાં એક બુદ્ધિશાળી માણુસ ત્યાં આવ્યો અને પેલા ભાઇને પૂછવા લાગ્યો કે કેમ ભાઈ! બહુ ઊંડા વિચારમાં લાગો છો? શું વિચાર કરો છો? ત્યારે પેલા મહેરબાન બોલી ઉઠયા–જુઓ ભાઈ! હું એ વિચારુ છું કે–આ આંબાના ઝાડની–પાંદડા–ફળ–લાકડુ વિ. તમામ વસ્તુ ઉગયોગી છે પણ જમીનમાં રહેલું મૂળીયુ શા ઉપયોગનું છે? આ સાંભળી પેલા ભાઇને

ઘણું આશ્ચર્ય થયું કે મહેરબાન આટલું પણ સમજતા નથી, અરે ભાઇ ! ઝાડનો આધાર જ મૂળ છે. મૂળ છે તો ઝાડ, પાન, ફળ અને ફૂલ છે. મૂળ વિના બધું ધૂળ છે, 'मूलं नास्ति कुतो शाखा' આ ઉક્તિ પણ પ્રચલિત છે, આ વાત જ્યારે તેને સમજાવવામાં આવી ત્યારે તે પણ સમજી ગયો અને બોલી ઉઠ્યા, તમારી વાત સો ટચના સોના જેવી સાવ સાચી છે. ઝાડનો આધાર જ મૂળ છે, જો ઝાડ સડી જાય કે ઉધઇ લાગે કે બળી જાય તો આખું ઝાડ પડી જાય, ઝાડને ડાંખળા પાંદડા ફળ કે ફૂલ કંઇજ ન આવે.

જેવી રીતે ઝાડનો આધાર મૂળ ઉપર નિર્ભર છે તેવી રીતે આ જગતના તમામ સુખો અને વૈભવો વિ. તમામ વસ્તુનો આધાર ધર્મ છે. ધર્મ છે તો બધું છે, ધર્મથી પુણ્યનો બંધ થાય છે અને પુણ્યથી સકળ સુખ સામગ્રી મળે છે.

આ વાત બરાબર ઠસી જાય તો આજની આપણી સ્થિતિનું પરિવર્તન થઇ જાય. જરા ઉંડાણથી વિચારશો તો જણાશે કે એક માણસ એક વખત વ્યાપાર કરે છે, તેને ચોમેરથી કમાણી ને કમાણી જ થાય છે. જ્યાં હાથ નાંખે છે ત્યાં પાસા પોબાર અને લીલા લ્હેર થાય છે, એનો એ માણસ થોડા વખતમાં કંગાળ બની જાય છે. જે કામ કરે તેમાં નુકસાન થાય છે અને બાજી ઉલટી પડે છે. ચોમેરથી આફતો અને મુશીબતો એને ઘેરી વળે છે. એમ કેમ? માણસ એનો એ હોવા છતાં એક વખત કમાય છે અને બીજી વખત ગુમાવે છે. તેનું શું કારણ ? શું આમ નથી બનતું ? એક વખત પુષ્ટિકારક ખોરાકથી માણસની શક્તિ વધે છે, કાંતિ વધે છે અને બીજી વખત

એના એ ખોરાકથી ઝાડા ને ઉલટી થાય છે. ખોરાક એનો એ છે ખાનાર એનો એ છે, એક વખત આનંદ આપે અને બીજી વખત ગભરામણ થાય. આનું શું કારણ? કારણ વગર આ જગતમાં કોઈપણ કાર્ય થતું નથી, આ બધી વસ્તુની પાછળ જરૂર કોઇ વસ્તુ કામ કરી રહી છે.

ઉદ્યમ કરવાથી પૈસો મળે છે, એમ નહિ માનતા. ઉદ્યમ-મહેનત અને મજૂરી કરનારા મજૂરો સવારથી સાંજ સુધી બિચારા મજૂરી કરી કરીને મરી જાય છે ત્યારે માંડ રોટલા ભેગા થાય છે, પણ ધનવાન થતા નથી. ત્યારે બીજી બાજુ એક વ્યાપારી-માણસ ગાદીતકીયે બેઠો બેઠો આરામથી ટેલીફોન દ્વારા શું ભાવ, શું ભાવ કરતો લો અને વેચો-આમ કરી હજારો લાખો કમાય છે તેનું શું કારણ?

તમે કહેશો કે મજૂરમાં બુદ્ધિ નથી. અને વ્યાપારી બુદ્ધિશાળી છે માટે કમાય છે, ના એવું પણ નથી એનો એ વ્યાપારી એકવાર સટ્ટામાં કમાય છે અને બીજીવાર ખોઈ નાખે છે, ભારે નુકસાની થાય છે, અને ઘરના નળીયા વેચવાનો વખત આવે છે. આમ-થવાનું શું કારણ?

એટલે મહેનત-ઉદ્યમ કે બુદ્ધિ કામ નથી લાગતી પણ કોઇ ત્રીજી જ વસ્તુ તેની પાછળ કામ કરી રહી છે. તેનું નામ જ પુણ્ય. પુણ્યશાળી થોડી મહેનતે અને ઓછી બુદ્ધિ હોવા છતાં ન્હાલ થાય છે અને નિર્ભાગી બુદ્ધિશાળી હોવા છતાં અને પરિશ્રમ કરવા છતાં ય તે સફળ થતો નથી.

B. A. અને M. A. થયેલો વિવિધ ડીગ્રી ધારી માનવી

નોકરી માટે અરજી ઉપર અરજી કરે છે, પણ તેને જ્યાં જાય ત્યાંથી ધક્કા મળે છે અને ત્રણ ચોપડી ભણેલો અભણ માણસ ક્રોડપતિ બને છે, આ બધી વસ્તુ આપણા રોજના અનુભવની છે, પણ કોઇ દિવસ આપણે આ બધી વાત ઉપર ઊંડાણથી શાંતિપૂર્વક એકાંતમાં બેસીને વિચાર જ કર્યો નથી. અને ઉંધુ વાળીને ઝુકાવવા છતાં અને અનેક ધમપછાડા કરવા છતાં જ્યારે સફળ થતાં નથી ત્યારે પોક મૂકીએ છીએ.

તમને ખબર હશે કે-સયાજીરાવ ગાયકવાડ એક વખત ગાયો-ભેંસો ચરાવનારા હતા પણ અચાનક એ ગાદીના વારસ તરીકે જાહેર થાય છે અને એમને રાજગાદી મળે છે. શું ગાયકવાડે અરજી કરી હતી કે મને રાજ્ય આપો ? અને શું અરજી કરવાથી મળત પણ ખરું ! હરગીઝ નહિ. સિદ્ધરાજે કુમારપાળને મારી નાંખવા શું ઓછા પ્રયત્નો કર્યા હતા ' છતાં સિદ્ધરાજ ગયો અને કુમારપાળ રાજ્યના સ્વામી થયા, એટલે કહેવું જ પડશે કે-બુદ્ધિ અને પરિશ્રમ સિવાય એક અદૃષ્ટ વસ્તુ આ બધી વસ્તુ પાછળ કામ કરી રહી છે. ભલે પછી તમે તેને ભાગ્ય કહો-પુણ્ય કહો, અદૃષ્ટ કહો કે નસીબ કહો. માણસ સુખી થવા ઉદ્યમ કરે છે પણ જો પાપનો ઉદય હોય તો તેજ ઉદ્યમ તેનો વિનાશ કરે છે.

## મદારી અને સર્પ

એક મદારી કરંડીયામાં સર્પ લઈ સ્થળે સ્થળે વિવિધ ખેલ કરી જનમન રંજન કરતો હતો-એકદા ઝાડ નીચે તે સુઇ ગયો, પણ અચાનક એનું પ્રાણ પંખેરુ ઉડી ગયું. સર્પ

રહ્યો કરંડીયામાં. માલીક વગર એને બહાર કોણ કાઢે! આમ ૩–૩ દિવસ વ્યતીત થયા, સર્પ તો ભૂખ્યો ડાંસ જેવો થયો એટલામાં ત્યાં એક ઉંદર આવ્યો અને તેણે વિચાર્યું કે જરૂર કરંડીયામાં કંઇક ખાદ્ય પદાર્થ હશે! જેથી તેણે કરંડીયો કોતર્યો અને ખાસુ કાણું પાડી અને તેણે અંદર પ્રવેશ કર્યો કે પેલો ભોરીંગ તરત જ તેનો કોળીયો કરી ગયો અને ઉંદરના પ્રાણ ગયા. ઉદ્યમ કર્યો ઉંદરે અને ફળ મળ્યું સર્પને. સર્પ જીવતો બહાર નીકળ્યો. આથી સમજી શકશો કે જો ભાગ્ય ન હોય તો એનો એ ઉદ્યમ એના જ વિનાશ માટે થાય છે.

## પુણ્ય–પાપ નજરે નથી દેખાતા

કેટલાક એમ કહે છે કે તમારી આ બધી વાત ખરી પણ પુણ્ય પાપ નજરે નથી દેખાતા તેનું શું? ભલે પુણ્ય પાપ નજરે ન દેખાતા હોય પણ એનું ફળ નજરે દેખાય છે. એટલે કાર્યથી કારણનું અનુમાન કરી શકાય છે. એમ તો પવન ક્યાં નજરે દેખાય છે?

વિશ્વમાં એવી ઘણી વસ્તુઓ વિદ્યમાન છે કે જે નજરે દેખાતી નથી છતાં આપણે તેના કાર્યથી તેને માનીએ છીએ તેવી જ રીતે પુણ્ય અને પાપનું કાર્ય સુખ દુઃખ આપણે નજરે જોઇ રહ્યા છીએ એટલે પુણ્ય અને પાપને માન્યા વગર છૂટકો નથી.

આ બધી વાતનો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરશો તો સ્હેજે સમજાશે કે સઘળા ય સુખોનું મૂળ કારણ ધર્મ છે. અને ધર્મની આરાધના વિના પુણ્ય થતું નથી અને પુણ્ય વિના દુનિયાના સુખો પણ મળતા નથી.

શુદ્ધ બુદ્ધિએ, કર્મની નિર્જરાની બુદ્ધિએ અને આરાધનાની બુદ્ધિએ કરેલો ધર્મ એ મોક્ષનું કારણ બને છે, એટલે આત્માની શુદ્ધિ અને અંતે મોક્ષ, તેમજ સુખ સાહ્યબી આ બધાનું મૂળ કારણ ધર્મ છે.

ધર્મની થોડી પણ આરાધના કરી હોય તો એનાથી પણ કેવા અપૂર્વ સુખો મળે છે. એ વાત આરામ શોભાની કથાથી આપણને જાણવા મળશે.

## આરામ શોભાની કથા

આ ભરતક્ષેત્રમાં એક નગરની ચારે દિશામાં એક યોજન પ્રમાણ ભૂમિ સુધીમાં એક પણ ઝાડ નહોતું. આજ ગામમાં ચાર વેદનો જાણકાર ષટ્ કર્મ સાધક અગ્નિશર્મા નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેની અગ્નિશિખા નામે પતિવ્રતા પત્ની હતી, તેની કુક્ષિએ વિદ્યુત્પ્રભા નામની એક પુત્રીનો જન્મ થયો હતો. પુત્રી ઘણી જ રૂપાળી, કળાવાન અને ગુણવાન હતી જ્યારે તે આઠ વર્ષની થઇ ત્યારે તેની માતા બિમારીનો ભોગ બની અને અંતે મૃત્યુધામે સીધાવી ગઈ. છોકરી નાની હતી પણ ઘણી ચાલાક હતી, ઘરનું તમામ કામકાજ એને જાતે ઉપાડી લીધું. સવારમાં ઉઠતાં જ ગાદલા-ગોદડા ઠેકાણે મૂકી વાસીદુ કાઢી, પનીહારાની સારસંભાળ લઇ ઘરમાં ગાયો હતી એને દોહતી અને ઘરનું તમામ કામકાજ પતાવી તે ગાયો વિગેરેને લઇ જંગલમાં ચરાવવા જતી હતી, મધ્યાન્હે પાછી આવી રસોઇ-પાણી તૈયાર કરી પિતાજી માટે દેવ-પૂજાની સામગ્રી તૈયાર રાખતી. દેવ-પૂજા પછી બન્ને જણા જમતા.

થોડો આરામ લીધો ન લીધો પાછી સાંજના સમયે તે જંગ-લમાં ગાયો ચરાવવા જતી હતી, આ પ્રમાણે સવારથી લઇ સાંજ સુધી, અરે મોડીરાત સુધી તમામ કામકાજ જાતે કરતી એટલે પિતાને પુત્રી પર પ્યાર હોય તે સ્વાભાવિક છે. પિતાજીને આથી ઘણો સંતોષ હતો. આમ બરાબર ઘરની સારસંભાળ રાખતા અને પિતાજીની સેવા-ચાકરી કરતા મહીનાઓ અને વર્ષો વીત્યા છેવટે એને કંટાળો આવ્યો કે એકલા હાથે આ બધી રોજની માથાકૂટ, તેના કરતા પિતાજી જો ફરી લગ્ન કરે તો મને ઘણો સહારો થાય, પણ એને ખબર નથી કે પિતા-જીના ફરી લગ્ન થશે તો નવી મા સહાય કરશે કે ઉલટી ત્રાસ આપશે, પણ હજી એ નાની હતી, એટલો અનુભવ ન હતો અને ઘરકામમાંથી સ્હેજે કંટાળી હતી એટલે એને પિતાજીને વિનંતી કરી કે આપ લગ્ન કરો તો સારુ ! પ્રથમ તો પિતાજીએ ના પાડી મારે ફરી લગ્ન કરવાની જરૂર નથી, પણ પાછો છોકરીનો વિચાર આવ્યો કે વાત સાચી છે. બિચારી એકલીને બધુ કામકાજ કરવું પડે છે તેના કરતા એકથી બે ભલા. એ વિચારથી તેમણે ફરી લગ્ન કરવાનો નિર્ણય કર્યો.

હરેક માણસ પોતાના સુખ માટે વિવિધ પ્રવૃત્તિ કરે છે, પણ એજ પ્રવૃત્તિ એના દુઃખના માટે થાય છે. ઉપાધિરૂપ બને છે. આનું નામ જ સંસાર. વિદ્યુતપ્રભાના કહેવાથી તેના પિતાએ લગ્નની તૈયારી કરી. હજી લગ્ન થયા નથી. લગ્ન થયા પછી શું શું બને છે, ઓરમાન માતા એ પુત્રીને સહાયરૂપ થાય છે કે ત્રાસરૂપ થાય છે. નામ જ જેનું ઓરમન મન જેનું ઓર એટલે જુદુ હોય ત્યાં સહાયરૂપ તો થવું દૂર

રહ્યું પણ એ નવી મા કેવા હુકમો છોડે છે અને પુત્રીને કેવો ત્રાસ આપે છે. આમ છતાં જે પુણ્યશાળી છે તેને અચાનક કેવી દૈવી સહાય મળે છે, અને એનું વિદ્યુત્પ્રભા નામ કેવી રીતે પરિવર્તન પામે છે, વિગેરે વિષય તેમજ ધર્મ એટલે શું ? આ બધા વિષયનું વર્ણન અગ્રે વર્તમાન.

## સાણંદમાં પધરામણી

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા શતાવધાની પૂ૦ આચાર્ય શ્રી વિજય-કીર્તિચંદ્રસૂરિજી મહારાજ આદિ સાણંદ શ્રીસંઘની તેમજ મ્યુનિસિપાલીટીના પ્રેસીડેન્ટ શ્રી ધનજીભાઈ પટેલ વિગેરેની વિનંતીનો સ્વીકાર કરી વિ સં. ૨૦૨૪માં પુનઃ ભવ્ય સ્વાગતસહ સાણંદ પધાર્યા હતા, ચાર પાંચ દિવસની સ્થિરતામાં શ્રી ધનજીભાઇ પટેલે વાજતે ગાજતે પૂ. આચાર્યદેવાદિની પધરામણી કરાવી રૂા. ૧૦૮ થી ગુરુપૂજન કર્યું હતું અનેક નિયમો લીધાં હતાં. અન્ય જૈનેતરો–આગેવાનો અને જૈન સંઘ હાજર હતો. અનેકોએ પ્રતિજ્ઞા લીધી હતી. વ્યાખ્યાન બાદ પણ તેમના તરફથી શ્રીફળની પ્રભાવના થઇ હતી. ૪-૫ દિવસની સ્થિરતામાં તો અનેરો આનંદ અને અપૂર્વ ધર્મોદ્યોત થયો હતો. —સં.

## વ્યાખ્યાન ૨ જું.

શ્રી દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથા ઉપર આપણે ચાર વિષયની ચર્ચા વિચારણા શરુ કરી છે, તેમાં પ્રથમ ધર્મનું સ્વરૂપ એ વિષય ચાલી રહ્યો છે.

જગતના જીવોને જેટલા દુન્યવી સાધનો ગમે છે. તેટલો ધર્મ ગમતો નથી. પણ જરાક ઉંડા ઉતરશો તો તમને સમજાશે કે—દુનિયાના તમામ પદાર્થો કરતાં ધર્મ એ વધુમાં વધુ પ્રિય લાગવો જોઇએ. આપણે જ્યારે સ્વાદિષ્ટ વસ્તુ વાપરીએ છીએ ત્યારે ખૂબ આનંદ થાય છે, કારણ કે તેમાં સ્વાદ છે, તેવી રીતે કોઇ સુંદર વસ્તુને નિહાળતા પણ આપણને ખૂબ આનંદ થાય છે, કારણ કે તે આપણને ખૂબ ગમે છે અને તેથી ખૂબ આનંદ આવે છે.

બાગ બગીચામાં આંટા મારતા ચંપા, ગુલાબ કે કેવડાની દહેજતદાર ખૂશબોની મ્હેક મારતા મગજ તાજગીનો અનુભવ કરે છે ત્યારે પણ માણસ આનંદ વિભોર બને છે. કારણ કે તેને સુગંધી પ્રિય છે, મખમલ જેવી કોમળ શય્યામાં આળોટતા પણ આનંદનો અતિરેક થાય છે. કારણ કે કોમળ સ્પર્શ આપણને ગમે છે. તેમજ સુરીલુ સંગીત શ્રવણ કરતા આત્મા ડોલી ઉઠે છે, કારણ કે કર્ણને મીઠા અને મધુરા ગીત પસંદ પડે છે.

કેટલીક વસ્તુ સૌંદર્ય રૂપ અને તેના રંગને લઇને ગમે છે. કેટલીક વસ્તુ તેના મીઠા મધુરા ગીત અને સંગીતથી આપણને પ્રિય લાગે છે. કેટલીક વસ્તુનો સ્પર્શ કોમળ હોય છે માટે તે ગમે છે. કેટલીક વસ્તુ ખૂબ ખૂશબોદાર હોય છે એટલે આપણને પસંદ પડે છે અને કેટલીક વસ્તુ ખાવામાં ખૂબ સ્વાદિષ્ટ લાગે છે માટે આપણને તે ગમે છે.

પરંતુ રૂપીઆની નોટ આપણને ગમે છે કે નહીં? તરત જ બોલી ઉઠશો કે હા ગમે છે, પણ તમને એમ પૂછવામાં આવે છે કે-એ ગમવાનું શું કારણ? તેમાં નથી તેવા પ્રકારના રૂપ રંગ, સ્પર્શ, સ્વાદ અને સુગંધ છતાં આપણને તે કેમ ગમે છે? તરત જ તમે જવાબ આપશો કે સાહેબ! ભલે એમાં રૂપ-રંગ કે સુગંધ ન હોય, ભલે એમાં કોમળ સ્પર્શ કે સુંદર સ્વાદ ન હોય. પણ એ બધી મનગમતી વસ્તુ રૂપીયા-પૈસાથી જ મળે છે, માટે તે ગમે છે. પૈસાથી બધુ મળે છે માટે આપણને પૈસો ગમે છે. પણ હવે તમને પૂછવામાં આવે કે રૂપીઆ-પૈસા ક્યાંથી મળે છે? જરાક બારીક વિચાર કરશો તો તમે વસ્તુના મર્મ સુધી પહોંચી શકશો. ધન ક્યાંથી મળે છે? શું મહેનતથી મળે છે? ના. મહેનત કરનાર પણ ભૂખે મરે છે, ત્યારે શું બુદ્ધિથી મળે છે? બુદ્ધિશાળી અહીંથી તહીં રખડે છે. એને નોકરી ય મળતી નથી. ત્યારે પૈસો શાથી મળે છે? એનું મૂળ કારણ શું? જરાક ઉંડા ઉતરશો તો તરત જ તમને સમજાશે કે-પૈસો પુણ્યથી મળે છે. પુણ્ય-ભાગ્ય કે નસીબ વગર કંઈ જ મળતું નથી. ત્યારે એ વાત

સિદ્ધ થઇ કે-પૈસાનું મૂળ કારણ પુણ્ય અને પુણ્યનું મૂળ કારણ ધર્મ છે.

હવે જો ધર્મથી જ બધું મળતું હોય તો મહેનત ક્યાં વધારે થાય? અને આજે મહેનત ક્યાં વધારે થઇ રહી છે? પુણ્યમાં જેટલી ખામી તેટલી સુખમાં ખામી, પુણ્યમાં જેટલી કસર તેટલી સુખ અને શાંતિમાં કસર.

કંઇક પુણ્ય અને પુણ્યમાં કંઇક કસર હોય અથવા સાથે પાપ કર્યું હોય ત્યારે એક તરફ ધનના ઢગલા મળે અને બીજી તરફ શરીર રોગી થાય અને ધનનો ભોગવટો જ ન કરવા દે. શરીર સારુ હોય તો પત્ની રોજ ડાકણની જેમ જીવ ખાતી હોય. પત્ની સારી હોય તો પૈસો ન હોય, પૈસો ને પત્ની હોય પણ પુત્ર ન હોય. આ સંસારમાં તો 'સાત સાંધો ને તેર તૂટે' એવી સ્થિતિ છે. ધર્મ કરવામાં પ્રમાદ કરવો છે અને સુખ સંપૂર્ણ જોઇએ છીએ એ કેમ બને!

પુણ્યમાં જેટલી કસર તેટલી અશાંતિ. સુખ સાથે દુઃખ આવી ને ઉભુ રહેવાનું. પુણ્ય કસર વગરનું હોય તો બધી વાતે સુખ મળે એ સ્વાભાવિક છે, પુત્ર-પત્ની, પૈસો-પરિવાર અને પંડ બધું જ સારુ મળે.

સંસારમાં સુખી માણસો પણ જોવામાં આવે છે અને દુઃખી માણસો પણ જોવામાં આવે છે. આથી પુણ્ય અને પાપ તો સિદ્ધ જ છે, એને માન્યા વગર છૂટકો નથી. છતાં ખૂબીની વાત એ છે કે-સુખ પ્રિય હોવા છતાં અને દુઃખ અપ્રિય હોવા છતાં માણસ એવી મહેનત કરે છે જેના પરિણામે દુઃખ આવે

છે કારણ કે મહેનત અને પરિશ્રમ ઉલટો છે. જ્યાં મહેનત કરવી જોઇએ ત્યાં મહેનત કરતા નથી અને જ્યાં મહેનત ન કરવી જોઇએ ત્યાં રચ્યા પચ્યા રહીએ છીએ, માટે જ અનુભવી પુરુષોનું એ કથન છે કે-

**पुण्यस्य फलमिच्छन्ति पुण्यं कुर्वन्ति नो नराः ।**
**फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सादरा ॥**

પુણ્યનુ ફળ સુખ સમૃદ્ધિ. એ જોઇએ છે પણ પુણ્ય કરવું નથી, પાપનું ફળ દુઃખ ગમતું નથી, છતાંય હસી હસીને પાપ કર્મ બાંધીએ છીએ એજ એક આશ્ચર્ય છે. આપણે આ બધી વાતનો સાર એ લેવાનો છે કે જગતની તમામ સુખ સામગ્રી જ્યારે પુણ્યથી મળે છે. ઋદ્ધિ સિદ્ધિ અને સમૃદ્ધિ પુણ્યથી મળે છે અને પુણ્ય ધર્મથી થાય છે, એટલે આ બધાયનું મુખ્ય કારણ ધર્મ છે એ વાત સો ટકા સાચી છે, આ વાત જો હૃદયમાં બરાબર ઠસી જાય તો પૈસા ઉપર જે પ્રેમ છે તેના કરતા વધારે પ્રેમ આપણને ધર્મ ઉપર થાય.

ધર્મથી જ બધું મળે છે એ વાત જો હૃદયમાં બરાબર ઠસી જાય તો પછી ધર્મ આપણને ખૂબ ગમે, ધર્મની આરાધના કરતા છાતી ગજગજ ફુલે: ધર્મ કરતાં ખૂબ ઉલ્લાસ ને રસ આવે. એકવાત ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે ધર્મની આરાધના જેવી માનવભવમાં થઇ શકશે એવી બીજી કોઇ ગતિ કે યોનિમાં નહિ થઇ શકે. માનવભવ એ ધર્મ આરાધન કરવાની અપૂર્વ તક છે. આવી ઉમદા તકને કોણ ગુમાવે ? સંસારમાં સામાન્ય તક જો આપણા હાથમાંથી ચાલી જાય, જેનાથી સામાન્ય લાભ

મળવાનો હતો એ લાભ, તક ચૂકી ગયા જેથી ન મળ્યો ત્યારે કેવો આઘાત લાગે છે. અને અશ્રુ સારવા પડે છે. ત્યારે આરાધના કરવાની ઉમદામાં ઉમદા તક જો હાથથી ચાલી જશે તો પછી કેવી પોક મૂકવી પડશે. અરે એક જન્મમાં નહિ, બલ્કે જન્મ જન્મમાં રડવું પડશે. પછી થશે હાય બાજી હાથમાંથી ચાલી ગઈ. એ પહેલા જ આત્માને સમજાવો કે હે ચેતન! જરા સમજ! સમજ!! અને કંઈક ભવનું ભાથુ બાંધી લે.

ઘણા લોકો એમ સમજે છે કે—મોટો બંગલો બંધાવી લીધો. લેઈટેસ્ટ ડીઝાઇનની બે-ચાર કાર વસાવી લીધી. બે-ચાર કારખાનાના કે મીલના માલીક બન્યા, સેંકડો માણસો ઝુકી ઝુકીને સલામ ભરે એટલે જાણે અહીં જ સ્વર્ગ મળ્યું એમ આપણે માનીએ છીએ અને અમારો જન્મ સફળ થઇ ગયો એમ સમજીએ છીએ, પણ આ આપણી મોટી ભૂલ છે. આંખ બંધ થઇ ગયા પછી શું ? બાગ-બગીચા કે બંગલામાંથી કંઇ સાથે આવશે ? બધુય વિલે મૂખે મૂકીને વિલાપ કરતા કરતા ચાલ્યા જવું પડશે ત્યારે તારી શી દશા થશે ! સાથે આવશે ફક્ત પુણ્ય અને પાપનું ફળ. દુઃખ તો જોઇતું નથી. માટે લેવા જેવું જો કંઇ હોય તો તે પુણ્ય છે. પુણ્યનું ભાથુ સાથે લેશો તો તમારે પરલોકમાં દુઃખી નહિ થવું પડે.

## આરામ શોભાની કથા

ધર્મની આરાધના શું કામ કરે છે એના ઉપર આરામ શોભાનું દૃષ્ટાંત ચાલી રહ્યું છે. આરામ શોભાએ પિતાજીને ફરી

લગ્ન કરવાની વિનંતી કરી જેથી પિતાજીએ ફરી લગ્ન કર્યાં, ઓરમાન માતા ઘરમાં આવી. નવી હોય એટલે બે ચાર દિવસ તો બરાબર ચાલ્યું. આરામશોભા સમજતી હતી કે મને મારી નવી મા મદદગાર થશે પણ એની એ ધારણા ખોટી પડી. ઉલટી એતો-નવા-નવા હૂકમો છોડે છે અને શાંતિથી બેસવાય દેતી નથી. વાત-વાતમાં ધમકાવે, વાતવાતમાં ટકટક કરે. આરામશોભા તો અંદરથી ગભરાઈ ગઇ પણ થાય શું-લાચાર હતી. નવી મા તો ન્હાવા ધોવામાંથી અને શણગાર સજવામાંથી ઉંચે જ આવતી નહોતી. આરામશોભા એક વખત એકાંતમાં બેસી વિચાર કરતી હતી કે-મેં પિતાને મારા સુખ માટે પરણવાની વિનંતી કરી. પિતાજી પરણ્યા પણ મને તો સુખના બદલે દુઃખ આવીને ઉભુ રહ્યું પણ એમાં બીજાનો શો દોષ? મારા જ અશુભ કર્મ ઉદયમાં આવ્યા એટલે મારે શાંતિથી ભોગવવા જ જોઇએ. ભોગવ્યા વગર છૂટકો નથી. બીજા તો નિમિત્ત માત્ર છે. માટે જ જ્ઞાનીઓ કહે છે—

**सव्वो पुव्वाकयाणं कम्माणं पावइ फल विवागं**
**अवराहेसु गुणेसु य निमित्त मित्तं परोहोइ**

આપણને જે કંઇ સુખ-દુઃખ મળે છે. એ આપણા પૂર્વના શુભા-શુભ કર્મનું જ ફળ છે. અમુકે મારુ સારુ કર્યું, અમુકે મારુ ખરાબ કર્યું, અમુકે મારો બગાડ કર્યો પણ સમજવું જોઈએ કે આ બધા તો નિમિત્ત માત્ર છે, આ રીતે આરામશોભા વિચાર કરે છે અને શાંતિથી બધુ સહી લે છે.

એ રોજ ગાયો ચરાવવા જંગલમાં જતી હતી, ત્યાંથી

બપોરે ઘેર આવે, ઓરમાન માતા વધેલું જેવું-તેવું ઠંડું, કાચુ-પાકુ, માખીઓથી ઘેરાએલુ અને રસ વિનાનું ભોજન આપે. ચૂપચાપ બિચારી ખાઈ લે. ઉપરથી કડવા વેણ સાંભળવાના જુદા. આમ કરતા તેની ઉંમર ૧૨ વર્ષની થઇ.

એક દિવસ ગાયો ચરાવવા જંગલમાં ગઈ છે. સમય મધ્યાહ્નનો છે. ગરમીની સખત મોસમ, છાયા અને વિશ્રામ માટે ઝાડ જ નહોતું એટલે એ ઘાસ ઉપર સૂતી હતી, ગાયો નિરાંતે ચરતી હતી, ત્યાં તો એક નાગ તેની પાસે આવ્યો. જેની આંખો લાલચોળ હતી. તેણે જીભ બ્હાર કાઢી હતી, કાળો ભ્રમર એ નાગ ફુંફાડા મારી રહ્યો હતો, જેના ફુંફાડાથી ભલભલા દૂર ભાગી જાય અને ભયભીત બની જાય એવો એ નાગ હતો જેના શરીરમાં નાગકુમાર દેવતા અધિષ્ઠિત થયા હતા.

આ નાગ આવતાની સાથે જ મનુષ્યની ભાષામાં બોલ્યો કુમારી! ઉઠ ઉઠ! આ શબ્દો સાંભળતા વિદ્યુત્પ્રભા એકદમ ચમકી અને જાગી ગઇ, નાગ વિદ્યુત્પ્રભાને કહેવા લાગ્યો કે અત્યારે હું તારા શરણે આવ્યો છું. મારું રક્ષણ કર. મને ભય છે. કારણ કે મંત્રવાદી મદારીઓ મારી પાછળ પડ્યા છે, અને મને બાંધીને પકડી લેશે, માટે તું મને તારા ખોળામાં લઇ લે અને કપડું ઢાંકી દે જેથી મંત્રવાદીઓને ખબર પડે નહિ. હવે વિલંબ ન કરીશ. હું નાગકુમાર દેવથી અધિષ્ઠિત છું. જે મદારીઓ પકડવા આવે છે તેના મંત્રની અધિષ્ઠાયક દેવની આજ્ઞા ભંગ કરવા હું અસમર્થ છું. માટે તું મારુ રક્ષણ કર. તું ડરીશ નહિ. નાગરાજની વાણી સાંભળી વિદ્યુ-

તૃપ્રભાએ તો નાગને ખોળામાં લઈ લીધો અને કપડું ઢાંકી દીધું. આમ તો તેને ડર લાગ્યો પણ તેણી દયાળુ હતી, બીજા જીવનું રક્ષણ પ્રાણના ભોગે પણ કરે તેવી હતી, ભલભલા લોખંડી માણસો પણ નાગરાજના ફુંફાડાથી દૂર ભાગે એવા નાગને એક બાળા પોતાના ખોળામાં લઈ લે એ કંઈ ઓછા આશ્ચર્યની વાત છે? હવે શું બનાવ બને છે તે અગ્રે વર્તમાન.

—નમસ્કાર મહિમા—

પૂજ્યપાદ પ્રખર વિદ્વાન જૈનાચાર્ય શ્રીમદ્ વિજય-લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે નવકારમંત્રના વિષય પર નવ વ્યાખ્યાનો આપ્યાં હતા, જે જિજ્ઞાસુઓને અનેરૂ માર્ગ-દર્શન આપે તેવા બોધક અને તાત્ત્વિક છે. સરળ અને સાદી ભાષામાં લોકભોગ્ય શૈલિથી અપાયેલા આ પ્રવચનો અનેક રીતે ઉપયોગી છે. —સં૦

ત્રીજી આવૃત્તિ ❋ કિંમત ફક્ત ૨ રૂપિયા.

## વ્યાખ્યાન ૩ જું.

શાસ્ત્રકાર પરમર્ષિ શ્રી આર્યશય્યંભવસૂરિજી મહારાજ શ્રી દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં ચાર વસ્તુ સમજાવે છે. પ્રથમ ધર્મનું સ્વરૂપ, પછી ધર્મનું મહત્વ, ધર્મનું ફળ અને ધર્મ કોને ફળે? આ બધા વિષયો સમજાવવાના છે.

આજે ઘણા માણસો ધર્મક્રિયા કરે છે, સામાયક, પૌષધ, પ્રતિક્રમણ અને પૂજા પણ કરે છે, પણ જો એને પૂછવામાં આવે કે-ધર્મ એટલે શું? તો તેઓ માથુ ખજવાળશે. એ જવાબ નહિ આપી શકે! ધર્મ કોને કહેવાય? ધર્મ શેમાં છે? આ બધી વસ્તુ સારી રીતે સમજી લેવાની જરૂર છે, નહિતર આટ આટલી ધર્મ ક્રિયા કરવા છતાં ધર્મ એટલે શું? એ વાતનો જો જવાબ ન આપી શકીએ તો બે માણસમાં હાંસીપાત્ર બનવું પડશે અને સમજ્યા વગર જ ધર્મ ક્રિયા કર્યે જાય છે એથી શું ફાયદો એમ સાંભળવું પડશે. ઘણા માણસો પોતે ધર્મ ક્રિયા કરી શકતા ન હોય એટલે આ રીતે ધર્મ ક્રિયા કરનારને ઉતારી પાડે પણ એને પૂછોને તું તો સમજે છે ને? કેમ ધર્મ કરતો નથી? ત્યાં ચુપ રહેશે. ત્યારે ધર્મ શેમાં છે? એ પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે

ધર્મ આત્મામાં છે. ધર્મ એ કોઈ બહારની વસ્તુ નથી; ગાંધીની દુકાને તેનું પડીકું મળતું નથી, જો ધર્મ એ આત્મામાં છે તો પછી મંદિર અને ઉપાશ્રયે જવાની શી જરૂર ? આ બધા પ્રશ્નોનું જો સમાધાન ન થાય તો ઉલટી શંકા પડે અને શંકા પડવાથી શ્રદ્ધામાં વાંધો આવે અને એનું પરિણામ ન ધાર્યું આવે. માટે જ ગીતાજીમાં કહ્યું છે કે 'संशयात्मा विनश्यति' જે સંશયશીલ હોય છે એનો અંતે વિનાશ થાય છે, મતલબ એનું અધઃપતન થાય છે. માટે આ બધી વસ્તુ સદ્‌ગુરુની સમીપે સમજી લેવાની ખાસ જરૂર છે, આ બધી વસ્તુ સમજવા માટે સદ્‌ગુરુના સમાગમની જરૂર છે, આ બધા આલંબનો છે, અને સારા નિમિત્તો છે. ધર્મના માટે આલંબનની પણ અત્યંત આવશ્યકતા છે.

ત્યારે હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ. ધર્મ એટલે શું ? શાસ્ત્રકારો સમજાવે છે કે 'वत्थु सहावो धम्मो' વસ્તુનો સ્વભાવ એનું નામ ધર્મ. જેમ કે સાકરમાં ગળપણ એ એનો સ્વભાવ છે, મરચામાં તીખાશ, મીઠામાં ખારાશ, ફટકડીમાં તુરાશ, લીંબડામાં કડવાશ અને કરિયાતામાં કડવાપણું એ એનો ધર્મ છે. પોતાનો સ્વભાવ પોતાનામાં જ રહે છે, એ સ્વભાવ લાવવા માટે બીજી કોઈ વસ્તુની જરૂર પડતી નથી, જેમ કે સાકરમાં મીઠાશ છે, એ મીઠાશ બહારથી લાવવી પડતી નથી પણ મીઠાશ એ સાકરના ઘરની છે. મીઠાશ એ સાકરની પોતાની છે, દુધને ગળ્યું કરવા તેમાં સાકર નાખવી પડે છે પણ સાકરને ગળી કરવા કંઇ સાકર નાંખવી પડતી નથી. મરચામાં તીખાશ છે એ એના પોતાના ઘરની છે,

બહારની નથી, મતલબ એ થઇ કે–વસ્તુનો જે સ્વભાવ હોય છે તે સ્વભાવ તે વસ્તુમાં જ હોય છે, પણ વસ્તુની બહાર હોતો નથી.

કરિયાતું બહુ કડવું લાગે અને તાવવાળો બાળક પી ન શકે ત્યારે તેમાં સ્હેજ ગળપણ નાંખવામાં આવે છે, એટલે એ ઉકાળો જરાક ગળ્યો લાગે પણ એ ગળપણ કરિયાતામાં નથી. કરિયાતામાં સાકરનું મિશ્રણ થયું માટે કરિયાતામાં મીઠાશ આવી પણ કરિયાતુ તો કડવું જ છે. એટલે વસ્તુનો જે પોતાનો સ્વભાવ એજ એનો ધર્મ.

અહીંઆ આપણે આત્માની વાત કરી રહ્યા છીએ. અહીં ધર્મ શબ્દથી આત્માનો સ્વભાવ લેવાનો છે. આત્માનો જે સ્વભાવ એનું નામ જ ધર્મ, એજ વાતને સમજાવવા આપણે ઉપર જુદા જુદા દાખલાઓ આપ્યા; જેમ બીજી વસ્તુનો પોતાનો સ્વભાવ હોય છે તેમ આત્માનો પણ સ્વભાવ છે. આજે આપણે આપણા સ્વભાવમાં નથી. ઘડીમાં ક્રોધ, ઘડીમાં માન અને ઘડીમાં માયા અને લોભ સતાવે છે. આત્મા પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે એજ એની મોટામાં મોટી ભૂલ છે. અને તેથી જ એની રખડપટ્ટી છે. આત્મા જો આત્માના પોતાના સ્વભાવમાં આવી જાય તો તેનું ખરુ નૂર પ્રગટ થાય.

વર્તમાનકાળે આત્મા જે સ્વભાવમાં છે તે સ્વભાવ એનો પોતાનો નથી, એ સ્વભાવ એ વિકારજન્ય છે. કર્મજન્ય છે. આપણને ક્યારેક રાગ થાય છે અને ક્યારેક દ્વેષ થાય છે. સુંદર પદાર્થો મળતા અને મન ગમતા વિષયો મળતા આત્માને

રાગ ઉત્પન્ન થાય છે અને અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં આત્માને દ્વેષ ઉત્પન્ન થાય છે. આ પરસ્વભાવને લઈને જ આત્માની ખરાબી છે, માટે જ કહ્યું છે કે—

**"અન્ય સંયોગી જિહાં લગી આતમારે સંસારી કહેવાય"**

જ્યાં સુધી અન્યનો એટલે કર્મનો સંયોગ છે ત્યાં સુધી સંસાર છે. કર્મ એજ પરભાવ, પરભાવમાં આત્મા અનાદિ કાળથી અથડાઈ રહ્યો છે. દુઃખી દુઃખી થઇ રહ્યો છે, નર્ક નિગોદની તીવ્ર યાતનાઓ અને ભયંકર વેદનાઓનો ભોગ બન્યો છે. આજ સુધી અનાદિ કાળથી આપણે અનંત જન્મ–મરણ કર્યા તેનું મુખ્ય કારણ આત્માની પરસ્વભાવમાં રમણતા, પરપરિણતિમાં આસક્તિ.

પર સ્વભાવ કહો કે વિભાવદશા કહો, યા પરપરિણતિ કહો વાત એક જ છે.

આપણા સ્વભાવને પીછાણવો એ બહુ ભારે વસ્તુ છે. કારણ કે ક્યારેય એનો આપણને અનુભવ થયો નથી. અનેક સ્વભાવથી અત્યારે આપણો આત્મા ઘેરાયેલો છે, તેનાથી આ સ્વભાવ આપણો છે એમ જાણવું બહુ મુશ્કેલ છે. પણ સાંભળતા સાંભળતા વિચારતા વિચારતા અને તેની તપાસ કરતાં કરતાં જરૂર સ્વભાવને પીછાણી શકીશું. આ વિષય બહુ બારીક છે. જેને ફીલોસોફી, તત્વજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, અધ્યાત્મવાદ, આત્મવાદ, વગેરે શબ્દોથી નવાજવામાં આવે છે, તેમાંય જૈન દર્શનનું તત્વજ્ઞાન તો ઉચ્ચ કોટિનું છે. તેના કર્મવાદ અને આત્મવાદ વગેરે વિષયો પર લાખો શ્લોકો લખાયલા છે. આત્મા આદિ

તત્વજ્ઞાનની વાતો કંઇ એક દિવસમાં સમજાય તેવી નથી. એને માટે અભ્યાસની પણ જરૂર છે. ઉપરછલ્લુ કે ઉપર ચોટિયું જ્ઞાન કામ ન આવે.

જેમ સમુદ્રમાંથી રત્નો મેળવવા માટે એના અગાધ ઊંડાણમાં ઉતરવું પડે છે. મરજીવા બને તો જ મૌક્તિકો મેળવી શકાય છે. ઉપર-ઉપર તો શૂંખલા છીપલા વિગેરે સામાન્ય વસ્તુની જ પ્રાપ્તિ થાય છે.

આત્માનો વિષય તો ખૂબ ગહન છે, ખૂબ કઠીન છે. એના ઉંડાણમાં ઉતરવું પડશે તોજ વાસ્તવિક તત્વનું જ્ઞાન થશે.

ધર્મનું સ્વરૂપ, ધર્મનું મહત્વ, ધર્મનું ફળ અને ધર્મ કોને ફળે ? આ ચાર વિષયમાં તો ચોમાસાના ચાર મહીના પૂરા થઇ જશે, કારણ કે ખૂબ છણાવટપૂર્વક ઝીણવટથી સરળ શૈલિએ આ બધા વિષયો સમજાવીશું ત્યારે આ બધી વસ્તુ તમારા સમજવામાં આવશે.

આ ચારે વિષયો જો બરાબર સમજાઇ જાય તો આત્મામાં ધર્મ વસે અને કર્મ ખસે. ધર્મ જો હૈયામાં વસ્યો તો સમજી લો કે ગમે તેવા કટ્ટર દુશ્મનો હોય તો તેને ભાગ્યા વગર છૂટકો નથી, કર્મ એ કટ્ટર શત્રુઓ છે. આપણા ઘરમાં અનાદિ કાળથી પેઠા છે અને ઘર કરી ગયા છે. ભાડુત પાસેથી કબજો મેળવવામાં કેટલી મુશીબત નડે છે, કોર્ટના હુકમ પછી પણ ખાલી કરાવતા નાંકે દમ આવી જાય છે, આ બધા ભાડુત તો ૬-૧૨ મહીનાના અરે ૬-૧૨ વર્ષના સમજો પણ આ કર્મો તો અનંત કાળથી ઘર કરી ગયા છે, એ કંઇ એમ–

સ્હેલાઇથી નીકળે તેવા નથી, ભાઇ-બાપા કરવાથી માને તેવા નથી, એની પાછળ તો કમ્મર કસીને પડીશું ત્યારે જ એ પોબારા લેશે.

આત્મા જો શુદ્ધ બની જાય, કર્મ રહિત બની જાય તો તો પરમાત્મા બની જાય, એમાં શંકા નથી. ભૂતકાળમાં આ સંસારમાં વર્ષોના વર્ષો વીત્યા, યુગો ને યુગો વીત્યા, પલ્યોપમો અને સાગરોપમોનો કાળ વહી ગયો, અરે ભવોના ભવો આપણા નકામા ગયા, હાથમાં કંઈ આવ્યું નહિ. મેળવતા ગયા અને મૂકતા ગયા, આ ધંધો અનાદિકાળથી ચાલુ છે. હજી એનો અંત આવ્યો નથી. માટે જ શાસ્ત્રકારો કહે છે કે–આ સંસારમાં કંઈ સાર નથી. પણ આ બધુ સમજાય ક્યારે? આત્માને સાચુ જ્ઞાન થાય અને ધર્મની અસર થાય તો કંઇક આત્મા સમજે અને આગળ વધે અને એમ પ્રગતિ સાધતા સાધતા અને વિકાસ કરતા કરતા ચરમ સીમાએ––પરાકાષ્ઠાએ પહોંચી શકાય અને ઘાતિ કર્મો બાળી કર્મનો ક્ષય કરી કૈવલ્ય લક્ષ્મી વરી અને અંતે પરમાત્મ પદને પ્રાપ્ત કરે.

માટે જ મહાન ધુરંધર વિદ્વાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે—

**सूक्ष्म बुध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिः नरैः**
**अन्यथा तत्बुद्धयैव तद्विघातो प्रसज्यते ।**

ધર્મ એટલે શું? ધર્મ કોને કહેવાય? ધર્મ કઈ રીતે થાય? આત્માને અને ધર્મને સંબંધ શુ? ધર્મની ક્રિયા આત્માને

આરાધક શી રીતે બનાવે? આરાધના કોને કહેવાય? આત્મા આરાધક ક્યારે કહેવાય? વિરાધના કેટલું નુકસાન કરે છે. વિરાધનાથી કેટલો સંસાર વધે છે? વિરાધના કઇ રીતે થાય છે? ક્યા ક્યા કામોમાં વિરાધના થાય છે કે જેથી આત્મા વિરાધક બને છે, વિગેરે વિગેરે વિષયો ખૂબ સૂક્ષ્મ બુદ્ધિથી સમજવાની જરૂર છે, સમજ્યા વિના કેટલીક વખત આપણી બુદ્ધિ ધર્મની હોવા છતાં કેટલીક વખત ધર્મ વિઘાતક ક્રિયા થઇ જાય છે, માટે ધર્મને સમજવા માટે ગીતાર્થ ગુરુના સહવાસની જરૂર હોય છે. ત્યાગી અને જ્ઞાની ગુરુઓના સહવાસથી હંમેશા આત્મા ધર્મને સમજી શકે છે આરાધના કરી શકે છે અને તેનું મહાન ફળ પણ મેળવી શકે છે. ધર્મની આરાધના કરનાર આત્મા ધૈર્ય સંપન્ન હોવો જોઇએ. ફળ મેળવવામાં પણ ધૈર્ય રાખવાની જરૂર હોય છે. ફળ મેળવવામાં ધૈર્ય અને શ્રદ્ધા રાખવી પડે છે. કહેવત છે ને "ઉતાવળે આંબા ન પાકે" જલ અને ફળને માટે પણ ધૈર્ય રાખવાની જરૂર છે. આકડો, એરંડો જલ્દી ફળે, પણ આંબાને ફળતા વાર લાગે. ધીરજ રાખે તો જ તેના મીઠા મધુરા ફળોની પ્રાપ્તિ થાય. ધર્મ કરતા જો દુનિયાની વાસના હોય તો તેના ફળમાં ફરક પડે. એક વસ્તુમાં તેનાથી વિરુદ્ધ સ્વભાવવાળી બીજી વસ્તુનું મિશ્રણ થતાં તો તેનો પોતાનો સ્વાદ માર્યો જાય છે. તેમ ધર્મ કરતા આત્માના ધ્યેય સિવાય જો પુદ્ગલનું ધ્યેય હોય અને ભૌતિક વસ્તુની લાલસા હોય તો તેના ફળમાં પણ ઘણું મોટું અંતર પડે છે.

ધર્મ કરતા કઇક મળી જાય એવી ઇચ્છા હોય, મંદિરમાં

કે ઉપાશ્રયમાં, સામાયક કરતાં કે નવકાર ગણુતા–ઊંડે ઊંડે પૌદ્ગલિક વાસનાની જ જો ઇચ્છા હોય તો તે ધર્મના ફળને બગાડી નાંખે છે. લાલસાથી કરાયલી ધર્મક્રિયાઓને અને સંસારની લાલસાથી કરાયલી ધર્મક્રિયાઓને–અનુષ્ઠાનોને પણ શાસ્રકારો વિષ અને ગરલ અનુષ્ઠાન તરીકે ગણાવે છે. માટે તે ત્યાજ્ય છે.

ધર્મની આરાધના શુદ્ધ બુદ્ધિથી, કશી પણ ઇચ્છા વગર નિષ્કામભાવે આત્મશુદ્ધિની બુદ્ધિથી, અને કર્મ નિર્જરાની ભાવનાથી કરવામાં આવે તો જ તે શ્રેયસ્કર નીવડે છે.

પરમાત્માની પાસે પણ આપણે એ જ પ્રાર્થના કરવાની છે કે હે પ્રભો! મારો સાચો સ્વભાવ હું પ્રગટ કરી શકું! એવી શક્તિ મને બક્ષો. બીજી કશી મને જરૂર નથી, કેવળ હું નિજ સ્વરૂપને પ્રગટ કરવાની અભિલાષા રાખું છું, આપ જેમ વીતરાગ બન્યા છો. મારે પણ વીતરાગ બનવું છે, બસ મને વીતરાગ બનાવો એજ એક અભિલાષા છે, આવી ભાવનાથી તમે જો પરમાત્માની ભક્તિ કરશો તો તે ભક્તિ નિષ્કામ ભક્તિ છે, શુદ્ધ ભક્તિ છે અને સાચી ભક્તિ છે, અને તેવી ભક્તિ બહુ ફળ આપનારી છે. અહીં કેટલાક એમ તર્ક કરે છે કે માંગ્યા વિના મા પણ પીરસતી નથી એટલે ભગવાનની પાસે માંગ્યા વિના શી રીતે મળશે! આ વાત અહીં લાગું પડતી નથી કારણ કે પરમાત્માની ભક્તિ, ગુરુની સેવા અને ધર્મની આરાધના વગર લાલસાએ કરેલી વધારે ફળ આપે છે અને લાલસાથી કરેલી ભક્તિ ઘણું ઓછું ફળ આપે છે, અહીંયા "વણમાંગ્યા

મોતી મળે માંગી મળે ન ભીખ" એ કહેવત લાગુ પડે છે. પરમાત્માની ભક્તિ નિશ્ચિત ફળનારી છે એ વાત નિર્વિવાદ છે એમાં શંકા રાખવા જેવી નથી. અહીં બીલકુલ નિઃસંદેહ બુદ્ધિ રાખવાની છે કારણ કે શંકા કરવાથી ફળમાં કસર પડે છે એ વાત શાસ્ત્ર સિદ્ધ છે, એક શ્રાવક સુખી અને સમૃદ્ધ હતો પણ એને છોકરો ન હતો એને છોકરાની લાલસા હતી છતા તે ધર્મની શ્રદ્ધા વાળો હતો, તેથી એણે વિધિપૂર્વક લાખ નવકાર ગણવાની શરૂઆત કરી. નવકારના પ્રભાવથી બધી વસ્તુ સિદ્ધ થાય છે, તેમ સમજીને વિધિપૂર્વક નવકાર ગણવા લાગ્યો. વિધિપૂર્વક નવકાર ગણતા (૫૦૦૦૦) પચાસ હજાર નવકારનો જાપ થયો ત્યારે તેના મનમાં વિચાર થયો કે હું વિધિપૂર્વક નવકાર ગણું છું પણ હજી સુધી કંઇ દેખાતું નથી, કોણ જાણે ફળ મળશે કે નહિ? તેજ વખતે તેને અધિષ્ઠાયક દેવીએ કહ્યું તેં બહુ ભૂલ કરી છે. આવી શંકા કરવાથી તારૂં ફળ ઘણું ઓછું થઇ ગયું તારે છોકરો થશે પણ તે તારે કામ નહિ આવે, દેવી આમ કહીને અદૃશ્ય થઇ ગઇ, શ્રાવકે લાખ નવકાર પૂરા કર્યા, ઘરે છોકરાનો જન્મ થયો, ઉંમર લાયક થયો. તે ખૂબ ધર્મિષ્ઠ હતો, વૈરાગી હતો, એને સંસારમાં રાખવા માટે શેઠે એવા મિત્રોની સોબતમાં પાડ્યો. ખરાબ સોબતથી છોકરો બગડયો, વૈશ્યાગામી બન્યો, હવે બોલાવવા છતાં પણ તે ઘેર આવતો નથી.

માત-પિતાની સાથે બોલતો નથી, માતા-પિતાનું સાંભળતો નથી, સમજાવવા છતાં સમજતો નથી, વેશ્યાને આપવા માટે ઘડી ઘડી ધનની માંગણી કરે છે, માતા-પિતા મોહથી

છોકરાને રાજી રાખવા ધન આપ્યા કરે છે. ૧૬ ક્રોડ સોનામહોર વેશ્યાના રાગમાં વેશ્યાને અપાઇ ગઇ, માત-પિતા કાળ કરી ગયા. છતાં છોકરો ઘેર આવ્યો નહિ. છેવટે તે ધનહીન બન્યો એટલે વેશ્યાએ તેને કાઢી મૂકયો. આથી છોકરાને ઘણો ખેદ થયો. હવે એને સમજાણું કે મેં ઘણી મોટી ભૂલ કરી. માતપિતાની સેવા કરી નહિ. ખોટે રસ્તે ચઢયો, પાયમાલ થયો જીવન બગાડયું. છેવટે તેની સ્ત્રીના કહેવાથી તે વ્યાપાર-ધંધો કરતા અને ધર્મની આરાધના કરતા કરતા સુખી થયો અને ધનવાન થયો પણ માત-પિતાને એ છોકરો કામમાં ન આવ્યો. દેવીએ કહ્યું હતું કે છોકરો થશે પણ તારા કામમાં નહિ આવે. ધર્મની આરાધના કરતા સંદેહ રાખવાનું આ પરિણામ છે. માત-પિતાએ દુઃખી અવસ્થામાં કાળ કર્યો, દેવીનું કહેલું સાચું પડયું. માટે ધર્મની આરાધના કરતાં શંકા કરવી નહિ તો જ આરાધનાનું પૂર્ણ ફળ મળે છે.

આત્માના સ્વભાવનો જ્યારે આપણને ખ્યાલ આવશે ત્યારે તરતજ તમને સમજાશે કે અત્યારે હું વિભાવ દશામાં છું. પર ભાવમાં અને પર સ્વભાવમાં છું. આ સ્વભાવ મારો નથી, આ સ્વભાવ એ કર્મજન્ય સ્વભાવ છે. આ મારો અસલ સ્વભાવ નથી. આ તો નકલી છે. મારું અસલી રૂપ જુદું છે. આ નકલી સ્વભાવથી જ હું દુઃખી દુઃખી થઇ રહ્યો છું. કર્મના મિશ્રણ વગરનો અને અસલી સ્વભાવનો આનંદ તો અવર્ણનીય છે. હું તો સત્ ચિત્ અને આનંદ સ્વરૂપ છું. માટે જ આપણે સોડહં સોડહંનો જાપ જપીએ છીએ. "મેં ઓર નહિ તુ ઓર

નહિ.' જો હી હૈ રુપ તેરા વોહી હૈ રુપ મેરા, પડદા પડા હૈ બીચમેં આકર કે ઉડાદેના." આ પ્રમાણે લલકારીએ છીએ.

આપણામાં અને પરમાત્મામાં જરાય અંતર નથી. નિશ્ચય-નયથી આત્મા શુદ્ધ છે, પરમાત્મ સ્વરૂપ છે, પણ વ્યવહારનયથી અશુદ્ધ છે, કારણ કે અત્યારે કર્મથી લેપાયેલો છે, એના ઉપર કર્મનો પડદો આવી ગયો છે એટલે એનું સ્વરૂપ અવરાઇ ગયું છે, જેમકે સૂર્ય સ્વયં પ્રકાશમાન છે પણ આડા વાદળા આવી જાય તો તેનો પ્રકાશ અવરાઇ જાય છે. જોરદાર પવન લાગે તો વાદળાને વિખરાતા વાર ન લાગે. વાદળા વિખરાતા સૂર્યનો પ્રકાશ પૃથ્વી તલમાં પથરાય છે. તેવી રીતે આત્મા ઉપર રહેલા કર્મના વાદળા જો અહિંસા, સંયમ અને તપરૂપ પવન દ્વારા વિખેરવામાં આવે તો આત્માનો મૂળ સ્વભાવ પ્રગટ થાય, આત્માનો મૂળ સ્વભાવ શું છે ? એ વિષય ચાલી રહ્યો છે.

બહારના કોઇપણ નિમિત્તથી કે અભ્યંતરનિમિત્તથી જે ભાવ વર્તે તે આત્માનો સ્વભાવ નહિ, જેમકે પાણી સ્વભાવે શીતળ હોય છે. એ ભઠ્ઠી કે ગેસ ઉપર મૂકવાથી અગ્નિના સંયોગથી ઉષ્ણ થાય છે. એમાં જે ઉષ્ણતા આવી એ પાણીનો સ્વભાવ નથી. પાણીમાં જે ઉષ્ણતા આવી તે અગ્નિના ઘરની છે. અગ્નિના નિમિત્તથી, અગ્નિના સંસર્ગથી, એટલે જેમ પાણીની ઉષ્ણતા એ પાણીનો સ્વભાવ નથી, પણ નિમિત્ત જન્ય છે, તેમ આત્મામાં જે વિકારો પેદા થાય છે, કષાયો અને વિષયોનો પ્રાદુર્ભાવ થાય છે. ઘડીમાં કંઇ ને ઘડીમાં

કંઇ, આ બધો આત્માનો સ્વભાવ નથી પણ કર્મજન્ય કષાયોથી પેદા થયેલો નકલી સ્વભાવ છે.

પાણી જો ચૂલા, ભઠ્ઠી કે ગેસ ઉપરથી ઉતારી લેશો તો થોડીવારમાં ઠંડુ થઇ જશે, એ શીતળતા એ પાણીનો સ્વભાવ છે. જેમ ચૂલા ઉપરથી ઉતાર્યા પછી થોડીવારમાં પાણી પોતાના મૂળ સ્વભાવમાં આવી જાય છે, તેમ આત્મા પણ ક્રોધાદિ કષાયોના અભાવે મૂળ સ્વરૂપમાં આવી જાય છે.

આત્મા રાગનું નિમિત્ત મળતા રાગી થાય છે અને દ્વેષનું નિમિત્ત મળતા દ્વેષી થાય છે, ક્રોધ માન, માયા કે લોભનું નિમિત્ત મળતા ક્રોધી, માની, માયી કે લોભી બને છે. વિકારના સાધનો મળતા વિકારી બને છે. આ બધો સ્વભાવ એ નિમિત્તજન્ય છે અને નિમિત્તજન્ય સ્વભાવ એ આપણો સ્વભાવ નથી. આટલા સ્પષ્ટીકરણથી સમજાશે કે આત્માનો મૂળ સ્વભાવ શું? સમભાવ-વીતરાગ દશા એ આત્માનો સ્વભાવ છે, એ કોઇ નિમિત્તથી પેદા થયો નથી. માટે સમભાવ એ પોતાનો સ્વભાવ છે. રાગનું નિમિત્ત મળતા રાગ ન કરવો અને દ્વેષનું નિમિત્ત મળતા દ્વેષ ન કરવો. ક્રોધના નિમિત્તમાં પણ ક્રોધ ન થાય ત્યારે સમજી લેજો કે-અત્યારે હું મારા સ્વભાવમાં છું. આ દશા એ કંઇ નાની સૂની વાત નથી. આ દશા આવતા ઘણી વાર લાગે, પણ પ્રયત્ન અને પરિશ્રમ કરવામાં આવે તો જરૂર આપણે આપણા સ્વભાવને પ્રગટાવી શકીએ! આ જગતમાં કશુંય અસાધ્ય નથી. કહ્યું છે કે—

अभ्यासेन स्थिरं चित्तं अभ्यासेनानिलच्युतिः
अभ्यासेन परानन्दो अभ्यासेनात्मदर्शनम ॥

અભ્યાસથી ચિત્ત સ્થિર થાય છે. અભ્યાસથી વાયુને (પ્રાણુને) કાબૂમાં લાવી શકાય છે, અભ્યાસથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે અને અભ્યાસથી જ આત્મદર્શન થઈ શકે છે.

## સ્વભાવ બદલાય છે

નિમિત્તથી પેદા થયેલો સ્વભાવ એ પરિવર્તન પામે છે, ઘડી ઘડી બદલાય છે, કોઇ આપણા વખાણ-કે પ્રશંસા કરે તો ફૂલીને ફાળકા થઇએ છીએ અને કોઇ આપણું અપમાન કરે તો તેના ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે. કોઇ વસ્તુની લાલચ થઇ કે માયા અને કપટ આવવાના જ, એટલે મનગમતી વસ્તુ ઉપર રાગ પેદા થશે અને અણગમતી વસ્તુ ઉપર દ્વેષ પેદા થશે, નિમિત્ત પ્રમાણે સ્વભાવ બદલાશે જે સ્વભાવ વારંવાર બદલાય તે આપણો સ્વભાવ નહિ. મરચાને ગમે ત્યારે વાપરો એ તીખા જ લાગવાના અને સાકરને ગમે ત્યારે વાપરશો તો તે મીઠી જ લાગવાની. કારણ એ એનો મૂળ સ્વભાવ છે. એમાં જો કોઈ બીજી વસ્તુનું મિશ્રણ થાય તો તીખાશ અને મીઠાશમાં ફરક પડશે.

જેમકે સુવર્ણમાં જ્યાં સુધી બીજી ધાતુ મળેલી હશે, યાને બીજી ધાતુનો ભેગ હશે તો તેને અગ્નિમાં તપાવતા અને નવસાર વિગેરે પદાર્થ નાંખતા તરત જ ધૂમાડો નીકળશે અને કાળાશ જણાશે, એ ધૂમાડો કે કાળાશ એ સોનાનો નથી. સુવર્ણ તો ચોખ્ખું છે, સ્વરૂપે શુદ્ધ છે, પણ બીજી

ધાતુના ભેગથી અત્યારે તેમાંથી ધૂમાડો નીકળે છે અને કાળાશ જણાય છે. ધૂમાડો કે કાળાશ સુવર્ણની નથી. તેજાબ અને ખાર દ્વારા સુવર્ણને તપાવતા તપાવતા જ્યારે સોનું શુદ્ધ થઇ જશે ત્યારે તેનું પોતાનું સાચુ સ્વરૂપ પ્રગટ થશે. એની કાંતિ, એની પીળાશ અને એનું તેજ ઝગમગી ઉઠશે.

તેવી જ રીતે આત્મા કર્મથી હળવો થશે, અને શુદ્ધ થશે તેમ તેમ તેનો સાચો સ્વભાવ પ્રગટ થશે, એ સ્વભાવ એટલે વીતરાગ સ્વભાવ, આત્મા પોતાના વીતરાગ સ્વભાવને ખોઇ બેઠો છે, છતાં એ કંઇ બીજે ચાલ્યો ગયો નથી, પણ તે દબાયલો છે, ઢકાયલો છે. અત્યારે એના ઉપર કર્મનો કબજો છે, કર્મનું દબાણ છે, બાકી એ સ્વભાવનો માલીક આત્મા છે, પણ અત્યારે એ લાચાર છે, વિવશ છે. જેમકે-આજે રાજ્ય પ્રજાસત્તાક કહેવાય પણ સત્તા આપણા હાથમાં નથી. જેમ સત્તાધારીઓ પ્રજાને આજે જેમ નચાવે તેમ નાચવું પડે છે. પ્રજાનું કઇ ચાલતું નથી તેમ આપણને કર્મ જેમ નચાવે તેમ નાચીએ છીએ. કર્મસત્તા આગળ આત્મા આજે નિર્માલ્ય પ્રાયઃ બની ગયો છે.

આજે સુવર્ણ. રજત, હીરા અને માણેકની કિંમત વધતી જાય છે પણ માણસની કિંમત ઘટતી જાય છે. એનું કારણ શું ? કારણ એજ કે આજે આપણે પરસ્વભાવમાં રાચી-માચી રહ્યા છીએ. આત્માને ભૂલી ગયા છીએ, આત્માના ઝૌહરને વિસરી ગયા છીએ અને મોહના વશે પરાધીન બન્યા છીએ, નીતિ અને ધર્મને ચૂકયા છીએ અને મોહ અને વાસનાના

ગુલામ બન્યા છીએ. આથી જ આપણો ભૂતકાળ ભયંકર રીતે પસાર થયો છે. ભવિષ્ય કેવું જશે એ આપણી કરણી જ કહી આપે છે. માટે વર્તમાનકાળ સુધારવાની જરૂર છે. વર્તમાનકાળ સુધર્યો એટલે ભવિષ્ય સુધર્યું જ સમજો.

ક્ષણવાર પણ જો આત્મા પોતાના સ્વભાવમાં આવી જાય તો આત્માને સાચા સુખની ઝાંખી થાય. આત્માના સુખો આગળ દુન્યવી તમામ સુખો તો ફીકાફક લાગશે, ઝાંખા લાગશે.

અનંતજ્ઞાનીઓ જણાવે છે કે—

**जंचकाम सुहं लोए जं च दिव्वं महासुहं**
**वीयराय सुहस्सेयऽणंत भागंपि नग्घई ॥**

વીતરાગ પરમાત્મામાં જે સુખ છે તેની આગળ દુનિયાભરનું સુખ અનંતમા ભાગે પણ પહોંચી શકે તેમ નથી.

વીતરાગ આત્મામાં જે સુખ છે તેનું માપ કાઢી શકાય તેવું નથી. એની આગળ દુનિયાનું સુખ તો કંઇ વિસાતમાં નથી. આત્મા જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ તેને આત્મસુખનો અનુભવ થતો જાય.

આત્માનું સાચુ સુખ એટલે સ્વાભાવિક આનંદ, એ દેખી શકાય તેવી વસ્તુ નથી, અનુભવગમ્ય વસ્તુ છે. જેમ કેટલીક વસ્તુ આંખથી દેખાય છે, કેટલીક વસ્તુ જીભથી ચાખવાથી માલમ પડે છે, જેમકે સાકરનો ગાંગડો અને મીઠાનો ગાંગડો બન્ને સાથે પડ્યા હોય તો તેને દેખવા માત્રથી આપણે કહી ન શકીએ કે આ મીઠાનો છે કે સાકરનો. પરંતુ જો તેને

ચાખવામાં આવે તો તરત જ ખબર પડી જાય કે આ મીઠાનો ગાંગડો છે અને આ સાકરનો ગાંગડો છે. કારણ કે એ સ્વાદથી સમજાય તેવી વસ્તુ છે પણ એ સ્વાદ આપણને દેખાતો નથી, એ આંખનો વિષય નથી. એ છે જીભડાનો વિષય. આનંદમાં અવાજ નથી નહિતર અવાજથી આપણે જાણી શકત કે આ અવાજ આનંદનો છે, તેમ એ કાનનો વિષય પણ નથી, નહિતર કાનથી આપણે જાણી શકત.

એટલે આનંદ એ બાહ્ય ઇન્દ્રિયનો વિષય નથી. ઇન્દ્રિયનો વિષય રૂપ-રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ છે. આનંદમાં રૂપ, રસ, ગંધ વિગેરે નથી, જેથી આપણે તેને ઇન્દ્રિય દ્વારા જાણી શકીએ. એટલે એ મનનો વિષય છે. અનુભવગમ્ય છે. એટલે એ ઇન્દ્રિયો દ્વારા જાણી શકાય નહિ.

આ વ્યાખ્યાનમાં આપણે ધર્મ એટલે શું એ વિષય વિશદ રીતે સમજાવ્યો. અને ધર્મની આરાધનાથી કેવા રૂડા સુખો મળે છે એના ઉપર આરામશોભાનું વર્ણન ચાલી રહ્યું છે.

## આરામશોભાની કથા.

નાગે કહ્યું મને બચાવ, મારું રક્ષણ કર, આ શબ્દો સાંભળી વિદ્યુત્પ્રભાને દયા આવી અને એણે તો નાગને ખોળામાં લીધો અને કપડાથી ઢાંકી દીધો. એક બાળા નાગરાજને નિર્ભય બની ખોળામાં લઈ લે એ કંઇ નાની સૂની વાત નથી. હિંમતની આ પરાકાષ્ટા કહેવાય !

વિદ્યુત્પ્રભા તો કપડું ઢાંકીને સુઇ ગઈ, થોડી જ વારમાં મદારીઓ હાથમાં ઔષધિ વલયો લઇને ત્યાં આવી પહોંચ્યા

અને વિદ્યુત્પ્રભાને પૂછવા લાગ્યા અરે પુત્રી? આટલામાં નાગ તારા જોવામાં આવ્યો કે નહીં?

ત્યારે તેણીએ જવાબ આપ્યો કે હું તો કપડુ ઓઢીને સૂતી છું. મને ક્યાંથી ખબર હોય કે નાગ અહીંથી ગયો કે નહીં? મદારીઓ પરસ્પર વાત કરવા લાગ્યા કે નાગ જોયો હોત તો આ અહીં ઊભી શેની રહે! એના ભયથી જ ભાગી જાય. ચાલો ચાલો નાગ આ તરફ આવ્યો લાગતો નથી. દાંત-હોઠ કરડતા ભીંચતા ભીંચતા ગુસ્સામાં મદારીઓ નાગ કહાં ગયા, એમ બોલતા તે આગળ વધ્યા. જ્યાં એ આગળ ગયા કે તરત જ વિદ્યુત્પ્રભાએ નાગને કહ્યું નાગરાજ! તમારા વૈરીઓ ચાલ્યા ગયા. હવે બે ફીકર રહો એમ કહી તેણે નાગને બ્હાર કાઢ્યો.

તેજ વખતે નાગે પોતાનું દિવ્યરુપ ધારણ કર્યું અને એ વિદ્યુત્પ્રભાને કહેવા લાગ્યો બાળા! હું તારી હિંમતથી અને દયાની આવી ઉમદાવૃત્તિથી પ્રસન્ન થયો છું. માટે તારી જે ઇચ્છા હોય તે તું સુખેથી માંગ. વિદ્યુત્પ્રભા આમ તો ઉંમરે નાની હતી, એને તો રોજ ગાયો ચરાવા આવતા, સૂર્યનો તાપ હેરાન પરેશાન કરતો હતો. છાંયા માટે ઝાડ પણ નહોતું તેથી તે અકળાતી હતી. એથી તેણીએ નાગ-રાજને કહ્યું બાપા! જો પ્રસન્ન થયા હો તો મારા ઉપર છાયા કરજો કે જેથી રોજનું તડકાનું દુઃખ દૂર થાય. અને હું શાંતિથી ગાયો ચરાવું!

નાગરાજે વિચાર્યું. બાળા બિચારી બહુ ભોળી લાગે

છે. એને આવું શું માંગ્યું ! હશે એની જે અભિલાષા હોય તે પૂર્ણ કરું ! દેવે તત્ક્ષણ ફળ-ફુલથી લચી રહેલો સુંદર બગીચો વિકુર્વ્યો અને તેણીને વરદાન આપ્યું કે-તું જ્યાં જઈશ ત્યાં આ બગીચો તારી સાથે રહેશે અને તને સુંદર છાયા આપશે. નાની જગ્યામાં નાનો થઈને રહેશે અને મોટી જગ્યામાં મોટો થઈને રહેશે. આ પ્રમાણે વરદાન આપી નાગરાજ અદ્રશ્ય થઈ ગયા.

ત્યારબાદ વિદ્યુત્‌પ્રભાએ આ બગીચાના અમૃત જેવા મીઠા મધુરા ફળો આરોગ્યા અને ભૂખ-પ્યાસને શાંત કરી.

જ્યારે માણસના પુણ્યનો ઉદય શરૂ થાય છે ત્યારે મન-ગમતી વસ્તુઓ આપ મેળે આવી મળે છે. માંગ્યા કરતા વધારે મળે છે. ઇચ્છાઓ અને આકાંક્ષાઓ પૂરી થાય છે. આ પ્રભાવ પૂર્વભવમાં કરેલી ધર્મની આરાધનાનો છે. ધર્મ કરતાં આળસ આવે છે અને એમાં ઉલ્લાસ થતો નથી, વેઠ ઉતારવા જેવું કરીએ છીએ, પણ ધર્મનું ફળ જ્યારે મળે છે ત્યારે આત્માને અપાર આનંદ થાય છે.

વિદ્યુતપ્રભા દિવસે જંગલમાં ગાયો ચરાવવા જાય છે અને સાંજે પાછી ફરે છે, પણ બગીચો એની સાથેનો સાથે જ રહે છે. એના ઘરના ઉપરના ભાગમાં અદ્ધર રહે છે. બગીચો ઘર ઉપર જાણે મહાન છત્ર ધર્યું હોય તેવો લાગે છે.

વિદ્યુત્‌પ્રભા જ્યારે ઘેર આવી ત્યારે તેની ઓરમાન માતાએ કહ્યું પુત્રી ! ભોજન કરી લે, ત્યારે તેણીએ જવાબ આપ્યો માતાજી ! આજે મને ભૂખ નથી.

દેવે તેણીને વરદાન આપ્યું છે છતાં એને અભિમાન નથી. આજે તો દેવ સ્વપ્નામાં આવે તોય ઘમંડનો પાર ન રહે. અને બધે કહેતો ફરે કે મને દેવ આવે છે. પણ માણસે ગંભીર બનવાની જરૂર છે. તુચ્છતા કામ ના આવે. ધર્મની આરાધના કરવાવાળા આરાધકો ખૂબ ગંભીર હોવા જોઇએ. એના પેટનું પાણી ન હાલવું જોઇએ. આજે આપણે ક્ષુદ્ર વૃત્તિવાળા બની ગયા છીએ. પારકાના દોષો જોવા અને જ્યાંત્યાં પ્રગટ કરવા અને પોતાના અવગુણો ઢાંકવા. આ શું આરાધક આત્માનું કર્તવ્ય છે? આથી ધર્મીજનો જગતમાં હલકા પડે છે. ધર્મીને જોઈ ને દીલ ડોલી ઉઠે. આવો આવો તમારા પગલા ક્યાંથી? એમ સ્હેજે બોલી જવાય. પણ આજે ધર્મીને જોઇને એ આનંદ આવતો નથી કારણ કે હૃદય તુચ્છ બન્યું છે. નિંદા-ટીકા સિવાય બીજી વાત નહિ.

વિદ્યુતપ્રભાની સાથેના સાથે જ બગીચો જ્યારે જ્યારે લોકોના જોવામાં આવ્યો ત્યારે સૌના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આ ચમત્કાર જોઇને સૌ શતમુખે વિદ્યુત્પ્રભાના વખાણ કરવા લાગ્યા.

એક દિવસ વિદ્યુત્પ્રભા જંગલમાં ગઈ હતી. અને બગીચાની છાયામાં સૂતી હતી. એટલામાં ત્યાં પાટલીપુરનગરનો રાજા જિતશત્રુ હાથી, ઘોડા, રથ અને પાયદળ આ ચારે પ્રકારના સૈન્ય સાથે શત્રુનો પરાભવ કરી આ રસ્તેથી તે પોતાના નગર તરફ પાછો ફરી રહ્યો હતો. આ મનોહર બગીચાની સુંદર છાયા નિહાળી અહીં જ તેણે પડાવ નાખ્યો. હાથી, ઘોડા, ઊંટો અને બળદો વિગેરે ઝાડ સાથે બાંધી દીધા.

આ તરફ વિપુલસેનાના પડાવના કોલાહલથી વિદ્યુત્પ્રભા ઉંઘમાંથી જાગી ઊઠી. ચોમેર મોટું સૈન્ય જોઈ એ તો વિચારમાં જ પડી ગઈ, મારી ગાયો ક્યાં ગઈ? પણ ગાયો તો દૂર ચાલી ગઈ હતી. એ તો એકદમ ઉઠી અને ગાયોને પાછી વાળવા દોડવા લાગી. એ દોડવા લાગી એટલે બગીચો પણ એની પાછળ પાછળ જવા લાગ્યો. ઝાડે બાંધેલા ઊંટ, ઘોડા, હાથી વિગેરે પણ દોડવા લાગ્યા. રાજા આ બધુ જોઈને દિગ્મૂઢ બની ગયો કે આ શું આશ્ચર્ય! આવું તો કોઈ દિવસ કોઈના જોવામાં આવ્યું નથી. રાજા–મંત્રી અને સૌને પારાવાર આશ્ચર્ય થયું.

પરિવારની સાથે રાજા પણ ઉભો થયો અને રાજાએ મંત્રીને પૂછ્યું કેમ મંત્રીશ્વર? આ શું આશ્ચર્ય? મંત્રી પણ આ જોઈને આભોજ બની ગયો પણ એ બુદ્ધિશાળી હતો. એ કળી ગયો કે–જરૂર આ બાળાનો ચમત્કાર છે. મંત્રીએ મહારાજાને વાત કરી. મહારાજા પણ સમજી ગયા કે વાત સાચી છે. મહારાજાએ અમાત્યને કહ્યું મંત્રીશ્વર! એ બાળાને અહીં બોલાવી લાવો.

મંત્રીરાજ બાળાને બોલાવવા ગયા છે, પણ બાળા આવે છે કે નહીં? પરસ્પર કેવો વાર્તાલાપ થાય છે, ધર્મનો પ્રભાવ અને એના મહિમાનું વર્ણન ચાલી રહ્યું છે. પૂર્વજન્મમાં કરેલી ધર્મની આરાધના શું કામ કરે છે? વિગેરે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન ૪ થું.

શાસ્ત્રકાર આર્યશ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજ દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં ધર્મનું સ્વરૂપ વિગેરે મહત્વના વિષયો સમજાવે છે. તેમાં ગયા ત્રણ વ્યાખ્યાનોમાં ધર્મ કોને કહેવાય ? અને તેની જીવનમાં કેવી અગત્ય છે એ આપણે કંઈક અંશે સમજાવી ગયા. હવે વિષય આગળ ચાલે છે.

આત્મા જો પોતાના સ્વભાવમાં આવી જાય તો આ સંસાર સમુદ્ર તરી જતા વાર લાગે નહિ. અને કેવળજ્ઞાન પ્રગટ થતા વાર લાગે નહિ. આત્માની કિંમત તેના સ્વભાવમાં છે. આત્મા જો તેના સ્વભાવને છોડી દે તો તેની કશી કિંમત નથી. જેમ કે–સાકરમાં ગળપણ છે તો સાકરની કિંમત છે. જો સાકરમાંથી ગળપણ બીલકુલ નીકળી જાય તો સાકરની કશી કિંમત નથી. સાકરના થેલાના થેલા ભરેલા હોય પણ તેમાં જો ગળપણ ન હોય તો તેને કોઈ માટીની જેમ ઘરમાં નાંખવા પણ તૈયાર ન થાય. તેવી જ રીતે આત્મા પોતાના સ્વભાવમાં ન હોય તો તેની કશી કિંમત રહેતી નથી. અને આત્માનો સ્વભાવ આત્માથી જુદો પડતો નથી. ગમે તેટલો કાળ ગયો અને ગમે તેટલો કાળ જશે તો પણ આત્માનો સ્વભાવ આત્મામાં જ

છે. તેની પાસે છે એ વાત નિશ્ચિત છે. પણ અત્યારે તે જરૂર દબાયલો છે, અપ્રગટ છે.

જેમ કોઈના ઘરમાં ક્રોડોનું નિધાન દાટેલુ હોય પણ જો માલીકને ખબર ન હોય તો તે ક્રોડ છે તો ઘરમાં, પણ અત્યારે કંઇ તે માલીકને કામ આવતા નથી.

અહીં આપણે ધર્મ એટલે આત્માના સ્વભાવરૂપ ધર્મનું વર્ણન કરી રહ્યા છીએ. આત્મા મહાન શક્તિશાળી છે, અને વૈભવશાળી છે. અનંતજ્ઞાન અને અનંતદર્શન શક્તિ ધરાવે છે. જ્ઞાન અને દર્શન એ આત્માના અસાધારણ ગુણો છે. જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં દર્શન-જ્ઞાન છે, અને જ્યાં જ્યાં દર્શન-જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. નિગોદમાં પણ અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે. આત્મા સિવાય જ્ઞાન વિગેરે ગુણો બીજી કોઈ વસ્તુમાં રહેતા નથી. આત્મા ચેતન છે, તે સિવાયની તમામ વસ્તુ જડ છે, છતાં જડના સંયોગે વર્તમાનમાં તે પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે તેથી તે ચોરાશી લક્ષ યોનિમાં ઝુલી રહ્યો છે અને નરક નિગોદમાં રૂલી રહ્યો છે.

આ માનવભવમાં આપણને એવી ઉમદા તક મળી છે કે આપણે આપણા સ્વભાવને સંપૂર્ણ રીતે પ્રગટાવી શકીએ છીએ. માટે વર્તમાન કાળ આપણા માટે ઘણો સારો છે, ઘણો ઉપયોગી છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે અને એજ મોક્ષનો માર્ગ છે, માટેજ શ્રી ઉમાસ્વાતિ મહારાજ શ્રી તત્વાર્થ સૂત્રમાં પ્રથમ સૂત્ર તરીકે "सम्यग्द-

र्शनज्ञान चारित्राणि मोक्षमार्गः" એ સૂત્ર મૂકી આપણને સમ-જાવે છે કે સાચી શ્રદ્ધા, સાચુ જ્ઞાન અને સાચી આચરણા આ ત્રણ વસ્તુ વગર કોઇ પણ આત્માનો ઉદ્ધાર થયો નથી અને થશે પણ નહિ. જે જે આત્મા મોક્ષે સીધાવ્યા છે એમાં આ ત્રણનો જ પ્રભાવ છે. તેઓ આ ત્રણની આરાધના કરીને જ ગયા છે. આ ત્રણ ગુણો આત્મામાં સત્તામાં છે પણ પ્રગટ નથી આ ગુણોને દબાવનાર ઘાતિકર્મ છે. જેમ જેમ તેનું જોર ઘટશે તેમ તેમ તેના ગુણો પ્રગટ થશે અને અંતે આત્મા પરમપદને પ્રાપ્ત કરશે.

સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલા માર્ગમાં રહીને અભ્યાસ કર-વામાં આવે તો જરૂર આત્માના ગુણો પ્રગટ થાય અને આત્મા ઉપર રહેલી કર્મની સત્તા નાશ પામે એ નિઃસંદેહ હકીકત છે.

જ્ઞાન અને દર્શન એટલે જાણવું અને જોવું. એ આત્માનો મુખ્ય સ્વભાવ છે. આજે આપણે આંખોથી જોઈએ છીએ પણ જોનારો કોણ છે? આંખ જુએ છે? ના.

આત્મા શરીરમાંથી નીકળી ગયા પછી કોડા જેવી મોટી આંખો હોય તોય મડદુ જોઇ શકતું નથી. કારણ કે જોનારો ગયો, જોનાર આત્મા છે. આંખ જોતી નથી પણ આંખ દ્વારા આપણે જોઇએ છીએ. આંખ એ જોવાનું સાધન છે, જેમકે કોઇની આંખ કમજોર થઇ ગઇ હોય, ચશ્મા આવ્યા હોય, ત્યારે તે આંખે ચશ્મા ચઢાવે છે. તે વખતે ચશ્મા જુએ છે કે આંખ? કહેવું જ પડશે કે ચશ્મા જોતા નથી પણ આંખ જુએ છે. પરંતુ આંખની કમજોરીના કારણે ચશ્માની જરૂર પડે છે.

એટલે આંખને જોવાનું સાધન જેમ ચશ્મા છે તેમ જુએ છે આત્મા પણ આત્માની કમજોરીને લઇને જોવા માટે આંખની જરૂર પડે છે. એ કમજોરી જો દૂર થાય તો આત્મા સ્વયં જુએ. પછી તેને આંખ વિગેરે સાધનની જરૂર રહેતી નથી, આત્મા ત્રણે લોક, ત્રણે કાળને અને તમામ દ્રવ્ય અને તમામ પર્યાયોને જોવા-જાણવાની મહાન જબ્બર તાકાત ધરાવે છે.

તેવી રીતે સાંભળવા માટે કાન એ સાધન છે. કાન જ્યારે કમજોર બને છે ત્યારે સાંભળવા માટે યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે પણ યંત્ર એ કંઇ સાંભળનાર નથી. સાંભળનાર તો કાનજ છે. પણ ખરી રીતે કાન પણ સાંભળતા નથી. સાંભળનાર આત્મા છે. કાન એ સાંભળવાનું સાધન છે. આત્માની કમજોરીને લઇને સાધનની જરૂર પડે છે.

મડદાના મુખમાં સાકર મૂકશો તો તેનો સ્વાદ મડદાને નહિ આવે કારણ કે સ્વાદનો અનુભવ કરનાર આત્મા શરીરમાંથી નીકળી ગયો. એટલે આપણે સારી રીતે સમજી શકીએ છીએ કે જાણવું અને જોવું એ આત્માનો મૂખ્ય ગુણ છે. જાણવું અને જોવું એ એનો સ્વભાવ છે.

જાણવા અને જોવાનો આ સ્વભાવ આત્મા સિવાયના કોઇ પણ પદાર્થનો નથી એટલે આત્મા સિવાયના તમામ પદાર્થો જડ છે. છ દ્રવ્યમાં એક ચેતન સ્વરૂપ જો કોઇ હોય તો તે આત્મા છે.

અત્યારે આપણને જાણવા અને જોવા માટે પાંચ ઇન્દ્રિયોની જરૂર પડે છે. પણ કર્મથી દબાયલો આત્મા ઘાતિ

કર્મનો નાશ કરી સર્વજ્ઞ અને સર્વદર્શી બને પછી તેને જાણવા જોવા માટે ઇન્દ્રિયોની જરૂર નથી. આત્મા સ્વયં લોક-અલોકને, રૂપી-અરૂપીને, જડ અને ચેતનને જાણી શકે છે-જોઇ શકે છે.

કેટલીક વખત આપણને વિપરીત જ્ઞાન થાય છે, ભ્રમણા પણ થાય છે, કેટલીક વાર ખોટું જ્ઞાન થાય છે. આ બધું કર્મજન્ય છે. આત્માના પોતાના સ્વભાવમાં જરાપણ ભ્રમણા નથી આત્મા તો સ્વરૂપે પૂર્ણ અને શુદ્ધ છે. જેમકે-જળ ચોકખુ અને નિર્મળ હોય છે પણ જ્યારે એમાં કચરો પડયો હોય ત્યારે તે અશુદ્ધ અને ડહોળુ દેખાશે એ અશુદ્ધતા અને ડહોળાપણું પાણીમાં કચરાના સંયોગથી એટલે પર સંયોગથી છે. પણ પાણી તો શુદ્ધ જ છે. કચરો નીચે બેસી જતા પાણીની નિર્મળતા માલુમ પડે છે. તેમ આત્મા પણ સ્વરૂપે શુદ્ધ છે, નિર્મળ છે પણ વર્તમાનમાં કર્મરૂપ કચરાથી તે અશુદ્ધ બનેલો છે. એ કર્મની મલીનતાથી અજ્ઞાનતામાં રમી રહ્યો છે આ અજ્ઞાનતા કર્મજન્ય છે. આ અજ્ઞાનતાના કારણે જ સત્ય વસ્તુનું ભાન થતું નથી, સત્યને અસત્ય સમજે છે અને અસત્યને સત્ય સમજે છે.

એટલે મતલબ એ થઇ કે જે વસ્તુ જે સ્વરૂપે છે તે સ્વરૂપે જ જાણે. એનું નામ જ સમ્યગ્જ્ઞાન.

ઇતર લોકો પણ તીર્થંકર દેવોના ચરિત્રો વાંચે છે, વિચારે છે અને ભગવાન મહાવીર આજથી અઢી હજાર વર્ષ પહેલા થયા એમ જાણે છે. પણ તેમને પરમાત્મા તરીકે માનતા

નથી, એ બીજાને પરમાત્મા માને છે. તેથી તેમનું જે જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન ન કહેવાય એમ તો ઇતર લોકો પણ આપણા શાસ્ત્રો વાંચે છે, તેમાં કથન કરેલા પદાર્થો અને પદાર્થોનું સ્વ-રૂપ પણ જાણે છે પણ તે પ્રમાણે માનતા નથી, તેને તે સ્વરૂપે સ્વીકારતા નથી.

જ્યારે આત્માને સાચી વસ્તુનો ખ્યાલ આવે ત્યારે તેને મિથ્યા કે ખોટી વસ્તુને ફેંકી દેવી જોઈએ. સાચું માનવું અને સાચું જાણવું એનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

ધર્મના પ્રભાવ ઉપર આરામ શોભાની કથા ચાલી રહી છે.

## આરામશોભાની કથા

રાજાની આજ્ઞાથી મંત્રી આરામશોભાને બોલાવવા જાય છે. દૂરથી મંત્રીએ તેણીને બૂમ પાડી અને કહ્યું, બ્હેન! જરા ઉભી રહે. એટલે છોકરી ઉભી રહી. એટલે બગીચો પણ ઉભો રહ્યો, મંત્રીએ કહ્યું, બ્હેન! તું કેમ દોડે છે? વિદ્યુત્પ્રભાએ કહ્યું મારી ગાયો ભાગી ગઈ છે એને વાળવા જઉં છું. ત્યારે મંત્રીએ કહ્યું, તું ના જઈશ. અમારા માણસો તારા ઢોરોને પાછા વાળશે તું દોડે છે, એટલે આખો બગીચો દોડે છે અને ઝાડ સાથે બાંધેલા હાથી, ઘોડા વિગેરે પણ દોડવા લાગે છે અને અમે બધા મુશ્કેલીમાં મુકાઇ જઇએ છીએ.

છેવટે મંત્રી વિદ્યુત્‌પ્રભાને રાજાની પાસે લઇ આવ્યો. રાજા તો વિદ્યુત્‌પ્રભાને જોઇને જ આભો બની ગયો. વિદ્યુત-પ્રભા રૂપરૂપની અંબાર જેવી સુંદર હતી. રાજાએ તેના ચિન્હો ઉપરથી કુંવારી છે એમ જાણી લીધું. મંત્રીની સામે જોયું એટલે મંત્રી સમજી ગયો અને મંત્રીએ વિદ્યુતપ્રભાને કહ્યું કે, તું મહારાજાની રાણી થા. મંત્રીના પ્રશ્નના ઉત્તરમાં તેણીએ કહ્યું, મારા પિતાજી જાણે, મંત્રીએ તેના પિતાનું ઠામઠેકાણું પૂછ્યું. રાજાએ મંત્રીને હુકમ કર્યો, મંત્રીશ્વર! જાવ એના પિતાને અહીં બોલાવી લાવો.

મંત્રી છોકરીના બાપને બોલાવવા ગયો છે. છોકરીનો બાપ આવશે ત્યાં સુધી છોકરી પણ ઉભી છે, બગીચો પણ ઉભો છે, રાજાના માણસો તેણીના ઢોરોની ખબર રાખી રહ્યા છે એટલે તેણીને હવે કશી ફીકર નથી. હવે અહીં શું બનાવ બને છે? તેના પિતા પાસે મંત્રી-રાજા માટે વિદ્યુત્-પ્રભાની માંગણી કરશે. તે હા પાડે છે કે ના! શું બનાવ બને છે તે અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન પાંચમું

ધમ્મો મંગલની પ્રથમ ગાથા પર પ્રથમ ધર્મના સ્વરુપનો વિષય ચાલી રહ્યો છે. આત્માના ગુણો એ ધર્મ છે અને આત્માના ગુણોનું સ્વરૂપ એ ધર્મનું સ્વરુપ છે. એટલે હવે આપણે આત્માના ગુણોનું વર્ણન કરીએ છીએ. પરમાત્મા અને ગુરુ ધર્મ આપનારા છે અને પરમાત્માના ઉપદેશ મુજબની ધર્મ ક્રિયાઓ એ ધર્મનું સાધન છે. છતાં એ ક્રિયાને ધર્મરૂપે કહીએ છીએ ત્યાં કારણમાં કાર્યનો ઉપચાર કરવામાં આવે છે અને તે બરાબર છે. ધર્મની ક્રિયાઓ વડે ધર્મ સધાય છે. એટલે આત્માના ગુણોનું સ્વરુપ અને ધર્મનું સ્વરુપ એ એક જ વસ્તુ છે.

આપણો આત્મા અનાદિકાળથી ૮૪ લક્ષ જીવાયોનિમાં ભમ્યો, રખડ્યો, રવડ્યો, છતાં તે પોતાના સ્વરૂપ ને મતલબ પોતાના ગુણોને પ્રગટ કરી શક્યો નથી.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ આત્માના ગુણો છે. એનું સ્વરૂપ એ જ ધર્મનું સ્વરૂપ છે અને એ જ મુક્તિનો માર્ગ છે.

મુક્તિ—દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનાથી જ છે. બીજાથી નહિ. ભૂતકાળમાં જે આત્માઓ મોક્ષે ગયા, જેઓ વર્તમાનમાં મોક્ષે જઇ રહ્યા છે અને ભવિષ્યમાં મોક્ષે જશે એ બધા જ આ ત્રિપુટીની આરાધનાથી જ.

સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા, જીવાજીવાદિ નવ તત્વો પર જે યથાર્થ શ્રદ્ધા તેનું નામ છે સમ્યગ્દર્શન.

હવે અહીંઆ આપણને એ પ્રશ્ન થશે કે–કોઈ પણ પદાર્થના સાચા સ્વરૂપને આપણે કેવી રીતે જાણી શકીએ! કારણ કે આપણને પૂર્ણ જ્ઞાન નથી અને કોઇ પણ વસ્તુનું પૂર્ણ જ્ઞાન પૂર્ણ જ્ઞાનીને જ હોય છે. પૂર્ણ જ્ઞાની એટલે કેવળજ્ઞાની. એ કેવળજ્ઞાની ભગવાન સિવાય વસ્તુના સત્ય અને સંપૂર્ણ સ્વરુપને બીજા કોઇ જાણી શકે નહીં.

જગતમાં કેટલાક પદાર્થો એવા છે કે તેને આપણે ઉપર ઉપરથી જ જાણી–જોઇ શકીએ છીએ, પણ તે પદાર્થોનું ખરું સ્વરૂપ, યથાર્થ અને પૂર્ણ સ્વરૂપ આપણે સ્વયં જાણી શકતા નથી.

કેટલાક પદાર્થને આપણે બીલકુલ જાણી શકતા નથી. તેથી કેવળજ્ઞાની–સર્વજ્ઞ ભગવંતોએ જે કહ્યું, જે પ્રરુપ્યું તે જ સાચું છે એમ માન્યા સિવાય છૂટકો નથી. આ રીતે શ્રદ્ધાથી માનવું તેનું નામ સમકિત અને તેનું જ નામ સમ્યગ્દર્શન.

સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલા પદાર્થોને તે જ સ્વરુપે જાણવા તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

સમ્યગ્જ્ઞાન એટલે યથાર્થ જ્ઞાન, સત્ય જ્ઞાન.

કોઇ વખત આપણને કોઇના કહેવાથી કે પોતાના વિચારોથી ભ્રમણા ઉત્પન્ન થાય છે. તે ભ્રમણાને લીધે હોય જુદું અને આપણે માનીએ જુદું. તેનું નામ સાચું જ્ઞાન નહીં પણ તે મિથ્યાજ્ઞાન છે તેવી જ રીતે કોઇવાર કોઇ વિષય સમજમાં ન આવવાથી આપણને સંશય-શંકા ઉત્પન્ન થાય છે. તેથી આપણે આપણા મગજથી વસ્તુ હોય તેના કરતાં કંઇક જુદુ માનવા તૈયાર થઈએ છીએ. તે પણ સાચું જ્ઞાન નથી, પણ તે મિથ્યાજ્ઞાન છે.

અહીંયા આપણે-સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની જે વાત કરીએ છીએ તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે, આત્માનો સ્વભાવ છે, મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન યાને ખોટું જ્ઞાન અને ખોટી શ્રદ્ધા એ બન્ને કર્મજન્ય પરિણામ છે. અને તે ઘોર પાપનું કારણ બની પણ જાય છે. પરિણામે તે આત્માને દુર્ગતિમાં લઇ જનારા છે અને સંસારમાં ભટકાવનારા છે.

મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન દ્વારા આત્મા ઘોર અને ચીકણા કર્મો ઉપાર્જે છે. અને એ કર્મના કારણે જ આખો સંસાર છે. આ કર્મો પ્રત્યેક આત્માને અનાદિ કાળથી વળગેલા છે અને આત્માને મહા દુઃખદાયી છે.

આ સંસારમાં મહા ભાગ્યશાળી ભાવિભદ્રવાળા આત્માઓ જ મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાનને ત્યજી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પામી શકે છે. આ જગતમાં જો કોઇ વસ્તુ મેળવવા લાયક હોય તો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં સ્વર્ગ અને મોક્ષના સુખો તો હાથવેંતમાં જ છે. સમ્યગ્દર્શન પામેલા આત્માઓનો સંસાર પરિમિત બને છે. જેનું પ્રથમ માન-પ્રમાણ નહોતું, કાળની કોઇ મર્યાદા નહોતી, પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ફક્ત અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં જ આત્મા મોક્ષને મેળવી શકે છે. જેને શ્રી જિનેશ્વરદેવના કથન કરેલા સિદ્ધાંત આગમ-ઉપર પૂર્ણ શ્રદ્ધા છે એ સમકિતદૃષ્ટિ છે. શુદ્ધભાવથી ધર્મ કરનારો એવો આત્મા આરાધક કોટિમાં આવે છે.

શ્રી ભગવતીજી સૂત્રમાં ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામી ભગવાને પૂછેલા પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે કે—

**'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं'**

એટલે શ્રી જિનેશ્વર દેવોએ જે કહ્યું છે તે નિસ્સંક છે. અને તે જ સાચું છે, એમ માનનારો સમકિત દૃષ્ટિ છે. નવ-તત્વ પ્રકરણમાં પણ કહ્યું છે કે—

**सव्वाइं जिणेसर भासिआइं वयणाइं नन्नहा हुंत ।**
**इअ बुद्धि जस्समणे सम्मत्तं निच्चलं तस्स ॥**

જીવાજીવાદિ નવ પદાર્થોને જે યથાર્થ સ્વરૂપે જાણે છે અને શ્રદ્ધાપૂર્વક માને છે તે સમકિત દૃષ્ટિ છે અથવા જે

વ્યક્તિને જીવાજીવાદિ તત્વોનું જ્ઞાન નથી પણ શ્રી જિનેશ્વર ભગવંતોએ જે કહ્યું છે તે સાચું છે એમ શ્રદ્ધાથી માને છે, તે પણ સમ્યગ્દષ્ટિ છે.

જૈન શાસનમાં સમ્યગ્દર્શનની ઘણી કીંમત છે. શ્રી તીર્થંકર દેવોના આત્માની ભવની ગણત્રી પણ જ્યારથી તેઓ સમકિત પામે છે ત્યારથી જ થાય છે. સમકિત વગરના ભવો તો આત્માએ આજ સુધી અનંતા કર્યા પણ તેની ગણના નથી થઇ, તે બધા નિષ્ફળ અને નકામા ગયા. આપણે ગમે તેટલી ધર્મક્રિયા કરીએ અને તપ-જપની આરાધના કરીએ પણ જો આ બધી કરણી સમકિત વિહુણી છે, તો તેની કોઇ કિંમત નથી. મતલબ એ બધી આરાધના મુક્તિ માટે થતી નથી.

સમકિતપૂર્વકની થોડી પણ આરાધના મહાન ફળ આપે છે. સમકિત એ અંકના સ્થાને છે અને બધી ધર્મક્રિયાઓ એ મીંડાના સ્થાને છે. મીંડાની કિંમત આંકથી છે. આંકપૂર્વકના મીંડાની કિંમત અનેક ગણી છે. આંક વગરના મીંડાની કશી કિંમત નથી તેવી જ રીતે સમકિત વિહુણી આરાધના અને ધર્મક્રિયાની કંઇ જ કિંમત નથી, મતલબ સમકિતપૂર્વકની ધર્મક્રિયા આરાધનામાં ખપે છે. માટે કોઇપણ ભોગે સમકિત પ્રાપ્ત ન થયું હોય તો તે કેમ પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થયું હોય તો તેનું કેમ જતન અને રક્ષણ થાય એની પૂરી તકેદારી રાખવાની છે.

હીરા-મોતીની કિંમત છે માટે કેવા એને આપણે તીજો-

રીમાં મૂકીએ છીએ. ખોવાઇ ન જાય, કોઇ લઇ ન જાય અને લૂંટાઇ ન જાય તેની પૂરતી કાળજી રાખીએ છીએ પણ સમ્યગ્દર્શન માટે એવી તાલાવેલી નથી. એક હેન્ડબીલ કે છાપું પણ આપણી શ્રદ્ધાને ચળ-વિચળ કરી નાંખે છે. વાસ્તવમાં સમ્યગ્દર્શનના મહિમાનું આપણને જ્ઞાન નથી, સમકિતની આપણને કિંમત નથી. એટલે ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેનું સાંભળવા-વાંચવા તૈયાર થઇએ છીએ અને આપણે શ્રદ્ધાથી પતિત બનીએ છીએ.

માટે યાદ રાખો-લખી રાખો અને હૃદયમાં કોતરી રાખો કે-શ્રદ્ધા એ અપૂર્વ વસ્તુ છે, શ્રદ્ધા એ બેનમુન રત્ન છે, શ્રદ્ધા એ તો કામધેનુ કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્ન કરતાં પણ અત્યધિક છે. આ રત્નો તો ભૌતિક છે. એક જન્મમાં ઉપયોગમાં આવે તેવા છે. ત્યારે શ્રદ્ધારુપ રત્ન તો આત્માને જન્મ જન્મમાં ઉપયોગી બની ઠેઠ મુક્તિ સૌધમાં લઈ જાય છે.

શ્રદ્ધા એ શુદ્ધ વિચારો પર નિર્ભર છે. શ્રદ્ધાનો આધાર શુદ્ધ વિચારો પર છે અને વિચારો મન પર આધાર રાખે છે, અને મન ખૂબ જ ચંચળ છે. ખરાબ સંસર્ગના કારણે યા કુતર્કોના કારણે વિચારોને મલિન થતાં વાર નથી લાગતી. શ્રદ્ધા ચાલી જતા વાર નથી લાગતી, મહા મુશીબતે મેળવેલું સમકિત જો આપણે એમ સામાન્ય નિમિત્તોમાં હારી જઇએ તો આપણને જ ઘણી મોટી ખોટ પડવાની માટે જ સમકિતને ટકાવવા માટે શાસ્ત્રકારોએ ૬૭ બોલ જણાવ્યા છે, પ્રકાંડ વિદ્વાન શ્રી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે

સમકિતના ૬૭ બોલની સુંદર સજ્ઝાય રચી છે. જે અવશ્ય-ચિંતન-મનન કરવા યોગ્ય છે.

નંદ મણિયાર ભગવાન મહાવીરસ્વામીના સમાગમમાં આવતાં શ્રદ્ધા-સંપન્ન-આરાધક બને છે, પણ થોડા વખત પછી સત્સંગના અભાવે તે મિથ્યાત્વી બની જાય છે. મતલબ શ્રદ્ધા ભ્રષ્ટ થતા વાર લાગતી નથી, માટે જ તેનું ખૂબ જતન અને રક્ષણ કરવાનું છે. શાસ્ત્રકારો કહે છે કે—

"सद्धा परम दुल्लहा।"

શ્રદ્ધા અત્યંત દુર્લભ છે. લાડી, વાડી અને ગાડીની મોજ માણુસ માણી શકે છે, બાગ, બગીચા અને બંગલાનો માલિક બની શકે છે અને અનેક વસ્તુ પર પોતાનું પ્રભુત્વ ધરાવી શકે છે, પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો અનંત ભવમાં પણ આત્માને દુર્લભ હોય છે.

કેટલીક વાર સિદ્ધાંતના સૂક્ષ્મ વર્ણનો શ્રવણ કરતાં જ્યારે એ વિષય આપણા મગજમાં ન બેસે ત્યારે આપણી શ્રદ્ધા ડગમગી જાય છે. તર્ક-વિતર્કના ચક્કરે ચઢીએ છીએ ત્યારે શ્રદ્ધામાં ઓટ આવે છે. આત્મા મુંઝાય છે. શ્રદ્ધામાં ખામી અને ઉણપ આવે છે. તેવા ટાણે આપણે વિચાર કરવો જોઈએ કે હું કોણ? મહા અજ્ઞાની, અલ્પમાં અલ્પ બિંદુ જેટલું મારું જ્ઞાન, પીઠ પાછળનું પણ મને જ્ઞાન-ભાન નથી, કાલે શું થશે તેની મને ખબર નથી, ઘડી પછી કેવી વિચિત્ર સ્થિતિમાં મૂકાઈ જઈશું તેનો ખ્યાલ નથી અને મોટી મોટી

વાતો કરવા બેસીએ અને જ્ઞાનીની વાતો ઉપર જજમેન્ટ આપવા તૈયાર થઈએ એ કેટલી બેહુદી વાત છે.

આજે આપણને આપણા મગજ ઉપર જેટલો વિશ્વાસ છે તેટલો વિશ્વાસ આપણને આપણા જ્ઞાનીઓ ઉપર નથી. માટે જ કેટલીકવાર માણસ બોલી ઉઠે છે કે આ વસ્તુ અમારા મગજમાં નથી બેસતી, અમારા મગજમાં ઉતરે-બેસે તો અમે માનીએ, પણ ભલાને પૂછો કે તારું મગજ કેટલું? તારું મગજ કેવું? ભ્રમણા થતાં વાર ન લાગે, ચસકતા વાર ન લાગે-એવા મગજ પર વળી વિશ્વાસ શો? પણ આ બધું ક્યારે સમજાય! આત્મા જ્યારે સદ્ગુરુના સમાગમમાં સતત આવતો રહે ત્યારે જ તેને સાચું જ્ઞાન-ભાન થાય! શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક ધર્મક્રિયા કરવાથી આત્મા કેવી રીતે સુખ સમૃદ્ધિનો સ્વામી બની શકે છે તે વિષય ઉપર વિદ્યુતપ્રભાનું વર્ણન ચાલી રહ્યું છે.

**વિદ્યુત્પ્રભા—**

મંત્રીશ્વર વિદ્યુત્પ્રભાના ઘેર જઈ તેના પિતાને બધી વાતથી વાકેફ કરે છે, બધી હકીકત સાંભળી તેના પિતાને ઘણો આનંદ થાય છે. પિતાને થયું કે મારી પુત્રી મહા-ભાગ્યશાળી છે. આવો મોટો રાજા પણ તેની માંગણી કરે છે. યોગ્ય પુત્રી યોગ્ય સ્થાને જાય તો માતા પિતાને ઘણી ખુશી થાય એ સ્વાભાવિક છે. મંત્રીશ્વર વિદ્યુતપ્રભાના પિતાને સાથે લઈને મહારાજાની પાસે આવે છે. હવે શું બનાવ બને છે એ અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન છઠ્ઠું

ધમ્મો મંગળની ગાથા ઉપર પ્રથમ ધર્મનું સ્વરૂપ એ વિષય ચાલી રહ્યો છે. તમામ સુખ, સાહ્યબી અને સમૃદ્ધિનું મૂળ કારણ ધર્મ છે એ વાત નિર્વિવાદ છે. "वत्थु सहावो धम्मो" એ વાક્ય અનુસાર અહીંયા વસ્તુનો સ્વભાવ તેનું નામ ધર્મ સમજવાનો છે. અહીંઆ વસ્તુ એટલે આત્મા લેવાનો છે અને તેનો જે સ્વભાવ-ધર્મ લેવાનો છે. એટલે આત્મા જો પોતાના સ્વભાવને પ્રગટ કરવાનો પ્રયત્ન કરે તો જરૂર મુક્તિ પ્રાપ્ત કરી શકે!

જ્યારે માણસના પુણ્યનો ઉદય થાય છે ત્યારે તેને આપોઆપ ઋદ્ધિ-સિદ્ધિ આવી મળે છે અને પાપના ઉદયમાં બધી રીતે માણસ પાયમાલ થાય છે. ધર્મની આરાધનાથી આત્મા પુણ્ય રૂપ ખજાનાને ભરે છે અને કર્મનો નાશ પણ કરે છે. આત્માને પૂર્ણ સુખી કરનાર અને સાચું સુખ આપનાર જો કોઇ હોય તો તે એક જ ધર્મ છે. ધર્મના ત્રણ પ્રકાર છે. ભગવાન શ્રી ઉમાસ્વાતિજી મહારાજ તત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયના પ્રથમ સૂત્રમાં જ ફરમાવે છે કે—

**"सम्यग्दर्शन ज्ञान-चारित्राणि मोक्षमार्गः"**

મતલબ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર આ રીતે ધર્મના ત્રણ પ્રકાર છે અને એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ બને છે.

આ ત્રણની આરાધનાથી જ આત્મા મુક્ત બને છે. જેમકે એકલા ઘઉંનાં લોટથી લાડવો બનતો નથી લાડુ બનાવવા માટે ઘી, ગોળ અને લોટ આ પ્રમાણે ત્રણ વસ્તુ ભેગી થાય ત્યારે લાડવો બને છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર આ ત્રણ મળીને મોક્ષમાર્ગ આપે છે. એકલી શ્રદ્ધાથી એકલા જ્ઞાનથી કે એકલા ચારિત્રથી કોઈ મુક્તિ મેળવી શક્યું નથી અને મેળવી શકતું પણ નથી, પરંતુ સંપૂર્ણ શ્રદ્ધા, સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ ચારિત્ર આવે ત્યારે જ આત્મા મુક્તિ મેળવી શકે છે.

પણ આ ત્રણ વસ્તુ મેળવવામાં પ્રથમ જરૂર છે મોહનીય કર્મના ક્ષયોપશમની અને ક્ષયની. જો મોહનીય કર્મનો સર્વથા ક્ષય થઇ જાય તો તો તરત જ તે જ જન્મમાં આત્મા મુક્ત થવાનો એ હકીકત છે.

## આરાધક કોણ ?

આરાધક કોણ ? પ્રથમ એ જાણવું જરૂરી છે કે આરાધક કોણ? સમ્યગ્દષ્ટિ આત્મા આરાધક કોટિમાં આવે છે. મતલબ જ્યારથી આત્મા સમ્યગ્દર્શન પામે છે ત્યારથી જ તે આરાધક ગણાય છે. આથી સમજી શકાય છે કે સમકિતની કેટલી કિંમત છે. સમકિત કેવી અજોડ અને અપૂર્વ વસ્તુ છે. આત્માને સમકિત પ્રાપ્ત થતાં જબ્બર પરિવર્તન થાય છે. કર્મના બંધમાં

પણ મોટો ફેરફાર થાય છે અને સંસારની રખડપટ્ટી મટી જાય છે પરિમિત ભવમાં જ આત્મા મુક્ત બને છે. આત્મા મિથ્યાત્વી મટી સમકિત થયો એટલે દુર્ગતિને તાળા લાગવાના, દુર્ગતિ અટકી જવાની.

સમકિત દૃષ્ટિ સદ્ગતિમાં જ ઉત્પન્ન થાય છે. ભવની ગણત્રી પણ સમકિતની પ્રાપ્તિ પછી થાય છે. શ્રી તીર્થંકર દેવોના કોઇના ૩, કોઇના ૧૩ અને કોઇના ૨૭ ભવ આ બધા જ્યારથી તેઓનો આત્મા સમકિત પામ્યો ત્યારથી જ આ ભવોની ગણત્રી કરવામાં આવી છે.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે-જિનેશ્વર-દેવના સિદ્ધાંત ઉપરની શ્રદ્ધા શું કામ કરે છે. જૈન શાસન કેવું અપૂર્વ છે, તે સમજનાર સમજી શકે છે. જૈનશાસન કેવળ ધર્મનેજ સમજાવે છે એમ નહિ, પણ આખી દુનિયાના સ્વરૂપને સમજાવે છે. જગતમાં કેટલા આત્માઓ છે અને કેટલી ગતિ, કેટલી યોનિ અને કેટલા કુળ છે એનું યથાર્થ દર્શન કરાવે છે. તમામ જીવોના ખાન, પાન કેવા હોય છે, એ જીવો ક્યાં ક્યાં રહે છે. કેટલું એમનું આયુષ્ય, કેટલા એના પ્રાણ, કેટલી એની ઇન્દ્રિયો ? ઓછું વત્તુ હોવાનું શું કારણ ? શરીરના નિર્માણમાં આટલો મોટો ભેદ કેમ ? આત્મા ઘડીમાં સુખી, ઘડીમાં દુઃખી, ઘડીમાં શોકમગ્ન અને ઘડીમાં આનંદમગ્ન બને છે. આમ થવાનું શું કારણ? એક ધનવાન બને છે, અને બીજાને ચપણીયું લઇને ભીખ માંગવા છતાં ય પૂરો પેટનો ખાડો ય પુરાતો નથી, આમ થવાનું શું કારણ? અમુક માપમાં જ કેમ મળે છે? આ બધું આપનાર કોણ? મળેલી

સામગ્રી એકાએક કેમ ચાલી જાય છે? કર્તવ્યા-કર્તવ્યનો ખ્યાલ, જગત્ એટલે શું? જગતનો તમામ વ્યવહાર કોણ ચલાવે છે, એનો કોઇ સંચાલક છે કે કુદરતી ચાલે છે? જડ અને ચેતનના ભેદો, દ્રવ્યગુણ અને પર્યાયનું સ્વરૂપ આ બધા પદાર્થોનું તલસ્પર્શી જ્ઞાન કરાવનાર જો કોઇ આ જગતમાં હોય તો તે જૈન શાસન છે. જૈન ધર્મ કહો કે જૈન શાસન કહો એનો એક જ અર્થ છે.

જગતના તમામ પદાર્થોના સ્વરૂપને સમજવા માટે જૈન શાસનમાં ચાર અનુયોગ દર્શાવ્યા છે. જેવા કે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગમાં આખી દુનિયાનું સ્વરૂપ આવી જાય છે. એટલે આ શાસનની બલિહારી છે. પરમાત્માનું શાસન કેટલું વિશાળ છે. તેમાં કેટલું અને કેવું અદ્‌ભુત જ્ઞાન ભર્યું છે અને તે આત્માને અત્યંત હિતકારી છે. માટે જ કલ્યાણની કામનાવાળા આત્માઓએ આ શાસનનું શરણ સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી. એકાંતે મહાલાભ કરનાર આ જૈન શાસન છે. આ શાસન સિવાય ભવ્યાત્માને ચાલી શકે તેમ નથી. આત્માનું કલ્યાણ કરનાર અને દુઃખથી ઘેરાએલા આત્માઓને દુઃખ મુક્ત કરી અનંત સુખમાં મ્હાલતો કરનાર આ શાસન છે. સાચી શાંતિ અને સાચું સુખ આપનાર આ શાસન છે. જ્યાં સુધી આત્માને એવી સમજણ ન આવે ત્યાં સુધી કોઈપણ આત્મા કલ્યાણ કરી શકે નહિ, પણ હમણાં આપણે શ્રદ્ધાના વિષય ઉપર વિવેચન કરી રહ્યા છીએ, ધર્મની આરાધનાનો સાચો પાયો સાચી શ્રદ્ધા છે. જેને આપણે સમકિત કહીએ છીએ.

વર્તમાન કાળમાં લૌકિક કેળવણીમાં આગળ વધેલા ભણેલા ગણેલા હોંશિયાર માણસો ઘણા છે. જેમણે મોટી મોટી ઉપાધિઓ–ડીગ્રીઓ મેળવી છે. આમ છતાં ધાર્મિક વિષયમાં તેઓ ખૂબ જ પશ્ચાત્ છે, પાછળ છે અને તેથી જ ધર્મક્રિયા, આચાર, વિચાર અને રહેણી કરણીમાં શિથિલ છે. આ બધાનું મૂળ કારણ આ ભણેલા વર્ગને આત્મા, પરમાત્મા અને કર્મ વગેરે તત્વો પર શ્રદ્ધા અને વિશ્વાસ નથી. આ વિષયના જાણકાર સદ્‌ગુરુઓના સમાગમમાં કદી તેઓ આવતા નથી અને સદ્‌ગુરુના સમાગમ વગર ગમે તેવો ડાહ્યો અને નિપુણ માણસ પણ તત્વને પામી શકતો નથી. માટે જ અનુભવીઓ કહે છે–

**"विना गुरुभ्यो गुणनीरधिभ्यो तत्वं न जानाति विचक्षणोऽपि**
**आकर्णदीर्घोज्जवल लोचनोऽपि दीपं विना पश्यति नांधकारे"**

ગુણીયલ ગુરુની સોબત વિના વિચક્ષણ માણસ પણ તત્વને જાણી શકતો નથી. જેમ આંખો ગમે તેટલી મોટી અને તેજસ્વી હોય પણ અંધકારમાં દીપક વિના જોઈ શકાતું નથી, તેમ સમજુ અને હોંશિયાર માણસને પણ સદ્‌ગુરુના સમાગમમાં આવવાની અત્યંત આવશ્યકતા છે. વ્યવહારમાં માણસ ગમે તેટલો હોંશિયાર હોય, ગમે તેટલું ધન ભેગું કર્યું હોય, મહાન ધનવાન હોય છતાં અંતે તો આ જન્મ પૂરો થતાં બધું અહીં મૂકીને વિલે મોઢે ચાલતા થવાનું છે એ વાત નિર્વિવાદ છે.

આત્મા અહીંથી કર્માનુસાર બીજો જન્મ લે છે. યાને પરલોક સીધાવે છે. કારણ કે આત્મા અમર છે માટે જ ગીતાજીમાં પણ કહ્યું છે કે–

"नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः
न चैनं क्लेदयन्त्याप न शोषयति मारुतः"

મતલબ આત્માને ગમે તેવા તીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રો પણ છેદી ભેદી શકતા નથી, ગમે તેવો પ્રબળ અગ્નિ પણ બાળી શકતો નથી. ગમે તેવો મહાન સ્વયંભૂરમણ સમુદ્ર કેમ ન હોય પણ તે આત્માને ડૂબાડી શકતો નથી અને ગમે તેવો પ્રચંડ પવન પણ આત્માને સુકવી શકતો નથી કારણ આત્મા અમર છે. અખંડ છે અને અવિનાશી છે.

એટલે આત્મા અહીંથી જ્યારે પરલોકમાં સિધાવે છે ત્યારે અહીંના શરીરને છોડીને ત્યાં બીજું શરીર ધારણ કરે છે, અહીંની કોઈપણ વસ્તુ સાથે આવતી નથી. ભક્ષ્ય-અભક્ષ્ય અને પેય અપેયનો વિવેક મૂકી રાતે અને દિવસે જાનવરની જેમ ખા ખા કરી શરીર હૃષ્ટપુષ્ટ બનાવે તો ય તેને અહીં જ મૂકીને જવાનું છે. જેની અંતે રાખ થવાની છે.

સત્ય તત્વને જાણવા માટે આપણે કશી જ મહેનત કરી નથી. આથી મેળવેલું દુર્લભ માનવ જીવન નિષ્ફળ જાય છે. માટે મળેલી દુર્લભ સામગ્રી નિષ્ફળ ન જાય તે માટે દરેક સમજુ આત્માએ ત્યાગી સાધુ મહાત્માઓના સમાગમમાં આવીને, ધર્મનું સ્વરૂપ સમજીને, શ્રદ્ધાને જીવનમાં કેળવીને ધર્મની આરાધના કરવામાં તત્પર રહેવું જોઈએ.

# 卐 વ્યાખ્યાન સાતમું. 卐

ગયા વ્યાખ્યાનમાં સાચી શ્રદ્ધા વિષે આપણે થોડુંક વિવેચન કરી ગયા છીએ, હવે આ જ વિષય અહીં આગળ ચાલે છે.

## સુગુરુ કોણ?

પ્રથમ આપણે સુગુરુ કોણ અને કુગુરુ કોણ? એ સમજાવીશું.

સિદ્ધાંત મુજબની જેની પ્રરૂપણા હોય અને જે પંચ મહાવ્રત ધારી હોય એ બધાય સુગુરુની કોટિમાં આવે છે. એ બધા જ આપણા ગુરુ છે.

આપણા પરમાત્મા વીતરાગ છે. યાને રાગદ્વેષાદિ ૧૮ દૂષણોથી રહિત છે. મતલબ અઢાર દૂષણ રહિત વીતરાગ એવા શ્રી જીનેશ્વર દેવ આપણા પરમાત્મા છે, અને એમણે કથન કરેલા આગમો-સિદ્ધાંતો તે મુજબ જેની દેશના-પ્રરૂપણા અને કથન હોય એવા મહાવ્રત ધારી ત્યાગી સંતો જ સુગુરુ છે. અને જીનેશ્વર ભગવંતે કથન કરેલો દયામય ધર્મને ધર્મ તરીકે માને એનું નામ સુધર્મ છે.

આ પ્રમાણે સુદેવ–સુગુરુ અને સુધર્મને માનવાવાળો એ જ સાચી શ્રદ્ધાવાળો છે. સમકિત દૃષ્ટિ છે અને આરાધક છે. શ્રી જીનેશ્વર દેવનું વચન સત્ય છે. આ શ્રદ્ધા જ્યાં સુધી દૃઢ ન થાય ત્યાં સુધી આત્મા આગળ વધી શકતો નથી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ વાતને ધર્મનું બીજ તરીકે વર્ણવી છે. બીજ હોય તો ધીરે ધીરે તે વૃદ્ધિ અને ફળરૂપે પરિણમે, પણ જ્યાં બીજનું જ ઠેકાણું નથી ત્યાં આગળ શી વાત કરવી એટલે સમકિત એ બીજ છે, અને સમકિત એ પાયો છે.

જેમ એકડા વિનાના મીંડાની કશી કિંમત નથી તેમ શ્રદ્ધાવિહુણી જ્ઞાન અને ક્રિયાની પણ કશી જ કિંમત નથી. શ્રદ્ધાવિહોણી ક્રિયા એ દ્રવ્યક્રિયા છે, જ્યારે મુક્તિની પ્રાપ્તિ માટે ભાવક્રિયાની જરૂર છે. મતલબ કે સમકિતપૂર્વકની સિદ્ધાંત મુજબની શુદ્ધભાવથી કરેલી ધર્મક્રિયા એ આરાધનામાં ખપે છે. એની કિંમત છે અને એનાથી જ મોક્ષરૂપ મહાન ફળની પ્રાપ્તિ થાય છે. તાત્પર્ય એ કે શ્રદ્ધાપૂર્વક કલ્યાણની કામનાથી કરેલી ક્રિયા એનું નામ આરાધના.

જેમ રાગી અને દ્વેષી એ દેવ ન કહેવાય તેમ લાડી, વાડી અને ગાડીની મોજમાં ખૂંચેલા અને સંગ્રહખોરીમાં પડેલા, તે સુગુરુ ન કહેવાય, અને ત્યાગી તપસ્વી હોવા છતાં જેની દેશના અને જેની પ્રરૂપણા જો સિદ્ધાંત મુજબની ન હોય પણ ઉલટી સિદ્ધાંત વિરુદ્ધ હોય તે કુગુરુ છે. ભલે પછી તે મોટા આચાર્ય હોય, બહુ શિષ્યો અને ભક્તોથી

પરિવરેલા હોય, ત્યાગી કે તપસ્વી હોય યા મહાવિદ્વાન હોય પણ જો તેની દેશના શાસ્ત્ર વિરુદ્ધ છે તો તે કુગુરુ છે, એ હકીકત છે, એવા કુગુરુ પોતે પણ ડૂબે છે અને એના અનુયાયીઓને પણ ડૂબાડે છે, જેમ લોઢાની નાવ પોતે પણ ડૂબે છે અને બેસારુને પણ ડૂબાડે છે તેમ.

**बहुगुण विज्जानिलओ उस्सुत्तभासी तहा विमुत्तव्वो**
**जहपवरमणि जुत्तो, विग्घकरो विसहरो लोए "षष्ठिशतक"**

મહાવ્રતધારી હોય અને સૂત્ર મુજબ પ્રરૂપણા હોય ત્યાં સુધી તે સુગુરુ કહેવાય, અને તે બધાને ગુરુ તરીકે માનનારો સમકિત દ્રષ્ટિ છે, પણ જે પોતાને ઠીક લાગે એને જ સુગુરુ માનવા એવી માન્યતા સમકિત દ્રષ્ટિની ન હોય, અલબત આપણે જેનાથી ધર્મ પામ્યા હોઈએ, તે આપણા ઉપકારી ગણાય, તેનો બદલો વાળ્યો વળે નહી. માટે જ કહ્યું છે કે–

સમકિતદાતા ગુરુતણો પચ્ચુવયાર ન થાય,
ભવકોડાકોડે કરી કરતા ક્રોડ ઉપાય ॥

ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણામાં એમ જણાવવામાં આવ્યું છે કે ત્રણ જણના ઉપકારનો બદલો વાળ્યો વળતો નથી, એક તો પોતાના માતાપિતા, બીજા સમકિતદાતા ગુરુ અને ત્રીજા આપણા પોષક. આ ત્રણના ઉપકારનો બદલો ગમે તેટલી તેમની સેવા સુશ્રૂષા કરવામાં આવે તો પણ વાળ્યો વળતો નથી, ઉપકારીની સેવા કરવી એ વફાદારી છે, પરંતુ એમના સિવાયના બીજા સાધુઓને કુગુરુમાં ગણી લેવા એ આપણી

મોટી ભૂલ છે. આવા માણસો પાછા પોતાને આરાધક સમજે છે, આશ્ચર્ય થાય છે કે આવા લોકો ધર્મ શું પામ્યા? ધર્મ પામેલો માણસ જેમ બધા અરિહંતોને દેવ તરીકે માને તેમ જેટલા મહાવ્રત ધારી શુદ્ધ પ્રરૂપક હોય એ બધાને આપણા ગુરુ તરીકે માને.

કેટલાક પાછા તર્ક કરે છે કે બાપ તો એક જ હોયને! એનો અર્થ એ થયો કે પોતે માનેલાને જ એકને જ ગુરુ માનવા, બીજાને નહીં, એમ માનનારાઓ અને બોલનારાઓ એ માર્ગમાં નથી, એ વસ્તુ બરાબર નથી અને આવી દેશના આપનારા ગુરુઓ એ શુદ્ધ ઉપદેશકની કોટિમાં આવી શકતા નથી, એ તો વ્યક્તિ રાગનું પોષણ કરનારા છે. દ્રષ્ટિરાગના પોષક છે.

સંથારાપોરિસિમાં દરરોજ આપણે બોલીએ છીએ કે-

અરિહંતો મહદ્દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો,
જિણ પન્નતં તત્તં ઇઅ સમ્મત્તંમએ ગહિઅં ॥

આ ગાથામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે-શ્રી અરિહંત ભગવાન એ જ મારા દેવ છે અને સુસાધુ ભગવંતો એ મારા ગુરુ છે અને શ્રી જીનેશ્વરદેવે કથન કરેલો ધર્મ એજ મારો ધર્મ છે. મારી આ માન્યતા જાવજ્જીવ માટે છે. આવા સ્પષ્ટ ઉલ્લેખો હોવા છતાં પોતાને જ ગુરુ તરીકે મનાવવા અને એકને જ ગુરુ તરીકે માનવા એ દ્રષ્ટિરાગ છે. અને એવા દ્રષ્ટિરાગને માટે શાસ્ત્રકારો કહે છે કે-

"દ્રષ્ટિરાગસ્તુ પાપીયાન્ દુરુચ્છેદસતામપિ"

દ્રષ્ટિરાગ એ મહાપાપ છે અને ભલભલા મહાત્માઓને પણ એ છોડતો નથી. કોઇ એમ કહેતું હોય કે આજે સુગુરુ મળવા મુશ્કેલ છે. માટે જેનાથી આપણે ધર્મ પામ્યા હોઈએ એ જ આપણા ગુરુ, આવું જેઓ ઠસાવતા હોય તેઓ શુદ્ધ પ્રરૂપક નથી. આવું માનવામાં પોતાને જ ગુરુ મનાવવાનો સ્વાર્થ રહેલો છે આનું નામ જ એક જાતની વાડાબંધી, જો બધા જ આવું બોલતા થઈ જાય તો જરા કલ્પના તો કરો કેટલા વાડા ઉભા થાય, કેટલા પક્ષ પડે! અને શાસનની કેવી છિન્ન ભિન્ન દશા થાય અને તેનું પરિણામ કેવું ભયંકર આવે! શું આ ઇષ્ટ છે? માટે આવી વાડાબંધી કરનારા સાધુઓ કેવા અને કેટલા પાપના ભાગીદાર થાય અને તેમના નિમિત્તે થયેલી શાસનની છિન્નભિન્નતાને કારણે તેમનો કેટલો સંસાર વધી જાય! માટે આ બધી વસ્તુ અત્યંત વિચારણીય છે.

આ રીતે લોકોને અવળા પાઠ ભણાવી શાસનની છિન્નભિન્નતા કરવી, શાસનમાં ભેદ પાડવો એ વસ્તુ જૈન શાસનના માટે અત્યંત ભયંકર છે. કેવળ આ જન્મની વાહવાહ અને પૂજા સત્કાર માટે આવી પક્ષાપક્ષી અને વાડાબંધી જો આપણે ઉભી કરીશું તો આ જન્મ પછી શું?

આના પરિણામે અંતે અધમમાં અધમ અને ખરાબમાં ખરાબ કડવા ફળ આત્માને જ ભોગવવા પડશે. આ મારો

અને આ મારો નહિ, આ મોહમાં સંસાર કેટલો વધી જાય! આ બધી બાબતોનો વિચાર વર્તમાન ધર્મગુરુઓ અને ઉપદેશકો નહીં કરે તો બીજો કોણ કરશે? આ બધી વસ્તુ ખૂબ બારીક દ્રષ્ટિએ વિચારવા યોગ્ય છે, હવે આપણે ચાલુ વિષય પર આવીએ.

'અરિહંતો મહદેવો' આ ગાથાનો અર્થ ખૂબ જ વિચારવા જેવો છે. શ્રી અરિહંત પરમાત્મા એ જ અમારા દેવ છે, એટલે ભૂતકાળમાં અનંત તીર્થંકરો થયા, વર્તમાનકાળમાં વીસ તીર્થંકરો વિચરી રહ્યા છે, અને ભવિષ્યકાળમાં થનારા બધાજ તીર્થંકરો એ અમારા દેવ છે, પછી તે પાંચ ભરતના હોય, પાંચ ઐરવતના હોય કે પછી પાંચ મહાવિદેહના હોય! પંદર ક્ષેત્ર પૈકીના ત્રણે કાળના તીર્થંકરો એ અમારા દેવ છે; એટલે એ અમારા પરમાત્મા છે, સમકિત દ્રષ્ટિ આત્મા આવી શ્રદ્ધાવાળો હોય!

એક તીર્થંકરની પૂજા-ભક્તિ અને જાપ કરનાર જો બીજા તીર્થંકરને ન માને તો તે સમકિત દ્રષ્ટિ નહીં બલ્કે મિથ્યા-દ્રષ્ટિ છે. ભલે તમે એક તીર્થંકરની પૂજા, ભક્તિ, ઉપાસના અને જાપ કરો, પરંતુ બીજા તીર્થંકરો પણ પૂજ્ય અને સેવ્ય છે, આવું માનો તો જ સમકિતદ્રષ્ટિની ગણતરીમાં આવી શકો. બધા તીર્થંકરોને માનતો હોય પણ તે અમુક તીર્થંકરોને માનતો ન હોય તો એ સમકિત દ્રષ્ટિ નથી. બધાય તીર્થંકરોના બધાય વચનોને માનતો હોય અને જો

તેમનું ફક્ત એક જ વચન ન માને, અને એક વચન પણ જો ઉત્થાપે તો તે સમકિત દ્રષ્ટિ નથી પણ મિથ્યાદ્રષ્ટિ છે.

જેમકે જમાલી એ ભગવાનના જમાઇ હતા, પાંચસો શિષ્યોના ગુરુ હતા, તે ભગવાનના બધા વચનને માનતા હતા, પરંતુ 'કડે માણે કડે' આ એક જ વચનને માનતા ન હોવાના કારણે તે મિથ્યાદ્રષ્ટિ કહેવાયા, માખીની પાંખ પણ દુભાવતા નહોતા એવું ઉચ્ચ કોટિનું જેનું ચારિત્ર હતું, છતાં ભગવાનનાં એક જ વચનને ન માનવાથી તે નિન્હવ કહેવાયા, મિથ્યાદ્રષ્ટિ કહેવાયા સમજાવા છતાં જ્યારે ન સમજ્યા ત્યારે શ્રી ગૌતમસ્વામી ભગવાને તેમને ભગવાનની અનુમતિથી સંઘ બહાર કરી દીધા અને આ ઉત્સૂત્ર ભાષણના કારણે એમનો ઘણો સંસાર વધી ગયો. એટલા માટે જ શાસ્ત્રકાર મહર્ષિએ કહ્યું છે કે—સિદ્ધાંતના એક સૂત્ર યા એક અક્ષરને પણ ઉત્થાપનારો તે મિથ્યાદ્રષ્ટિ છે.

એવા ઉત્સૂત્રભાષીનું ગમે તેટલું સુંદર ચારિત્ર હોય, ગમે તેટલો ત્યાગ અને તપ કરતો હોય, તેનો એ ત્યાગ અને તપ દ્રવ્યત્યાગ અને દ્રવ્યતપ કહેવાય છે, કારણ કે સમકિત વિહુણી સર્વક્રિયા એ બધી દ્રવ્ય ક્રિયામાં ગણાય છે, એ ભાવક્રિયા નથી, તેવી જ રીતે સિદ્ધાંત મુજબની પ્રરૂપણા કરનારા પંચમહાવ્રતધારી જેટલા સાધુ ભગવંતો છે તે બધા જ આપણા ગુરુ છે, તેમાં એકને માનવા અને બીજાને ન માનવા, એકને સુગુરુ માનવા અને બીજાને સુગુરુ ન માનવા,

આ રીતે માનનાર પણ મિથ્યાદ્રષ્ટિ છે. શાસ્ત્રોમાં આ વિષયની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે.

તાત્પર્ય એ છે કે બધા તીર્થંકરોને પરમાત્મા માનનારો અને બધા સુસાધુઓને ગુરુ માનનારો અને શ્રી જીનેશ્વર દેવના ઉપદેશને સત્ય માનનાર એ સમકિત દ્રષ્ટિ છે અને એવા સમકિત દ્રષ્ટિથી શુદ્ધભાવથી કરાયલી સિદ્ધાંત મુજબની ધર્મક્રિયા કરનાર આરાધક કોટિમાં ગણાય છે.

## વિદ્યુત્પ્રભાનું વર્ણન—

પૂર્વજન્મમાં ધર્મની આરાધના કરવાથી વિદ્યુત્પ્રભાને આ જન્મમાં કેવા સુખો મળે છે, એનું વર્ણન ચાલી રહ્યું છે. વિદ્યુત્પ્રભાનો પિતા રાજાની પાસે આવે છે, રાજાની માંગણીથી વિદ્યુત્પ્રભાનો પિતા પોતાની પુત્રીને રાજા સાથે પરણાવે છે, રાજા તેના પિતાને બાર ગામ ભેટમાં આપે છે, વિદ્યુત્પ્રભા રાજાની રાણી બની. ધર્મનો કેવો અજબ પ્રભાવ છે કે એક વખત જંગલમાં ગાયો અને ભેંશો ચરાવનારી છોકરી પણ દેશાધિપતિ મોટા રાજાની રાણી બને છે.

રાજાએ વિદ્યુતપ્રભાનું બીજું નામ આરામશોભા રાખ્યું, ત્યારથી સૌ તેને આરામશોભાના નામથી બોલાવવા લાગ્યા. મહારાજા વિદ્યુત્પ્રભાને લઇને પોતાની રાજધાની પાટલીપુર પ્રતિ પ્રયાણ કરે છે. બગીચો પણ દૈવી પ્રભાવથી તેના મસ્તક પર સાથેનો સાથે જ આવે છે, મહારાજા થોડાક દિવસમાં પોતાના વિજયી સૈન્ય સાથે પોતાની રાજધાનીમાં આરામશોભાની સાથે ઠાઠમાઠથી પ્રવેશ કરે છે.

તેમનું સ્વાગત કરવા નગરવાસીજનોનાં ટોળેટોળા કીડી-યારીની જેમ ઉભરાય છે. રાજા અને અન્ય રાણી આરામ-શોભાના દર્શન કરી હર્ષથી ડોલી ઉઠે છે. રાણીના મસ્તક પર બગીચો નિહાળીને નગરજનોના આશ્ચર્યનો પાર ન રહ્યો, સૌ એકી અવાજે બોલવા લાગ્યા આ શું આશ્ચર્ય ! દૈવી પ્રભાવસંપન્ન મહારાણીને નિરખતાં નગરજનોના આનંદનો કોઇ અવધિ ન રહ્યો. નગરમાં પ્રવેશ કર્યા પછી રાજા આરામશોભાને મહારાણીપદે સ્થાપન કરે છે.

આ તરફ આરામશોભાના પિતા પોતાના ઘર તરફ સીધાવી ગયા. ઘેર ગયા પછી આરામશોભાની ઓરમાન માતાની કુક્ષિથી એક પુત્રીનો જન્મ થાય છે, જેમ જેમ તે પુત્રી મોટી થાય છે તેમ તેમ તેની માતા મનમાં અનેક સંકલ્પ વિકલ્પ કરે છે, અને મનમાં વિચારે છે કે કોઇ પણ રીતે આરામશોભાને મારી નાંખી, હું મારી પુત્રીને રાજા સાથે પરણાવું !

આવા વિચારોની ગડમથલ ઓરમાન માતાના મનમાં ચાલી રહી છે, આ સંસાર કેવો સ્વાર્થી છે અને કેવા કપટ જાળથી ભરેલો છે, ઓરમાન માતા હવે પોતાના ભાવ ભજવે છે અને આરામશોભાને મારી નાખવા કેવા કેવા કાવત્રા રચે છે, તેણીને દુઃખમાં નાંખવા કેવી કેવી પ્રવૃત્તિ અને હીલચાલ કરે છે, એ વગૈરે હકીકત અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન આઠમું

'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં' આ ગાથાને અનુલક્ષીને આપણે ચાર વિષયને સમજાવી રહ્યા છીએ. તેમાં પ્રથમ શ્રદ્ધાનો વિષય ચાલી રહ્યો છે. પૂર્વના વ્યાખ્યાનોમાં આપણે આરાધનાનો વિષય સમજાવી ગયા છીએ. અને પ્રસંગોપાત વિરાધનાથી દૂર રહેવા માટે સૂચન કરવામાં આવ્યું છે. કારણ કે વિરાધના એ આરાધનાને બગાડનાર છે. કઇ કઇ રીતે વિરાધના થઈ રહી છે તે પણ આપણે વિશદ રીતે સમજાવી ગયા છીએ, હવે શ્રદ્ધાનો વિષય આગળ ચાલે છે.

શાસ્ત્રકારો ફરમાવે છે કે–શ્રી તીર્થંકરદેવનું કથન હંમેશ માટે પ્રમાણભૂત હોય છે, અને તે કદી મિથ્યા થતુ નથી. એટલે કદી વૃથા કે જૂઠું પડતુ નથી. તેથી તીર્થંકરદેવોએ કથન કરેલા વચનો–સિદ્ધાંતો અને આગમો ત્રણે કાળમાં અબાધિત રીતે અવિચ્છિન્નપણે પ્રમાણ રૂપે ચાલ્યા આવે છે. કારણ કે કોઇપણ સર્વજ્ઞ કેવલી તીર્થંકર કે સામાન્ય કેવલી ભગવંતનું જ્ઞાન પૂર્ણ હોય છે. અને એક સરખું હોય છે. કોઇના પણ કથનમાં લેશ માત્ર ફરક પડતો નથી. કોઈપણ

કેવળજ્ઞાનીનું જ્ઞાન કદી ઓછુંવત્તું હોતું નથી. આ વિષયને જો બરાબર સમજી લેવામાં આવે તો આપણા અનેક તર્ક-વિતર્કો અને શંકાકુશંકાઓ સ્હેજે શમી જાય.

આ વિષયમાં કોઈ એવો તર્ક કરે કે હજારો વર્ષ પહેલા થયેલા તીર્થંકરો અને હજારો વર્ષ પછી થયેલા અને થનારા બધા તીર્થંકરોનો ઉપદેશ, બધા તીર્થંકરોનો મત અને બધા તીર્થંકર દેવોની પ્રરૂપણા એક સરખી શી રીતે હોઇ શકે? આવા અનેક તર્કો ઉભા થાય અને એનું જો સમાધાન ન થાય તો સ્હેજે શ્રદ્ધામાં ઉણપ આવે છે. પરિણામે આત્મા શ્રદ્ધાભ્રષ્ટ બને છે. ધર્મકરણીમાં ઢીલો પડે છે. પણ જો ઉપરની વાત બરાબર સમજાઈ જાય તો કદી પણ શ્રદ્ધા–ભ્રષ્ટ થવાનો પ્રસંગ ન આવે. માટે આપણે આ વિષયને વિશદરૂપે ચર્ચી રહ્યા છીએ.

આપણે ઉપર કહી ગયા કે હરેક તીર્થંકરો અને કેવલી ભગવંતોનું જ્ઞાન સાચું અને પૂર્ણ હોય છે. એટલે તેમાં કોઇ કાળે લેશ પણ ભેદ કે ફરક પડતો નથી.

દાખલા તરીકે બેને બે ચાર આ વાત તમે ગમે ત્યારે ગમે તેને પૂછશો તો સૌ કોઇ બેને બે ચાર જ કહેશે. ભૂતકાળમાં લાખો વર્ષ પહેલાં બેને બે ચાર હતા. વર્તમાનમાં પણ બેને બે ચાર છે અને ભવિષ્યકાળમાં પણ બેને બે ચારજ રહેશે કેમકે એ સત્ય છે. સત્યમાં અંશ માત્ર પણ ફરક પડતો નથી. પણ ફરક અને ભેદ અસત્યમાં અને અપૂર્ણમાં પડે છે. કોઇ બેને બે સાડા ત્રણ કહે અને કોઇ બેને બે પાંચ કહે એમ જૂઠમાં અને અપૂર્ણમાં અનેક ભેદ પડશે.

જેમકે સો ટચના સોનાની એક લગડી છે. અહીંથી સો ગાઉ દૂર કોઇ નિપુણ ચોકસીને બતાવશો તો તે કસોટી પર કસીને ચા છેદીને તરત જ કહી દેશે કે ભાઈ! આ લગડી સો ટચની છે. ૧૦ વર્ષ પહેલાં કોઇ કુશળ ચોકસીને બતાવી હતી ત્યારે પણ એજ કહેતા હતા અને ૧૦ વર્ષ પછી પણ કોઇ હોશિયાર ચોકસીને પૂછશો તો સૌ એકજ વાત કહેશે કે ભાઇ! આ લગડી સો ટચની છે. કારણ કે બધાનું કહેવું સાચું છે તેથી તેમાં મતભેદ કે ફરક ન પડયો પણ કોઇ અણઘડને પૂછશો તો તેમાં જરૂર ફરક પડશે. ત્યારે એ વાત આ ઉપરથી ફલિત થઇ કે જ્ઞાની અને સત્ય કથન કરનારાઓમાં ભેદ પડતો નથી.

એક બીજા ઉદાહરણ દ્વારા આપણે આ વાત વધુ સ્પષ્ટ કરીએ. કોઇ એક ઈજનેરે એક મોટું મકાન જોયું. એમાં કેટલા બારી બારણાં છે, હોલ કેટલો લાંબો પહોળો છે વગેરે બરાબર ઝીણવટપૂર્વક જોઇને તે ઇજનેરે તેનું માપ કાઢયું. હવે એ માપ લઇને ચાલ્યો ગયો અને માપ પોતાની પાસે રાખ્યું ત્યારબાદ દૂર દેશથી બીજો ઇજનેર આવ્યો. તેણે માપ વિગેરે લીધું. અને તેણે પણ તેની નોંધ કરી. એમ જુદા જુદા ઠેકાણેથી આવેલા અનેક કુશળ ઇજનેરોએ સૂક્ષ્મ રીતે ચોકસાઇપૂર્વક માપ લીધું અને નોંધ લીધી.

આ બધા ઇજનેરો પરસ્પર મળ્યા નથી. એક બીજા સાથે સલાહ કરી નથી. તે બધાનું મકાન વિ.નું માપ છાપામાં પ્રગટ થયું અને વાંચકોના વાંચવામાં આવ્યું કે તે બધાનું માપ એક સરખું છે. થોડા વર્ષ પૂર્વે અને થોડા વર્ષ પછી પણ

જો માપ લેવામાં આવે તો તે પણ એક સરખું જ આવશે. તેમાં જરાય ફરક નહિ પડે કારણ કે તે સત્ય છે. સત્યમાં કદી ફેરફાર હોતો નથી. પણ જો આમાંના કોઇ ઇજનેરે ભૂલ કરી હોત તો જરૂર તે બધાથી જુદો પડત એવા અજાણ અથવા ભૂલ કરનારા માણસોનું કથન એક સરખું હોતું નથી, મતલબ સત્ય કથન કરનારમાં કોઇ દિવસ ફરક પડતો નથી. એટલે હરેક તીર્થંકરો અને કેવલી ભગવંતો પૂર્ણજ્ઞાની હોય છે. ત્રિકાળજ્ઞાની હોય છે. એટલે જ એમના વચનમાં લેશ પણ ફરક પડતો નથી,

ભૂતકાળમાં આપણે કયાં હતા અને ભવિષ્યમાં કયાં હોઇશુ આ વાત કોઇ પણ તીર્થંકરદેવને પૂછવામાં આવે તો બધાનો એક સરખો જ જવાબ આવશે. એમાં જરાય ફરક નહિ પડે કોઈ પણ પદાર્થનું સ્વરુપ ભગવાન ઋષભદેવને પૂછનારને અને ભગવાન મહાવીર સ્વામીને પૂછનારને અસંખ્યાત કાળનું અંતર હોવા છતાં બન્નેનો જવાબ એક સરખો જ આવશે. તેવીજ રીતે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીસ તીર્થંકરોને પૂછવાથી પણ જવાબ એકજ સરખો આવશે. તેમાં જરાય ફરક નહિ પડે, તેવી જ રીતે જંબુદ્રીપ યા લવણ સમુદ્ર યા અન્ય અસંખ્યાત જોજન દૂર કોઇ પણ સમુદ્રનું માપ-પરિમાણ, દેવોના વિમાનોનું માપ, ચારે પ્રકારના દેવોનું સ્વરુપ, ચાર ગતિનું સ્વરુપ, નવતત્વ યા ષડદ્રવ્યનું સ્વરુપ, કોઇ પણ ક્ષેત્રમાં રહેલા, ગમે તે કાળે થયેલા અને થનારા તીર્થંકર દેવને પૂછવામાં આવશે તો સૌનો જવાબ એક સરખોજ હશે! મતલબ કે કોઇ પણ તીર્થંકરની પરૂપણામાં અંશમાત્ર કે

તલમાત્ર પણ ફેર પડતો નથી. કારણ બધાયનું જ્ઞાન પૂર્ણ હોય છે, સાચું હોય છે.

## એક મહત્વનો પ્રશ્ન

હવે આપણે જરા ઉંડા ઉતરીએ છીએ. કારણ કે **तर्काः अप्रतिष्ठानाः** તર્ક કરનાર ગમે તેવો તર્ક કરી શકે છે અને એના તર્કનું જો સમાધાન કરવામાં ન આવે તો માણસ શંકાશીલ બને અને શંકાશીલ બનતા શ્રદ્ધાભ્રષ્ટ થતા વાર લાગતી નથી અને શ્રદ્ધાભ્રષ્ટ થતા આચાર-વિચાર બધાયથી માણસનું પતન થાય છે અને આ રીતે પતન થતાં દુર્લભ માનવ ભવ હારી જવાય છે. અહીં એ તર્ક ઉપસ્થિત થાય છે કે જ્ઞાન એ એવી વસ્તુ છે કે તે વિદ્યમાન વસ્તુને, વિદ્યમાન પદાર્થને-વિષયને-ગ્રહણ કરે છે. જેમકે આપણી સામે ઘડો પડયો છે. તો માણસને ઘડાનું જ્ઞાન થાય છે. કપડું પડયું હોય તો કપડાનું જ્ઞાન થાય, પરંતુ જે વસ્તુ આજે વિદ્યમાન નથી ભૂતકાળમાં થઇ ગઇ છે. જેનું કોઇ નામ નિશાન નથી તેને કેવી રીતે જાણી શકાય! અને જે વસ્તુ ભવિષ્યમાં થનાર છે, વર્ષો પછી બનવાની છે, જેને જાણવા માટે આજે કોઇ ચિન્હ નથી તેને પણ જ્ઞાનીઓ કેવી રીતે જાણી શકે? માણસ વિદ્યમાન વસ્તુનું કથન કરી શકે છે. પણ જે વસ્તુ નષ્ટ થઇ ગઇ યા હજી ઉત્પન્ન જ થઇ નથી તેનું જ્ઞાન કેવી રીતે થાય! એમ સ્હેજે પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

આ પ્રશ્નના સમાધાનમાં જણાવવાનું કે જેમકે વૈજ્ઞાનિકો જૂની વસ્તુને જોઇને અનુમાન કરે છે કે આ વસ્તુ લાખો

વર્ષો જૂની છે એ શી રીતે તેમણે જાણ્યું ? એ જ્ઞાનનો વિષય આજે મોજૂદ નથી, ભૂતકાળ ભલે નષ્ટ થઇ ગયો પરંતુ જુની વસ્તુ મોજૂદ છે ને ! તેના ઉપરથી ભૂતકાળનું જ્ઞાન પણ કરી શકાય છે. જ્યોતિષ વિગેરે વિદ્યાઓ દ્વારા પણ તે વિદ્યાના સાચા અને સારા જાણકારો ભૂતકાળ અને ભવિષ્યકાળની વાતો જાણી શકે છે અને તે સાચું પડે છે. કેટલીકવાર જ્યોતિષીઓનું કથન ખોટું પડે છે તેમાં તેના જાણકાર વ્યક્તિની ઉણપના લીધે તે જુઠું પડે છે. જાણકાર સાચો હોય તો કદી ખોટું ન પડે. એટલે જ્યોતિષ વિદ્યા દ્વારા ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિષય મોજૂદ ન હોવા છતાં પણ તે જાણી શકાય છે.

## એક સાચી ઘટના

૬૦–૭૦ વર્ષ પહેલાની આ બનેલી સત્ય ઘટના છે. પંજાબમાં સરસા નામનું એક ગામ છે ત્યાં પ્રતાપચંદજી નામના એક યતિ રહેતા હતા તેઓ જ્યોતિષ વિદ્યાના સારા જાણકાર હતા, એક વખત કારણસર બાજુના ગામમાં તેમને જવાનું થયું, વચમાં એક ઠાકોરનું ગામ આવે છે ત્યાં તેઓ ગયા. આ ઠાકોરે જ્યોતિષીના કહેવાથી ખૂબજ અનાજનો સંગ્રહ કર્યો હતો, કારણ કે જ્યોતિષીએ કહ્યું હતુ કે આ વર્ષે ભયંકર દુકાળ પડવાનો છે. આ યતિશ્રી એજ ઠાકોરની સભામાં હાજર થયા, કેમકે ઠાકોર સાહેબને આ યતિશ્રીનો સારો પરિચય હતો જેથી તેઓ સભામાં પ્રવેશ કરતાં જ ઠાકોર સાહેબે તેમનો સત્કાર કર્યો. થોડીવાર તેઓ ત્યાં બેઠા. પરસ્પર કુશળ સમાચાર પૂછવામાં આવ્યા. થોડીવાર પછી યતિશ્રી જવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે ઠાકોરે કહ્યું, યતિશ્રી !

ઉતાવળ કરીને શા માટે જાવ છો? આજે અહીંઆ રોકાઈ જાવ, ત્યારે યતિશ્રીએ જણાવ્યું કે રાજન્! આગળના ગામે જઇને આજે જ મારે પાછા ફરવું છે.

ઠાકોરે કહ્યું યતિજી! એટલી શી ઉતાવળ છે? ત્યારે યતિશ્રીએ કહ્યું કે મહારાજ! રસ્તામાં નદી આવે છે અને આવતી કાલે મુશળધાર વરસાદ પડશે અને નદીમાં પૂર આવી જશે જેથી જલ્દી પાછા ફરી નહિ શકાય માટે ઉતાવળ કરું છું. પાછા વળતી વખતે જરૂર એક દિવસ અહીં રોકાઇ જઈશ. યતિશ્રીની વાત સાંભળી ઠાકોર સાહેબ હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે મહારાજ! આ વર્ષે તો ભયંકર દુકાળ પડવાનો છે દુકાળ, પાણીનું એક ટીપું પણ નહિ પડે, ત્યારે યતિશ્રીએ કહ્યું ઠાકોર સાહેબ! આમાં આપની ભૂલ થાય છે. આ વર્ષે તો ભારે વરસાદ પડવાનો છે, ત્યારે ઠાકોરે કહ્યું કે સારી વાત. પાછા ફરતા પધારજો અને એક દિવસ રોકાશો એટલે બધી ખબર પડી જશે. યતિશ્રીએ કહ્યું, જરૂર હું અહીં આવીશ અને રોકાઇશ. યતિશ્રી પોતાનું કાર્ય કરી ગામડેથી પાછા ફર્યા અને ઠાકોરને ત્યાં રાત રોકાયા, રાત ઠાકોરને ત્યાંજ પસાર કરી, બીજે દિવસે સવાર થતાં જ વરસાદની શરૂઆત થઇ અને એવો તો મુશળધાર વરસાદ વરસ્યો કે નદીમાં પૂર આવી ચઢયા, આથી ઠાકોરને ભારે ચમત્કાર થયો. જ્યારે યતિશ્રી સભામાં આવ્યા ત્યારે ઠાકોર ઉભા થઈ ગયા. અને ભરસભામાં યતિશ્રીના વખાણ કર્યા કે યતિશ્રીનું જ્યોતિષનું જ્ઞાન અદ્‌ભુત છે. ઠાકોરે યતિશ્રીને જણાવ્યું કે મહારાજ! અમારા ગામના નામચીન જ્યોતિષીઓએ જણાવ્યું

હતું કે આ વર્ષે દુકાળ છે, પાણીનું એક ટીપું પણ નહિ પડે, જેથી મેં અનાજનો ખૂબ સંગ્રહ કર્યો અને પંડિતો તો જ્યોતિષના સારા જાણકાર અને વિશ્વાસુ છે, કદી તેમનું વચન મિથ્યા થતું નથી અને આ વખતે આમ કેમ બન્યું?

ઠાકોર સાહેબની વાત સાંભળી યતિશ્રીએ જવાબ વાળ્યો કે—ઠાકોર સાહેબ! પંડિતો જ્યોતિષના સારા જાણકાર હશે! એ હકીકત છે. પરંતુ જ્યોતિષનું જ્ઞાન એટલું બધું સૂક્ષ્મ છે કે ન પૂછો વાત.

જ્યોતિષમાં એક બારીક વસ્તુ એવા પ્રકારની હોય છે કે-તેની આ જ્યોતિષીઓને ખબર નથી. જ્યોતિષીઓએ વર્તમાન ગ્રહ, સંસ્થા, લગ્ન વિગેરે જોઇને દુકાળ પડશે એમ જણાવ્યું. એ તેમનું કથન બરાબર છે પણ એક એવો સુંદર યોગ આ કુંડળીમાં થાય છે અને તે એટલો બધો બળવાન છે કે બીજા બધાને તે નિર્બળ બનાવી મૂકે છે. આ યોગના બળે દુકાળને બદલે સુકાળ થાય છે.

યતિશ્રીની ઝીણવટભરી અને વિદ્વતાભરી વાત સાંભળી બધાય પંડિતો આશ્ચર્યમુગ્ધ બની ગયા અને સૌ ખૂબ ખુશ થઇ ગયા. ઠાકોર પણ રાજી થયા અને સૌએ યતિશ્રીનો ખૂબ સત્કાર કર્યો.

આ વૃત્તાંત ઉપરથી એમ સમજી શકાય છે કે-વરસાદ આવવાની કોઇ નિશાની નહોતી. તેના કોઈ કારણો જણાતા નહોતા છતાં યતિ મહારાજે આ વાત જ્યોતિષ વિદ્યા દ્વારા

જાણી લીધી અને તે વાત સાચી પડી. એટલે જે વિદ્યમાન વસ્તુ નથી તે જ્યોતિષના જ્ઞાન દ્વારા પણ જાણી શકાય છે. તો કેવળજ્ઞાની–પૂર્ણ જ્ઞાનવાળા તીર્થંકર દેવો વિ. વસ્તુ વિદ્યમાન ન હોવા છતાં કેમ ન જાણી શકે! અરે અવધિજ્ઞાન ધરાવનારા દેવો પણ અવધિજ્ઞાન દ્વારા લાંબા કાળ સુધીની ભૂત–ભવિષ્યની વાત જાણી શકે છે.

આજે જે વસ્તુ વિદ્યમાન નથી, જેના સાધનો નથી, જાણવાના કોઇ ચિન્હો કે નિશાની નથી તેવી અતીન્દ્રય વસ્તુ પણ, ભવિષ્યમાં થનારી વસ્તુ પણ દેવતાઓ અવધિજ્ઞાન દ્વારા જાણી શકે છે, જોઇ શકે છે અને કહી શકે છે, તો પછી કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંત ત્રણકાળની વાત કહી શકે એમાં શી નવાઇ!

એનો સાર એ થયો કે કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંતો ત્રણેય કાળનું અને ત્રણેય લોકનું અને પળે પળે પલટાતા તમામ ભાવોનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે.

આપણો મૂળ વિષય શ્રદ્ધાનો છે, શ્રી જીનેશ્વર ભગવંતના વચન ઉપરનો વિશ્વાસ આત્માને માટે અત્યંત ઉપયોગી છે. જીનેશ્વર ભગવંતના વચન ઉપર જેટલો વધારે વિશ્વાસ તેટલી જ શ્રદ્ધા દૃઢ બને અને તેથી ધર્મની આરાધના સુંદર થાય માટે આપણે શ્રદ્ધાને ખૂબ જ દૃઢ બનાવવાની જરૂર છે. કારણ કે દૃઢ શ્રદ્ધા અને આસ્થાપૂર્વક ભાવથી કરેલી આરાધના મહાન

ફળ આપે છે અને અંતે આત્માને અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે.

આ વિષય પર આરામશોભાનું વર્ણન ચાલી રહ્યું છે.

## આરામશોભાની કથા

આરામશોભાના વર્ણનમાં આરામશોભાનો પિતા આરામશોભાની ઓરમાન માતાએ આપેલા લાડવાના ચરુને રાજાની પાસે લઈ જાય છે અને રાજાને ભેટ ધરે છે.

આરામશોભાની વિનંતિથી રાજા ચરુનું ઢાંકણું ઉઘાડે છે. ઉઘાડતાની સાથે જ લાડવાની ખૂબ ખુશબો ચોમેર પ્રસરી જાય છે. આ સુવાસે રાજા અને રાણીના દીલ આકર્ષ્યાં

વાંચકોને ખબર હશે કે-આરામશોભાની ઓરમાન માતાએ તો લાડવામાં ઝેર ભેળવ્યું છે, પરંતુ બનાવ એમ બન્યો કે આરામશોભાના પિતા લાડવાના ચરુને લઈને આ તરફ આવી રહ્યા હતા, તે વખતે રસ્તામાં એક ઝાડ નીચે તેમણે થોડીવાર આરામ લીધો હતો અને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ હતી. તે વખતે આરામશોભાનો સહાયક નાગ-કુમાર જાતિનો દેવ ત્યાં ક્રીડા કરવા આવ્યો હતો, આ ચરુ અને બ્રાહ્મણને જોઈને અવધિજ્ઞાનથી એ દેવે ઉપયોગ મૂકી બધી હકીકત જાણી લીધી.

ઓરમાન માતાની દુષ્ટ ભાવના, બ્રાહ્મણનું અજાણપણું આરામશોભાને મારી નાંખવા લાડવામાં નાંખેલું ઝેર આ

બધી વાત દેવે અવધિજ્ઞાનથી જાણી લીધી અને દેવને એ દુષ્ટ ઓરમાન માતા ઉપર ખૂબ રોષ ચઢયો, તેની ખબર લેવાની ઇચ્છા થઈ પણ આરામશોભાને દુઃખ થશે એમ સમજી વાતને જતી કરી, પણ તત્ક્ષણ લાડવામાંથી ઝેરને હરી લીધુ અને તેમાં અમૃત સિંચ્યું જેથી લાડવા સુગંધીદાર અને ખૂબ સ્વાદિષ્ટ બની ગયા. એટલે લાડવામાં જે સુવાસ હતી તે દૈવી સુવાસ હતી જેથી સૌ કોઇ આકર્ષાય અને સૌની ખાવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે.

રાજા અને રાણી બન્ને જણા ખૂબ પ્રેમથી લાડવા આરોગે છે અને ખૂબ જ પ્રસન્ન થાય છે અને બ્રાહ્મણને ઠીક ઠીક ઇનામ આપી વિદાય આપે છે.

આરામશોભા દ્વારા અન્ય રાણીઓને પણ લાડવા મોકલવામાં આવ્યા. બધી રાણીઓ પણ સ્વાદિષ્ટ લાડવા આરોગી સંતુષ્ટ થઇ અને આરામશોભાના મા-બાપની ખૂબ ખૂબ પ્રશંસા કરવા લાગી.

આરામશોભાના પિતા પ્રફુલ્લવદને પુષ્કળ પારિતોષિક મેળવી પોતાના ગામ તરફ પાછા ફર્યા અને પત્નીને સઘળી ય વીતકકથા કહી સંભળાવી. શું બધાએ લાડવા ખાધા ? એમ પત્નીએ પ્રશ્ન કર્યો. જવાબમાં એના પતિએ કહ્યું-અરે લાડવા ખાઇને તો બધા ખૂબ ખૂબ ખુશ થઇ ગયા.

આ વાત સાંભળતા એના પેટમાં ફાળ પડી. એ તો અંદરની અંદર બળી ગઇ. આ શું મેં તો ઝેર નાખ્યું હતું અને બધાએ આનંદથી ખાધા છતાં કોઈને કંઈ જ ન થયું!

ભલે હવે બીજીવાર જોરદાર અસરકારક ઝેર ભેળવી બીજી વસ્તુ તૈયાર કરી આપું કે જેથી ઝટ ફેંસલો થઇ જાય.

આરામશોભાની ઓરમાન માતાએ ઉપરથી તો ખૂશી બતાવી. કપટી માણસો પોતાના કપટને જાહેર થવા દેતા નથી અને મલિનવૃત્તિને છોડતા નથી.

આ કપટ, દંભ અને મલીન ભાવનાનું ખરાબ પરિણામ જ્યારે ભવિષ્યમાં ભોગવવું પડશે ત્યારે ઓ બાપ રે પોકારતા અને હાયવોય કરતા પણ પાર નહિ આવે. તે વખતે ખબર પડશે કે અમારા જ કરેલા દુષ્કૃત્યોનું આ કારમું ફળ છે અને અમારે જ ભોગવવાનું છે. કોઇ બીજો ભોગવવા આવવાનો નથી. આત્માને જો દુઃખ પસંદ ન હોય તો આવા દુષ્કૃત્યોથી સદંતર દૂર રહેવું જોઇએ અને સુંદર આરાધના કરી જીવન સફળ કરવું જોઇએ.

આરામશોભાની ઓરમાન માતા આરામશોભાને મારી નાંખવા મનોમન પેંતરો રચી રહી છે અને વિવિધ યોજના ઘડી રહી છે.

હવે તે થોડા મહીનાઓ પછી આરામશોભાનું મૂળથી કાસળ કાઢવા કઇ વસ્તુ મોકલે છે અને કેવા કાવાદાવા કરે છે, એ વિષયનું આગળનું વર્ણન તેમજ ઓરમાન માતાની ક્રૂરતાના કારણે આરામશોભાનું શું થાય છે, પુણ્યનો કેવો અપૂર્વ પ્રભાવ છે અને ધર્મ કેવી રીતે રક્ષણ કરે છે અને ધર્મની આરાધના શું કામ કરે છે, વિગેરે અગ્રે વર્તમાન.

## વ્યાખ્યાન નવમું

ધમ્મો મંગલની પ્રથમ ગાથા ઉપર 'ધર્મનું સ્વરુપ' એ વિષય ચાલી રહ્યો છે અને તેમાં ય સમ્યગ્દર્શનના મહિમાનો વિષય ચાલી રહ્યો છે. ગત વ્યાખ્યાનોમાં આ વિષય પર આપણે થોડીઘણી ચર્ચા-વિચારણા કરી. હવે એ જ વિષય આગળ ચાલે છે. જે આત્મા સમ્યગ્દર્શન પામે છે, તે અવશ્ય મુક્તિ પામે છે અને તે પણ અડધા પુદ્ગલ પરાવર્તનની અંદર. એ આત્મા મુક્તિએ જવાનો એ વાત નિશ્ચિત છે.

પુદ્ગલ પરાવર્ત એટલે શું ?

પુદ્ગલ પરાવર્ત એટલે શું ? એમ સ્હેજે આપણને જિજ્ઞાસા થાય! તે માટે નવતત્વની નિમ્ન ગાથામાં કહ્યું છે કે—

"उस्सप्पीणी अणंता पुग्गल परिअट्टो मुणेयव्वो ॥"

એક પુદ્ગલ પરાવર્તની અંદર અનંતી ઉત્સર્પિણી અને અનંતી અવસર્પિણી પસાર થાય છે.

મતલબ એક પુદ્ગલ પરાવર્ત કાળમાં જીવ અનંતા જન્મ મરણો કરે છે, એવા અનંતા પુદ્ગલ પરાવર્ત ભૂતકાળમાં આ આત્માએ કર્યા છે અને તેથી અનંતગુણા કરવાના બાકી રહે છે.

પણ આ આત્મા જ્યારથી સમકિત પામે છે ત્યારથી જ તેનો દીર્ઘ સંસાર કપાઈ જાય છે. અનંતા જન્મ અને મરણ કપાઇ જાય છે. ફક્ત અડધો પુદ્ગલ પરાવર્ત કાળ સંસારમાં પરિભ્રમણ કરવાનો બાકી રહે છે. મતલબ સાગર જેટલા ભવો હતા, પણ આત્મા સમકિત પામ્યો એટલે એનો બિન્દુ જેટલો જ સંસાર બાકી રહ્યો.

એટલે સમકિતની બલિહારી છે, સમકિત પ્રાપ્ત કર્યા પછી કર્મની જોરદાર સ્થિતિનો પણ તેને બંધ થતો નથી અને સમકિત દૃષ્ટિ આત્મા દેવ અને મનુષ્ય ગતિ સિવાય બીજી કોઇ ગતિમાં જતો નથી. દેવ હોય તો તે મરીને મનુષ્ય થાય અને મનુષ્ય હોય તો તે મરીને દેવ થાય, સમકિત દૃષ્ટિ ક્યારે ય સમ્યક્ત્વદશામાં નારકી યા તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થતો નથી.

સમકિત દૃષ્ટિ આત્મા નિર્ધ્વંસ પરિણામથી પાપ કરતો નથી, પાપ કરતા તે અચકાય છે કરવું પડે માટે કરે છે અને તે પણ કંપાતા હૃદયે, દુભાતા દીલે, પણ ક્યારે ય તે રાચીમાચીને પાપ કરતો નથી.

સમકિત દૃષ્ટિની અનેક વિશિષ્ઠતાઓ છે. એટલે સમ્યગ્દર્શનનો લાભ એ આ સંસારમાં મહાન લાભ છે. ચિંતામણી કલ્પવૃક્ષ અને કામધેનુ કરતા સમકિત રત્નની કિંમત કઈ ગુણી છે.

સમકિત પ્રાપ્ત થાય તો સમજી લો અમે અપૂર્વ કમાણી કરી. આવી કમાણી ક્યારે ય કરી નહોતી. આ કમાણી કર્યા

પછી આત્માને અનહદ આનંદ થાય છે કે મેં મહાન વસ્તુ પ્રાપ્ત કરી.

સમ્યગ્દર્શન એટલે પોતાના યાને આત્માના ગુણનો વિકાસ અને મહાન અવગુણનો નાશ, જૈન શાસનમાં સમ્યગ્દર્શનનો મહાન મહિમા છે. લઘુકર્મી આત્મા જ એના મહિમાને જાણી શકે છે. સમકિત વિહુણી ધર્મક્રિયાઓ એ દ્રવ્ય ક્રિયામાં ગણાય છે અને સમકિત પ્રાપ્ત થયા પછી કરેલી આરાધના ભાવ-ક્રિયામાં ગણાય છે. દ્રવ્યક્રિયામાં અને ભાવક્રિયામાં આસમાન પાતાળ જેટલું અંતર હોય છે.

સમકિત દષ્ટિ આત્મા કર્મોને ચેલેન્જ આપે છે કે તમારે મને જેટલો દુઃખી કરવો હોય તેટલો કરી લો, અત્યારે મારામાં સમજ છે, જ્ઞાન છે, અજ્ઞાન અવસ્થામાં મેં ઘણા ય દુઃખો સહ્યા પણ એટલો લાભ ન થયો. અડધા પુદ્ગલથી વધારે કાળ દુઃખી કરવાની તમારી તાકાત નથી, પછી તો હું રાજાનો પણ રાજા છું, અરે પરમાત્મા છું, પછી તમારૂં કંઇ નહિ ચાલે.

સમકિત પામેલા આત્માને ઘણી ખુશી થાય છે કે અનાદિ કાળથી આ સંસારમાં રખડી રહ્યો હતો, જન્મ મરણની ચક્કીમાં પીસાઇ રહ્યો હતો. અનંતા ભવો મારા એળે ગયા, હાથ કંઇ ન આવ્યું. મારો આ ભવ સફળ થયો કારણ કે મને સમ-કિતની પ્રાપ્તિ થઇ, જેથી બધું જ મને મળી ગયું.

સમકિત દષ્ટિ આત્માના દીલમાં અહર્નિશ એ જ ભાવો રમ્યા કરે કે કેમ હું વધારે આરાધના કરું ! અને વિરાધનાથી બચું ! આરાધના ન થાય અથવા એમાં કસર પડે તો તેને દુઃખ થાય અને વિરાધનાથી તો તે સદંતર દૂર રહે.

## સૂર્યાભદેવ

શ્રી રાયપસેણી સૂત્રમાં સૂર્યાભદેવનું વર્ણન આવે છે. સૂર્યાભદેવ પૂર્વજન્મમાં પરદેશી રાજા હતો. તે નાસ્તિક શિરોમણી ઘણો હિંસક અને ક્રૂર હતો, પણ એના સદ્‌ભાગ્યે શ્રી કેશી ગણધર ભગવંતનો સમાગમ થયો અને એમના સમાગમમાં આવતા આત્માના વિષયમાં અનેક પ્રશ્નોત્તરો થયા, તેના દીલનું સમાધાન થયું. તે નાસ્તિક મટી આસ્તિક બન્યો, અરે વ્રતધારી બન્યો અને કયારે હું આ સંસારને છોડી સંયમના માર્ગે સંચરીશ એ ભાવના ભાવવા લાગ્યો. દીક્ષા લેવા તૈયાર થતા તેની સૂરીકાંતા રાણીએ તેમને મારી નાંખવા ભોજનમાં વિષ આપ્યું છતાં ય વિષ આપનાર સૂરીકાંતા રાણી પર જેને જરાય રોષ ન ચઢયો અને શુભભાવનાએ કાળ કરી પહેલા દેવલોકમાં સૂર્યાભ વિમાનનો માલીક સૂર્યાભ નામનો મહર્ધિક દેવ થાય છે. એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી આમલકલ્પા નગરીની બહાર પધાર્યા છે. તે વખતે સૂર્યાભદેવ મહાન વિમાનમાં બેસી ઠાઠમાઠથી વિશાળ પરિવાર સાથે ભગવાનને વંદન કરવા આવે છે, વિમાનમાંથી નીચે ઉતરીને પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપે છે અને ભાવપૂર્વક વંદન કરે છે, નમસ્કાર કરે છે, ત્યારબાદ તે સૂર્યાભદેવ પ્રભુજીને પ્રશ્ન પૂછે છે કે-પ્રભો ! હું આરાધક છું કે વિરાધક ? પરમાત્માએ જવાબ આપ્યો કે તું આરાધક છે,

સૂર્યાભદેવે બીજો પ્રશ્ન કર્યો કે પ્રભો ! હું આસન્નભવી છું કે દુર્ભવી છું ?

પરમાત્માએ જવાબ આપ્યો કે તું આસન્નભવી છે.

શ્રીમુખેથી આ જવાબ સાંભળી સૂર્યાભદેવને અત્યંત ખુશી થઈ.

આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે સમકિત દૃષ્ટિ આત્મા આરાધકપણાને ચાહે છે અને વિરાધકપણાથી ખૂબ દૂર રહેવા માંગે છે. સમકિત દૃષ્ટિ આત્માને આરાધક ભાવ જોઇએ પણ વિરાધકભાવ નહિ, વિરાધકભાવ પેદા કરનાર સોબતથી પણ તે દૂર રહે છે. માટે જ શાસ્ત્રકારો કલ્યાણ મિત્રનો સંગ કરવાનું ફરમાવે છે, પણ પાપ મિત્રનો નહિ. પાપ મિત્રથી તો સદાય અળગા રહેવાનું છે.

**कल्याण मित्र संसर्गः पापमित्र विवर्जनम् ।**
**कुरु पुण्यमहोरात्रम् स्मर नित्यमनित्यता ॥**

મતલબ કલ્યાણમિત્રની સોબત કરવી, પાપમિત્રોનો ત્યાગ કરવો, પાપમિત્ર એટલે આત્માને અવળે માર્ગે લઈ જનાર, હંમેશાં ધર્મની આરાધના કરવી અને અનિત્યતાનું સ્મરણ કરવું.

અહીંઆ આપણે એ સમજાવી રહ્યા છીએ કે સમકિત દૃષ્ટિ આત્મા આરાધક થવા ઇચ્છે છે, પણ વિરાધક થવા નહિ, વિરાધનાથી તો તે સદંતર દૂર રહેવા માગે છે. કારણ કે એ સમજે છે કે આ માનવજીવનમાં મહામુશીબતે આરાધના કરવાની સુંદર તક સાંપડી છે છતાં પ્રમાદ–આળસ અને વિષય કષાયને વિવશ બની હું જોઇએ તેટલી આરાધના કરી શકતો નથી. જ્યાં આરાધના જ અલ્પ થાય છે ત્યાં વળી વિરાધના કરીને જીવન બરબાદ શા માટે કરવું! વિરાધના થઇ જાય

તો એનું હૈયું કંપી ઉઠે, ડંખે, કે મેં આ શું કર્યું! આ તો ખોટનો ધંધો છે. કમાણીના અવસરે કોણ એવો મૂર્ખ હોય કે ખોટનો ધંધો કરી મેળવેલી લક્ષ્મી બરબાદ કરે, મતલબ કે થોડી આરાધના કરી પુણ્ય ભેગું કર્યું અને પછી ફરી વિરાધના એટલે બધું જ ખોઇ નાંખવું એ તો મૂર્ખાઇનું કામ છે.

સમ્યગ્દર્શનની એ એક મહાન ખૂબી છે કે–સમકિત ભલે ક્ષણવાર આવીને પાછું ચાલ્યું જાય, જરાક સ્પર્શી જાય, ભલે જરાકવાર રહે પણ એકવાર જો ક્ષણ પણ સમકિતનો સ્પર્શ થઇ ગયો તો સમજી લેજો કે આપણો અપરિમિત સંસાર કપાઇ ગયો, અનંત પુદ્ગલ પરાવર્તની રખડપટ્ટી કપાઇ ગઇ. ફક્ત અડધા પુદ્ગલ પરાવર્તની અંદર એ આત્માને અવશ્ય મોક્ષમાં લઇ જશે એમાં મીનમેખ નહિ એ હકીકત છે.

સમકિત દૃષ્ટિ આત્માને સમ્યક્ત્વના ભાવમાં વર્તતા કર્મોનો બંધ પણ દીર્ઘ યાને લાંબી સ્થિતિનો પડતો નથી, કારણ કે એના પરિણામ નિર્ઘૃણ અને નિદ્ધ્વંસ હોતા નથી. એ પાપ કરે છે, પણ કંપતા હૃદયે, કરવું પડે છે માટે કરે છે. તે રસ-પૂર્વક કરતો નથી. માટે કર્મની સ્થિતિ ઓછી બંધાય છે. મતલબ એ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતો નથી. વંદિત્તા સૂત્રની ગાથા એ જ વાતને રજુ કરે છે—

सम्मद्दिट्ठी जीवो, जइ वि हु पावं समायरे किं चि ।
अप्पोसीय होइ बंधो, जेण न निद्धंधसं कुणई ॥

સમકિત આવ્યા પછી વિચારોનું ભારે પરિવર્તન થાય છે.

ભાવ જ બદલાઇ જાય છે અને આત્મા અંતરની શુદ્ધિ તરફ આગળ વધે છે, આજ સુધી આત્મા બહિર્મુખ હતો, પણ સમકિત પ્રાપ્ત થતાં તે અંતર્મુખ બને છે.

ભગવતીજી સૂત્રનું એ કથન છે કે–

સમ્યગ્દષ્ટિ આત્માની જઘન્ય આરાધના પણ સાત આઠ જન્મમાં જીવને મુક્તિએ લઇ જાય છે.

માટે વિરાધકભાવ ટાળીને સતત આરાધકભાવમાં રહેવાની ખૂબ કોશીશ કરવી. કારણ કે સમકિત એ આત્માનો ગુણ છે, આત્માનું સાચું ધન છે, સ્વગુણને ટકાવવા માટે આત્માએ અહર્નિશ પ્રયત્નશીલ રહેવાની જરૂર છે. સમકિત આવ્યા પછી આત્માના સંસ્કારો સુધરી જાય છે અને એ સંસ્કારો જન્માન્તરમાં પણ નિમિત્ત મળતા જાગૃત થાય છે, એ સંસ્કારો મૂળથી ભૂસાતા નથી. અવસર આવે એ જરૂર પ્રગટ થાય છે અને આત્માને ખૂબ ઉંચે ચઢાવે છે અને પરંપરાએ એ સંસ્કારો છેક મુક્તિ સુધી નિમિત્ત બને છે. જેમકે એક વ્યક્તિને આપણે વર્ષો પૂર્વે જોઇ હતી. વર્ષો પછી તેનો પુનઃ ભેટો થતાં આપણે બોલી ઉઠીએ છીએ કે–ભાઈ મેં તમને કયાંક જોયા છે. પછી સ્હેજ વધારે વિચારવમળમાં ચઢતા આપણને ખ્યાલ આવે છે કે હા, તમને અમુક ગામમાં અમુક સ્થળે મે જોયા હતા. આ સંસ્કારો આત્મામાં વર્ષો પૂર્વે પડયા હતા, વ્યક્તિનું નિમિત્ત મળતા તરત તે જાગૃત થયા. તેવી જ રીતે સમકિતના પણ આત્મામાં સંસ્કારો પડે છે અને નિમિત્ત મળતા તે અવસરે જાગૃત થાય છે અને તે આત્માને સન્માર્ગે

જોડવામાં સહાયભૂત નીવડે છે. માટે આ માનવ ભવમાં સમકિત વગેરે સદ્દગુણોના સુંદર સંસ્કારો આત્મામાં પડે તેની ખૂબ કાળજી રાખવાની છે. કારણ કે આ સંસારમાં દુર્લભમાં દુર્લભ જો કોઈ વસ્તુ હોય તો તે સમ્યગ્દર્શન છે.

શ્રી ઋષભદેવ ભગવાનના આત્માને ધન્ના સાર્થવાહના ભવમાં શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજના સમાગમમાં આવતા અવસરે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ અને સુંદર સંસ્કારો પડયા તેના પરિણામે તેઓ ૧૩ મા ભવે આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન થયા અને આપણા પરમ ઉપકારી બન્યા.

આ પ્રમાણે એક જન્મમાં પડેલા સંસ્કારો ભવાંતરમાં આત્માને અત્યંત ઉપયોગી થાય છે અને અવશ્ય મુક્તિગામી બનાવે છે એ હકીકત છે. માટે આપણા આત્માને દેવ-ગુરુની સોબતથી ધર્મના સંસ્કારોવાળો બનાવવો એ આપણી મુખ્ય ફરજ છે. સમકિત દૃષ્ટિ આત્મા સંસારના જન્મ-મરણ રોગ શોક આદિ દુઃખોથી અતિ અલ્પ સમયમાં જ મુક્ત થવાનો અને એક દિવસ એવો આવશે કે તે સદાના માટે દુઃખમુક્ત બની શાશ્વત અને અનંત સુખોનો ભોક્તા બનવાનો.

કોઇ ગરીબ માણસને નિધાન મળી જાય તો તે જેમ તેની ખૂમારીમાં મસ્ત રહે છે તેમ સમકિત દૃષ્ટિ આત્મા પણ સમકિતની ખૂમારીથાં સદાય મસ્ત રહે છે. સમકિત દૃષ્ટિ આત્મા કયારે પણ સિદ્ધાંત વિરૂદ્ધ જીનેશ્વર ભગવંતના વચન વિરૂદ્ધ એક પણ શબ્દ કે અક્ષર ઉચ્ચારતો નથી, કોઇ વિરૂદ્ધ બોલતો હોય તો તે તેને રૂચે નહિ, વિરૂદ્ધ બોલનારની

સોબતથી સદા તે દૂર રહે, કારણ કે તે સમજે છે કે મિથ્યાદૃષ્ટિ, ઉત્સૂત્ર ભાષી યા કહેવાતા સુધારક વ્યક્તિના સમાગમમાં આવવાથી મારા સમકિતને મલીન થતાં વાર નહિ લાગે. અરે સિદ્ધાંત વિરૂદ્ધ બોલનારના દર્શનમાં પણ તે પાપ માને અને એની વાત પણ ન સાંભળે.

સમકિતદૃષ્ટિ આત્મા મિથ્યાદૃષ્ટિ, ઉત્સૂત્ર ભાષી યા આજના કહેવાતા સુધારકના લખેલા લેખો, યા તેના પુસ્તકો વાંચવા તૈયાર ન થાય એટલું જ નહિ પણ તેનું પુસ્તક હાથમાં પણ ન લે, કારણ કે સમકિત એ મહાન કિંમતી રત્ન છે. એ આપણી ગફલતના કારણે યા બૂરી સંગતના કારણે યા મિથ્યાદૃષ્ટિના પરિચયમાં લૂંટાઇ ન જાય, ખોવાઇ ન જાય તેનું તે પૂરતું ધ્યાન છે અને રાખે એનું જતન કરે છે. એની સાવધાનીપૂર્વક તેનું રક્ષણ કરે છે. સમકિતદૃષ્ટિ આત્મા કયારે પણ મિથ્યાદૃષ્ટિની, કે ઉત્સૂત્ર ભાષીની સ્તુતિ પ્રશંસા કરવા તૈયાર ન થાય કારણ કે તેમની પ્રશંસા યા વખાણ કરવામાં પણ મિથ્યાત્વની પુષ્ટિ થાય છે અને સમકિત મલીન બને છે.

જેવું તેવું ભોજન પેટમાં પધરાવવાથી જેમ પેટ બગડે છે, તેમ જેનું તેનું, જ્યાં ત્યાં, જ્યારે ત્યારે સાંભળવાથી આત્મા બગડે છે. પેટ બગડે તે તો ઔષધોપચારથી સારૂં થઇ જાય, પણ જો આત્મા બગડે યા સમ્યક્ત્વ મલીન બને તો તેને શુદ્ધ થતાં વાર લાગે છે.

જે લોકો નિયમિત શ્રી જીનેશ્વર ભગવંતની વાણી શ્રવણ કરતા નથી, અને મહાવ્રતધારી સાધુ મહાત્માઓના સમા-

ગમમાં આવતા નથી અને એરગેર લોકોના લૌકિક ભાષણો શ્રવણ કરવા દોડાદોડી કરે છે. તેઓ પોતાના સમકિતને વમી નાંખે છે અને મિથ્યાત્વના ચક્રે ચઢે છે. કેટલાક માનના ભૂખ્યા મહાનુભાવો આ લોકોની વાહવાહ ખાતર બધા ધર્મને સરખા માનવા-મનાવવાની બાલીશ ચેષ્ટા કરે છે. તેઓ પોતે પણ ઉન્માર્ગે જાય છે અને અન્યને અવળે માર્ગે ચઢાવે છે. પણ એમને ખબર નથી કે-સૂત્ર-સિદ્ધાંતથી એક વચન વિરૂદ્ધ બોલનાર જમાલિ પણ નિન્હવ ગણાયા, ખૂદ ભગવાન મહાવીરના આત્માએ "कविला इत्थंपि इहयंपि" ફક્ત આટલા વચનો શાસ્ત્ર વિરૂદ્ધ બોલવા માત્રથી એમનો પણ સંસાર વધી ગયો તો આપણા જેવા જ્યાં ત્યાં જ્યાને ત્યારે જેમ તેમ સમજ્યા વગર જજમેન્ટ આપતા રહીશું, અને સૂત્ર સિદ્ધાંત વિરૂદ્ધ બોલીશું તો આપણી શી દશા ! આપણો કેટલો સંસાર વધી જશે, અને કેવું પરિભ્રમણ કરવું પડશે. માટે બોલતા પહેલા વિચાર કરો કે હું શું બોલું છું. સૂત્ર સિદ્ધાંત વિરૂદ્ધ તો બોલતો નથી ને ! નહિતર મારી પણ અવદશા થશે.

સમકિતને ટકાવવા માટે, સ્થિર કરવા માટે, સાધુ મહાત્માઓના સમાગમમાં સતત આવવું જોઇએ. જિનવાણીનું અહર્નિશ પાન કરવું જોઇએ. સારા પુસ્તકોનું અવલોકન કરવું જોઇએ, અને ધ્યાનપૂર્વક વ્યાખ્યાનો શ્રવણ કરવા જોઇએ.

સત્સંગ એટલે સારા સાધુ મહાત્માઓના સમાગમના અભાવે અને મિથ્યાદષ્ટિ લોકોના વધુ પરિચયમાં આવવાથી આત્મા કેવી રીતે મિથ્યાદષ્ટિ બને છે અને કેવી રીતે શ્રદ્ધા-

ભ્રષ્ટ બને છે અને શ્રદ્ધા ભ્રષ્ટ બનતાં પરિણામે આત્મા દુર્ગતિનો મહેમાન બને છે તેના ઉપર નંદ મણિયારનું ઉદાહરણ પ્રસિદ્ધ છે.

## નંદ મણિયારનું દૃષ્ટાંત

શ્રી જ્ઞાતાસૂત્ર નામના છઠ્ઠા અંગમાં ૧૩ મા અધ્યયનમાં એ વર્ણન આવે છે કે રાજગૃહી નગરીમાં નંદ મણિયાર નામના એક ધનવાન શેઠ વસતા હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ઉપદેશને શ્રવણ કરી તે સમકિત દૃષ્ટિ શ્રાવક બને છે ભગવાન ત્યાંથી વિહાર કરી ગયા પછી સાધુ ભગવંતોના સમાગમના અભાવે, ઉપદેશ શ્રવણ અને પરિચયના અભાવે ધીરે ધીરે એની ધર્મની ભાવના ઓસરવા માંડે છે, સમકિત મલીન બને છે અને મિથ્યાત્વીનો પરિચય વધવા માંડે છે, તેથી તે મિથ્યા દૃષ્ટિ બને છે. ત્યાર બાદ તે નંદ મણિયાર રાજગૃહી નગરીની બ્હાર ઇશાન ખૂણામાં વૈભારગિરિની નજીકમાં એક સુંદર વાવ બંધાવે છે અને આ વાવ સાથે પોતાનું નામ જોડે છે. મતલબ નંદ વાવડીના નામે તે વાવ પ્રસિદ્ધિ પામે છે આ વાવ આલીશાન પત્થરની, ખૂબ મજબુત, દેખાવે સુંદર, શીતળ જળથી ભરેલી અને ચાર ખૂણા વાળી હતી, જેની પાછળ અઢળક પૈસાનો વ્યય કર્યો હતો, ઊંડે ઊંડે એમાં નામનાની કામના હતી, વાવને ચારે દિશામાં ચારે બાજુ સુંદર બાગ–બગીચાથી શોભાયમાન કરવામાં આવી હતી. તેમાં પૂર્વ દિશાના બગીચામાં એક ગોળ ચિત્રસભા કરાવવામાં આવી હતી અને એની અંદર સુંદર ચિત્રામણ કરવામાં આવ્યું હતું. પ્રેક્ષકો તેની શોભા નિહાળતા જ ડોલી ઉઠે એવી એ ચિત્રસભા

હતી. તે ચિત્રસભામાં જનતાને સુખેથી આરામ કરવા માટે, તેમજ બેસવા માટે જુદી જુદી જાતના આસનો, બેઠકો અને શયન કરવા માટે સુંદર શયનોની રચના કરવામાં આવી હતી, વળી એ ચિત્રસભામાં જાત જાતના નાટકો અને મનોરંજન કાર્યક્રમો ગોઠવાતા હતા. હજારો લોકો અહીં ભેગા થતાં હતા, અને ખૂબ મોજ માણતા હતા. આનંદ પ્રમોદમાં સમય ક્યાંય વ્યતીત થઈ જતો હતો. સુંદર વાવ, મનોહર બગીચા અને નાટક-ચેટક જોઈ જોઈ જન સમુહ ખૂબજ ખૂશી થતો હતો અને પુનઃ પુનઃ નંદ મણિયારની પ્રશંસા કરતો હતો. વાહ શેઠ વાહ! આ શબ્દો સાંભળતા નંદ મણિયારની છાતી ગજ ગજ ફુલાતી હતી. એના આનંદનો કોઈ અવધિ ન હોતો, એના હૃદયમાં અનેરો આનંદ ઉભરાતો હતો, તે માનતો હતો કે મારું જીવન સફળ અને મારા પૈસા વસુલ.

તેમજ તે નંદ મણિયારે દક્ષિણ દિશાના ભાગમાં એક ભવ્ય ભોજનશાળા બંધાવી હતી. જે મહાનસ શાળાના નામથી ઓળખાતી હતી, આ મહાનસ શાળામાં ઘણી વાર ભોજન સમારંભો ગોઠવાતા હતા, ૩૨ શાક અને ૩૩ પક્વાન્ન એમ ભાતભાતના અને જાતજાતના ભોજનો આરોગી જનતા હજાર મુખે નંદ મણિયારના વખાણ કરતી હતી. પ્રશંસાના શબ્દો નંદ મણિયારના કાનમાં પડતા એનું હૈયું હર્ષથી હિલોળે ચડતું હતું.

પશ્ચિમ દિશાના ભાગમાં એક વિશાળ ઔષધાલય જેને આપણે આજે દવાખાનું અને હોસ્પીટલના નામથી ઓળખીએ છીએ. એ ઔષધાલયમાં અગણિત દરદીઓ ઔષધ લેતા અને

શરીરનું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરતા હતા, લોકોને આ વસ્તુ ખૂબ આશ્વાસન રૂપ થઇ પડી, એટલે લોકો તો સહસ્ર મુખે નંદ મણિયારના ગુણ ગાન કરતા ધરાતા નહોતા, અને નંદ-મણિયારનો આનંદ કેમેય સમાતો નહોતો.

તેમજ ઉત્તર દિશાના ભાગમાં શેઠે એક આલીશાન અલંકાર સભા તૈયાર કરાવી હતી. ત્યાં અનેક માણસો આવતા હતા. હજામોની ગોઠવણ કરી હોવાથી લોકો હજામત કરાવી. ન્હાઇ, ધોઇ, શરીરને અલંકારોથી અલંકૃત કરતા હતા, શણગાર સજતા હતા. તેલ, અત્તર, સાબુ. કાંસ્કી અને દર્પણ-આરીસાઓ વિગેરે ચિત્તને આલ્હાદ આપે તેવા વિવિધ સાધનોની આ સભાની શોભા કંઇ ઓર હતી.

આ રીતે અઢળક ધન વ્યય કરી વિવિધ સગવડવાળી સુંદર વાવ નંદ મણિયારે બંધાવી હતી. આજુબાજુના ગ્રામ-નગર અને પુરવાસી જનોના ટોળેટોળા આ વાવની સુંદરતા નિહાળવા ભેગા થતા હતા. અને શેઠની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરતા હતા, આથી શેઠની કીર્તિપતાકા દૂર-સુદૂર સુધી પ્રસરી ચૂકી હતી.

એક વખત નંદ મણિયારના શરીરને અનેક રોગો ઘેરી વળ્યા. એ વ્યાધિ ગ્રસ્ત બન્યો. સોળ પ્રકારના ભયંકર જીવ લેણ રોગોએ એની કાયાને ફોલી ખાધી. શ્વાસ, ખાંસી, શૂળ, કાન અને આંખની તીવ્ર વેદના, તાવ-દાહ, ખસ, કોઢ આદિ સોળ સોળ રોગો એની કાયાને ઘેરી વળ્યા હતા. શેઠ ત્રાહી તોબા પોકારવા લાગ્યા, શેઠે પોતાના તમામ દાસ-નોકર-ચાકરને બોલાવ્યા અને એમને કહેવામાં આવ્યું કે-

જાવ જલ્દી જાવ. નગરના ખૂણે ખાંચરેથી મોટા મોટા વૈદ્યોને બોલાવી લાવો. હોંશિયાર વૈદ્યો એકઠા થયા ઔષધોપચાર કરવામાં આવ્યા. પાણીની માફક પૈસા ખરચતા પણ એક પણ રોગ મટ્યો નહિ. સેવામાં સૌ કોઇ હાજર હજૂર હતા, છતાં તેમાંનું કોઇ તેમને શાંતિ આપી શક્યું નહિ. સૌ ટગર ટગર જોતાં જ રહ્યા. નંદ મણિયારના દુઃખનો કોઇ પાર ન રહ્યો. ત્યારે શેઠે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે કોઇ પણ વૈદ્ય કે વૈદ્ય પુત્ર નંદ મણિયારના એક પણ રોગને મટાડશે, અથવા રોગનું શમન કરશે તેને નંદ મણિયાર ખૂબ ધનસંપત્તિ આપશે. વારંવાર આ રીતે નગરમાં ઢંઢેરો પીટાય છે.

આ ઢંઢેરો સાંભળીને ઘણા કુશળ વૈદ્યો અને વૈદ્ય પુત્રો પોતપોતાની દવાની સામગ્રી અને ઓપરેશન કરવા માટે શસ્ત્ર વગેરે લઇ, નંદ મણિયારના આંગણે આવી ચઢે છે. નંદ મણિયારનું શરીર તપાસે છે, રોગનું નિદાન કરે છે, વિવિધ ઔષધો આપે છે, શરીરે લેપ કરે છે. સ્નિગ્ધ વસ્તુઓનું પાન કરાવે છે, ઉલટી કરાવે છે. જુલાબ આપે છે, શેક કરે છે, પરસેવો કાઢે છે, બસ્તીકર્મ કરે છે. વિવિધ ઔષધોપચાર કરવામાં આવે છે, વૃક્ષના પાંદડાઓ, ફળો, કંદો, મૂળ, છાલ, વેલડી ફળ અને ફૂલ વિગેરે અનેકવિધ ઔષધિઓ આપવામાં આવે છે. બધાય વૈદ્યો ભેગા મળી સલાહ–સૂચન મુજબ વિવિધ ઔષધોપચાર કરવા છતાં નંદ મણિયારનો એક પણ રોગ ઓછો થતો નથી, એકેય રોગનું શમન થતું નથી, ત્યારે બધાય વૈદ્યો નિરાશ વદને ત્યાંથી પાછા ફરે છે. નંદ મણિયાર પણ ટગર ટગર જોતો જ રહ્યો, એ ભારે કલ્પાંત કરે છે,

ઓ બાપ રે મરી ગયો એમ બૂમ બરાડા પાડે છે. શેઠને પોતે બંધાવેલી વાવડી ઉપર અત્યંત મોહ અને આસક્તિ છે, મારી વાવડી મારી વાવડી એમ બોલે છે, એમ આર્તધ્યાનમાં ને આર્તધ્યાનમાં તેણે તિર્યંચગતિનું આયુષ્ય બાંધી લીધું અને પરિણામે પોતે બંધાવેલી વાવડીમાં દેડકા પણે તે ઉત્પન્ન થાય છે.

"અંતે મતિ સો ગતિ" અને "જેવી ગતિ તેવી મતિ" વાવડી પર આસક્તિના કારણે એ વાવડીમાં જ એ ઉત્પન્ન થયો. અને મહામૂલો માનવદેહ હારી ગયો. નંદ મણિયારનો જીવ આ દેડકો આ વાવડીમાં ચારે બાજુ ફરે છે, વાવને નિરખી નિરખી હરખે છે, આ વાવડીમાં જળ ભરવા માટે અનેક સ્ત્રીઓ આવે છે, ઘણા અહીં આવી સ્નાન કરે છે, અને પુનઃ પુનઃ નંદ મણિયારની પ્રશંસા કરે છે, કે શેઠે કેવી સરસ વાવ બંધાવી, જેની ચારે તરફ ઉદ્યાનો, દરેક વનખંડમા જુદી જુદી સભાઓ અને આનંદ પ્રમોદના અદ્યતન સાધનોથી ભરપૂર છે. આમ સૌ પ્રશંસા કરે છે. આ પ્રશંસાના શબ્દો નંદ મણિયારના જીવ એ દેડકાના કાને અથડાય છે અને એને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે, એ જાતિ સ્મરણ યાને પૂર્વ જન્મના જ્ઞાન દ્વારા એના જાણવામાં આવ્યું કે એ જ હું નંદ મણિયારનો જીવ, અને મેંજ આ વાવ બંધાવી છે, છેલ્લે મારા શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થયા, રોગોથી હું ખૂબ પીડા પામ્યો, કોઇ મારા એક પણ રોગને ન મટાડી શક્યું. આ વાવડીના મોહના કારણે આર્તધ્યાનથી હું દેડકા પણે ઉત્પન્ન થયો. હાય! હાય! મેં આ શું કર્યું! દેવ દુર્લભ એવો માનવ ભવ હું ભવ હારી ગયો. ભગવાન મહાવીરને ય ભૂલી ગયો,

તેમની પાસે મેં સમ્યકત્વ મૂળ બાર વ્રતો અંગીકાર કર્યા હતાં, છેવટે એમના સમાગમનો અભાવ થવાથી એમના ઉપદેશામૃતનું પાન હું ન કરી શકયો, અને મિથ્યાદષ્ટિના ગાઢ પરિચયથી હું ઉન્માર્ગગામી બન્યો. આજે મારી આ દશા! અરે હવે મારું શું થશે! હું કેવો પુણ્યહીન અને અભાગીયો છું. માનવભવમાં કેવી સુંદર અને સભર સામગ્રી પ્રાપ્ત થવા છતાં મેં એનો સદુપયોગ ન કર્યો અને ભવ હારી ગયો. થયું તે થયું હજી પણ જીનેશ્વર દેવના ધર્મની આરાધના કરી વ્રત અંગીકાર કરી જીવન સફળ કરું!

આ પ્રમાણે વિચાર કરી દેડકા બનેલા નંદ મણિયારના આત્માએ સમ્યકૂત્વ પૂર્વક મનથી વ્રતો અંગીકાર કર્યા, અને અભિગ્રહ ગ્રહણ કર્યો કે મારે જીવનભર છઠ્ઠના પારણે છઠ્ઠની તપશ્ચર્યા કરવી અને પારણામાં અચિત્ત આહાર પાણીનો ઉપયોગ કરવો. આ રીતે બરાબર તે નિયમનું પાલન કરે છે, છઠ છઠની તપશ્ચર્યા કરે છે અને પારણામાં અચિત્ત વસ્તુનો ઉપયોગ કરે છે, લોકોના સ્નાનથી અચિત્ત થયેલું પાણી વાપરે છે, અને આરાધનામાં તત્પર રહે છે, એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગ્રહી નગરીની બહાર પધાર્યા છે, પ્રભુની પધરામણીના સમાચાર કર્ણોપકર્ણ સમગ્ર નગરીમાં પ્રસરી જાય છે, ભકતવૃંદના ટોળે ટોળા પ્રભુના દર્શને ઉમટી રહ્યા છે. પ્રભુ મહાવીર પધાર્યા છે. ચલો, ચલો, દર્શને, અરે એમની દેશના શ્રવણ કરી જીવન પાવન કરીશું. આમ પરસ્પર વાતો કરતી જનતા પ્રભુ પાસે જઇ રહી છે.

તે વખતે વાવમાં સ્નાન કરવા આવેલા કેટલાક લોકોના

મુખથી નંદ મણિયારના જીવ દેડકાએ આ શબ્દો સાંભળ્યા. અને એની ખૂશીનો પાર ન રહ્યો, અને વિચારે છે કે, ધન્ય ઘડી ધન્ય દિવસ કે આજે અહીં પ્રભુજી પધાર્યા, હું પણ તેમના દર્શન કરી મારા આત્માનો ઉદ્ધાર કરું! તેમને જઇને વંદના કરી તેમની દેશના શ્રવણ કરું! અને મારું જીવન સફળ કરું! આ પ્રમાણે વિચાર કરી એ દેડકો ત્યાંથી પ્રભુ દર્શનાર્થે રવાના થાય છે, તેની તીવ્ર ભાવના અને તીવ્ર ઉત્કંઠા છે કે જલ્દી પ્રભુના દર્શન થાય, એટલે તે ઠેકડા મારતો દોડતો–દોડતો માર્ગ કાપી રહ્યો છે. રાજમાર્ગથી તે પસાર થાય છે, દીલમાં પ્રભુ દર્શનની તીવ્ર ઉત્કંઠા છે.

આ તરફ મહારાજા શ્રેણિક વિશાળ પરિવાર સાથે હાથી, ઘોડા, રથ અને પાયદળ આદિ ચતુરંગી સેના સાથે ઠાઠમાઠથી પ્રભુના દર્શને જઇ રહ્યા છે, પેલો દેડકો પણ આવી રહ્યો હતો, માર્ગમાં જ શ્રેણિક મહારાજાના ઘોડાના પગ નીચે એ દેડકું આવી ગયું. એ ચગદાઇ ગયું હતું. ધીરે ધીરે તે એક બાજુ ખસી ગયું. એને થયું કે મારા પ્રાણ નીકળવાની તૈયારીમાં છે એટલે એણે અંતિમ આરાધના કરવા માંડી, નમ્રવદને ભગવાનને ભાવથી વંદન કરે છે અને નમુત્થુણંના પાઠથી ભગવાનની સ્તુતિ કરે છે, અને ભગવાનનું ધ્યાન કરી બધી વસ્તુનો ત્યાગ કરે છે, ચારે આહારના પચ્ચખાણ લે છે, સર્વ વિરતિનો પાઠ ઉચ્ચરે છે, છેલ્લા શ્વાસે પણ તે શરીરને વોસિરાવી દે છે.

આ રીતે આરાધના અને અનશન કરીને તે દેડકો ત્યાંથી મૃત્યુ પામી પહેલા સૌધર્મ દેવલોકમાં દર્દુરાવતંસક નામના

વિમાનમાં વિમાનાધિપતિ દર્દુરાંક દેવ તરીકે ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં માનવભવ મેળવી ચારિત્ર અંગીકાર કરી, ઘાતિ અઘાતિ કર્મનો ક્ષય કરી મોક્ષે જશે. આ રીતે નંદ મણિયાર સમકિત પામ્યા પછી અને વ્રતધારી થયા પછી પણ સાધુ મહાત્માના સમાગમના અભાવે તેમજ ભગવાનની વાણી શ્રવણ કરવાના અભાવે અને મિથ્યાત્વીઓની સોબતમાં રહેવાથી, તે શ્રદ્ધા ગુમાવી બેઠો, અને મિથ્યાદષ્ટિ બની એણે પોતાનો ભવ બગાડી નાખ્યો.

આ ઉદાહરણ આપણને અનેરો બોધ અને પ્રેરણા આપે છે-કે જો આપણે સમકિતને ટકાવી રાખવું હોય અને ધર્મ ભાવનાને સ્થિર રાખવી હોય, જીવનને સાર્થક કરવું હોય અને સદ્ગતિ મેળવવી હોય તો હંમેશાં સાધુ મહારાજના સમાગમમાં રહેવું જોઇએ, અને સદા પરમાત્માની વાણી શ્રવણ કરવી જોઇએ.

આજે કેટલાક ભાવિકો શ્રી જીનેશ્વર દેવની ભક્તિ ઉપાસના કલાકોના કલાકો સુધી કરે છે પણ જીનવાણી શ્રવણ કરતા નથી, આ વસ્તુ બરાબર નથી, પૂજા પણ કરવી જોઇએ અને જીનવાણી તો અવશ્ય શ્રવણ કરવી જોઇએ, એમાંથી જ આપણને અવનવી પ્રેરણા મળે છે, નવું જ્ઞાન થાય છે, આપણી ભૂલો સુધરે છે, ત્યાગ વૈરાગ્યમાં આત્મા સ્થિર થાય છે, જેટલી વાર સાંભળીએ તેટલીવાર કર્મની નિર્જરા થાય છે, શ્રુત સામાયકનો લાભ થાય છે, સદ્ગુરુનાં દર્શન થાય છે, આપણા હૃદયમાં ઘર કરી ગયેલી શંકા કુશંકાનું સમાધાન થાય છે, શ્રદ્ધા દઢ બને છે, તત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે,

આપણી મુંઝવણો દૂર થાય છે, અને ચંચળ ચિત પણ વ્યાખ્યાન શ્રવણ કરતાં સ્થિર થઇ જાય છે. એટલે વ્યાખ્યાન શ્રવણ કરવામાં ઘણા ઘણા લાભો સમાયલા છે, માટે સમય મેળવીને બીજા કાર્યોને ગૌણ કરીને, વ્યાખ્યાન શ્રવણને મુખ્ય સમજીને તેનો લાભ ઉઠાવવો જરૂરી છે, અત્યંત આવશ્યક છે. આપણી અસર આપણા પરિવાર ઉપર પડે છે. બાળવર્ગ તો જેવું જુએ તેવું અનુકરણ કરે છે. એટલે પરિવારના હિતની ખાતર પણ આપણે વ્યાખ્યાન શ્રવણાદિ ધર્મના કાર્યો કરવામાં હંમેશા તત્પર રહેવું જોઇએ.

જેમ બીજાને ધર્મ પમાડવામાં લાભ સમાયલો છે તેમ બીજાઓને ધર્મમાં શિથિલ થવામાં નિમિત્ત બનનાર એટલો જ ગેરલાભ મેળવે છે. આ વાત શાણા અને સમજુ માણસોએ ખાસ વિચારવા જેવી છે. શ્રી જ્ઞાતાસૂત્ર નામના છઠ્ઠા અંગમાં ૧૩માં અધ્યયનની ટીકામાં નિમ્ન શ્લોક રજૂ કરવામાં આવ્યો છે.

संपन्नगुणोवि जओ सुसाहु संसग्गी विवज्जओ पावं ।
पावई गुणपरिहाणी, दद्दुर जीवोव्व मणियारो ॥

મતલબ-ગુણસંપન્ન ગુણવાન આત્મા પણ સુસાધુ મહારાજના સમાગમથી રહિત થાય તો પ્રાયઃ કરીને ગુણ પરિહાણીને પામે છે. નંદમણિયારના જીવ દર્દુરની જેમ.

ધર્મની આરાધના કરનાર આત્મા કેવી ઋદ્ધિ સિદ્ધિને પામે છે, એના ઉપર આરામ શોભાનું વર્ણન ચાલી રહ્યું છે.

**આરામ શોભાની કથા—**

આરામ શોભા માટે તેના પિતાએ આરામ શોભાને

પોતાને ઘેર લઇ જવા માટે રાજાને વિનંતી કરી, પણ આ વાતનો રાજાએ સ્વીકાર ન કર્યો અને કહ્યું કે દ્વિજવર! રાજાની રાણી એમ મોકલાય નહિ. સત્તા આગળ શાણપણ ચાલે નહિ એટલે બ્રાહ્મણ ત્યાંથી વિલેમુખે વિદાય થયો. પોતાને ઘેર આવી પત્નીને બધી વાતથી વાકેફ કરે છે. આ વાત સાંભળી આરામ શોભાની ઓરમાન માતાને અત્યંત દુઃખ થાય છે. અને મનમાંને મનમાં તે વિચાર કરે છે કે અરે મારી બધી મહેનત નિષ્ફળ ગઇ, જરૂર પેલા મહુડા જે લાડવામાં નાખ્યા હતા તે એટલા જોરદાર નહોતા, નહિતર ઝેર ચડ્યા વગર રહે નહિ. થોડા વખત પછી એ ફેણીનો કરંડીયો તૈયાર કરે છે, અને એમાં હલાહલ ઝેર નાંખે છે અને પોતાના પતિને ફરી વાર સમજાવીને રાજાની પાસે મોકલે છે, તેનો પતિપણ ખૂશીથી ત્યાં જાય છે, કારણ કે ત્યાં તો એનું ખૂબ માન-સન્માન થાય છે અને ઉપરથી ઇનામ મળે છે, જેથી આરામશોભાનો પિતા પોતાના ઘેરથી રવાના થઇ રાજાના નિવાસસ્થાન તરફ આવી રહ્યો છે, માર્ગમાં પેલા વૃક્ષ નીચે થોડો આરામ કરે છે, દૈવ યોગે પેલો દેવ જાણી જાય છે, અને ફેણીમાં નાંખેલું હલાહલ ઝેર તે હરી લે છે અને ફેણી ઉપર અમૃતના છાંટણા નાંખે છે, જેથી ફેણી ખૂબ સુંદર સ્વાદિષ્ટ અને ખૂબ સુગંધીદાર બની જાય છે.

બ્રાહ્મણને આ વાતની કશી ખબર નથી, એ તો નિરાંતે સૂતો હતો, સવાર થતાં કરંડીયો લઇ રાજસભામાં પહોંચી જાય છે, રાજા તેનો ખૂબ આદર સત્કાર કરે છે. અને બ્રાહ્મણ ફેણીનો કરંડીયો રાજાને ભેટ કરે છે, પ્રથમની જેમ બ્રાહ્મણને

મહારાજા તરફથી ખૂબ ઈનામ મળે છે અને રાજાની રજા લઈને એ પોતાના નગર પ્રતિ વિદાય લે છે. બ્રાહ્મણ ઘેર જઈ પોતાની પત્નીને બધી વાત કરે છે. ઓરમાન માતા તો વાત સાંભળી અંદરની અંદર બળી જાય છે. એના મનની મુરાદ હજી ફળી નથી. જ્યાં સુધી સામાના પુણ્ય તેજ છે, ત્યાં સુધી કોણ વાળ વાંકો કરનાર છે. પણ બિચારા દુષ્ટ માણસો દુષ્ટતા કેળવી ઘોર પાપના ભાગીદાર બને છે.

"હાર્યો જુગારી બમણું રમે" એ કહેવત અનુસાર આરામ શોભાની ઓરમાન માતા આ વખતે તો ખૂબ જોરદાર તાલપુટ વિષથી મિશ્રિત માંડવા (એક જાતનું ભોજન) થી ભરીને કરંડીયો પોતાના પતિને આપે છે, અને એમને સારી રીતે સમજાવે છે કે સ્વામીનાથ! આરામ શોભા ગર્ભવતી છે. માટે પ્રથમ પ્રસૂતિ આપણે ત્યાં થવી જોઇએ, એટલે રાજાને સમજાવી કોઈપણ રીતે તમે છોકરીને અહીં લઈ આવો, રાજા જો ન માને તો તમે તમારું બ્રાહ્મણપણું દેખાડજો. આ રીતે પોતાના પતિને બરાબર પારો ચઢાવી, અને ઉંધુ ચતુ સમજાવી પુનઃ રાજાની પાસે મોકલે છે.

ઓરમાન માતાના દીલની દુષ્ટતાની હવે હદ થાય છે. કોઇ પણ રીતે એના એ પ્રાણ લેવા ઇચ્છે છે. અને વિવિધ કાવત્રા રચે છે. પણ હજી સુધી એમાં એને ફાવટ આવી નથી.

બિચારા ભોળા ભાળા બ્રાહ્મણ ભાઇને આ વાતની કશી જ ખબર નથી. એ તો ભોળા ભાવથી ત્યાં જાય છે. રસ્તામાં તેજ ઝાડ નીચે તે આરામ લે છે, દૈવ યોગે અને ભવિતવ્યતાના

પ્રતાપે દેવ તેજ સ્થળે ક્રીડા કરવા આવ્યો હતો, તે દેવે આ મંડકમાંથી તત્ક્ષણ ઝેર હરી લીધું અને અમૃતના છાંટણા છાંટી મોકલેલ મીઠાઇ સુગંધીદાર અને સ્વાદિષ્ટ બનાવી દીધી. જેનું પુણ્ય રક્ષણ કરતું હોય ત્યાં કોની તાકાત છે કે તેનું કોઇ બુરુ કરી શકે! માટે જ કહ્યું છે કે--

"रक्षन्ति पुण्यानि पुरा कृतानि"

બ્રાહ્મણ કરંડીયો લઇ સવાર થતાં જ રાજસભામાં પહોંચી જાય છે. રાજા તેનું બહુમાન કરે છે. બ્રાહ્મણે પત્નીએ આપેલ મીઠાઇ મહારાજાને ભેટ કરી, મહારાજા તો આવી દૈવી ભોજન જેવી સુંદર મીઠાઇ નિરખી ખૂબ ખૂબ ખૂશી થાય છે, બ્રાહ્મણ આરામ શોભાને પોતાને ઘેર મોકલવા મહારાજાને વિનંતિ કરે છે, પણ રાજા કોઇ રીતે આરામ શોભાને પોતાના પિયર મોકલવા ઇચ્છતો નથી. કારણ કે-આરામ શોભા ઉપર રાજાને અગાધ સ્નેહ છે, તેનો વિરહ એક ક્ષણ પણ સહી શકાય તેમ નથી, એટલે રાજાએ સાફ ના પાડી કે આરામ શોભાને ત્યાં મોકલવામાં નહિ આવે.

ત્યારે બ્રાહ્મણે પત્નીના પાઠ ભણાવ્યા પ્રમાણે ચરિત્ર ભજવવું શરુ કર્યું અને એકદમ એણે પોતાની પાસે રહેલી છરી બ્હાર કાઢી અને પોતાના પેટમાં ભોંકવા તે તૈયાર થયો અને રાજાને કહે છે કે રાજન્! મારી પુત્રીને મારે ઘેર નહિ મોકલો તો હું આપઘાત કરીશ. બ્રાહ્મણ આપઘાત કરવા તૈયાર થયો છે, હવે શું થાય છે એ અગ્રે વર્તમાન.

# વ્યાખ્યાન દસમું

ધમ્મો મંગલની આ ગાથામાં શાસ્ત્રકાર મહર્ષિ પ્રથમ જે વસ્તુને યાદ કરે છે તે વસ્તુ આપણા માટે અને જગતના માટે અત્યંત ઉપયોગી છે. શાસ્ત્રકાર મહર્ષિ પ્રથમ ધર્મને યાદ કરે છે. કારણ કે ધર્મ વિના કોઇ પણ પ્રાણી આ જગતમાં સુખી અને સમૃદ્ધ થઇ શકતું નથી અને સદ્દગતિને મેળવી શકતું નથી. આત્માના માટે ધર્મ એ અમૃત સમાન છે. કારણ કે ધર્મજ આત્માને અમર બનાવે છે, ધર્મ જ આત્માનું રક્ષણ કરે છે. અને ધર્મજ આત્માને જન્મ મરણના પંજામાંથી મુક્ત કરે છે, આજે જગતમાં અણુ બોમ્બની કિંમત ઘણી મોટી આંકવામાં આવી છે, કારણ કે એક અણુ બોમ્બની પાછળ ક્રોડો અને અબજો ડોલરો ખર્ચાય છે, પણ આ અણુબોમ્બ લાખો-ક્રોડો નિર્દોષ પ્રાણીના સંહાર કરી નાંખે છે, પણ જો એવો કોઇ અણુબોમ્બ હોય કે જે હજારો અને લાખો માણસોનું રક્ષણ કરે અને મૃત્યુથી બચાવે, આવા રક્ષણ કરનાર બોમ્બની કેટલી કિંમત થાય ? સૌ કોઇ આ પ્રશ્નનાં જવાબમાં એકી સાથે એકી અવાજે બોલી ઉઠશે કે અમૂલ્ય, જેના મૂલ્ય ન અંકાય,આવા અણુબોમ્બની કિંમત આંકી ન અંકાય. જો આવો કિંમતી, રક્ષણ કરનાર ઉપદ્રવોથી બચાવનાર, અને

દુઃખનો નાશ કરનાર, ખૂબ ખૂબ સુખ સમૃદ્ધિને અર્પનાર, જન્મ અને મરણની પરંપરાને કાયમ માટે નાશ કરનાર જો કોઈ હોય તો તે એક જ છે અને તે ધર્મ જ છે. ધર્મ સિવાય દુનિયાના કોઇ પણ પાર્થિવ પદાર્થો યા ચેતન અચેતન પદાર્થોમાંથી કોઇ પણ આપણને બચાવનાર નથી. એ હકીકત છે. આજ વાતને શાસ્ત્રકાર પરમર્ષિ દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં યાદ કરે છે અને એના મહિમાનું વર્ણન કરે છે. અને ભવ્યાત્માઓને પ્રતિબોધ કરે છે કે હે મહાનુભાવો! તમે આવા ઉત્તમ ધર્મને, ધર્મના સ્વરુપને, તેના મહિમાને અને તેના પરિણામ એટલે ફળને જો સમજી લો અને સમજીને તમારા જીવનમાં તાણાવાણાની જેમ વણી લો, જીવનમાં ઉતારી લો તો તમારો બેડો પાર છે.

ગયા વ્યાખ્યાનમાં આપણે ધર્મના સ્વરૂપને સમજાવી ગયા છીએ. અહીંઆ શાસ્ત્રકાર ધર્મના સ્વરુપને બીજી રીતે સમજાવે છે અને તેઓ કથન કરે છે કે ધર્મના બે પ્રકાર છે. એક શ્રુત અને બીજો ચારિત્ર ધર્મ.

શ્રુતધર્મ કહેવાથી સમ્યગ્જ્ઞાન આવી જાય છે, અને સમ્યગ્જ્ઞાનના કથનથી સમ્યગ્દર્શન પણ આવી જાય છે. કેમકે સમ્યગ્જ્ઞાન હોય એટલે સમ્યગ્દર્શન પણ હોય જ. કારણ કે સમ્યક્ત્વ વગર સમ્યગ્જ્ઞાન હોતું નથી, પરંતુ અહીંઆ શાસ્ત્રકાર-ભગવાન ચારિત્ર ધર્મ બતાવે છે, અનુષ્ઠાનરૂપ ચારિત્ર ધર્મનો ઉપદેશ આપે છે.

ધમ્મો મંગલની ગાથાના બીજા પદમાં અહિંસા, સંયમ

અને તપ આ ત્રણ પ્રકારનો ધર્મ બતાવવામાં આવ્યો છે. જગતનો કોઇપણ જીવ આ ત્રણ પ્રકારના ધર્મની આરાધના સિવાય ભવ સમુદ્રથી પાર પામી શકતો નથી. જેણે આત્માનો ઉદ્ધાર કરવો હોય, સંસાર સાગરથી પાર ઉતરવું હોય, જન્મ મરણની બેડીને કાપવી હોય અને મોક્ષ મેળવવો હોય એણે અવશ્ય આ ત્રણ પ્રકારના ધર્મની યાને અહિંસા, સંયમ અને તપની આરાધના કરવી પડશે. ગમે તેવો ડાહ્યો માણસ, ગમે તેવી મોટી મોટી વાતો કરનાર વ્યક્તિ અને પ્લેટ ફોર્મને ગજવનાર પણ જો તપ અને ત્યાગ ધર્મની વિરુદ્ધ છે, એવા આત્માઓની જૈન શાસનમાં ફૂટી કોડીની પણ કિંમત નથી. ભલે આપણે શારીરિક અશક્તિના કારણે યા મનોબળના અભાવે તપ ત્યાગને આરાધી શકતા ન હોઇએ, આચરી શકતા ન હોઇએ અને જીવનમાં ઉતારી શકતા ન હોઇએ, પણ એના હિમાયતી તો હોવા જ જોઇએ, તપ ત્યાગ આચરવા ચોગ્ય છે તેના વગર કલ્યાણ નથી, આ પ્રકારની માન્યતા હોવી જ જોઇએ.

તપ અને ત્યાગનો વિરોધ આત્મા માટે ભવની પરંપરાને વધારનાર છે અને નરક નિગોદમાં રઝળાવનાર છે.

જ્યાં સુધી આત્મા તપ અને ત્યાગમાં તલ્લીન બનતો નથી, ત્યાં સુધી તે જન્મ જન્મમાં બાંધેલા ઘોર અને ચીકણા કર્મોનો નાશ કરી શકતો નથી. ભગવાન મહાવીર સ્વામીએ પણ ચારિત્ર લીધું હતું. ઘોર તપશ્ચર્યા આદરી હતી, ઘોર ઉપસર્ગોને સહન કર્યા હતા, કરડા અભિગ્રહો ગ્રહણ કર્યા હતા

અને ઉત્કટ પરીષહો સહન કર્યા હતા, તપ-ત્યાગની આરાધના કરી હતી, તો સામાન્ય માનવીઓ માટે તો તપ અને ત્યાગ કેટકેટલો ઉપયોગી છે એ સ્હેજે સમજી શકાય તેવી વાત છે.

પૂજાની ઢાળમાં પણ મહાપુરુષો વર્ણન કરે છે કે-

ખાવત પીવત મોક્ષ જે માને,
તે સરદાર બહુ જટમાં;
તપ કરીએ સમતા રાખી ઘટમાં.

મતલબ-ખાતા-પીતા અને મોટરોમાં મ્હાલતા જે આત્માઓ મોક્ષને માને છે તે ખરેખર ગમારોના સરદારની ગણત્રીમાં આવે છે. મતલબ મૂર્ખ શિરોમણી કહેવાય છે. હરેક તીર્થંકરો સંસારનો ત્યાગ કરે છે, ચારિત્ર અંગીકાર કરે છે અને ઉત્કટ તપશ્ચર્યાઓ આદરે છે. આ વાત જૈનશાસનમાં પ્રસિદ્ધ હોવા છતાં આજે પોતાની જાતને જ્ઞાની કહેવડાવનારા અભિમાન અને ઘમંડમાં ઉન્મત્ત બની જૈનશાસને ફરમાવેલા તપ અને ત્યાગનું ખંડન કરે છે, સિદ્ધાંતથી વિરુદ્ધ બોલે છે, તેઓ ખરેખર મિથ્યાત્વના ગાઢ અંધકારમાં અટવાઇ રહ્યા છે. એવા મિથ્યાદષ્ટિ શાસ્ત્ર સિદ્ધાંત વિરુદ્ધ બકવાદ કરનારા ગમે તેવા વક્તા હોય, ગમે તેવા વિદ્વાન હોય તોય તેમની વાણી સાંભળવામાં મહા પાપ છે. એનો પડછાયો લેવામાં ય પણ શાસ્ત્રકારો મહા પાપ કહે છે, સમકિતદષ્ટિ આત્માઓ કયારે પણ એવા ઉત્સૂત્ર પ્રરુપકોની સોબતમાં આવતા નથી. આવવા ઈચ્છતા નથી.

તે માટે શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે-

"जिण वयणुत्तोन्न"

મતલબ શ્રી જીનેશ્વર ભગવંતના વચનથી ઉત્તીર્ણ એટલે સિદ્ધાંતથી વિરુદ્ધ વચન જેઓ બોલે છે તેવા આત્માઓના દર્શન પણ સમકિતદૃષ્ટિને કલ્પતા નથી.

એટલે તીર્થંકર દેવો જે તપ અને ત્યાગનો ઉપદેશ આપે છે, અને તેઓ પોતાના જીવનમાં ઉતારે છે. ત્યાગ અને તપમય જીવન બનાવે છે, આવા મહાન પ્રતિષ્ઠિત તપ અને ત્યાગનો નિષેધ કરનાર. તેનું ખંડન કરનાર એ ઉત્સૂત્ર ભાષી છે અને સિદ્ધાંત વિરૂદ્ધ બોલનાર મિથ્યાદૃષ્ટિ છે. ખરેખર એવા આત્માઓ દયાને પાત્ર છે. આવા ઉત્સૂત્ર ભાષીઓનો સામનો કરવો એ આવશ્યક છે. એટલે સમકિતદૃષ્ટિ આત્માને આવા ઉત્સૂત્ર ભાષણ કરનાર વ્યક્તિનો સામનો કરવાની ફરજ પડે છે. કારણ કે અનેક આત્માઓ આવા ઉત્સૂત્ર ભાષીના સમાગમથી ઉન્માર્ગે ચઢી જવા સંભવ છે. જનતાને સન્માર્ગ દર્શાવવાની અને ઉન્માર્ગથી બચાવવાની સાચા સાધુઓની ફરજ છે.

હવે આપણે પ્રસ્તુત વિષય ઉપર આવીએ. ધર્મના સ્વરૂપમાં ચારિત્ર ધર્મનો વિષય ચાલી રહ્યો છે. ચારિત્ર ધર્મની આરાધના કરનાર ત્યાગ અને તપને જીવનમાં ઉતારનાર ભાગ્યશાળી આત્માઓ પોતે પોતાનું પણ કલ્યાણ કરે છે અને બીજાના કલ્યાણમાં નિમિત્ત બને છે. ધર્મના પ્રભાવ ઉપર આરામશોભાનું વર્ણન ચાલી રહ્યું છે.

**આરામ શોભાની કથા—**

આરામ શોભાના પિતાએ આરામ શોભાને પોતાને ઘેર લઈ જવા માટે રાજાને વિનંતી કરી કે મારી પુત્રીને મારે

ત્યાં મોકલો, પણ રાજાએ આ વાતનો સાફ ઇન્કાર કર્યો અને કહ્યું કે હું આરામ શોભાને કોઇ પણ રીતે તમારે ત્યાં નહિ મોકલું. કારણ કે હું તેનો વિરહ સહી શકું તેમ નથી ત્યારે આરામ શોભાના પિતાએ પોતાના ભાવ ભજવવા શરૂ કર્યા અને છરી પેટમાં ભોંકવા જ્યાં તૈયાર થયો એટલે રાજાને ન છૂટકે હા પાડવી પડી, જેથી આરામ શોભાના પિતાને ઘણો આનંદ થયો, આ આરામ શોભા એ કંઈ સામાન્ય સ્ત્રી નથી, એ છે રાજાની પટરાણી એટલે રાજા તેના મોભા મુજબ તેને વિદાય આપે છે. માન્ય પ્રધાનો, અનેક સુભટો અને દાસ દાસીઓનો બહોળો પરિવાર સાથે છે. અનુક્રમે પોતાના સ્થાને તેઓ પહોંચી જાય છે. આરામ શોભાને જોઇને આરામ શોભાની ઓરમાન માતાની ખૂશીનો કોઇ પાર નથી. એણે વિચાર્યું કે મારી ધારણા હવે સફળ થશે આરામ શોભા હવે મારા હાથમાં છે. કોઇપણ રીતે હવે હું તેને મારી નાંખીશ. આમ અનેક સંકલ્પ વિકલ્પ કરતા થોડો કાળ વ્યતીત થયો અને આરામ શોભાએ નવ મહીના પૂર્ણ થતાં એક પુત્રને જન્મ આપ્યો. પુત્ર જનમ્યા પછી આરામ શોભાની ઓરમાન માતા હવે કેવું કાવત્રુ રચવા તૈયાર થાય છે, આરામ શોભાને કેવી આફતમાં મૂકે છે પણ જેના ભાગ્ય તેજ છે તેનો વાળ વાંકો કરનાર કોણ છે? આરામ શોભાનું હવે શું થાય છે, એ અગ્રે વર્તમાન.

## 卐 વ્યાખ્યાન અગ્યારમું. 卐

"ધમ્મો મંગલ મુક્કિટ્ઠં" આ શ્લોક દ્વારા ધર્મનું સ્વરુપ બતાવવામાં આવ્યું છે. અહિંસા, સંયમ અને તપ આ ત્રણે વસ્તુ અત્યંત મહત્વની છે. આ ત્રણે વસ્તુ કઈ રીતે મહત્વની છે અને કેવી રીતે તે મુક્તિનું કારણ છે તે અહીં આપણે સમજાવીશું. સંયમ અને તપ આ બે વસ્તુ અહિંસા અને અહિંસક ભાવને પોષનારી છે. આશ્રવનો નિરોધ કરે છે અને સંવર સ્વરુપ છે. મતલબ નવા કર્મ આવતા અટકે અને જૂના કર્મોની નિર્જરા થાય એટલે મુક્તિ થાય એ સ્વાભાવિક છે. તત્વાર્થસૂત્રમાં વાચકવર્ય શ્રી ઊમાસ્વાતિજી મહારાજ ફરમાવે છે કે कृत्स्न कर्मक्षयो मोक्षः" સંપૂર્ણ કર્મનો ક્ષય એનું નામ જ મોક્ષ.

તેમજ અહિંસા-એ મૈત્રી ભાવની પોષક છે, કારણ કે-અહિંસક ભાવમાં વૈર વિરોધ ટળી જાય છે. મહર્ષિ પતંજલિ પણ એ જ વાતને રજૂ કરે છે કે-

"अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः"

અહિંસક ભાવથી વૈર વિરોધ દૂર થાય છે એટલું જ નહિ પણ કરુણાભાવ ઉત્પન્ન થાય છે, વિરોધભાવ દૂર થતાં મૈત્રીભાવ પ્રગટે છે, અને મૈત્રીભાવ રાગદ્વેષનો નાશ કરીને સમભાવને લાવે છે. અને સમભાવ આવ્યો એટલે સમતા આવી અને સમભાવમાં-

સમતા ભાવમાં આગળ વધતાં વધતાં આત્મા વીતરાગ બને છે અને વીતરાગ બન્યો એટલે અવશ્ય મુક્ત થવાનો જ.

તેમજ અહિંસા અને સંયમના પાલનથી વિરતિની ભાવના દૃઢ બને છે અને અવિરતિનો રસ ઘટે છે. જ્યારે એક તરફનું વલણ વધારે હોય ત્યારે બીજી તરફનું વલણ સ્વાભાવિક ઓછું થાય છે, એટલે વિરતિનો રસ વધ્યો એટલે અવિરતિનો રસ ઘટવાનો, અને સંસારની આસક્તિ ધીરે ધીરે ઓછી થવાની અને સંસારનો રસ ત્યારે જ ઓછો થાય કે જ્યારે આત્મા સંસારને અસાર સમજે અને ધર્મને સાર સમજે.

આત્મા જ્યારે સમકિત પામે છે ત્યારે તેને સંસાર અસાર ભાસે છે. એટલે સાંસારિક પદાર્થો તરફ જે પ્રેમભાવ અને રસ હતો તે ઘટવા માંડે છે અને દેવગુરુ અને ધર્મ ઉપર પ્રીતિ વધવા માંડે છે એટલે આત્માને સાચો ખ્યાલ આવે છે કે આત્મા ! આજ સુધી તું ભૂલ્યો, ચોરાશીના ચક્કરે ઝુલ્યો અને નર્કનિગોદમાં રૂલ્યો એનું કારણ તને સંસાર સાર લાગતો હતો. હવે દેવગુરુ અને ધર્મ એ સાર છે જીવનના આધાર છે, સાચા તારણહાર છે, મારા હૈયાના હાર છે અને એનાથી જ મારો ઉદ્ધાર છે એમ સમજાયું. આજ સુધી ભવ-સાગરમાં ડૂબાડનાર સાધન ઉપર તું રાગી બન્યો હતો "જર જમીન-અને જોરુ" અને એના સાધનો તને રૂચતા હતા. જેના રાગથી તું અનંતકાળ સંસારમાં ભટક્યો, નર્ક અને નિગોદમાં રૂલ્યો, રઝળ્યો અને ત્યાના પારાવાર દુઃખો તેં રડી રડીને ભોગવ્યા. હવે તને સમજાયુ કે આ બધું તો ધૂમાડામાં બાચકા ભરવા જેવું છે, હાથમાં કંઇ આવ્યું નહિ અને મારા

બધા જન્મો નિરર્થક ગયા, આવા સુંદર વિચારો ઘડી ઘડી આવતા આસક્તિ ઓછી થાય છે, મોહ મોળો પડે છે, રાગ અને દ્વેષ ગળવા માંડે છે, કષાયો મંદ પડે છે, અને અભિમાન ઓગળી જાય છે. પરિણામે આત્મા ને સ્વ સ્વરૂપનું ભાન થાય છે, પરભાવમાંથી પાછો હઠી નિજમાં રમણ કરે છે હું કોણ છું? મારુ સ્વરુપ શું? મારું કોણ અને પરાયું કોણ? એનું એને ભાન થાય છે અને ભૂતકાળમાં કરેલી ભૂલોનો પશ્ચાત્તાપ થાય છે, સ્વ અને પરને ન પીછાણવાથી આજ સુધી દેવ-ગુરુ અને ધર્મની આરાધનામાં મેં આળસને પ્રમાદ કર્યો, નકલી સુખમાં અને નકલી સાધનોમાં જનમ જનમ-અરે અનંત જનમ મારા એળે ગયા. માટે હે આત્મા! હવે તું પર વસ્તુના રાગને ત્યજી દે કારણ કે તે વસ્તુઓ એ વાસ્તવમાં તારી નથી, તારા આત્માના માટે ઉપયોગી નથી, તારુ હિત કરનારી નથી પણ અંતે એ તને દગો આપનારી છે. એકાંતે એ બધી વસ્તુઓ તને હાનિકર્તા છે, માટે આ બધી પૌદ્ગલિક વસ્તુના રાગનો ત્યાગ કરી, તારા આત્માના બાગને ગુણરૂપી પુષ્પોથી શણગાર, દેવ-ગુરુ અને ધર્મની ઉપાસના કર, આરાધના કર અને એમાંજ તલ્લીન બન. આ જગતમાં તારુ જો કોઇ હિત કરનાર હોય તો તે વીતરાગ પરમાત્મા, ત્યાગી સદ્ગુરુઓ અને વીતરાગ કથિત ધર્મ છે. એટલે વાસ્તવમાં તારુ કોણ છે? એ લખી રાખ-નોંધી રાખ! દેવ-ગુરુ અને ધર્મ સિવાય આ જગતમાં બીજું કોઈ તારૂં નથી.

આજ સુધી તેં અવળો પરિશ્રમ કર્યો અને ઉલટો પુરુષાર્થ કર્યો, એક વ્યક્તિને જવું હતું પૂર્વમાં અને એણે ચાલવા

માંડયું પશ્ચિમમાં, એ વ્યક્તિ કયારે પણ પૂર્વ દિશામાં નહીં પહોંચી શકે. તેવી જ રીતે તેં તારા આત્મા સિવાયની અન્ય વસ્તુઓને તેં તારી માની અને ઘડી ઘડી રટના પણ એની જ કરી. એની પાછળ જનમ જનમમાં પ્રાણ પાથર્યા છતાં એ તારી ન થઇ તે ન થઇ, કારણ એ તારી હતી જ નહિ, તું ભ્રમમાં પડયો હતો, મારુ ઘર, મારો પુત્ર, મારા મા-બાપ, મારી પત્ની અને મારુ ધન-આમ મારા મારાની રટના કરી તેં અનંતકાળ ગુમાવ્યો, ખરેખર આજ સુધી તેં બાળકની માફક અજ્ઞાન ચેષ્ટા કરી, હવે સમજ, સમજ, જાગ! જાગ! શાણો થા! મૂર્ખ ન બન! અનાદિ કાળની તારી ભૂલ સુધાર અને તારનાર વસ્તુની પાછળ પડ! દેવ ગુરુ અને ધર્મ એ જ મારા છે, એજ તારણહાર અને આધાર છે. આ પ્રમાણે પુનઃ પુનઃ તેનો જાપ કર, તેની રટના કર અને તેને સમર્પિત બની તન મન અને ધન અરે તારું સર્વસ્વ દેવગુરુ અને ધર્મને સમર્પણ કર અને એજ મારા આધાર. એજ મારા માલીક અને એજ મારા સ્વામીનાથ છે આ પ્રમાણે દૃઢ નિશ્ચય કર જેથી તારુ સમ્યકત્વ દૃઢ થશે, નિર્મળ થશે, તારો વિકાસ થશે અને તારા અંતરમાં અનેરો પ્રકાશ થશે. અનાદિ કાળથી પરિભ્રમણ કરતાં આ આત્માને આજ સુધી સુદેવ, સુગુરુ અને સુધર્મની પ્રાપ્તિ થઈ નહોતી, આ જન્મમા આ કિંમતી વસ્તુઓ તને મળી છે. તારા અહો ભાગ્ય સમજ! માટે તું ખૂશ થા. રાજી થા અને નાચવા માંડ.

ઘરમાં અચાનક નિધાન નીકળતાં આત્મા કેવો નાચી ઉઠે છે તેમ તને આ અપૂર્વ નિધાન મળ્યું છે, પેલું નિધાન તો

ક્ષણિક છે, આ જીવન પૂરતું છે ત્યારે આ ધર્મરૂપ મહાન નિધાન તો જન્મોજન્મ તારી સાથે ચાલનારું અને અંતે તને ભવ સાગર પાર કરનારુ છે.

ખરેખર તું બડભાગી છે. દેવોને પણ ઇર્ષ્યા આવે એવી સભર ને સુંદર સામગ્રી તને મળી છે. શ્રી જીનેશ્વર દેવ મળવા દુર્લભ, સાચી શ્રદ્ધા થવી દુર્લભ, જૈન શાસન જેવું મહાશાસન મળવું દુર્લભ, નવકાર મંત્ર જેવો અપૂર્વ મંત્ર મળવો દુર્લભ, કેટકેટલી દુર્લભ સામગ્રીનો સુયોગ મળ્યો, ભૂખ્યાને જેમ ઘેબર મળતાં અને નવોઢાને જેમ પ્રિયતમનો પ્રિય સમાગમ થતાં જે આનંદ આવે તેથી પણ અધિક આનંદ માન. આ નિગોદીયા જીવનને આવા બેનમુન રત્નો મળવા એ કંઇ જેવા તેવા પુણ્યની નિશાની નથી, માટે હે જીવ ! સાચી કમાણી કર ! કમાવવાનો આ અવસર છે, સુંદર તક મળી છે, પુનઃ પુનઃ આવી અમૂલી તક પ્રાપ્ત નહિ થાય. પ્રમાદનો પરિહાર કર, આળસ મરડીને ઉભો થા, સત્કૃત્ય કરવા સજ્જ થા, કામે લાગ, એમાં બળ અને વીર્ય ફોરવ. વિઘ્નોની સામે ઝઝુમ, અંતે વિજય તારો છે.

"જર જમીન અને જોરૂનો" મોહ ત્યજી પરમાત્માને ભજી શીલ શણગારને સજી તારા આત્માને શુદ્ધ અને નિર્મળ બનાવ. આરાધનામાં ખામી કે ઉણપ આવવા દઇશ નહિ, વિરાધનાથી સો ગાઉ દૂર રહેજે. સમકિત દૃષ્ટિ આત્મા વિરાધનાને ઝેર સમજી એનાથી અળગો રહેવા માગે, મારા આરાધના રૂપ અમૃતમાં જો વિરાધનારૂપ વિષની કણી પણ ભૂલેચૂકે પડી જશે તો મારું અમૃત વિષમાં પરિણમશે. એવો કોણ ગાંડો હોય કે વર્ષોથી ધર્મની આરાધના કરી પુણ્યની મૂડી ભેગી કરી અને

વિરાધનામાં પડી મૂડીને મૂળથી સાફ કરી નાંખે! અંતે હાથ ઘસવાનો વખત આવે અને પારાવાર પશ્ચાત્તાપ કરવો પડે.

માટે જ આચારાંગ સૂત્રમાં સુધર્માસ્વામી ભગવાન-જંબુસ્વામીને ઉદ્દેશીને કહે છે કે હે જમ્બુ!

"खणं जाणाहि पंडिए"

ક્ષણુ-સમયને જે ઓળખે તેનું નામ પંડિત, અર્થ અને કામની સાધના તો જનમ જનમમાં કરી. એનાથી કંઈ સર્યું નહિ. જનમ હારી ગયો, શંકરાચાર્યજી કહે છે કે "अर्थ मनर्थं भावय नित्यं" અર્થ એ તો અનર્થનું મૂળ છે, કેવી રીતે અનર્થનું મૂળ છે એ તો તમારા અનુભવની વાત છે, છતાં એક ઉદાહરણ દ્વારા એ વાતને આપણે સ્પષ્ટ કરીશું.

## ચાર મુસાફરનું ઉદાહરણ—

એક ગામથી ચાર મુસાફરો મુસાફરી માટે નીકળ્યા, તેમણે જંગલમાં પડાવ નાખ્યો. સ્થાન નિર્જન હતું. રાત ઘનઘોર અંધારી હતી, સૌએ વિચાર કર્યો કે આવા ભયંકર સ્થાનમાં આપણે સાવધાન રહેવું જોઇએ, બધાય જો અઘોરીની જેમ સુઇ જઇશું તો પરિણામ રૂડું નહિ આવે, માટે તેમણે એવો નિર્ણય કર્યો કે રાત્રિના ચાર પ્રહરમાં એક-એક જણાએ વારા ફરતી જાગતા રહેવું. તેથી અનિષ્ટ દૂર થશે, નિયમ પ્રમાણે પ્રથમ પ્રહરે એક વ્યક્તિ પહેરો ભરે છે અને બીજા ત્રણ જણા નિરાંતે સુઈ જાય છે, થોડીવાર પછી આકાશમાંથી એક અવાજ આવ્યો, "पतामि" પડું! પહેરો ભરી રહેલ મુસાફરે જરા

ઉંચું જોયું તો સોનાનું પુતળું તેના જોવામાં આવ્યું. સોનાનું પુતળુ કહે હું પડુ! ત્યારે ભલભલાના મુખમાં પાણી છૂટે અને સૌ કોઇ એકી અવાજે બોલી ઉઠે "પડ" આ મુસાફરે પણ કહ્યું 'પડ' સોનાનું પુતળુ પડવા માગતું હોય ત્યાં ના કોણ પાડે! ત્યારે સામો અવાજ આવ્યો પડુ તો ખરૂં! પણ "अनर्थ बहुलानि सन्ति" અનર્થ બહુ છે. બોલ પડુ! આ સાંભળી મુસાફર વિચારવા લાગ્યો કે જેની પાછળ અનર્થ હોય તેવું સોનાનું પુતળુ ય શા કામનું! આમ વિચાર કરી મુસાફરે ના પાડી. બીજો પ્રહર શરુ થયો અને એનો વારો પૂરો થયો એટલે એ સૂઈ ગયો અને બીજો મુસાફર પહેરો ભરવા લાગ્યો. થોડી વાર પછી આકાશમાંથી પહેલાની જેમ અવાજ આવ્યો. 'पतामि' પડુ! એણે પણ આકાશમાં જોયું. અરે આ તો સોનાનું પુતળુ કહે છે પડુ! તરત જ તેણે કહ્યું 'પડ' ત્યાં બીજો અવાજ આવ્યો. "अनर्थ बहुलानि सन्ति" અનર્થ બહુ છે. આ પણ વિચારમાં પડયો અને અંતે એણે પણ ના પાડી, ત્રીજા પ્રહરે ત્રીજાનો વારો આવ્યો. એણે પણ ના પાડી, હવે આવ્યો ચોથાનો વારો. 'पतामि' પડું! ઉંચુ જોયું તો સોનાનું પુતળુ તરત જ ચોથાએ કહ્યું. પડ. વિલંબ ન કર. પણ પાછો અવાજ આવ્યો કે "अनर्थ बहुलानि सन्ति" સોનાના પુતળાએ કહ્યું મહેરબાન! પડું તો ખરું! પણ આની પાછળ અનર્થ બહુ છે. ચોથાએ વિચાર્યું. લક્ષ્મી કંઈ અનર્થ વગર થોડી જ મળે છે, જગતમાં અનર્થ તો ડગલે ને પગલે છે. એમ ડરવાથી કંઈ વળશે નહિ જે થવાનું હશે તે થશે પણ સોનાનું પુતળુ તો મળશે ને! જનમનું દારિદ્રય

દૂર થઇ જશે, લક્ષ્મી હશે તો અનર્થ આવતા હશે તેય અટકી જશે, માટે તરત જ તેણે જવાબ વાળ્યો "ભલે પડ" અને તરત જ સોનાનું પુતળુ આકાશમાંથી નીચે પડયું. ધબ કરતો જોરદાર અવાજ થયો, જેથી સૂતેલા ત્રણ જણા જાગી ઉઠયા અને બધાએ પુતળુ જોયું. સૌ પુતળુ લેવા ઉતાવળા થયા, ચોથો કહે ખબરદાર! મારા કહેવાથી પુતળુ પડયું છે. આમાં તમારો લેશ પણ હક નથી. દૂર હટો. પેલાઓએ કહ્યું. જા જા! અમારો પણ હક છે. સૌએ મ્યાનમાંથી તરવારો બ્હાર કાઢી અને એક કહે હું લઇશ, બીજો કહે હું લઇશ એમ ચારે જણા પરસ્પર લડવા લાગ્યા. જોરદાર આવેશ હતો. એક બીજાની તરવારથી ચારે જણા ત્યાંને ત્યાં કપાઇ મુઆ. સોનાનું પુતળુ ત્યાંને ત્યાં જ પડી રહ્યું, કોઇના હાથમાં ન આવ્યું. આ રીતે ધન એ અનર્થનું મૂળ છે, પાપનું મૂળ છે, અને ઝગડાનું મૂળ છે. એની ખાતર જીંદગીને ચાહોમ કરી નાખવી એ શાણા માણસનું કર્તવ્ય નથી. માટે સમયને ઓળખી, તકને પીછાણી અને માનવ જીવનમાં ધર્મની આરાધના કરી જીવન સફળ કરવા તત્પર રહેવું.

जा जा वच्चई रयणी न सा पडिनियत्तइ ।
जहम्मं कुणमाणस्स अफला जंति राईओ ॥

ઉ० સૂ०

જે રાત અને દિવસ ગયા તે પાછા આવવાના નથી, અધર્મનું સેવનમાં અને પાપસ્થાનકના સેવનમાં જે રાત્રિ દિવસ પસાર થયા તે નિષ્ફળ જાણવા, ગએલી એ રાત્રઓ પાછી આવવાની નથી.

जा जा वच्चई रयणी नसा पडिनियत्तई ।
धम्मं च कुणमाणस्स अफला जंति राईओ ॥
ઉ० સૂ०

માટે ધર્મની આરાધના કરી પ્રસાર થતા રાત અને દિવસને તું સફળ કર. કારણ કે—

यावत् स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो
यावच्चेन्द्रिय शक्तिरप्रतिहता यावत् क्षयोनायुषः
आत्मन्येवहि तावदेव विदुषा यत्ना विधेयो महान्
संदीप्ते भवने हि कूपखननं प्रत्युद्यमःकीदृशः ॥

જ્યાં સુધી શરીર સ્વસ્થ છે. રોગોએ એને ઘેરો ઘાલ્યો નથી, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી, જ્યાં સુધી ઇન્દ્રિયો સતેજ છે, તેની શક્તિઓ ક્ષીણ થઇ નથી. ત્યાં સુધી શાણા અને ડાહ્યા મનુષ્યે આત્માને ઉજ્વળ બનાવવાનો, આત્માનો ઉદ્ધાર કરી લેવો, અન્યથા શરીર રોગોથી ઘેરાશે, ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઇ જશે, અને વૃદ્ધાવસ્થા ડોકિયા કરશે, ત્યારે તું શું કરી શકીશ! એ તો ઘરને આગ લાગે ત્યારે પાણી માટે કુવો ખોદવા તૈયાર થવું તેના જેવી મૂર્ખતા છે.

જે વસ્તુ પરલોકમાં આપણી સાથે આવવાની નથી, અંતે દગો દેનારી છે. તેના નિમિત્તે કરેલા પાપો આપણા આત્માને ભોગવવા પડે, એવી વસ્તુના સંગ્રહમાં શું ફાયદો? સંગ્રહ એ કેવળ લોભના લીધે થાય છે. માટે સંતોષ ધારણ કર, લોભને ઓછો કર, તેથી તેના નિમિત્તના પાપોથી આપણો આત્મા બચી જશે અને પરલોક પણ સુધરી જશે.

તમે જાણો છો કે ધર્મનો પ્રભાવ અજબ છે, ધર્મની આરાધના યોગ્ય આત્માને અજબ ફળ આપે છે. એ વિષય ઉપર આરામ શોભાનું વર્ણન ચાલી રહ્યું છે.

**આરામ શોભાની કથા—**

આરામ શોભાએ એક પુત્રને જન્મ આપ્યો, પુત્ર જન્મ્યા પછી એક વખત સઘળોય પરિવાર આરામ શોભાને કહીને નાટક નિરખવા માટે નગરની બ્હાર જાય છે. ઘરમાં એક આરામશોભા અને બીજી ઓરમાન માતા ફક્ત બન્ને જણા જ રહ્યા હતા. કોઇને કશી શંકાનું કારણ નહોતું, આરામશોભા પણ નિઃશંક હતી, ઓરમાન માતાની કપટજાળને કોઈ જાણતું નહોતું. તેણી અવસર જોઇને પોતાનું ધાર્યું કરવા તૈયાર થઇ, આજે તેની ખૂશીનો પાર નહોતો, એ સમજે છે કે આજે મારી મનોકામના અને ધારણા સફળ થશે ભવિતવ્યતાના યોગે થોડીવાર પછી આરામ શોભાને જંગલ જવાની ઇચ્છા થઇ. ઓરમાન માતા પોતાના બગીચામાં હાથ ઝાલીને આરામ શોભાને લઇ જાય છે. તેણી આરામશોભાને કુવા પાસે લઇ ગઇ અને તે આરામશોભાને કહેવા લાગી, બેટા! તારી આવવાની જાણ થતાં તારી સગવડની ખાતર જ આ કુવો મેં તાજેતરમાં જ તૈયાર કરાવ્યો છે. આરામ શોભાને એ કુવો જોવાની ઇચ્છા થઇ,તેથી કુવા પાસે ગઇ,જ્યાં આરામ શોભ નીચું મુખ કરી કુવો જોઇ રહી હતી ત્યાં જ લાગ જોઇને તેની દુષ્ટ ઓરમાન માતાએ પાછળથી ધક્કો મારી તેણીને કુવામાં નાંખી દીધી અને સ્હેજે તેનાથી બોલાઇ ગયું હાશ હવે શાંતિ થઇ, કારણ કે કેટકેટલા દિવસથી આરામશોભાને યમધામમાં–મૃત્યુના મુખમાં પહોંચા·

ડવાની તેની ઇચ્છા અને પ્રયત્ન હતો છતાં આજ સુધી તેણીની એ ધારણા સફળ નહોતી નીવડી આજે મનની મુરાદ પૂરી થતાં તેનું અંતર આનંદથી ડોલી ઉઠયું. આરામ શોભા કુવામાં પડી પણ તેના ભાગ્ય કંઇ કુવામાં પડયા નહોતા, જેનું ભાગ્ય તેજ છે તેનો વાળ વાંકો કરનાર કોણ છે? ભવિતવ્યતાના યોગે અને પ્રબળ ભાગ્યોદયના કારણે પડતાં પડતાં તેણીએ નાગ-દેવનું સ્મરણ કર્યું જેથી તત્કાળ નાગદેવ હાજર થયા અને તેમણે આરામ શોભાને કુવામાં પડતાં ઝીલી લીધી. આરામ શોભાને કંઇ જ વાંધો ન આવ્યો. નાગરાજે આરામ શોભાને કુવામાં રહેલું એક ગુપ્ત ભોંયરું બતાવ્યું અને તેણીને કશી જ અગવડ ન પડે તે માટે સંપૂર્ણ સગવડ કરી અને નાગરાજે કહ્યું, આરામ શોભા! થોડા દિવસ તારે અહીંઆ રહેવું પડશે, અહીંઆ હું તને જરા ય તકલીફ નહિ પડવા દઉં! બધી જાતની સગવડ તને હું પુરી પાડીશ. માટે તું નિશ્ચિત રહેજે,

આ તરફ આરામ શોભાની ઓરમાન માતાએ પોતાની સગી પુત્રીને આજ સુધી ગુપ્ત રાખી હતી. તેણીએ આજે તેને ભોંયરામાંથી બહાર કાઢી. ન્હવરાવી, ધોવરાવી પૂરી સમજણ આપી અને પૂરા પાઠ ભણાવી જ્યાં આરામ શોભાની શય્યા હતી ત્યાં સુવડાવી દીધી. નાટક જોવા ગયેલ પરિવાર નાટક નિહાળી પાછો ફર્યો અને એમણે શય્યા તરફ નજર કરી ત્યાં સૌને ભારે નવાઈ લાગી કે આ શું? આરામ શોભાનું આવું ગજબ પરિવર્તન શી રીતે થયું, એના રૂપનું અજબ પરિવર્તન નિહાળી સૌ હેબતાઇ ગયા અને સૌ વિચારમાં પડી ગયા. થોડીવાર નીરવ શાંતિ છવાઈ ગઇ, વાત કંઇ સમજમાં આવી

નહિ ત્યારે તેની માતાને બોલાવવામાં આવી, ઓરમાન માતા તરત જ હાજર થઈ અને એણે તો પૂરો ઢોંગ કર્યો કે જાણે તે કંઇ જ જાણતી નથી. એ બોલી અરેરે! બેટા તને શું થયું! તારું આટલું પરિવર્તન કેમ થયું! શું કોઇની નજર લાગી, શું દૈવીકોપ થયો ? મંત્રીઓ પણ વિચારમાં પડી ગયા. દાસ દાસી સૌ કોઇ ગમગીન બની ગયા. કપટી અને દંભી માણસોના કાવાદાવા અને એમની મેલી રમત સાધારણ માણસને એકદમ ખ્યાલ ન આવે એ સ્વાભાવિક છે. મંત્રીઓએ પોતાના રાજાને પુત્ર જન્મની વધામણી અને સાથે સાથે તેના રૂપ પરિવર્તનના સમાચાર મોકલ્યા. રાજાને સમાચાર મળતાં જ હર્ષ અને વિષાદ બન્નેનો એક સાથે અનુભવ થયો. પુત્ર જન્મ્યાના સમાચાર શ્રવણ કરતાં હૃદય આનંદ વિભોર બન્યું. જ્યારે રૂપ પરિવર્તનની વાત જાણતા હૃદયમાં ઉંડો આઘાત લાગ્યો, રાજાએ તરત જ મંત્રીઓને હુકમ કર્યો કે આરામ શોભાને પુત્ર સહિત અત્રે જલ્દી લઇ આવો, આજ્ઞા થતાં જ સંદેશ વાહકો આરામશોભાના પિયર આવી પહોંચ્યા અને મંત્રીઓને રાજાનો સંદેશો પાઠવ્યો. મંત્રીઓએ પુત્રની સાથે આરામશોભાને લઇ જવાની તૈયારી કરી. બનાવટી આરામશોભા, દાસ દાસી અને મંત્રી આદિ પરિવાર ત્યાંથી નીકળી રાજધાનીમાં પહોંચી જાય છે, પણ આરામ શોભાનો હંમેશનો સાથી પેલો બગીચો સાથે આવ્યો નહિ. પુત્ર સહિત બનાવટી આરામ શોભાનો ભારે ઉમળકાથી પ્રવેશ કરાવવામાં આવ્યો. રાજમહેલમાં પ્રવેશ કર્યા પછી, મહારાજાએ જ્યાં આરામ શોભાને બરાબર નિહાળી તો તેમાં પ્રથમ કરતાં અત્યારે આકાશ

પાતાળ જેટલું અંતર લાગતું હતું થોડીવાર તો રાજા અવાક્ બની ગયો. આ શું આશ્ચર્ય ! અને હંમેશનો તેનો સાથીદાર પેલો બગીચો કેમ એના મસ્તક ઉપર જણાતો નથી ! રાજાને સ્હેજે શંકા ઉત્પન્ન થઇ કે જરૂર દાળમાં કંઇક કાળું છે ! જેથી રાજાએ રાણીને પૂછ્યું !

આરામશોભા ! તારી સાથે રહેનારો પેલો બગીચો કેમ જણાતો નથી ? રાજાના પ્રશ્નના ઉત્તરમાં બનાવટી આરામ શોભાએ જવાબ વાળ્યો કે સ્વામીનાથ ! હમણાં હું એ બગીચાને મારે ઘેર જ મૂકીને આવી છું. અવસરે હું અહીંઆ લાવીશ. આ પુત્રી પણ પેલી દુષ્ટ અને દંભી ઓરમાન માતાની જ હતી એટલે એ કંઇ ઓછી નહોતી. જવાબ આપવામાં ઘણી ચતુર હતી. ગમે તેમ પણ રાણીનો જવાબ સાંભળીને રાજાને સંતોષ ન થયો. ઠીક છે. અવસરે સૌ સારા વાનાં થશે. એમ વિચારી રાજાએ મૌન સેવ્યું.

આ તરફ આરામશોભા નાગરાજની સહાયતાથી ખૂબ આનંદમાં સમય વ્યતીત કરી રહી છે, પરંતુ તેને પુત્ર વિરહનું દુઃખ ખૂબ જ સાલી રહ્યું છે, મારા પુત્રનું શું ? એટલે એ જ દિવસે આરામશોભાએ દેવને પ્રાર્થના કરી કે નાગરાજ ! પુત્રનું મુખ જોવા મારું દીલ તલસી રહ્યું છે. એને જરા રમાડી લેવાની મારી ઈચ્છા છે. આપ મારો આટલો મનોરથ પૂર્ણ કરો. દેવને તો આરામશોભા ઉપર અગાધ સ્નેહ હતો એટલે રાત્રિના સમયે આરામશોભાને રાજમહેલમાં લઈ જાય છે, પણ નાગરાજે એક વાત ઉપર આરામશોભાનું ખાસ ધ્યાન દોર્યું કે બેટી ! જો પુત્રને રમાડીને તરત જ આપણે અહીંથી પાછા

ફરવાનું છે. જો વિલંબ થશે અને સવાર પડી જશે તો બધી બાજી બગડી જશે. જે દિવસે તું વિલંબ કરીશ અને સવાર પડશે તો તને મારા દર્શન દુર્લભ થશે એની નિશાની તરીકે તારા અંબોડામાંથી-વેણીમાંથી જ્યારે મરેલો સર્પ નીચે પડે ત્યારે તારે સમજી લેવું કે હવે પછી હું હાજર થઇશ નહિ, નાગરાજે કરેલી સૂચના પર આરામશોભા બરાબર ધ્યાન રાખે છે અને તે બધા જ્યારે ઉંઘી જાય છે ત્યારે ત્યાં જાય છે અને બધાના ઉઠતા પહેલા જ તે ત્યાંથી વિદાય લે છે. આરામ-શોભા જ્યારે જ્યારે રાજમહેલમાં પુત્રને પ્યાર કરવા આવે છે ત્યારે પેલો બગીચો પણ સાથે જ હોય છે, જ્યારે તે રાજ-મહેલમાંથી પુત્રને રમાડી પાછી ફરે છે ત્યારે પેલો બગીચો પણ સાથે જ જાય છે. પરંતુ બગીચાના થોડા ફળ ફુલ અને પાંદડાઓ ત્યાં પડેલા હોય છે. દાસ દાસી પડેલા ફળફુલ રાજાની સમક્ષ હાજર કરે છે અને રાણીને પૂછે છે, આ ફળ ફુલ અને પાંદડા રોજ અહીં કયાંથી ?રાજાએબનાવટી આરામશોભાનેપૂછયું

કેમ આરામશોભા! આ ફળફુલ અહીં કયાંથી? ત્યારે બનાવટી આરામશોભા તો કપટની પૂતળી હતી. તેણીએ કહ્યું સ્વામી-નાથ! રાત્રે મેં બગીચાને બોલાવ્યો હતો તેથી તેના પુષ્પ અને પત્રો અત્રે પડેલા જણાય છે. રાજાને આ જવાબથી પૂર્ણ સંતોષ તો ન થયો, રાજાના ગળે જ્યારે આ વાત ઉતરી નહિ ત્યારે રાજાએ રાણીને કહ્યું, રાણી! હવે બગીચાને અહીં બોલાવ! ત્યારે તેણીએ સીફતપૂર્વક જવાબ આપ્યો કે થોડા વખત પછી બોલાવીશ, આ જવાબથી રાજાને ઉંડી શંકા પડી કે જરૂર આમાં કંઇક ભેદ છે, અસ્તુ અવસરે આ ભેદ ખૂલ્યા વગર નહિ રહે!

સમયની પ્રતીક્ષા કરો, એક વખત રાત્રે રાજા શી હકીકત છે તે જાણવા ગુપ્ત રીતે સંતાઈ ગયો.

રાત્રે આરામ શોભા પુત્રને રમાડવા માટે રાજમહેલમાં આવી એટલે રાજાએ આરામ શોભાને જોઇ લીધી અને તરત જ તેણીનો હાથ પકડયો. અરે! આટલા દિવસ તું કયાં હતી? અને આ બધી શી રામાયણ છે? આ શય્યામાં છે તે કોણ છે? અને તું કયાં સંતાઇ રહી છે અને એમ કરવાનું કારણ શું? પૂરી વિગત જાણવા રાજાએ આરામ શોભાને અનેક પ્રશ્નો કર્યા ત્યારે આરામ શોભાએ કહ્યું સ્વામીનાથ! આજે મોડું થઇ ગયું છે. આવતી કાલે હું આપને વિગતવાર બધી હકીકતથી વાકેફ કરીશ, રાજાએ આ વાતનો ઈન્કાર કર્યો અને આજે અને અત્યારે જ જણાવવા આગ્રહ કર્યો. ત્યારે આરામ શોભાએ કહ્યું--

મહારાજ! વિલંબ થશે તો પરિણામ વિપરીત આવશે. માટે આગ્રહ ન કરો, પણ રાજાએ ન જ માન્યું, ત્યારે તેણીએ અથથી ઇતિ સુધી બધી વાત કહી સંભળાવી ત્યાં તો સવાર પડી ગઇ અને સવાર પડતાં જ વેણીમાંથી મરેલો સાપ એકદમ નીચે પડયો. આ જોતાં જ આરામ શોભાના હોશકોશ ઉડી ગયા.હવે શું થાય.જે થવાનું હતું તે થઇ ગયું.ભવિતવ્યતા.રાણીને મૂચ્છી આવી, દાસ, દાસીનો પરિવાર ભેગો થયો, ચંદનના છાંટણા છાંટયા ત્યારે તે કંઇક હોંશમાં આવી-રાજાને હવે સાચી હકીકતની જાણ થઇ અને જાણ થતાં જ એની ઓરમાન માતા ઉપર રોષની લાગણી ભભૂકી ઉઠી અને ક્રોધના આવેશમાં નકલી આરામશોભાને દોરડાથી સેવકો દ્વારા બંધાવી અને ચાબૂકથી માર મારવાનો હુકમ કર્યો. તે વખતે આરા-

શોભા રાજાના પગમાં પડી, સ્વામીનાથ! ગમે તેવી તોય એ મારી બ્હેન છે. માટે એને મારશો નહિ એને માફી આપો. આરામશોભાના કહેવાથી રાજાએ બનાવટી આરામશોભાને છોડી મૂકી અને આરામશોભાના કહેવાથી તેની સાથે જ તેને રાખવામાં આવી. આરામશોભાની સજ્જનતાના દર્શન થતાં રાજાની ખૂશીનો પાર ન રહ્યો, મહારાજાને થયું કે–આ કેવી સજ્જન છે અને આ કેવી દુર્જન છે. મહારાજાને એના મા-બાપ ઉપર ખૂબ રોષ ચઢયો, આપેલા બાર ગામ પાછા લઈ લેવામાં આવ્યા અને એમનાં નાક–કાન કાપી નાંખવાનો હૂકમ આપવામાં આવ્યો પણ આરામ શોભાએ કહ્યું, સ્વામી-નાથ! ગમે તેવા તોય મારા મા બાપ છે, એમનો ગુનો માફ કરો અને એમના ઉપર દયા લાવો.

આરામશોભા ઉપર રાજાને અગાધ સ્નેહ હતો તેથી એ લોકોનો ગુનો જતો કર્યો અને આરામશોભાને પટરાણી પદે સ્થાપન કરવામાં આવી સૌ સુખપૂર્વક સમય વ્યતીત કરી રહ્યા છે. હવે કોઈ જાતનું દુઃખ નથી અને કોઈ જાતની ઉપાધિ નથી. રાજા રાણી સૌ કોઇ આનંદ પ્રમોદમાં દિવસ વ્યતીત કરી રહ્યા છે,

તેટલામાં એક અતિશય જ્ઞાની ગુરુમહારાજના પુનીત પગલાથી નગરી પાવન બની. રાજા–પ્રજા સૌ કોઇ જ્ઞાની ગુરુભગવંતની દેશના શ્રવણ કરવા એકત્રિત થયા. દેશનાના અંતે પટરાણી આરામશોભાએ ગુરુમહારાજને પ્રાર્થના કરી કે ગુરુદેવ! મેં પૂર્વે કઇ જાતનું પુણ્ય ઉપાર્જન કર્યું હશે, જેથી આપોઆપ મને ઋદ્ધિ–સિદ્ધિ અહીં આવી મળી. દૈવી સહાય

અને આ બગીચો જ્યાં જાઉં ત્યાં મારા મસ્તક ઉપર જ રહે છે. પૂર્વે મેં કરેલા સુકૃતનું વર્ણન આપ કૃપા કરી મને સંભળાવો. પટરાણી આરામશોભાના પ્રશ્નના જવાબમાં, જ્ઞાની ગુરુ ભગવંતે તેના પૂર્વ જન્મની હકીકત જણાવતાં કહ્યું કે–

પૂર્વ ભવમાં તું એક શેઠને ત્યાં જન્મી હતી, પણ તું ખૂબ અળખામણી હતી તેથી શેઠે એક ગરીબ અને દુઃખી માણસ સાથે તારા લગ્ન કર્યા, જે પોતાનું પેટ ભરવા પણ અસમર્થ હતો એવો એ તારો પતિ તને એક મંદિરમાં સૂતી મૂકીને ચાલ્યો ગયો. સવારના જાગૃત થતાં, તેં તારા પતિને દીઠા નહિ તેથી તું ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી, છેવટે હિંમત રાખી તું નજીકના નગરમાં ગઈ.

નગરમાં ફરતા ફરતા એક વૃદ્ધ ધનવાન, સુખી સમૃદ્ધ ધર્માત્મા માણેકચંદ શેઠ પોતાની દુકાન ઉપર બેઠેલા હતા તેમનો તને ભેટો થયો, તેં રડતા રડતા શેઠને પોતાની હકીકત કહી સંભળાવી. એ સાંભળીને શેઠને દયા આવી, જેથી મને શેઠે પોતાને ત્યાં નોકરીએ રાખી. તું બહુ ચતુર હતી, તેથી તેં ઘરનું તમામ કામ સંભાળી લીધું.

શ્રાવકને ત્યાં રહેવાથી તારી ભાવના પણ ધર્મમાં દૃઢ બની, રોજ દેરાસર જવા લાગી, પૂજા કરવા લાગી અને સાધુ સાધ્વીજીની સુપાત્ર દાન દ્વારા ખૂબ ભક્તિ કરવા લાગી. સાધ્વીજીના સમાગમમાં આવવાથી ધર્મના મર્મને સમજવા લાગી અને ધર્મની રૂચિવાળી તું ભાવશ્રાવિકા બની. નોકરીમાં જે કંઈ મળતું હતું તેને તું બચાવી પ્રભુ ભક્તિમાં, તેમજ

પરમાત્માના આભૂષણો વિગેરે કરાવવામાં ખર્ચવા લાગી. આ બધી હકીકત શેઠના જાણવામાં આવી તેથી શેઠ ઘણા ખૂશી થયા. અને તારા પગારમા સારો એવો વધારો કર્યો અને ઉપરથી ભલામણ કરી, 'કે–તું સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચતુર્વિધ સંઘની ખૂબ ભક્તિ કરજે અને પરમાત્માની પૂજા–ભક્તિ કરજે, આ કાર્યમાં જે કાંઇ ખર્ચ થાય તે તારે છૂટથી કરવો.

શેઠે આવી ઉદારતા બતાવી છતાં પોતાના પરિશ્રમથી કમાયલી લક્ષ્મી દ્વારા તે એક સુંદર છત્ર બનાવ્યું, જેને સુવર્ણથી રસાવવામાં આવ્યું અને ખૂબ ભાવથી પરમાત્માના મસ્તક ઉપર એ છત્ર ધરવામાં આવ્યું. આ છત્ર જોઇને તને ઘણી ખૂશી થઈ, ભગવાનની ભક્તિ કરીને તું ઘણી ખૂશી થઈ, તેથી તેં ખૂબ જ પુણ્યનુ ઉપાર્જન કર્યું અને કર્મની નિર્જરા પણ કરી.

ધર્મના કાર્યો કર્યા પછી તેની અનુમોદના કરાવાથી તેનું ફળ અનેકગણું વધી જાય છે અને ધર્મના કાર્યો કરી પાછળથી પશ્ચાત્તાપ કરવાથી અથવા બીજાના કરેલા ધર્મના કાર્યોને વખોડવાથી ધર્મનુ ફળ ઘણુ ઘટી જાય છે, માટે પોતે યા બીજાએ કરેલા ધર્મના કાર્યોની અનુમોદના કરવી. તેથી આત્માને ઘણો લાભ થાય છે. આ ધર્મની વાત સૌએ ખાસ ધ્યાન રાખવાની છે.

આ રીતે પૂર્વભવે તેં સુંદર આરાધના કરવાથી અને ભગવાનના મસ્તક પર સુંદર છત્ર ધરવાથી, તું આ જન્મમાં

ઘણી સુખી અને સમૃદ્ધ થઇ અને છત્ર ચઢાવવાથી દૈવી બગીચો અને દૈવી સહાયની તને પ્રાપ્તિ થઈ અને અહીં પણ ધર્મની આરાધના કરી તું સદ્‍ગતિ પામીશ અને ધીરે ધીરે મુક્તિમાં સીધાવીશ.

જ્ઞાની ગુરુભગવંતના મુખ કમળથી પૂર્વભવની સઘળી ય બીના સાંભળતાં ધર્મની ભાવના દૃઢ બને છે અને અંતે મહારાજા પોતાના યુવરાજને રાજ્યાભિષેક કરી રાજા–રાણી બન્ને જણા દીક્ષા અંગીકાર કરી સુંદર આરાધના કરીને સ્વર્ગે સીધાવે છે. ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ મેળવી ચારિત્ર અંગીકાર કરી ઘાતિ–અઘાતિ કર્મનો વિનાશ કરી અંતે મુક્તિ પામશે અહીંઆ આરામશોભાની કથા પૂર્ણ થાય છે.

આ કથા ધર્મની થોડી પણ કરેલી આરાધના આત્માને કેવું મહાન ફળ આપે છે એ વાતને સમજાવી આપણને અનેરી પ્રેરણા આપે છે. આ રીતે ધર્મની આરાધના કરનાર આત્માઓનું અવસરે અવસરે રક્ષણ થાય છે. તેના દુઃખ દારિદ્રય દૂર થાય છે સુખ સમૃદ્ધિ મળે છે અને અંતે આત્મા મુક્ત બને છે. શુદ્ધ બને છે અને શાશ્વતસુખના ધામે બિરાજમાન થાય છે.

આ પ્રમાણે અગ્યાર વ્યાખ્યાનોમાં ધર્મનું સ્વરુપ, સમ્યક્‌ત્વનું સ્વરુપ વગેરે વિષયો સમજાવી 'ધમ્મો મંગલ' ની ગાથાના ચાર વિષય પૈકી એક વિષયને સમજાવ્યો, હવે આજ ગાથા ઉપર 'ધર્મનું મહત્વ' એ બીજો વિષય હવે પછીના વ્યાખ્યાનમાં સમજાવવામાં આવશે.

# વ્યાખ્યાન બારમું

## ધર્મનું મહત્વ—

"ધમ્મો મંગલ મુક્કિટ્ઠં" એ ગાથા ઉપર ધર્મનું સ્વરૂપ, ધર્મનું મહત્વ, ધર્મ કોને ફળે અને આજે ધર્મ કેમ ફળતો નથી, આ ચાર વિષય ઉપર આપણે વ્યાખ્યાન માળા શરુ કરી છે, તેમાં અગ્યાર વ્યાખ્યાનોમાં ધર્મનું સ્વરૂપ એ પ્રથમ વિષય ટૂંકમાં પણ વિશદ રીતે ચર્ચી તેનો સુંદર અને સ્પષ્ટ ખ્યાલ આપવામાં આવ્યો છે.

હવે "ધર્મનું મહત્વ" એ વિષય આજથી આપણે શરૂ કરીએ છીએ. ધર્મની મહત્તા, ધર્મનું મૂલ્ય અને જગતમાં ધર્મનો કેવો અજોડ અને અપૂર્વ દરજ્જો છે એ વાત આપણા સમજમાં આવી જાય તો આપણી દૃષ્ટિ ખૂલી જાય. આજે આપણે સંસારની સામાન્ય વસ્તુને ઘણું મહત્વ આપીએ છીએ અને ધર્મને સાવ ગૌણ સમજીએ છીએ, પણ ધર્મ એ જગતમાં સર્વોપરિ છે, ધર્મનું સ્થાન સૌથી મોખરે છે, તેની કિંમત આંકી અંકાય તેમ નથી, તેનું મહત્વ અને તેનો દરજ્જો અજોડ, અસાધારણ અને અનુપમ છે, ધર્મ એ જગતની તમામ સુખ, સાહ્યબી અને સમૃદ્ધિ આપે છે, દુર્ગતિથી પડતા બચાવે છે, સદ્‌ગતિમાં લઈ જાય છે અને અંતે મુક્તિ જેવા સર્વોચ્ચ સુખના સ્થાને હમેશાને માટે આત્માને સ્થાપન કરે છે. ભૂત

કાળમાં પણ ધર્મનું મહત્વ અને સ્થાન સર્વોપરિ હતું. વર્તમાન કાળમાં પણ તેનાં મૂલ્યાંકન થઇ શકે તેમ નથી અને ભવિષ્યમાં પણ તેનું સ્થાન મહત્વનું જ રહેવાનું છે.

ધર્મથી જ આત્મા સાચા સુખને પ્રાપ્ત કરી શકે છે, ધર્મ વડે જ આત્મા પોતાના દબાયલા ખજાનાને પ્રગટ કરી શકે છે, ધર્મથી જ સાચી શાંતિ અને આબાદી પ્રાપ્ત થાય છે અને ધર્મ જ રોગ, શોક, દુઃખ અને દારિદ્રય દૂર કરી શકે છે. ધર્મની શક્તિ અજોડ છે. ધર્મનો પ્રભાવ અનોખો છે. ધર્મનો મહિમા અપૂર્વ છે, ધર્મનું સ્થાન જગતમાં ઉંચામાં ઉંચું છે, જગતમાં જે કંઇ સારી વસ્તુ આત્માને મળે છે તેનું મુખ્ય અને મૂળ કારણ ધર્મ છે. આપણે ઝાડની સુંદરતાને જોઇને ખૂશી થઇએ છીએ, તેની છાયામાં વિશ્રામ લઇએ છીએ, તેના મીઠા મધુરા ફળોનો આસ્વાદ કરી આનંદ અનુભવીએ છીએ અને તેના પાંદડાના તોરણો બનાવીએ છીએ પણ આ બધાનું મૂળ કારણ કોણ? ઝાડ પાન ફળ અને ફૂલનું મૂળ કારણ એનું મૂળ છે. જો મૂળ ન હોય તો ઝાડ, પાન, ફળ અને ફૂલનું પણ અસ્તિત્વ હોત નહિ. "मूलं विना कुतः शाखाः".

જેવી રીતે ઝાડપાન અને ફળ ફુલનું કારણ એનું મૂળ છે, તેવી રીતે દુનિયાની તમામ સુખ સાહ્યબીનું કારણ ધર્મ છે.

માટે જ ઉપદેશ રત્નાકરમાં સહસ્રાવધાની સૂરિપુંગવ શ્રી મુનિ સુંદરસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે–

धर्मे सिद्धे ध्रुवासिद्धिः द्युम्नप्रद्युम्नयोरपि ।
दुग्धोपलम्भे सुलभा, संपत्तिर्दधिसर्पिषोः ॥

જેને ધર્મ સિદ્ધ છે તેને અર્થ અને કામ તો સિદ્ધ જ છે, અર્થ અને કામનું જો કોઇ મૂળ કારણ હોય તો તે ધર્મ જ છે. ઉદાહરણ તરીકે તેઓશ્રી જણાવે છે કે–જેની પાસે દુધ છે તેને દહીં અને ઘી દુર્લભ નથી પણ સુલભ છે તેમ જેની પાસે ધર્મ છે તેના ચરણોમાં સદા સુખ અને સમૃદ્ધિ આળોટે છે.

એક વ્યક્તિને ખાવાનું ઠેકાણું નહોતું. જેમ તેમ બિચારો પોતાનું પેટ ભરતો હતો અને મહામુશીબતે તે પોતાનું ગુજરાન ચલાવતો હતો, એવામાં કોઈ કારણસર તે પોતાનું ઘર ખોદવા લાગ્યો અને અચાનક ત્યાંથી નિધાન નીકળે છે. નિધાન જોતાં એની ખૂશીનો પાર નથી. જેને ખાવાનું ઠેકાણું નહોતું તેને નિધાન મળ્યું. આ પ્રભાવ કોનો? કહેવું જ પડશે કે–ધર્મનો....

## વસ્તુપાળ અને તેજપાળ—

તમે એ વાત જાણતા હશો કે મહામાત્ય શ્રી વસ્તુપાળ અને તેજપાળ પહેલાં એવા ઉદાર નહોતા પણ એક ભાવિકે શ્રી સિદ્ધગીરિનો છ'રી પાળતો સંઘ કાઢયો હતો, તેમાં તેઓ પણ જોડાયા. ઘરમાં સોનાનો ચરૂ હતો, મૂકીને જઈશું તો કદાચ કોઇ લઈ જશે માટે ચરૂ તેમણે સાથે જ લીધો. વારંવાર એ ચરૂને તેઓ જુએ છે. ચરૂના કારણે તેમનું ચિત્ત સ્થિર રહેતું નહોતું, જેથી તેમની માતાએ કહ્યું બેટા! આપણે યાત્રાએ નીકળ્યા છીએ. ચરૂના મોહમાં તમારું ચિત્ત સ્થિર રહેતું નથી, આ તો એક જાતની ઉપાધિ કહેવાય, માટે તમે

તેને નિર્જન સ્થળે ખાડો ખોદીને દાટી દ્યો, જેથી આપણે સુખપૂર્વક યાત્રા કરી શકીએ. જ્યારે યાત્રાથી પાછા ફરીશું ત્યારે ચરૂ કાઢી લઇશું.

માતાની સલાહ-સૂચના મુજબ તેઓ નિર્જન સ્થળે એકાંતમાં ખાડો ખોદી જ્યાં ચરૂ દાટવા જાય છે ત્યાં ખાડો ખોદતા જમીનમાંથી બીજો ચરૂ નીકળે છે કે-જે સુવર્ણ મુદ્રાથી ભરપૂર હતો, ચરૂ નિહાળતાં બન્ને મંત્રીશ્વરોના આશ્ચર્યનો કોઇ અવધિ ન રહ્યો. તેઓ વિચારમાં પડયા કે અમે તો અહીં ચરૂ દાટવા આવ્યા છીએ, ત્યાં વળી અહીં બીજો ચરૂ નીકળે છે. હવે શું કરવું. માતાજીને વાત કરી, માતા વાત સાંભળીને કહેવા લાગી બેટા ! જેમ આ ચરૂનો માલીક જમીનમાં દાટીને-મૂકીને જ અહીંથી પરલોકે સીધાવી ગયો, ધન અહીંનું અહીં રહ્યું પણ એની સાથે ગયું નહિ. માટે ધનનો જો સદુપયોગ કરવામાં આવે અને સુપાત્રમાં વ્યય કરવામાં આવે તો તે મળ્યું પણ સાર્થક ગણાય.

માતાની પ્રેરણાથી ત્યારથી તેઓ ઉદાર બન્યા, ધર્મના માર્ગે લાખો-ક્રોડો રૂપીઆ ખર્ચ્યા. આબુ અને દેલવાડાના બેનમુન કળા કારીગરીથી ઓપતા એવા જિનમંદિરો બંધાવી ગયા અને નામ અમર કરી ગયા. આબુ-દેલવાડાના જિનમંદિરો આજે જગતની આઠમી અજાયબી તરીકે ગણાય છે. વિદેશીઓ પણ તેની કળા-કારીગરી નિહાળી આફ્રીન બની જાય છે અને પ્રશંસાના પુષ્પો વેરે છે.

મંત્રીશ્વર વસ્તુપાળ અને તેજપાળે શ્રી સિદ્ધગીરિના છ'રી

પાળતા સંઘો કાઢી ધનનો અઢળક વ્યય કર્યો હતો. શ્રી વિક્રમાદિત્ય, શ્રી કુમારપાળ અને સાધુ પેથડકુમાર મંત્રીશ્વરે પણ છ’રી પાળતા સંઘો કાઢી જિનશાસનની અનુપમ પ્રભાવના કરી હતી. છ’રી પાળતો સંઘ કાઢવામાં અનેરો લાભ સમાયલો છે. પ્રાચીનકાળમાં રાજા–મહારાજાઓએ અને અનેક શ્રેષ્ઠિવર્યોએ છ’રી પાળતા સંઘો કાઢી જગતમાં નામ રોશન કર્યું છે. આજે પણ કેક ભાગ્યશાળીઓ છ’રી પાળતો સંઘ કાઢી લક્ષ્મીનો લ્હાવો લે છે અને પુણ્યાનુબંધી પુણ્યના ભાગી બને છે, પણ આજના ધમાલીયા જીવનમાં છ’રી પાળતા સંઘ બહુ જુજ અને જવલ્લે જ નીકળે છે.

## છ’રી પાળતો સંઘ

છ’રી પાળતા સંઘોને આજના રેલ્વે દ્વારા નીકળતા સંઘોએ મોટો ધક્કો પહોંચાડયો છે. છ’રી પાળતા સંઘોનો શાસ્ત્રકારોએ જે લાભ બતાવ્યો છે અને એમાં જે લાભ સમાયલો છે, તે કંઇ સ્પેશ્યલો દ્વારા નીકળતાં સંઘોથી મળી શકતો નથી. છ’રી પાળતા સંઘ દ્વારા કેટલીકવાર સંઘપતિ ભાવના અને ઉલ્લાસના બળે તીર્થંકર ગોત્ર જેવી ઉત્તમ પ્રકૃતિની નિકાચના કરી લે છે. છ’રી પાળતો સંઘ હોય એટલે ગુરુ મહારાજની પુણ્ય નિશ્રા હોય અને એ મહાપુરુષોની શુભનિશ્રામાં દરરોજ એમના પ્રવચનો સાંભળવાનો જનતાને લાભ મળે, સુંદર પ્રેરણા મળે અને તીર્થયાત્રાની મહત્તા સમજાતાં આત્મા ડગલે ને પગલે પગપાળા યાત્રા કરતા કર્મની નિર્જરા કરે એ વધારામાં.

છ'રી પાળતા સંઘમાં ગામ ગામના જિનમંદિરોના દર્શન થાય છે, ગામ ગામના સાધર્મીભાઇઓના દર્શન અને એમની ભક્તિ કરવાનો સુઅવસર સાંપડે છે. ભાગ્યે જ આવો યોગ મળતાં ભાવુકોના હૈયા હર્ષથી હિલોળે ચઢે છે. સાતે ક્ષેત્રની પુષ્ટિ થાય છે, સાધુ–સાધ્વીજી મહારાજની સેવા–ભક્તિનો લાભ મળે છે. જે ગામમા સંઘ જાય ત્યાંની પરિસ્થિતિનો ખ્યાલ આવે છે, ત્યાં કયું ક્ષેત્ર સીદાય છે, એ જાણીને સંઘ દ્વારા એ ખોટ અને ઉણપ દૂર કરવામાં આવે છે. જીર્ણોદ્ધાર, ઉપાશ્રય, પાંજરાપોળ આદિ જે જે ખાતામાં જરૂર હોય તે માટે ટીપ કરવામાં આવે છે. આ રીતે સાતે ક્ષેત્રની પુષ્ટિ થાય છે. પરસ્પરના સાધર્મી ભાઇઓની ભક્તિ કરવાની ઉમદા તક મળે છે. વાજતે–ગાજતે સંઘોની પધરામણી થાય એટલે નગરની જનતા ટોળે વળીને એની શોભાને નિહાળવા કીડીયારાની જેમ ઉભરાય છે.

સંઘની અને સંઘપતિની અનુમોદનાના ઉદ્‌ગારો સ્હેજે હૃદયમાંથી સરી પડે છે. ધન્ય સંઘપતિ, ધન્ય સંઘાળુઓ, ધન્ય સંઘ. સંઘના દર્શન કરી આત્મા નિજના પાપને પખાળે છે. ગુરુ મહારાજની વાણી શ્રવણ કરવાનો ત્યાંની જનતાને લાભ મળે છે. સંઘમાં આવનારા ભાવિકોની ભાવના અહર્નિશ ધર્મ ધ્યાનમાં જ તત્પર રહે છે. સવારથી સાંજ સુધી અને સાંજથી બીજી સવાર સુધી આત્મા ધર્મની ભાવનામાં ઓતપ્રોત રહે છે. સવારના ઉઠતાં પ્રતિક્રમણ, નવકારશી, પોરિસી, એકાસણાદિ પચ્ચક્ખાણ, ગુરુ વંદન, દેવ દર્શન, પ્રભુ પૂજન, વ્યાખ્યાન શ્રવણ, સામાયક, સાંજનું પ્રતિક્રમણ વગેરે તેમજ

આરંભ સમારંભથી આત્મા બચી જાય છે. સંઘની રજથી આપણું મસ્તક પવિત્ર બને છે.

આ બધા ઠાઠમાઠ જોઈ હૈયું હર્ષથી નાચી ઉઠે છે. આ અંતરના આનંદમાં ચીકણા અને નિબિડ કર્મોની ખૂબ જ નિર્જરા થાય છે. કોઇ તપ કરે, કોઇ ભક્તિ કરે, કોઇ ધ્યાન કરે, કોઇ જપ કરે, કોઇ સ્વાધ્યાય કરે, કોઇ તનથી, કોઇ મનથી અને કોઇ ધનથી લાભ લે કારણ કે તરવાના અસંખ્ય યોગો છે. એક પણ યોગમાં આત્મા તલ્લીન બની જાય તો બેડો પાર થઇ જાય સંગીતના સૂરોની રેલમછેલ થાય છે, ભવ્ય ભાવનાઓ બેસે, લલનાઓ ગરબે ઘૂમી રાસની રમઝટ જમાવે, દાંડીયા ખેલે, નાચ ગાન કરે, જીન ગુણના અને ગુરુ ગુણના ગીતોથી ગગન ગુંજી ઉઠે, પ્રભુજીને અવનવી અંગરચનાઓ રચાવાય. ભવ્યાત્માઓ પ્રભુ દર્શન કરી નિજને ધન્ય માને, કૃષ્ણપક્ષી આત્માઓ શુકલપક્ષી બની જાય, શુકલપક્ષી આત્માઓ થોડા ભવોની અંદર જ મુક્તિ ગમન કરનારા બની જાય, "ભાવના ભવ નાશિની" "ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન."

આ ઉક્તિઓ ચરિતાર્થ થાય. આમાં કેટલો લાભ સમાયેલો છે તેનું માપ જ્ઞાનીઓજ કાઢી શકે. કયાં આપણી અલ્પ બુદ્ધિ અને કયાં જ્ઞાનીનું જ્ઞાન. કયારે આત્માની પરિણતિ બદલાય એ કહી શકાય નહિ. આવા શુભ અને સુંદર નિમિત્તો દ્વારા પાપી, અધમ અને હત્યારા આત્માઓ પણ ઘડીમાં કામ કાઢી જાય. કાળા માથાનો માનવી શું ન કરી શકે.

"कम्मे शूरा ते धम्मे शूरा" સાધુ મહારાજના દર્શન માત્રથી નટડીમાં મુગ્ધ બનેલા ઇલાચીકુમારની ભાવનાનું પરિવર્તન થાય છે અને ક્ષણમાં કેવળજ્ઞાન પામે છે. આવા છ'રી પાળતા સંઘોમાં ભાવના અને ઉલ્લાસ જાગતા વાર નથી લાગતી. લઘુકર્મી આત્માઓ કામ કાઢી જાય છે.

તેમજ યાચકોને દાન દેવાય, ભિક્ષુકોને ભિક્ષા દ્વારા સંતોષાય, તંબુ રાવટી અને પડાવ નાખવા માટે મજૂરોની જરૂર પડે એટલે અનેક મજૂરોનું પોષણ થાય, વ્યાપારીઓનું પોષણ થાય, દેશનો પૈસો દેશમાં રહે, ગરીબોનું પોષણ થાય, ચતુર્વિધ સંઘની ભક્તિ થાય, સાતે ક્ષેત્રની પુષ્ટિ થાય, નવાનવા ગામ–નગર અને પુર જોવા મળે, ત્યાંના રીત રિવાજોનું, ત્યાંની રહેણી કરણીનું, આચાર વિચારનું, જુદા જુદા ગામના જુદા જુદા રિવાજો હોય, જુદી જુદી ભાષા સાંભળવા મળે, વિવિધ વેશભૂષાના દર્શન થાય વગેરે દેશાટનમાં અનેક લાભો સમાયલા છે. વિચરંતા સાધુ સાધ્વીજી મહારાજના દર્શન–વંદન થાય. આ બધો અનોખો લાભ છ'રી પાળતા સંઘ દ્વારા મળે છે અને આત્મા ભાવોલ્લાસ વધતાં તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જે લે. ત્યારે રેલ્વેના સંઘોમાં–સ્પેશ્યલોમાં હજારો રૂપીઆ રેલ્વેમાં જાય, જે કામ આઠ દિવસમાં થાય તે રેલ્વેમાં બે દિવસમાં પતી જાય અને આવી સ્પેશ્યલો દ્વારા કેટલાકો તો કમાણી કરે છે એમને સંઘપતિ બનવાનો લ્હાવો મળે, ગામ ગામના સંઘો હારતોરા કરી સન્માન કરે, પૈસાની કમાણી, સંઘપતિ બનવાનો લ્હાવો, હારતોરાથી સન્માન થાય એટલે સ્હેજે સ્પેશ્યલ કાઢવાનું મન થાય. સમય બચે,

પૈસા બચે અને યાત્રાની યાત્રા કહેવાય પણ આથી છ'રી પાળતા સંઘોને મોટો ધક્કો પહોંચ્યો છે.

છ'રી પાળતો સંઘ મહીનાઓમાં પહોંચે અને રેલ્વેનો સંઘ દિવસોમાં પહોંચે એટલે માણસ ઘણા દિવસના બચાવના લોભે છ'રી પાળતો સંઘ ન કાઢતા રેલ્વે દ્વારા સંઘ કાઢવામાં લલચાય એટલે છ'રી પાળતા સંઘને ધક્કો પહોંચે એ સ્વાભાવિક છે તેથી સંઘ કાઢનાર સંઘપતિને તેમજ બીજા અનેક ભાવિકોને કર્મની જે નિર્જરા થવાની હતી અને પુણ્યાનુબંધી પુણ્યનો જે બંધ થવાનો હતો અને આત્મામાં ધર્મના જે સસ્કાર પડવાના હતા, ઘણા જીવો આ નિમિત્તે ધર્મની અનુમોદના કરી લઘુકર્મી થવાના હતા, ઘણા જીવો સમકિત પામવાના હતા. ઘણા જીવો ત્યાગની પરિણતિવાળા થવાના હતા અને અનેક આત્માઓ જ્ઞાન–ધ્યાન, ત્યાગ-તપમાં આગળ વધવાના હતા તે બધી વાત ઉડી ગઈ.

તેમજ શાસન પ્રભાવનાના જે કાર્યો થવાના હતા તે બધાના લાભથી લોકો વંચિત રહ્યા ગામ–ગામના લોકો દેવ–ગુરુ અને ધર્મની આરાધના અને સેવા ભક્તિથી વંચિત રહ્યા. ઊંડો વિચાર કરવામાં આવે તો સ્હેજે સૌ કોઈ સમજી શકશે કે–આથી ખરેખર ધર્મને ધક્કો લાગે છે. એટલે લાખો રૂપીયા ખર્ચીને જે લાભમેળવવાનો હતો તે મળી શકયો નહિ અને પરિણામે ધર્મને ધકકો લાગ્યો. માણસ શક્તિ પ્રમાણે ભલે નાનો કે મોટો સંઘ કાઢે, પરંતુ સિદ્ધાંતની વિધિ મુજબ કાઢે તોજ તે પ્રમાણ છે અને એમાં જ લાભ સમાયલો છે.

**હસ્તલિખિત પ્રતો—**

જેમ છ'રી પાળતા સંઘોને આજે સ્પેશ્યલોએ ધકકો પહોં-

ચાડયો તેમ છાપાના પુસ્તકોએ-હસ્તલિખિત પુસ્તકો અને પ્રતોને મોટો ધક્કો પહોંચાડયો છે, પ્રાચીન કાળમાં જ્યારે છાપાના પુસ્તકો નહોતા ત્યારે પુસ્તકો અલભ્ય હતા, તેથી સાધુ મહાત્માઓ જ્ઞાનને કંઠસ્થ કરી લેતા હતા; તેઓ સમજતા હતા કે પ્રત બીજે નહિ મળે, એટલે ધ્યાન દઈને ભણતા હતા; કંઠસ્થ કરતા હતા અને કંઠસ્થ ગ્રન્થના સંસ્કાર જેટલા પડે તેટલા પુસ્તક વાંચવાથી માત્ર પડતા નથી. આ કાંઇ નોવેલો કે રસિક ચરિત્રો નથી કે એકવાર વાંચીને થોડીવાર આનંદ મેળવી લઇએ.

આજે છાપાના પુસ્તકો સર્વત્ર સુલભ થવાથી. ચીવટ ઘટી, જ્ઞાન ઘટવા માંડયું, ખપ હશે ત્યારે પુસ્તક જોઇ લેશું, કંઠસ્થ કરવાની માથાકૂટ મટી. આ કારણે વિદ્વત્તા ઘટી, શાસ્ત્રાધ્યયન ઘટયું, ગુરુગમ દ્વારા જે જ્ઞાન મળતું હતું અને તેથી જે આધ્યાત્મિક વિકાસ થતો હતો, શંકા-કુશંકા થતાં તરત જ ગુરુ મહારાજ તેનું સમાધાન કરતા હતા, એટલે શ્રદ્ધા દૃઢ ને મજબૂત થતી. આજે ગુરુ પારતંત્ર્યના અભાવે પુસ્તકો જોઇને વાંચી લઇશું એટલે ગુરુ પારતંત્ર્ય ઘટવાથી સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વધી. ગુરુ પ્રત્યેનું બહુમાન અને વિનય ઘટયો, કારણ કે ગુરુની ગરજ ન રહી. પુસ્તકો સુલભ થવાથી અને ભાષાંતરો વધવાથી પુસ્તકો જોઇ લઇશું. આપ મેળે વાંચી લઇશું એટલે ઉપચોટીયું-છીંછરુ જ્ઞાન વધ્યું. તલસ્પર્શી અને જ્ઞાનનું ઉંડાણ ઘટવાથી એના રહસ્યો અને મર્મો સુધી પહોંચી શકાય નહિ અને તેથી વિકાસ રુંધાય એ સ્વાભાવિક છે.

પ્રાચીન કાળમાં હસ્તલિખિત પ્રતો અને તાડપત્ર પર

લખેલી પ્રતો અમુક જ સ્થળે મળતી એટલે એ ગ્રન્થનું પુનઃ પુનઃ રટન કરી તેને હસ્તગત કરી લેવામાં આવતો હતો. તેથી સંસ્કારો પડતા હતા, ગુરુગમની જરૂર પડતી હતી, સ્વાધ્યાય થતો હતો અને તે દ્વારા જોરદાર કર્મની નિર્જરા થતી હતી. એ બધું છાપાના પુસ્તકો સુલભ થવાના કારણે અટકી પડ્યું.

હસ્તલિખિત પુસ્તકો પહેલા કાશ્મીરી કાગળો પર લખાવવામાં આવતા હતા એ કાગળો મજબુત અને ટકાઉ હોવાના કારણે હજાર-હજાર વર્ષ સુધી તે સારી રીતે ટકતા હતા, કારણ કે સાધુ મહાત્માઓને જ્ઞાનની કિંમત હોય છે એટલે તેઓ તેને સુરક્ષિત રાખતા હતા.

तैलात् रक्षेत् जलात् रक्षेत्,
रक्षेत शिथिल बंधनात्.

એટલે હસ્ત લિખિત પ્રતોને તેલનો ડાઘ ન પડી જાય, પાણી ન લાગી જાય, ભેજ ન લાગે, ઉધઈ અને કંસારી ન પડે તે માટે સુંદર પાટીઓમાં મૂકી, કપડાના બંધનથી મજબુત બાંધવામાં આવતા હતા અને તેને લાકડાના સુંદર ડબ્બાઓમાં મૂકી કબાટોમાં મૂકવાથી તેને જરાય હરકત નહોતી આવતી. વર્ષે-બે વર્ષે કબાટો ખોલી, ડબ્બામાંથી કાઢી અને હવા અને તડકો ખવડાવવામાં આવતો જેથી એ હસ્ત લિખિત પ્રતો સુરક્ષિત રહેતી હતી. કબાટોમાં જીવડા ન પડે તે માટે વજ વિગેરેની પોટલીઓ મૂકવામાં આવતી હતી. મોર પીંછી દ્વારા પૂંજી પ્રમાર્જીને ખૂબ બહુમાન પૂર્વક તેને કબાટોમાં રાખવામાં આવતી હતી.

કાશ્મીરી કાગળોને પત્થરના લીસા ઘોટાઓ દ્વારા ખૂબ ઘસીને કાગળોને ચકચકાટ કરી પાટી દ્વારા તેને હાંસીઆ પાડી, ત્રિપાઠી પંચપાઠી પડિમાત્રા વિગેરે જુદી જુદી લીપીઓથી એવા મરોડદાર, મોતીના દાણા જેવા અક્ષરોથી લહીઆઓ લખતા હતા અને એવા સુંદર કળામય ચિત્રો અને વેલો વિગેરે આજુબાજુ મૂકવામાં આવતા હતા કે જોનાર ઘડીભર થંભી જાય અને લખનારની કળા ઉપર ઓવારી જાય

કાશ્મીરી કાગળ પર-કાચી શાહીનો ઉપયોગ કરવામાં આવતો કારણ કે પાકી શાહીથી કાગળોમાં કાણા પડી જાય, અને કાગળ ખવાઇ જાય માટે કાચી શાહી વપરાતી અને તેમાં ગુંદર નાંખવામાં આવતો તે પણ પ્રમાણસર. નહિતર કાગળો ચોંટી જાય અને ચોંટેલા એ કાગળો ઉઘાડતા પાનુ ફાટી જાય, ત્યારે એ ચોંટેલા કાગળોને ઉઘાડવાની પણ કળા છે એવી કળાથી ઉઘાડવામાં આવે કે જેથી પાનાને જરાય હરકત ન આવે. પ્રાચીન કાળમાં ખર્ચો ઓછો હતો, કામ સુંદર હતું અને કળા ખૂબ ખીલેલી હતી.

સોનાની શાહી અને ચાંદીની શાહી દ્વારા પણ અનેક પ્રતો લખવામાં આવતી હતી. દીલ્હીના ભુંગળીઆ કાગળો પણ વપરાતા હતા, જે ૬૦૦-૭૦૦ વર્ષ સુધી ટકતા હતા. જયપુરના કાગળ જાડા અને વજનદાર આવતા હતા તેનો પણ ઉપયોગ થતો હતો. પણ તે ૩૦૦-૪૦૦ વર્ષ સુધી જ ટકતા હતા. અમદાવાદના કાગળો જેનો વ્યાપારી લોકો વહીઓમાં ચોપડા વિગેરે લખવામાં ઉપયોગ કરતા હતા, પણ તે ૧૫૦-૨૦૦ વર્ષ ટકે પણ તે વધારે ટકાઉ નહિ, જ્યારે અત્યારના

છાપાના કાગળો તો ૨૫-૫૦ વર્ષમાં ખલાસ થઈ જાય છે. જો સાચવણી ન હોય તો જીવડા પડી જાય. કેટલાક સ્થળે તો કેટલું સાહિત્ય બેદરકારીના કારણે સડી ગયું. જીવડા પડી ગયા. ઉધઈ વિગેરે લાગી ગઈ અને દરીયામાં પધરાવી દેવું પડયું. કારણ કે વ્યાપારી કોમને જેટલી પૈસાની કિંમત છે, તેટલી જ્ઞાનના પુસ્તકોની કિંમત હોતી નથી વ્યાપારી દ્વારા સચવાયલા કેટલાક જ્ઞાન ભંડારોના આજે કેવા હાલ થઈ રહ્યા છે કે જે જોઈને હૈયું કંપી ઉઠે છે પૈસાના લોભે વ્યાપારી લોકો જુની પ્રતો આપી દે છે જેથી આપણા સુંદર કલ્પસૂત્ર વિગેરે આગમો બહારના પ્રદેશોમાં પહોંચી ગયા છે.

આપણા દીર્ઘદૃષ્ટા મહાન જૈનાચાર્યોએ લીંબડી. ખંભાત, પાટણ અને જેસલમેર જેવા સ્થળોએ હસ્તલિખિત પ્રતો, ગ્રન્થો, અને તાડપત્ર પર લખાયલું વિપુલ સાહિત્ય ભંડારોમાં સાચવી રાખી આપણા ઉપર એમણે અથાગ ઉપકાર કર્યો છે. આજે જો એ પ્રાચીન ભંડારોનું અસ્તિત્વ ન હોત તો આપણી શી દશા થાત! મુગલો વિગેરેના કાળમાં આપણું વિપુલ સાહિત્ય એ લોકોએ બાળી નાંખ્યું અને એનો દુરુપયોગ કર્યો. છતાંય આજે જેટલું સાહિત્ય વિદ્યમાન છે કે જેના પઠન-પાઠનમાં વર્ષોના વહાણા વહી જાય જીંદગીની જીંદગી ખલાસ થાય તો ય તેનો પાર પામવો મુશ્કેલ છે. હજી પણ એટલું વિપુલ સાહિત્ય વર્તમાનમાં વિદ્યમાન છે. વર્તમાન કાળમાં પણ કેટલાક દીર્ઘદૃષ્ટા આચાર્યપુંગવો અને મુનિપુંગવો નવા હસ્તલિખિત ગ્રન્થો લખાવીને તૈયાર કરાવી ભંડારોમાં સાચવી રાખે છે કે જે ભાવિ સાધુ-સંસ્થાને ઉપયોગી નીવડે.

પણ ખેદની વાત છે કે થોડા વખત પહેલા લહીઆઓ બે રૂપીઆમાં એક હજાર શ્લોક લખતા હતા. વધીને રૂા. ૬) અને ૮) થયા અને અત્યારે તો રૂા. ૪૦) એક હજારના આપતા ય લહીઆઓ મળતા નથી, કારણ કે લખાવનારા ઓછા થયા. છાપાના પ્રત–પુસ્તકોની બોલબાલા થવા લાગી એટલે લહીઆઓ બીજા હુન્નર ઉદ્યોગમાં લાગી ગયા.

કાશ્મીરથી જે કાગળો આવતા હતા તે પણ આવતા બંધ થયા કારણ કે લખાવનારા જ ખાસ રહ્યા નહિ તેથી તે ઉદ્યોગ પડી ભાંગ્યો. પંજાબમાં ચોપડાઓ લખવામાં પ્રથમ કાશ્મીરી કાગળનો ઉપયોગ થતો હતો, તેના ઠેકાણે આજે વ્યાપારીઓ બીજા કાગળો ઉપયોગમાં લેવા લાગ્યા, જેથી કાશ્મીરી કાગળોનો હુન્નર પડી ભાંગ્યો.

છાપાના પુસ્તકો વધારે ટકવાના નહિ, થોડા વર્ષમાં એનો નાશ થવાનો અને એનાએ પુસ્તકો પુનઃ છપાય એ નિયમ નહિ, નવા નવા પુસ્તકો છપાય એટલે જુના પુસ્તકોનો ધ્વંસ થવાનો અને હસ્તલિખિત પુસ્તકોનો પ્રચાર ઓછો થવાથી પ્રાચીન પુસ્તકોનો હસ્તલિખિત દ્વારા જીર્ણોદ્ધાર થવાનો નહિ એટલે ૨૦૦-૫૦૦ વર્ષ પછી છાપાના પુસ્તકો પણ મળશે નહિ અને હસ્તલિખિત પુસ્તકો પણ મળશે નહિ, એટલે એનું ભવિષ્યમાં એ પરિણામ આવશે કે આપણા પૂર્વાચાર્યોએ મહાન આગમ ગ્રન્થોનો સંગ્રહ હસ્તલિખિત ભંડારો દ્વારા વિશાળરૂપમાં જે કરેલો છે તેનો ભવિષ્યમાં આપણા દુર્ભાગ્યે વિનાશ થવાનો. આ રીતે મહાન આગમ ગ્રન્થોની વૃદ્ધિના બદલે હાનિ થવાનો મોટો ભય છે.

# વ્યાખ્યાન તેરમું

"ધમ્મો મંગલ મુક્કિટ્ઠં" એ ગાથા ઉપર "ધર્મની મહત્તા" નો વિષય ચાલી રહ્યો છે ગત વ્યાખ્યાનમાં ધર્મની કિંમત અને ધર્મનું સ્થાન સર્વોપરિ છે એ વાત રજુ કરવામાં આવી છે. ધર્મનું સ્થાન સર્વોપરિ છે એ વાત સાચી, પરંતુ આપણા હૃદયમાં એનું સ્થાન કયાં છે? અને આપણને એનું મહત્વ કેટલું છે? જગતમાં ધન, માલ, મીલકત, પુત્ર, પુત્રી અને પત્ની આદિ અનેક વસ્તુઓ છે આપણને જેટલી કિંમત આ બધી વસ્તુઓની છે, તેટલી કિંમત ધર્મની નથી, દુન્યવી પદાર્થો કરતા ધર્મ ઉપર જો વધારે પ્રેમ હોત તો તો ધર્મના માટે માણસ સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થાય એ સ્વાભાવિક છે, પણ વાસ્તવમાં ધન દૌલત આદિ પાર્થિવ પદાર્થની જેટલી કિંમત છે તેટલી કિંમત ધર્મની નથી એ વાત દીવા જેવી સ્પષ્ટ છે, એનું મૂખ્ય કારણ એ છે કે-ધર્મ એ સર્વોપરિ છે એ વાત આપણા હૃદયમાં ઠસી નથી, એ વાત આપણને રૂચી નથી અને એ વાત આપણે સમજ્યા નથી એટલું જ નહિ પરંતુ એ વસ્તુ સમજવાની જિજ્ઞાસા પણ નથી.

ત્યારે સ્હેજે પ્રશ્ન થશે કે જો અમારા હૃદયમાં ધર્મની કિંમત ન હોય તો શા માટે અમે પૂજા-પાઠ, તપ-જપ આદિ ક્રિયાઓ આચરીએ છીએ.

વાત સાચી છે ધર્મ ઉપર પ્રેમ નથી. એમ નથી પણ જેટલો પ્રેમ દુન્યવી પદાર્થો પર છે તેના કરતા ધર્મની ઉપર પ્રેમ ઓછો છે, ધર્મ ઉપર જો પ્રેમ ન હોય તો તમે જિન મંદિર, ઉપાશ્રય. વ્યાખ્યાન શ્રવણ તેમજ અન્ય ક્રિયાકાંડો કરો નહિ એ સ્વાભાવિક છે, પરંતુ તમને એમ પૂછવામાં આવે કે-ધર્મનો પ્રેમ. ધર્મની કિંમત અને ધર્મનું સ્થાન તમારા હૃદયમાં દુન્યવી પદાર્થો કરતા વધારે છે કે ઓછું છે? ત્યારે તરત જવાબ મળશે કે-પૈસા-ટકા ઉપર. પુત્ર-પુત્રી અને પત્ની ઉપર ધર્મના કરતાં વધારે પ્રેમ છે. પણ હવે જરા આપણે ઉંડા ઉતરીએ છીએ કે દુનિયામાં કોઇને સ્ત્રીના ઉપર વધારે પ્રેમ હોય છે જેથી એના માટે એ સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થાય છે, કોઇને ધનના ઉપર વધારે પ્રીતિ હોય છે એટલે એના માટે એ સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થાય છે, કોઇને સ્ત્રી પણ સારી, સુશીલ અને શિયળવતી છે, ધન પણ વિપુલ પ્રમાણમાં છે. પુત્ર ન હોવાના કારણે રોજ એ ઝુરે છે, એ સમજે છે કે "સો મણ તેલે ઘરમાં અંધારુ" એટલે એ પુત્ર માટે દોરા ધાગા, મંત્ર જંત્ર આદિ અનેક-વિધ પ્રયત્ન કરવા માંગે છે. કારણ કે એને પુત્ર એ જ સર્વસ્વ માન્યું. એમ જુદા-જુદા માણસોની જુદી જુદી વસ્તુ ઉપર પ્રેમ અને લાગણી હોય છે. કોઇ વસ્તુ ઉપર ઓછી અને કોઈ વસ્તુ ઉપર વધારે હોય છે. પણ હવે આપણે જરા ઉંડા ઉતરીએ છીએ કે જગતમાં અનેક વસ્તુઓ છે, સારી છે અને સામાન્ય પણ છે. દુનિયામાં તુચ્છ અને નજીવી વસ્તુઓ પણ છે આ બધી વસ્તુઓમાં કોઇ એવી વસ્તુ છે કે-જેના ઉપર આપણને

પ્રેમ ઓછો હોય એને એના કરતા ધર્મ ઉપર પ્રેમ વધારે હોય ?

આપણા હૃદયમાં પૈસાની કિંમત છે તેથી તેના માટે આપણે તનતોડ પ્રયત્ન કરીએ છીએ, તેના માટે રાત કે દિવસ જોતા નથી તડકો છાયડો જોતા નથી, ભૂખ તરસને ગણકારતા નથી. શરીરની પણ દરકાર રાખતા નથી, બાળ બચ્ચાંને પણ સંભાળતા નથી, પૈસા-પૈસા માટે પરમાત્માની સોગન ખાવા તૈયાર થઈએ છીએ. હિંસા અને જુઠ જેવા પાપો આચરવા તૈયાર થઈએ છીએ, ચોરી, અનીતિ અને અપ્રમાણિકતા જેવા અધમ કૃત્યો આચરતા અચકાતા નથી પૈસા માટે લડાઈ-ઝગડા કરવા તૈયાર, વેર-ઝેર વધારવા તૈયાર, કલેશ અને કંકાસ કરવા તૈયાર, દેશ દેશાવર ખેડવા તૈયાર, પૈસા માટે પ્યારી પત્નીનો વિયોગ સહન કરવા તૈયાર, અનેકોની ગુલામી કરવા તૈયાર, વિશ્વાસઘાત કરવા તૈયાર, બીજાના ગળા રેંસવા તૈયાર, બીજાને ઠગવા, છેતરપીંડી કરવા અને કૂડ કપટ કરવા તૈયાર, પૈસાની ખાતર પતિ પત્ની વચ્ચે, ભાઈ ભાઈ વચ્ચે, ભાઈ-ભગિની વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે અને શેઠ અને નોકર વચ્ચે લડાઈ ઝગડા થાય છે. મતલબ પૈસા માટે માણસ સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થાય છે, કારણ કે માણસને પૈસા ઉપર પ્રેમ છે. એટલે જ "પૈસો મારો પરમેશ્વર" જેવા સૂત્રો પ્રચલિત થયા.

કવિઓ પણ કહે છે કે—

टका धर्मष्टका कर्म टका हि परमं पदम् ।
यस्या गृहे टका नास्ति हा टकः टक टकायते ॥

ટકા એજ ધર્મ, પૈસો એજ પરમ પદ અને પૈસો એજ સર્વસ્વ, જેને ત્યાં લક્ષ્મી નથી તેની આ જગતમાં કશીય કિંમત નથી. ધન અને લક્ષ્મી હોય તો પધારો ધરમચંદ શેઠ અને જો એ ગરીબ હોય તો અલ્યા એ ધમલા? પૈસો હોય તો પધારો નાથાલાલ શેઠ અને નિર્ધન હોય તો એય નાથીયા એમ કહીને લોકો બોલાવે. બસ જ્યાં જુઓ ત્યાં પૈસાની જ બોલબાલા છે. પાનનું બીડુ કે ચ્હાનો કપ જોઇએ તો પૈસા વગર ન મળે પૈસાથી જ બધું ખરીદી શકાય છે.

કવિ કહે છે કે—

શાહી જેવો કાળો હોય
માખીયોનો માળો હોય

એવા પણ માણસ પાસે જો પૈસો છે તો પધારો શેઠ સાહેબ, મતલબ પૈસાની કિંમત છે, માટે જગત એની પાછળ પડયું છે. એવી જ રીતે જો આપણા હૃદયમાં ધર્મની કિંમત સમજાઇ જાય કે ધર્મ એ સર્વોપરિ છે, ધર્મ એજ સાર છે, ધર્મ એજ આધાર છે અને ધર્મ જ હૈયાનો હાર છે તો માણસ એના માટે સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર થાય.

આપણી વાત એ ચાલે છે કે આપણને ધર્મ કરતાં જગતના પાર્થિવ પદાર્થ ઉપર વધારે પ્રેમ છે એ તો સ્પષ્ટ છે, પણ આ જગતમાં એવી પણ કોઇ નજીવી, સામાન્ય અને તુચ્છ વસ્તુ છે કે નહીં કે જે વસ્તુ કરતા, ધર્મ ઉપર આપણને પ્રેમ વધારે હોય! અરે ચંપલ કે નવા બૂટ ખરીદ્યા હોય અને મંદિરે દર્શન કરવા ગયા હોઇએ ત્યારે બૂટ કે

ચંપલ કંઇ મંદિરમાં તો લઈ જવાય નહિ, બહાર જ મૂકવાના હોય છે, પણ મંદિર એવું હોય કે ભગવાન પણ દેખાય અને પાછળ જોઇએ તો પગથીઆ પણ દેખાય અને પગથીઆ પર પડેલા ચંપલ અને જોડા પણ દેખાય. ત્યાં જઈ જ્યારે આપણે ભગવાનની સ્તુતિ કરતા હોઇએ ત્યારે--

"માતા ત્વમેવ" એમ બોલતા ભગવાન તરફ નજર રાખીએ છીએ અને "પિતા ત્વમેવ" એમ બોલતા પાછળ જોઇએ છીએ, કારણ કે બૂટ કે ચંપલ કોઈ ઉપાડી ન જાય! આ છે આપણી ભાવનાનું પ્રદર્શન. એક ચંપલ કે બૂટ પર પણ જેવો પ્રેમ છે તેટલો પ્રેમ પરમાત્માની ભક્તિનો નથી અને ભક્તિનો પ્રેમ જો હોત તો હરગીઝ પાછળ નજર કરત નહિ!

તેથી બહેતર છે કે આપણે જિનમંદિર કે ઉપાશ્રયમાં આવતા બૂટ કે ચંપલનો ઉપયોગ જ ન કરીએ જેથી બન્ને રીતે લાભ થાય, પણ ત્યાં પાછો શરીરનો પ્રેમ સતાવે છે કે બૂટ ન પહેરીએ તો કંઈ કાંટા-કાંકરા વાગશે, ઉઘાડા પગે કેમ ચલાય!

ગરમ ગરમ ફુલકા અને મજેદાર શાક આરોગતા જે આનંદ આવે છે તેવો આનંદ માળા ફેરવતા નથી આવતો. છોકરાને રમાડવામાં, વ્હાલી પત્નીની સાથે વાત કરવામાં, ચોપાટીનું ભેળ ઉડાવવામાં, સીનેમા કે સર્કસ દેખવામાં જે આનંદ આવે છે, એવો આનંદ પ્રભુની પૂજા કરતા, પરમાત્માના દર્શન કરતા, જિનવાણી શ્રવણ કરતા કે સામાયક કરતા નથી આવતો કારણ કે એમાં રસ નથી, રસ છે દુન્યવી પદાર્થોમાં માટે ત્યાં આનંદ આવે છે અને ધર્મના સાધનો અને પૂજા

પર એવો રસ નથી એટલે ધર્મ ક્રિયાઓ આપણને નીરસ લાગે છે. ધર્મ કરતાં કંટાળો આવે છે અને માળા ફેરવતા મન ચગડોળે ચઢે છે.

ત્યારે જે ધર્મ પર રસ અને પ્રેમ ન હોય એ ધર્મ આપણને શી રીતે ફળે! તમને કોઇના ઉપર પ્રેમ હોય છે તો સામો માણસ પણ તમારી સાથે પ્રેમ રાખે છે. તમે કોઈની સાથે વાત કરતા મોઢું બગાડો, યા એની વાત ન સાંભળો અથવા સાંભળ્યું ન સાંભળ્યું જેવો દેખાવ કરો, એની સાથે પ્રેમથી વાત ન કરો તો ફરી એ વ્યક્તિ તમારી સાથે વાત કરવા તૈયાર થાય ખરી? એ વ્યક્તિને ગરજ હોય, તમારા વગર ન ચાલતું હોય તો તે ન છૂટકે ફરી પણ આવે અને વાત કરે, પણ ધર્મને તમારી ગરજ નથી, ધર્મને તમારી શી જરૂર છે? ધર્મ કરશો તો તમને લાભ, નહિ કરો તો કંઇ ધર્મને ત્યાં ખોટ આવવાની નથી.

બીજી વાત એ છે કે-જે લોકો ધર્મની આરાધના કરે છે તે લોકોમાં પણ ઉંડે-ઉંડે વાસના હોય છે, સ્વાર્થ અને લોભ હોય છે કે ધર્મ કરીશું તો આપણું ઘર ભરાઇ જશે. ગુરુની સેવા કરીશું તો ગુરુ મહારાજ સારો આશીર્વાદ આપશે. માળા ફેરવીશું તો માલામાલ થઈ જઇશું. કેટલાકો ધનની લાલચે, કેટલાકો પુત્રની લાલચે, કેટલાકો દુઃખ અને દારિદ્રય દૂર કરવાના બ્હાના હેઠળ ધર્મની આરાધના કરે છે પણ જ્યારે એમની ઇચ્છાઓ અને અભિલાષાઓ પૂર્ણ થતી નથી ત્યારે એમને ધર્મ ઉપર અશ્રદ્ધા થાય છે. ધર્મમાં કંઇ નથી એમ બોલવા લાગી જાય છે. ઘણાય નવકાર ગણ્યા કંઇ

દેખાતું નથી, પણ એને પૂછોને તારામાં છે શું કે નવકાર તને ચમત્કાર દેખાડે? તમે તો ગંગા ગયે ગંગાદાસ, જમના ગયે જમનાદાસ અને મક્કા ગયે મદાલશા જેવી તમારી સ્થિતિ છે, ક્યાં આપણને ટેક છે? એટલે આપણને ધર્મ ઉપર જોઈએ તેવી ટેક નથી, શ્રદ્ધા નથી, પ્રેમ નથી અને વિશ્વાસ નથી એટલે ધર્મ શી રીતે ફળે?

શ્રીપાળ મહારાજાને સિદ્ધસક્રજી કેમ ફળ્યાં? જંબુસ્વામીને નવકાર કેમ ફળ્યો? અને આપણને કેમ ફળતો નથી? શું એ સિદ્ધચક્રજી અને નવકાર જુદો હતો? શું નવકાર મંત્ર અને સિદ્ધચક્રજીને એમના ઉપર પક્ષપાત હતો અને આપણા ઉપર દ્વેષ છે? પણ એ મહાપુરુષોમાં જે યોગ્યતા હતી, શ્રદ્ધા અને વિશ્વાસ હતો, પ્રેમ અને ભક્તિ હતી અને આરાધના કરતા જે ભાવ અને ઉલ્લાસ હતો અને મનની જે સ્થિરતા હતી તેમાંનું આપણામાં કંઇ નથી. હવે એ વસ્તુઓ આપણામાં કેટલા અંશે છે એનો જો વિચાર કરશો તો આપો આપ જણાઇ જશે કે આપણામાં કેટલી ખામી છે. એ ખામીઓને દૂર કરવામાં આવે તો ધર્મ અને નવકાર વિગેરે ફળ્યા વગર રહે નહિ. આ વિષય વિસ્તારથી આગળ ઉપર આવવાનો છે એટલે અત્યારે આપણે એ વિષયમાં વધુ ઉતરતા નથી.

## ધ્રુવ પ્રલ્હાદ પારભયે

એક શેઠ દુકાનમાં જ્યારે ગ્રાહક ન હોય ત્યારે ખાસી મોટી રૂદ્રાક્ષની માળા લઇને "ધ્રુવ પ્રલ્હાદ પારભયે, ધ્રુવ પ્રલ્હાદ પારભયે" નો જાપ જપતા હતા અને ગ્રાહક આવે ત્યારે

માળાને જેમ તેમ દૂર ફેંકતા હતા, આ રીતે શેઠજીની રીત-ભાત જોઇને શેઠનો એક નોકર હતો, જે જાતિનો હજામ હતો પણ એ બહુ ચકોર હતો અને ધર્મનો પ્રેમી હતો. કવિઓ કહે છે કે--

"નરેષુ નાપિતઃ ધૂર્તઃ પક્ષીષુ વાયસ્તથા." માણસોમાં હજામની જાત ખૂબ ધૂર્ત હોય છે અને પક્ષીઓમાં કાગડો ધૂર્ત હોય છે.

શેઠના નોકર હજામે વિચાર કર્યો કે શેઠજીને તો કંઇ કહેવાય નહિ કારણ મર્યાદા હતી.

## મહાજનનો મોભો

પ્રાચીન કાળમાં મહાજનનો ઘણો મોભો હતો, મહાજનનો પડયો બોલ અઢારે કોમ ઝીલી લેતી હતી, મહાજનનો અવાજ રાજા સુધી પહોંચતો હતો, રાજાને પણ મહાજનની વાત ઉપર વિચાર કરવો પડતો હતો, કારણ કે મહાજન રૂઠે તો અઢારે કોમ રોષે ભરાય.

પ્રાચીન કાળમાં રાજા, મંત્રી, નગરશેઠ, સેનાધિપતિ અને પુરોહિત આ પાંચ જણની સલાહ સૂચના મુજબ નવા હુકમો બહાર પડતા હતા. અમુક વખત માટે પ્રજાની અઢારે કોમ તરફથી નગરશેઠને અગ્રેસર નીમવામાં આવતા હતા એટલે નગરશેઠ અઢારે કોમનો ખ્યાલ રાખીને જ કાયદાકાનૂન ઉપર સહી કરતા હતા. મંત્રી પ્રજાનું હિત અને રાજાનું હિત બન્નેનું હિત જળવાઈ રહે તેનો ખ્યાલ રાખી અને સેનાધિપતિ સેનાના હિતાહિતનો ખ્યાલ રાખી કાયદા પર સહી કરતા હતા.

ધર્મ શાસ્ત્રથી કાયદો વિરુદ્ધ જતો હોય તો એ કાયદાને અટકાવી દેવાનું કામ પુરોહિતનું હતું. એટલે પુરોહિત ધર્મ શાસ્ત્રનો ખ્યાલ રાખીને કાયદા ઉપર સહી કરતા હતા. રાજા પણ પ્રજા અને પોતાના હિતાહિતનો ખ્યાલ રાખીને કાયદા પર સહી કરતા હતા.

આ રીતે પાંચેની સલાહ સંમતિથી કાયદા કાનૂન ઘડાતા હોવાથી રાજા અને પ્રજાને પૂરો સંતોષ હતો, દેશ આબાદ હતો અને પ્રજા સુખી ને સમૃદ્ધ હતી. એટલે મહાજનનો મોભો હોઇ એની સામે કંઇ બોલાય નહિ, એવી મર્યાદા હતી'

પણ શેઠ માળાને દૂર ફેંકી દે એ વાત હજામને ગમે નહિ, હજામ સમજતો હતો કે આ તો ધર્મનું અપમાન છે પણ રહ્યા શેઠ એટલે "કહેવાય નહિ અને સ્હેવાય નહિ" એવી સ્થિતિ થઈ, પણ હજામે એક યુક્તિ રચી અને એ પણ એક મોટી માળા લઇ શેઠજી જુએ તે રીતે બરાબર એમની સામે જ બેઠો અને એણે પણ જાપ શરુ કર્યો. "નંદા મહેતાને ત્યાં વીસ લાખ એમ બોલીને એણે એક મણકો મૂકયો, દીપચંદ શેઠને ત્યાં ૩૦ લાખ" એમ બોલી બીજો મણકો મૂકયો, આમ એક એક શેઠનું નામ લેતો જાય અને એ માળાના મણકા મૂકતો જાય. શેઠે કહ્યું અલ્યા હજામડા! આ શું કરે છે? કોનો જાપ જપે છે? નંદા મહેતાના ૩૦ લાખમાંથી તને કંઇ તેમાંથી થોડા જ મળવાના છે?

હવે હજામને કહેવાની તક આવી. શેઠજી જેમ નંદા મહેતાને ત્યાં ૩૦ લાખ એમાંથી મને કોડીય કામ આવવાની

નથી, તેમ "ધ્રુવ પ્રલ્હાદ પારભયે" તેમાં તમારું શું વળ્યું? એ તો પાર થઇ ગયા, તમને શું લાભ? ગ્રાહક આવે ત્યારે માળા ફેંકી દો આથી શું લાભ થાય ખરો? આ તો એક જાતનું અપમાન ગણાય! શેઠ સમજી ગયા કે હજામનું કહેવું સાચુ છે, ગ્રાહક આવે ત્યારે માળા ફેંકી દઉં અને ઓછું આપવું અને વધારે લેવું એટલે કૂડ કપટ કરવાનું તો ચાલુ જ છે. એ તો માળાની આશાતના ગણાય! શેઠે હજામને શાબાશી આપી. શાબાશ હજામ શાબાશ. મને તેં સાચી સમજણ આપી. હજામને પણ ખૂશી થઇ કે શેઠ મારા કહેવાથી માર્ગે વળ્યા.

જેમ પ્રથમ શેઠને માળાની કિંમત નહોતી એમ આપણને પણ જો માળા યા ધર્મના ઉપકરણોની કે ધર્મની કિંમત ન હોય પછી એ ધર્મ આપણને ફળે શી રીતે? જે વસ્તુ ઉપર આપણને બહુમાન અને પ્રેમ ન હોય, જેની હૃદયમાં કિંમત ન હોય, જેને માટે બેદરકાર હોઇએ, ધર્મ થાય તો ઠીક અને ન થાય તો ય ઠીક! એનાથી કંઈ આપણું કામ અટકી પડતું નથી. જ્યારે કંઇ કામ ન હોય, નવરા બેઠા હોઇએ ત્યારે ધર્મ યાદ આવે તે પણ જેના હૃદયમાં ધર્મનો કંઇક પ્રેમ છે તેને. બાકી તો જેઓ લાડી, વાડી અને ગાડીની મોજમાં મોજ શોખ અને એશઆરામમાં રચ્યાપચ્યા છે તેને તો સ્વપ્ને ય ધર્મ યાદ આવતો નથી.

જેઓ ધર્મી છે અને ધર્મની આરાધના કરે છે તે પણ ચોવીશ કલાકમાં કેટલા કલાક ધર્મમાં ગાળશે? માંડ માંડ કલાક, બે કલાક અને બાવીશ કલાક તો સંસારમાં, વિષય-

કષાયમાં અને આરંભ સમારંભમાં તે પણ Solid નક્કર. એ બાવીસ કલાકમાં ધર્મની વાત પણ યાદ નહિ આવે અને કલાક બે કલાકની ધર્મ ક્રિયા તે પણ બોખરી-પોલી. માળા ગણતાં મન ક્યાંય ફરતું હોય. પૂજા કરતો જાય અને વાત કરતો જાય સામાયક લઇને બેસે અને ઉઠે ત્યાં સુધી પારકી પંચાતમાં, નિદ્રા કુથલીમાં બે ઘડી કયાંય પસાર થઈ જાય! કોઇ વાત કરનાર ન હોય તો ટાઇમ કેમે ય પસાર ન થાય રેતીની ઘડી હોય તો વારવાર ઉંચી નીચી કરે, ઘડીયાળ હોય તો વારંવાર જુએ. એ જાણે છે કે ૪૮ મિનિટ પૂરી કરવાની છે, ૪૮ ની ૪૭ થાય તો પ્રાયશ્ચિત લેવા તૈયાર. જ્યારે ૪૮ મિનિટ પૂરી કરવાની છે પછી શા માટે આટલી ચંચળતા! એક જ કારણ છે કે આ બધી ધર્મ ક્રિયાઓ ઉપર જે રસ અને પ્રેમ જોઇએ તેનો અભાવ છે એટલે એ ક્રિયામાં જોઇએ તેવો ઉલ્લાસ કે આનંદ આવતો નથી અને ઉલ્લાસ અને આનંદ વગર ઉપરછલ્લા ભાવે કરેલી ધર્મ ક્રિયાઓ એવું સુંદર ફળ ન આપે એ સ્વાભાવિક છે. તેમાં આપણો દોષ છે કે ધર્મનો દોષ છે?

આંખનો સ્વભાવ છે કે એ બીજાને જુએ છે પણ પોતાની આંખમાં સ્હેજ કણી પડી હોય તેને તે જોઇ શકતી નથી. તેવી જ આપણી દશા છે ઝટ બીજાનો દોષ કાઢીશું પણ આપણે પોતાનો દોષ કાઢતા નથી. જ્યાં સુધી આપણી આ દશા છે ત્યાં સુધી પ્રગતિ, આબાદી કે વિકાસની આશા રાખવી એ આકાશ કુસુમ જેવું છે. આપણો વિષય એ ચાલે છે કે ધર્મના ઉપર પ્રેમ કેટલો? એ વિષયને સમજવા માટે એક વેશ્યા પ્રેમી શેઠનું વર્ણન સમજવા જેવું છે.

## વેશ્યાગામી શેઠ

એક નગરમાં એક શેઠ રહેતા હતા. જેની પાસે અઢળક ધન હતું પરંતુ શેઠમાં મોટામાં મોટું એક અપલક્ષણ હતું. અને તે એ કે શેઠ વેશ્યાગામી હતા, વેશ્યાના માટે પ્રાણ પાથરવા તૈયાર હતા, ઘરની બૈરીની ક્યારે ય ખબર પૂછતા નથી અને જરાક નવરા પડયા કે ગયા વેશ્યાને ત્યાં.

એક વખત શેઠને ધંધાર્થે પરદેશ જવુ પડે તેમ હતું પણ એને વેશ્યાનો વિરહ સતાવે છે. શેઠે વેશ્યાને વાત કરી કે મારે જરૂરી કામ અંગે પરદેશ જવું પડે તેમ છે. કારણ કે પૈસો તો વ્યાપારથી જ મળે છે. અને વ્યાપાર ધંધો ન કરું તો કેમ ચાલે! માટે ન છૂટકે મારે તને છોડીને જવું પડશે પણ મારો જીવ નથી ચાલતો, જેમ બને તેમ જલ્દીથી હું પરદેશથી પાછો ફરીશ.

વેશ્યા તો શેઠની પરદેશ જવાની વાત સાંભળતાં જ બોર બોર જેવડા આંસુ સારવા લાગી અને શેઠને કહેવા લાગી શેઠજી! તમારા વગર હું કેમ રહી શકીશ! તમારા વગર મને જરાય ચેન નહિ પડે! મને જરાય ગમશે નહિ! માટે મહેરબાની કરી પરદેશ જવાનું હાલ માંડી વાળો.

શેઠ કહે શું કરું. ન છૂટકે મારે જવું પડે છે. તારો વિરહ મારાથી પણ સહન થાય તેમ નથી, પણ મારાથી ત્યાં ગયા વગર ચાલે તેમ નથી આ કામ મુનિમનું નથી. જાતે જ કરવું પડે તેમ છે. માટે તું ફીકર ન કર. તારા માટે

જતાંની સાથે જ હું એક કિંમતી મોતીનો નવ લાખ રૂપીઆનો હાર મોકલી આપીશ.

વેશ્યાએ જ્યાં હારની વાત સાંભળી એટલે અંદરથી તો એ ખૂશી ખૂશી થઇ ગઇ અને શેઠજીને કહેવા લાગી કે શેઠજી! ભલે આપ પરદેશ પધારો પણ તરત જ પાછા ફરજો અને હાર મોકલવાનું ભૂલતા નહિ.

શેઠ કહે શું બોલી? હાર મોકલવાનો ભુલું ખરો! તારા માટે મારા પ્રાણ કુરબાન છે હારની શી કિંમત! શેઠ સમજે છે કે વેશ્યાને મારા ઉપર ઘણો પ્રેમ છે એ બિચારી મારા વિરહમાં સુકાઇ જશે.

વેશ્યા અને વળી પ્રેમ, એ વળી કેવી વાત! વેશ્યા અને લક્ષ્મી એ તો કોઈના થયા નથી અને થશે નહિ. એની પાછળ હજારો કુરબાન થયા પણ એ કોઇની થઇ નથી પણ મોહના નશામાં ભાન ભૂલેલા આત્માઓ વેશ્યાના મોહમાં પાગલ બની જીવનને એળે ગુમાવે છે. આટલો પ્રેમ જો પરમાત્માના ઉપર હોય તો તો બેડો પાર થઈ જાય. માટે જ જ્ઞાનીઓ કહે છે કે--

जा दव्वे होई मई अहवा तरुणीसु रुववंतीसु ।
ता जई जिणवरधम्मे करयल मज्झे ठिआ सिद्धि ॥

જ્ઞાનીઓ કહે છે કે મોક્ષ કંઇ દૂર નથી. મોક્ષ મેળવવો એ તો જમણા હાથનો ખેલ છે. ધનવાનોને જે રાગ ધન ઉપર હોય છે અને જવાનોને જે રાગ રૂપવંતી સુંદરીઓ

પણ હોય છે એવો જ રાગ જો પરમાત્માએ કથન કરેલા ધર્મ ઉપર થઇ જાય તો તો બેડો પાર થઈ જાય.

વેશ્યા વિચારે છે કે શેઠજી જલ્દી જાય તો સારુ, હાર જલ્દી મળે. શેઠજીએ ત્યાંથી વિલામુખે વિદાય લીધી અને પરદેશ જવા ઉપડી ગયા પણ દીલમાં તો વેશ્યાની જાણે માળા ન ફરતી હોય તેમ વેશ્યા-વેશ્યાના જાપ જપાઇ રહ્યા હતા. ક્યારે પરદેશ પહોંચુ અને મારી પ્રાણ પ્યારી વેશ્યાને વ્હેલી તકે નવ લાખ રૂપીયાનો હાર મોકલી આપું. શેઠજી માલથી ભરેલું વહાણ ભરીને પરદેશ પહોંચી ગયા. હજી વ્યાપાર ધંધો શરુ કર્યો નથી, ઉઘરાણીના પૈસા આવ્યા નથી, તે પહેલાં જ શેઠે તો પ્રખ્યાત ઝવેરીઓને બોલાવ્યા. ઝવેરીઓ કિંમતી ઝવેરાત લઇને હાજર થયા સૌએ પોતાનો માલ બતાવ્યો. તેમાં શેઠને એક મોતીનો નવલડનો હાર પસંદ પડયો. મોતી ખૂબજ તેજસ્વી હતા. ગોળ મટોળ મોતીના એક સરખા દાણા હતા. એમાં ગુલાબી રંગની ઝાંખી હતી. સાચા મોતીનો આ હાર હતો. શેઠને આ હાર ખૂબ જ ગમી ગયો.

શેઠજીએ ઝવેરીને પૂછયું. બોલો આ હારની શી કિંમત છે? ઝવેરીએ કહ્યું. શેઠજી એક જ ભાવ છે. આ સાચા મોતીના હારની કિંમત નવ લાખ રૂપીઆ છે. શેઠ મનમાં વિચારવા લાગ્યા કે મારી પ્રાણપ્યારી વેશ્યાને આ હાર મોકલવાનો છે. એના પ્રેમની આગળ નવ લાખની શી કિંમત છે. મને ગમે છે અને એ પણ જોઇને ઘણી ખૂશી થશે આમ

વિચાર કરી મુનિમજીને હુકમ કર્યો કે મુનિમજી! નવ લાખ રૂપીયા ઝવેરીને આપી દો, મુનિમજીએ તરત જ નવ લાખ રૂપીઆ ઝવેરીને આપી દીધા અને શેઠે હાર લઇ લીધો.

વાહરે રાગ! રાગ માણસને કેવો ભાન ભૂલો બનાવી દે છે. એને ભાન નથી કે તારું કોણ છે! જે તારું નથી એને તું તારૂં માને છે. અને જે તારૂં છે તેનું તને ભાન નથી.

## ભક્તિની કિંમત

ભગવાનને ફુલ ચઢાવવા માટે આપણે માળી પાસે ફુલ ખરીદીએ છીએ. માળી કહે ચાર આના ત્યારે આપણે કહીએ અહ્યા બે આનામાં આપને! દેવાધિદેવને ચઢાવવાના પુષ્પોની વળી કિંમત કરવાની હોય! એ ચાર આના માંગે ત્યારે ઉપરથી એને એક આનો વધારે આપવો જોઇએ. જેથી માળી પણ પ્રસન્ન થાય અને સ્હેજે એના હૃદયમાંથી ઉદગારો સરી પડે કે વાહરે પ્રભુ ભક્તો! ધન્ય છે તમારી ભક્તિને, તમને કિંમત છે ભક્તિની પણ પૈસાની નહિ, શાબાશ, આવી ભક્તિ હોય તો તે ભક્તિ પણ ફળે અને આપણા દુઃખ દારિદ્રય પણ દૂર ટળે. શેઠ વિચારે છે કે વેશ્યા હાર જોતાં જ ખૂશી ખૂશી થઇ જશે અને મારા પર આફ્રીન બની જશે.

પણ શેઠને ખબર નથી કે આ તો પૈસાની પૂજારણ છે. એ કોઇની નથી, પણ ભોળા જીવો આમ જ પતંગીયાની જેમ પ્રકાશમાં ઝંપલાઇને પોતાના પ્રાણની આહુતિ આપે છે. શેઠ કોઇ સારા સંગાતની રાહ જોઇ રહ્યા છે. રોજ સાગર કિનારે

આંટા મારે છે કે કોઈ પ્રામાણિક વ્યાપારી મારા નગર તરફ જતો હોય તો હું એની સાથે આ હાર મોકલી આપું !

આમ રોજ દરીયા કિનારે આંટા મારતા એક શેઠનો ભેટો થઇ ગયો. શેઠને એમની સાથે વાર્તાલાપ કરતા જાણવા મળ્યું કે તેઓ પોતાના દેશ તરફ જઇ રહ્યા છે અને વચ્ચે જ મારૂં નગર છે.

શેઠજીએ દેશમાં જનારા શેઠજીને જણાવ્યું કે શેઠજી ! આપ દેશમાં જઇ રહ્યા છો, વચમાંજ મારૂં નગર આવે છે મારે એક અગત્યનું કામ છે, આપ કરો તો આપની મહેરબાની, દેશમાં જનારા શેઠજીએ કહ્યું શેઠજી ખુશીથી કહો. જરૂર હું આપનું કામ કરીશ, જે હોય તે ફરમાવો એટલે શેઠજી હારને ડબ્બીમાં મૂકી તથા લખેલી ચીઠ્ઠી પણ અંદર મૂકી બરાબર પેક કરી કપડાથી સીવી, સીલ મારીને પારસલ પર પોતાના મહેતાજીનું નામ લખીને તૈયાર કરીને જ લાવેલા હતા. તે જનાર શેઠજીના હાથમાં આપ્યું અને કહ્યું કે મારા મહેતાજીને આ પારસલ આપ આપવાં મહેરબાની કરશો.

શેઠે કહ્યું જરૂર જરૂર, આપ બેફીકર રહો. અને વહાણ ત્યાંથી વિદાય થયું. શેઠ ત્યાંથી પાછા ફર્યા. ધીરે ધીરે વહાણ શેઠના નગરમાં પહોંચી ગયું. શેઠ પ્રમાણિક હતા એટલે તરત જ આ શેઠે પેલા શેઠના મુનિમને પારસલ પહોંચાડી દીધું.

શેઠજી સમજે છે કે મારી પ્રાણ પ્યારી વેશ્યા રાહ જોઇ રહી હશે ! કે હજી શેઠજીના કઇ સમાચાર કેમ નથી, પણ હારનું પારસલ જશે એટલે એ પણ આનંદથી મ્હાલી ઉઠશે.

શેઠજીએ મહેતાજી ઉપર ચીઠ્ઠીમાં લખ્યું હતું કે મહેતાજી! આ પારસલ મળે કે તુરત જ વિના વિલંબે તમે આ હાર મારી પ્રાણપ્યારી વેશ્યાને મારા નામથી આપી દેજો. અને આવ્યા પછી જ પાણી પીજો.

મહેતાજી ઘણા જૂના હતા. વફાદાર હતા. પ્રમાણિક હતા અને શેઠના હિતેચ્છુ હતા. શેઠજીનો પત્ર વાંચીને મહેતાજીને શેઠજીના ભોળપણ પર જરા હસવું આવ્યું અને સ્હેજ આશ્ચર્ય પણ થયું. મહેતાજીએ વિચાર્યું કે. શેઠ કેવા ભોળા છે. વેશ્યાના માટે નવલાખ રૂપીઆનો હીરાનો હાર અને ઘરની બૈરીને કંઇ જ નહિ! વેશ્યા તો પરાઇ છે, પૈસાની પૂજારણ છે.

ઠીક પણ મારે કંઇક અક્કલનો ઉપયોગ કરવો પડશે. અને શેઠજીનો હૂકમ પણ બજાવવો પડશે એમ ધારીને મહેતાજીએ શેઠજીનો જે કિંમતીમાં કિંમતી પોષાક હતો તે પોતે પહેર્યો અને બનીઠનીને જાણે મોટા શેઠ હોય એવો ડોળ કરીને એક ખીસામાં હાર મૂકી અને બીજા ખીસામાં શેઠજીની ચીઠ્ઠી મૂકીને એ ઘોડાની બગ્ગીમાં બેસીને મુખમાં પાન બીડુ ચાવતાં બે ચાર નોકરોને સાથે લઇને તેઓ વેશ્યાને ત્યાં પહોંચી ગયા,

વેશ્યા તો કોઈ મહાન ધનાઢ્ય શેઠના પનોતા પગલા પોતાના આંગણે થતાં જોઈ, હસતી હસતી સંમુખ ગઇ અને પધારો પધારો એમ કહી વેશ્યાએ શેઠજીનું ઉમળકાભર્યું સ્વાગત કર્યું, વેશ્યાએ શેઠજીને કહ્યું શેઠજી! તમને જોઇને મારૂં અંતર નાચી ઉઠે છે, ત્યારે શેઠ પણ કહેવા લાગ્યા કે

મને પણ તને જોઇને ખૂબ આનંદ થાય છે. મારી ઇચ્છા છે કે હું તારી સાથે પ્રીતિ બાંધુ! પણ મને વિચાર આવ્યો કે તારે ત્યાં તો ઘણા માણસો આવતા હશે! જેથી મને ખ્યાલ આવે કે તારી સાથે વધારેમાં વધારે પ્રેમવાળા કયા અને કેટલા છે? ઓછા પ્રેમવાળા કયા અને કેટલા છે! એ જાણ્યા પછી કયા દરજ્જામાં મારે આવવું! એ નક્કી કરી શકાય!

શેઠજીની વાત સાંભળીને વેશ્યા મનમાં વિચારે છે કે- આ શેઠજી મહાન ધનાઢય લગે છે. આવી ધનાઢય વ્યક્તિ જો મારા ઉપર પ્રીતિવાળી થશે તો મને ધનનો ઘણો લાભ થશે

આમ વિચારી લોભમાં ને લોભમાં ઉતાવળી થઇને વેશ્યાએ શેઠજીને કહ્યું શેઠજી! મારે ત્યાં આવનારાઓના મેં ત્રણ વર્ગ પાડયા છે. એક નંબર, બે નંબર અને ત્રણ નંબર એમ ત્રણ વર્ગમાં બધાનો સમાવેશ થઈ જાય છે. પ્રથમ નંબરના ત્રણ પ્રેમીઓ છે, બીજા નંબરના ૧૩ છે અને ત્રીજા નંબરના ૫૬ છે, હું તમને બધાના નામ બતાવું છું જે સાંભળીને તમને ઠીક લાગે તે નંબરમાં નામ લખાવજો.

આ પ્રમાણે વેશ્યાએ શેઠજીને વિગતવાર બધું સમજાવી વહી ખોલી અને પ્રથમના ત્રણ નંબરનું ખાતુ ખોલ્યું અને ત્રણ જણના નામ ઠામ બતાવ્યા. મુનિમજીએ તરત જ નોંધ કરી લીધી, મુનિમજીના મનમાં હતું કે મારા શેઠજીનું નામ આ પ્રથમ નંબરના ખાતામાં હશે! પણ તે વાત સાવ ખોટી પડી, કારણ કે ત્રણમાં શેઠનું નામ હતું જ નહિ. ત્યારબાદ વેશ્યાએ બીજા નંબરનો ચોપડો ખોલ્યો. જેમાં

તેર જણના નામ હતા, મુનિમ સમજ્યો કે તેરમાં તો જરૂર મારા શેઠનું નામ હશે જ! પણ જ્યાં તેર નામ સાંભળ્યા એટલે એ ધારણા પણ ખોટી પડી છતાં તરત જ મુનિમે તેર જણના નામ ઠામ પણ ડાયરીમાં નોંધી લીધા, ત્યારબાદ ત્રીજા નંબરનો ચોપડો ખોલ્યો જેમાં ૫૬ ખાતા હતા, મુનિમને મનમાં નિશ્ચય હતો કે ૫૬ માં તો જરૂર મારા શેઠનું નામ હશે! પરંતુ આ વાત પણ તદ્દન ખોટી પડી. કારણ કે ૫૬ માં પણ શેઠનું નામ નહોતું! ૫૬ જણાના નામ ઠામ પણ મુનિમે તરત જ નોંધી લીધા.

ત્યારબાદ મુનિમે વેશ્યાને પૂછયું કે કોઈ ચોથા નંબરમાં છે? આ સાંભળીને વેશ્યા તો હસતી હસતી કહેવા લાગી કે એવા તો અહીં ઘણાય આવે છે ને જાય છે, કેટલાની નોંધ કરું! મુનિમે વિચાર્યું કે મારા શેઠનો નંબર ઘણા આવે ને જાય એમાં છે. શેઠની તો અહીં કોઈ ગણત્રી જ નથી.

શેઠજી સાવ ભોળા છે. આવી ઠગારી વેશ્યાને નવ લાખ રૂપીઆનો હાર કેમ અપાય! આમ વિચાર કરી પોતાના શેઠની અને હારની કંઈ પણ વાત કર્યા સિવાય મહેતાજી વેશ્યાને ત્યાંથી વિદાય થયા અને વેશ્યાને કહ્યું કે ફરી અવસરે હું તમને જરૂર મળીશ.

મુનિમજી વેશ્યાને ત્યાંથી પાછા ફર્યા અને શેઠજીને ત્યાં આવી, કિંમતી હાર તેમણે તીજોરીમાં મૂકી દીધો શેઠજી એમ સમજે છે કે મુનિમને હારનું પારસલ મળી ગયું હશે! અને

વેશ્યાને આપી દીધું હશે! વેશ્યા પણ હાર જોઇને ખૂશી ખૂશી થઇ હશે! પણ આમાંનું અહીં તો કંઈ પણ બન્યું નહોતું, આ વાતની શેઠને કયાંથી ખબર હોય!

થોડા વખત પછી શેઠજી વ્યાપાર વણુજ કરીને ખૂબ ધન માલ મેળવીને પોતાના દેશમાં પાછા ફરે છે. જ્યારે તેઓ પોતાના નગરની નજીક આવી પહોંચ્યા ત્યારે મુનિમને ખબર પડે છે એટલે મુનિમે શેઠાણીને ખબર આપ્યા કે શેઠજી નગરની નજીક આવી પહોંચ્યા છે. એટલે શેઠજીને મળવા આતુર બનેલા શેઠાણી પણ ૧૨ વર્ષના પુત્રને લઇને મહેતાજીની સાથે શેઠજીની સંમુખ જાય છે.

સઘળોય પરિવાર શેઠજીનો જ્યાં પડાવ હતો ત્યાં પહોંચી ગયો, પણ શેઠજી તો શેઠાણીની સામેય જોતો નથી અને પોતાના પુત્રને પ્યાર કરવાની વાત તો દૂર રહી, એને બોલાવતા પણ નથી.

શેઠજીએ તો આવતા વેંત જ મહેતાજીને પૂછયું: કેમ મહેતાજી! હારનું પારસલ તમને મળ્યું? મુનિમજીએ હા પાડી, ત્યારે શેઠે બીજો પ્રશ્ન કર્યો કે તેમાંનો હાર વેશ્યાને આપી આવ્યા? મુનિમજીએ કહ્યું નાજી, આ સાંભળતાં જ શેઠજી તો ક્રોધના આવેશમાં લાલપીળા થઇ ગયા. શરીર ધ્રૂજવા લાગ્યું અને મનમાં વિચારવા લાગ્યા કે મુનિમ કેવો ગમાર છે, તેણે મારા હૂકમનો અમલ કર્યો નહિ અને વેશ્યાને હાર આપ્યો નહિ, અરેરે! વેશ્યા મનમાં શું સમજશે કે આ શેઠ કેવા લબાડ છે, જૂઠા છે, ખરે જ મારા પ્રેમની કિંમત

થઇ ગઇ! હવે હું વેશ્યાને શું મોઢું બતાવીશ! શેઠને થયું કે આ મુનિમને હમણાં ને હમણાં લાત મારીને કાઢી મૂકું! આ વિચારથી શેઠની આંખો લાલ થઇ અને શરીર ધ્રૂજવા લાગ્યું.

આ દૃશ્ય જોઇ શેઠાણી તો ધ્રૂસકે ધ્રૂસકે રડતી રડતી બ્હાર નીકળી ગઈ, અને સમજી ગઇ કે શેઠ તો વેશ્યાના રાગમાં પાગલ બન્યા છે, શેઠને તો મારી કોડીનીય કિંમત નથી. છોકરો પણ શેઠાણીની પાછળ રડતો રડતો બ્હાર નીકળી ગયો, ધર્મશાળાની બહારના ભાગમાં એક બાજુ બેસી મા અને દીકરો બન્ને હૈયાફાટ રૂદન કરવા લાગ્યા.

મુનિમજી તો શેઠની સામે નિડરપણે બેઠા છે. શેઠજીના ક્રોધનો કોઇ પાર નથી પણ શેઠ વ્યાપારી કોમના માણસ હતા. આમ તો બુદ્ધિશાળી અને હોંશિયાર હતા એટલે વિચાર કર્યો કે પરદેશથી હજી હું હમણાં જ આવી રહ્યા છું. ચોપડા, હિસાબ અને તીજોરી વિ. બધુ જ મુનિમજી પાસે છે. માટે હમણાં મુનિમજીને ધક્કો મારીને કાઢી મૂકવો એ ઠીક નહિ, એની પાસેથી ચોપડા, હિસાબ અને તીજોરી વિ. ની ચાવીઓ લીધા પછી વાત. એ વિચારે શેઠ જરા ઠંડા પડ્યા.

થોડીવાર પછી શેઠે મુનિમજીને પૂછ્યું કે મુનિમજી! તમને હારનું પારસલ અને મારી ચીઠ્ઠી મળ્યા પછી તમે વેશ્યાને તરત જ કેમ હાર ન પહોંચાડ્યો અને કેમ આટલો વિલંબ કર્યો? મુનિમે જોયું કે શેઠ જરા ઠંડા પડયા છે. એટલે ધીમે રહીને મુનિમજી શેઠને કહેવા લાગ્યા કે શેઠજી!

પારસલ મળતા અને ચીઠ્ઠી વાંચતા જ હું વેશ્યાને ત્યાં ગયો હતો, કારણ કે આપે લખ્યું હતું કે, પારસલ મળે કે તરત જ વેશ્યાને ત્યાં જઇને હાર આપી આવજો, અને પછી પાણી પીજો એટલે મારે ત્યાં જવું જ જોઇએ, શેઠજી મુનિમજીની વાત સાંભળી જરા વિચારમાં પડી ગયા અને કહેવા લાગ્યા કે શું ત્યારે વેશ્યાએ હાર નહિ લીધો હોય ! વાત સાચી છે. શેની લે ! તેને તો મારા પર પ્રેમ છે. એને હારની ક્યાં પડી છે !

ત્યારે મુનિમે કહ્યું શેઠ સાહેબ ! એવું કંઇજ નથી. મેં વેશ્યાને હાર આપ્યો નથી અને બતાવ્યો પણ નથી અને તમારી ચીઠી પણ આપી નથી. શેઠજી તો ફાટી આંખે સાંભળતાં રહ્યા કે મુનિમજી શું બોલે છે ! વેશ્યાને ત્યાં ગયા અને હાર પણ ન આપ્યો અને ચીઠ્ઠી પણ ન આપી. શેઠ તો પાછા લાલ પીળા થઇ ગયા અને મુનિમજીને ઉધડો લેવા લાગ્યા કે આમ કેમ કર્યું ?

ત્યારે મુનિમજી કહે શેઠજી ! બહુ ઉતાવળા ન થાવ, જરા શાંત થાવ ! અને શાંતિથી બધી વાત સાંભળો તો તમને ખબર પડશે કે મેં વેશ્યાને આપનો હૂકમ હોવા છતાં હાર કેમ ન આપ્યો. આપ જ્યારે બધી વાતથી વાકેફ થશો ત્યારે આપ ખુદ શાબાશી આપશો કે તમે ઠીક કર્યું. શેઠ તો હકીકત સાંભળવા અધીરા બન્યા હતા એટલે મુનિમને કહ્યું બોલો શી હકીકત છે. ?

મુનિમે કહ્યું શેઠજી ! મેં વિચાર કર્યો કે જે વેશ્યાના

માટે મારા શેઠ નવલાખ રૂપીઆનો કિંમતી હાર મોકલે છે, તે વેશ્યાને મારા શેઠ ઉપર કેટલો પ્રેમ છે! તે તો જરા ચકાસી જોઉં! એમ વિચાર કરી મેં આપનો કિંમતી પોષાક હતો તે પહેરીને બનીઠનીને મોટા શેઠની જેમ બે ઘોડાની બગ્ગીમાં બે ચાર નોકરને સાથે લઇને વેશ્યાને ત્યાં ગયો.

વેશ્યાએ મને દૂરથી આવતો જોઈને, એ મને મોટો શેઠ સમજી મારૂં સ્વાગત કરવા નીચે ઉતરી અને મારી સામે આવી અને પ્રેમ ભર્યા વચનોથી મને આવકાર આપવા લાગી કે પધારો! શેઠજી! પધારો! મારી સાથે પ્રેમથી વાતચીત કરી અને તે મને ઉપર લઈ ગઇ અને પલંગ ઉપર બેસાડી મારી સામે તે નાચ-ગાન કરવા લાગી અને એવી મધુર વીણા વગાડી અને મીઠું મોહક ગીત લલકાર્યું કે હું તો ખૂશ ખૂશ થઇ ગયો.

નાચ-ગાન કરીને તે મને પૂછવા લાગી કે આપ ક્યાંથી પધાર્યા? આપનું શુભ નામ? આપનો શું વ્યવસાય છે? મેં એના પ્રશ્નોના જવાબમાં જણાવ્યું કે હું અમુક નગરનો છું અને મારું નામ અમુક છે! મોટા પ્રસિદ્ધ શેઠનું નામ મેં એને જણાવ્યું અને મેં એને કહ્યું કે તારી પ્રસિદ્ધિ સાંભળીને હું અહીંઆ આવ્યો છું. મને ઇચ્છા થઇ કે હું તારી સાથે પ્રીતિ બાંધુ! પણ તારે ત્યાં તો ઘણાય ધનવાનો આવતા જતા હશે! તારા ઉપર ઘણાને પ્રેમ હશે! અને તને પણ એમના ઉપર પ્રેમ હશે! પણ બધા પ્રેમી કંઇ સરખા હોતા નથી. બધા ઉપર ઓછોવત્તો પ્રેમ હોય છે, એમાં કોઈની સાથે

વધારે હશે! અને કોઈની સાથે ઓછો હશે! એ બધાનો જો મને ખ્યાલ આવે તો વિચાર કરીને મારે કયા સ્ટેજમાં અને કયા નંબરમાં આવવું, તે હું નક્કી કરી શકું!

આ સાંભળી તરત જ વેશ્યાએ ખાતા વહી કાઢી, કારણ કે એને પૈસાનો લોભ હતો. એ સમજી આ કોઈ મોટા શેઠ છે એટલે તરત જ તેણે કહ્યુ કે મારે ત્યાં ત્રણ નંબર છે, પ્રથમ નંબરમાં ૩ છે, બીજા નંબરમાં ૧૩, છે, અને ત્રીજા નંબરમાં ૫૬ છે. અને તેણે ત્રણ નામવાળા પ્રેમીનો ચોપડો ખોલ્યો. ખાતુ બતાવ્યું અને તેના નામ ઠામ જણાવ્યા, મેં તરત જ તે નામ–ઠામની ડાયરીમાં નોંધ કરી. મને વિશ્વાસ હતો કે આપનું નામ આ પ્રથમ નંબરનાં ખાતામાં ત્રણ જણના નામમાં હશે! પણ મારી એ ધારણા ખોટી પડી. શેઠજી! એમા આપનું નામ નહોતું. શેઠજી તો વિચારમાં જ પડી ગયા કે મુનિમજી શું કહી રહ્યા છે.!

વેશ્યાએ બીજો ચોપડો ખોલ્યો અને બીજા નંબરના તેર નામ બોલી, મેં ઝટઝટ તેની પણ નોંધ કરી લીધી. મને નિશ્ચય હતો કે જરૂર આપનું નામ આ બીજા નંબરના તેર નામમાં હશે! પણ એ વાતે તદ્દન ખોટી પડી. કારણ કે એમાં આપનું નામ નહોતુ. શેઠજી! વચ્ચેજ બોલી ઉઠયા શું એમાં પણ મારૂં નામ નહોતું? મુનિમે જવાબ આપ્યો ના, શેઠ ના! શેઠે વિચાર્યું કે ત્રીજા નંબરમાં તો જરૂર હશે જ!

વેશ્યાએ ત્રીજા નંબરનો ચોપડો ખોલ્યો. એમાંના ૫૬ નામ બોલવા લાગી. મેં તરત જ તે ૫૬ જણના પણ નામ

ઠામની સ્ફૂર્તિથી ડાયરીમાં નોંધ કરી લીધી આ વખતે મને સંપૂર્ણ વિશ્વાસ હતો કે શેઠજીનું નામ આમાં જરૂર હશે! પણ ૫૬ જણાના નામ સાંભળીને મને ઘણું દુઃખ થયું કે મારા શેઠનું ૫૬માં પણ નામ નથી. મને થયું શેઠની ગણત્રી વેશ્યાને ત્યાં તો નથી ત્રણમાં, નથી તેરમાં, અને નથી છપ્પનના મેળમાં! શેઠજી તો ફાટી આંખે બધું સાંભળતાં જ રહ્યા. શું આ સત્ય હકીકત છે? શું વેશ્યાને મારી જરાય કિંમત નથી?

મુનિમજીએ શેઠજીને કહ્યુ કે શેઠજી! મેં વેશ્યાને કહ્યું કે હજી ચોથા નંબરનો ચોપડો છે કે નહીં? વેશ્યા કહે એવા તો ઘણાય આવે ને જાય છે. બધાના નામ ક્યાં નોંધી રખાય! આ સાંભળી મહેતાજી શેઠજીને કહેવા લાગ્યા કે વેશ્યાને ત્યાં આપનું સ્થાન ઘણાય આવે છે અને જાય છે એમાં છે. શેઠ સાહેબ! માટે જ મેં વેશ્યાને હાર ન આપ્યો અને ચીઠ્ઠી પણ ન આપી. જોઇ લ્યો, આપને ખાત્રી કરવી હોય તો ત્રણ નંબરના નામનું લીસ્ટ આ રહ્યું.

શેઠજી ઉથલાવી ઉથલાવી નામાવલી જોવા લાગ્યા પણ તેમાં એમનું નામ-નહોતું ત્રણમાં, નહોતું તેરમાં અને નહોતું છપ્પનના મેળમાં. શેઠજી તો ખૂબજ વિમાસણમાં પડી ગયા! શું આ સાચી હકીકત હશે! અને જો સત્ય હોય તો ખરેખર હું ઠગાયો. શેઠજીએ મુનિમજીને કહ્યું મુનિમજી! તમે સારું કર્યું પણ આ વાત સાચી છે કે કેમ તેની મારે પૂરી તપાસ કરવી પડશે.

તરત જ મહેતાજીએ શેઠજીને કહ્યું કે આજે જ પધારો અને ખાત્રી કરો, વિલંબની જરૂર નથી. જેવી રીતે બગ્ગીમાં બેસીને શેઠ બનીને હું ગયો હતો, તેવી રીતે હું શેઠ બનીશ અને તમે મુનિમ બનીને ચાલો ત્યારે ખરો ખ્યાલ આવશે. શેઠને સાચી હકીકત જાણવી હતી એટલે તેઓ મુનિમ બન્યા અને મુનિમજી શેઠ બની બે ઘોડાની બગ્ગીમાં વેશ્યાને ત્યાં ગયા.

શેઠજીએ મુનિમનો પાઠ બરાબર ભજવ્યો, સામાન્ય કપડા પહેર્યા, હાથમાં ચોપડા લીધા, અને બગ્ગીની નીચે બેસી ગયા. વેશ્યા સમજી કે પેલા શેઠજી આવ્યા લાગે છે એટલે તરત ઉઠી અને સ્વાગત કરવા સામે ગઇ. પધારો પધારો! કહી શેઠનું સ્વાગત કર્યું. મુનિમ બનેલા સાચા શેઠ બધું જોતા જ રહ્યા. એણે તો શેઠની સામે પણ ન જોયું અને બનાવટી શેઠને પલંગ પર બેસાડયા હાવ–ભાવ અને લટકા ચટકાથી એ તો પ્રેમ ભરી નજરે તેમની સાથે વાત કરવા લાગી.

શેઠ વિચાર કરે છે કયાં થોડા વખત પહેલાની આ વેશ્યા અને કયાં અત્યારની આ! આમાં તો આસમાન પાતાળ જેટલું અંતર અત્યારે જણાય છે. કેવી લુખ્ખી લાગે છે, કેવી નકલી, બનાવટી અને ઠગારી છે. હું એના મોહમાં ફસાણો અને ઇજ્જત આબરૂ લીલામ કરી! ખરેખર મેં ગંભીર ભૂલ કરી! શેઠને હવે સાચું ભાન થયું.

શેઠ બનેલા મુનિમે વેશ્યાને કહ્યું તેં મને જે નામ સંભળાવ્યા હતા, તે વિસ્મૃત થઇ ગયા છે ફરી એક વાર સંભ-

આવે તો હું વિચાર કરી નક્કી કરું. બનાવટી શેઠ બનેલા મુનિમની વાત સાંભળીને તરત જ વેશ્યાએ ચોપડો કાઢયો. બનાવટી શેઠે બનાવટી મુનિમને હૂકમ કર્યો કે મુનિમજી! આ નામ નોટબુકમાં નોંધી લ્યો. બનાવટી મુનિમે તરતજ ડાયરી હાથમાં લીધી અને વેશ્યા જેમ બોલતી ગઈ તેમ તેઓ નામ લખતા ગયા. ૧ નંબરના ત્રણ, બીજા નંબરના ૧૩ અને ત્રીજા નંબરના ૫૬ નામ ફડોફડ લખી લીધા, તેમાં બનાવટી મુનિમે ધારી ધારીને જોયું કે કંઇ મારુ નામ તો નથી ને! પણ તે હતું જ નહિ એટલે કયાંથી દેખાય! બનાવટી શેઠે વેશ્યાને કહ્યું કે ચોથા નંબરમાં છે કોઇ? ત્યારે તેણીએ કહ્યું એવા તો કઇક આવે ને જાય!

શેઠ સમજી ગયા કે મારી કિંમત અહીં કઇક આવે અને જાય એમાં છે. બનાવટી શેઠે વેશ્યાને કહ્યું ઠીક ત્યારે હું વિચાર કરીને ફરી તમને જરૂર મળીશ, એમ કહી શેઠ અને મુનિમ બન્ને બગીમાં બેસી ત્યાંથી રવાના થયા.

શેઠે મુનિમને કહ્યું મુનિમજી! તમે બહુ અક્કલનું કામ કર્યું. શાબાશ છે તમને. તમે મને ઉગારી લીધો છે. હું ખોટે રસ્તે ચઢયો હતો. તમે મારી ઇજ્જત આબરૂ બચાવી, અરે! મારુ જીવન બચાવી લીધુ. ધિક્કાર છે મને! મેં મારી પત્ની અને પુત્રનો પણ વિચાર ન કર્યો, ધર્મ ને સદાચારનો વિચાર ન કર્યો, સાચેજ હું ભાન ભૂલ્યો; પણ હજી શું બગડયું છે. 'જાગ્યા ત્યાંથી સવાર' એ ઉક્તિ અનુસાર પાછલી જીંદગી સુધારી લઉં અને જીવન સાર્થક કરું!

શેઠજી મુનિમજી ઉપર ખૂશ ખૂશ થઇ ગયા, અને નક્કી કર્યું કે આજથી મારે વેશ્યા અને પરસ્ત્રીનો ત્યાગ છે, મુનિમને પણ ખૂશી થઇ કે મારા નિમિત્તે શેઠજી સન્માગે વળ્યા શેઠાણી પાસે જ બેઠેલા હતા, પુત્ર બાજુમાં જ હતો, શેઠની વાત સાંભળીને શેઠાણીને ઘણી ખૂશી થઇ અને મનમાં થયું કે ઠીક થયું શેઠ સુધરી ગયા.

શેઠજી જ્યાં સુધી નહોતા સમજ્યા. ત્યાં સુધી તેઓ ખોટે રસ્તે હતા, અસ્થાને પ્રેમ હતો. હવે સમજીને ભાનમાં આવ્યા ત્યારે જીવનનો પલ્ટો થયો અને સન્માર્ગે વળી ગયા.

આ કથા દ્વારા આપણે સમજી શકીએ છીએ કે આ જગતમાં ડુબાડનાર જો કોઇ હોય તો જર, જમીન અને જોરૂ છે. એના પ્રત્યેના રાગને તિલાંજલી આપી જગતમાં જે તારનાર દેવ-ગુરૂ અને ધર્મ છે એના શરણે જઇએ. પવિત્ર હૃદયથી એની સુંદર આરાધના કરીએ તો આપણો બેડો પાર થઇ જાય, જનમ સુધરી જાય, અને આત્મા ધીરે ધીરે મુક્તિના મંગલ અને મંજુલ માર્ગે પ્રયાણ કરે.

મતલબ આરાધક માટે મોક્ષ કંઈ દૂર નથી. હવે આપણે વિચાર કરવાનો છે કે આપણા હૃદયમાં ધર્મનું સ્થાન ક્યાં છે ? અને ધર્મની કિંમત કેટલી છે ? હૃદયમાં ધર્મ કયાં ખૂણામાં વસે છે ? જેમ શેઠની કિંમત વેશ્યાના હૃદયમાં-ન ત્રણમાં, ન તેરમાં અને ન છપ્પનના મેળમાં હતી, તેવી રીતે જો આપણા હૃદયમાં પણ ધર્મની કિંમત હોય નહિ તો આપણને ધર્મ કેવી રીતે ફળે ?

જગતના તમામ પદાર્થો કરતાં જો ધર્મ વહાલો લાગે પ્રાણ વલ્લભ લાગે અને ધર્મને જ જીવનનો આધાર સમજીને જીવનમાં તાણાવાણાની જેમ વણી લઈએ અને આચરણમાં મૂકીએ તો સમજી લેવું કે મોક્ષ કંઈ દૂર નથી.

ધર્મનું સ્થાન જેમ દુનિયામાં સર્વોપરિ છે તેમ આપણા હૃદયમાં અને જીવનમાં પણ સર્વોપરિ રહેવું જોઈએ; તો જ ધર્મ આપણને ફળે, આપણા હૃદયમાં આ વાત બરાબર બેસી જવી જોઇએ કે ધર્મ એ સર્વ સંપત્તિનું કારણ છે.

ધર્મથી આપત્તિ અને વિપત્તિઓ દૂર સુદૂર ભાગે છે. ધર્મ એ તમામ સુખ સમૃદ્ધિનું મૂળ છે. ધર્મ જ સારભૂત છે, ધર્મ જ જીવનનો આધાર છે અને ધર્મ જ સ્વર્ગ અને મોક્ષને આપનાર છે.

આ પ્રમાણે ધર્મના મહત્વનો વિષય અહીં સંક્ષેપમાં પૂર્ણ થાય છે. હવે આગળના વ્યાખ્યાનમાં ધર્મનું ળકું શું? એ વિષય શરૂ કરવામાં આવશે.



## 卐 વ્યાખ્યાન ચૌદમું 卐

ગયા વ્યાખ્યાનોમાં ધર્મનું સ્વરૂપ અને ધર્મનું મહત્વ આ બે વિષયને સુંદર રીતે આપણે સમજાવી ગયા, હવે આજથી "ધર્મનું ફળ" એ ત્રીજો વિષય શરૂ થાય છે.

"प्रयोजन मनुदिश्य मन्दोऽपि न प्रवर्तते" મૂર્ખ માણસ પણ પ્રયોજન વિના કોઈ પણ કાર્યનો આરંભ કરતો નથી. આ જગતમાં પ્રત્યેક મનુષ્ય કોઇ પણ કાર્યની શરૂઆત કરતા પહેલા એ વિચાર કરે છે કે હું જે કાર્યનો આરંભ કરૂં છું તેનું ફળ શું ? તેનું પરિણામ શું ? કારણ કે જે કાર્યનું કંઇ ફળ કે પરિણામ ન હોય, તે કાર્યમાં ભાગ્યે જ કોઇ વ્યક્તિ પ્રવૃત્તિ કરવા તૈયાર થાય છે.

બાળકો ધૂળમાં ક્રીડા કરે છે, રમત-ગમત કરે છે અને ખેલ કૂદ કરે છે જેથી એમનું શરીર મેલું ઘેલું બની જાય છે. પણ એમને તમે પૂછશો કે તમે આવી રમત-ગમત કેમ કરો છો ? બાળકો તરત જ જવાબ આપશે કે આમાં અમને મજા પડે છે. એ પણ એક બાળકનું પ્રયોજન છે અર્થાજનનું પ્રયોજન હોય છે માટે માણસ વ્યાપાર-વણજ કરે છે. ભોજન કરવાથી ભૂખનું દુઃખ દૂર થશે માટે સો કામ છોડીને માણસ ભોજન કરે છે, જળપાન કરવાથી તૃષા શાંત થશે માટે માણસ જળપાન કરે છે. અને નિદ્રા લેવાથી શરીરને આરામ મળશે, માટે માણસ નિદ્રા લેવા તૈયાર થાય છે.

તેવી જ રીતે ધર્મારાધનમાં માણસ ત્યારે જ પ્રવૃત્ત થશે કે જ્યારે એના પરિણામ અને એના ફળનો એને ખ્યાલ આવશે, માટે જ આ ત્રીજો વિષય "ધર્મનું ફળ" રાખવામાં આવ્યો છે. આ જગતમાં કેટલાક દશ્ય ફળો હોય છે અને કેટલાક અદશ્ય ફળો હોય છે. દશ્ય ફળ તરફ યાને પ્રત્યક્ષ ફળ માટે માણુસ તરત જ પ્રવૃત્તિ કરવા તૈયાર થાય છે.

ત્યારે એ પ્રશ્ન થશે કે ધર્મનું ફળ દશ્ય છે કે અદશ્ય છે?

કેટલીક વસ્તુ એવી હોય છે કે જે આપણને દેખાતી નથી પણ તેનું ફળ દેખાય છે. જેમકે હજારો વર્ષ પહેલાના બનેલા મકાનો આપણે આજે નજરે જોઈએ છીએ પણ એના બનાવનારા આજે આપણને દેખાતા નથી. પણ તેના બનાવનારા જરૂર હોય છે. આપણી સોમી. હજારમી પેઢી દેખાતી નથી પણ તેનું કાર્ય આપણે પોતે જ છીએ, તે પ્રત્યક્ષ છે. તેવી જ રીતે ધર્મ કે પાપ આપણને દેખાતા નથી. પણ તેનું કાર્ય આપણે નજરે જોઈએ છીએ. ધર્મથી સુખ, સમૃદ્ધિ અને સાહ્યબી મળે છે અને પાપથી દુઃખ અને દરિદ્રતા આવે છે. મતલબ જેટલા સુખના પ્રકારો છે તે બધા ય ધર્મથી મળે છે અને જેટલા દુઃખના પ્રકારો છે તે બધા પાપના ઉદયથી આવી મળે છે. માટે શાસ્ત્રવાર્તાસમુચ્ચય નામના ગ્રન્થમાં શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે—

દુઃખં પાપાત્ સુખં ધર્માત્ સર્વશાસ્ત્રવ્યવસ્થિતિઃ ।
ન કર્તવ્યમતઃપાપં કર્તવ્યો ધર્મસંગ્રહઃ ॥

પાપથી દુઃખ અને ધર્મથી સુખ સમૃદ્ધિ મળે છે. આ વાત

દરેક દર્શનકારોને પણ સંમત છે. એમાં કોઈ પણ મત કે દર્શન જુદુ પડતું નથી, માટે સુજ્ઞ અને વિવેકી આત્માએ શક્ય તેટલી ધર્મની આરાધના કરીને જીવન ઉજમાળ બનાવવા ઉદ્યમવંત રહેવું જોઇએ અને પાપના કાર્યોથી સદા સર્વથા દૂર રહેવું જોઇએ.

ધર્મની આરાધના કરતા કુશળ અનુષ્ઠાનની પ્રવૃત્તિના લીધે પુણ્ય બંધ થાય છે અને તેથી દુનિયાની તમામ ઋદ્ધિ સિદ્ધિ અને આબાદી થાય છે. તેમજ ધર્મની આરાધના કરતા કર્મની જે નિર્જરા થાય છે એ ધર્મનું મૂખ્ય ફળ છે અને ક્રમે ક્રમે સર્વ કર્મનો ધ્વંસ થતાં આત્માનો પૂર્ણ વિકાસ થાય છે. જેથી આત્માનો સંપૂર્ણ ખજાનો પ્રગટ થાય છે અને આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વશક્તિમાન અને હંમેશના માટે સંપૂર્ણ સુખી બને છે. જે ગુણોનો કદીય વિનાશ થવાનો નથી અને ક્યારેય તેમાં ખોટ કે ઉણપ આવવાની નથી એવા આત્માના પૂર્ણ ગુણો પૂર્ણ સ્વરૂપે પ્રગટ થાય છે અને આત્મા સંપૂર્ણ સુખના ધામરૂપ સિદ્ધિ સૌધમાં સીધાવે છે. મુક્ત આત્માઓને સંપૂર્ણ સુખનો વિકાસ થાય છે અને એજ ધર્મનું અંતિમફળ છે. અને એનુંજ હવે આપણે વર્ણન કરવાના છીએ કે મુક્તિમાં સુખ શું છે?

## મુક્તિમાં કયા પ્રકારનું સુખ છે?

એ વાત તો તમે ઘણી વાર સાંભળી હશે કે મુક્તિમાં આત્માને સંપૂર્ણ સાચુ અને શાશ્વત સુખ હોય છે. આ વાત જરૂર આપણે સદ્‌ગુરુઓના પ્રવચન દ્વારા વારંવાર સાંભળીએ

છીએ અને આપણે શ્રદ્ધાથી માનીએ પણ છીએ પણ જ્યારે કોઇ આપણને પ્રશ્ન કરે કે ભાઇ! મુક્તિમાં ખાવાનું નથી, પીવાનું નથી, ભોગવવાનું નથી, એશઆરામના સાધનો નથી, બૈરા છોકરા નથી, ગાદી તકીયા નથી, લાડી, વાડી અને ગાડીની મોજ નથી તો પછી ત્યાં સુખ શાનું?

અહીંઆ આપણને સુખનો જે અનુભવ થાય છે તે કોઇ પણ સાધન દ્વારા થાય છે. માણસને મનગમતા પદાર્થો મળતાં એ મ્હાલવા લાગે છે. રેડીયાનું મીઠું મધુરુ સંગીત શ્રવણ કરતાં માણસ એમાં તન્મય બની જાય છે, ડોલવા લાગે છે, કોમળ મખમલની શય્યા પર આળોટવાનું મન થાય છે અને એ માખણ જેવી કોમળ શય્યા પર સૂતાં ગલગલીયાં થાય છે અને તરત ઘસઘસાટ ઉંઘ આવી જાય છે, ગરમી લાગતાં પંખાની ચાંપ દબાવતાં ફરફર પવન વાય છે અને શાંતિનો અનુભવ થાય છે. ઘોર અંધકારના સ્થાનમાં લાઈટની સ્વીચ દબાવતાં જ પ્રકાશ પ્રકાશ પથરાય છે. ગરમાગરમ ભજીયા ઢોકળા કે સ્વાદિષ્ટ ઇષ્ટ–મિષ્ટ પદાર્થો આરોગતા ઘડી-ભર આનંદનો અતિરેક થાય છે અને મીઠો ઓડકાર આવે છે. ગુલાબ, ચંપા, ચંબેલી અને કેવડાના પુષ્પોની ખૂશબોથી અનેરી તાજગીનો અનુભવ થાય છે અને પરી જેવી રૂપે રૂપાળી અપ્સરા જેવી અંગનાઓ નિહાળતાં ચક્ષુઓ ટગર ટગર જોવા લાગી જાય છે અને રૂંવાડા ખડા થઈ જાય છે. મતલબ ભૌતિક પદાર્થો દ્વારા અને ઈષ્ટ મિષ્ટ અને મનગમતા સાધનો દ્વારા આપણને અહીંઆ સુખનો અનુભવ થાય છે પણ મુક્તિમાં નથી એવા રંગ–રાગના સાધનો, નથી તેવા મનગમતા

પદાર્થો પછી ત્યાં સુખ શેનું? સ્હેજે સૌ કોઈના મનમાં આ પ્રશ્ન ઉઠે છે અને એનું જો સમાધાન કરવામાં ન આવે તો સ્થિતિ ડામાડોળ બની જાય છે.

જ્ઞાનીઓએ કથન કર્યું છે માટે એ વાતને આપણે શ્રદ્ધાથી માનીએ છીએ અને માનવું જોઇએ એમ કહીને તમે બીજાને ચૂપ કરશો પણ એથી એના મનનું સમાધાન થતું નથી.

આ બધી વસ્તુઓ બરાબર સમજી લેશો તો તમને પણ સંતોષ થશે અને શ્રદ્ધા મજબુત થશે એટલું જ નહિ પણ મુક્તિનું સાચુ સુખ સમજાતાં આ નકલી સુખને તત્ક્ષણ ત્યજીને તમે એ મુક્તિનું સાચું સુખ મેળવવા પ્રયત્નશીલ થશો, મુક્તિ મેળવવાની તમન્ના જાગૃત થશે. ઉત્કટ અભિલાષા જાગશે અને જિજ્ઞાસુઓને પણ તમે સમજાવી શકશો અને તેમને સન્માર્ગે લાવી શકશો. માટે આ વિષય સમજવાની અત્યંત આવશ્યકતા છે.

પ્રથમ મુક્તિમાં કેટલું સુખ છે? એટલે એનું માપ–પ્રમાણ કેટલું અને તે સુખનો અનુભવ સાધન વગર કેવી રીતે થાય છે વગેરે વિષયો ક્રમસર સમજાવીશું. આ વિષયને ખૂબ ધ્યાન દઈને સાંભળવાની જરૂર છે. સાંભળ્યા પછી ચિંતન મનન અને નિદિધ્યાસનની જરૂર છે. આટલું પ્રાસ્તાવિક વિવેચન કરી હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ છીએ.

## સુખ એટલે શું?

પ્રથમ આપણે એ સમજવાની જરૂર છે કે સુખ એટલે

શું? સુખ કોને કહેવાય? અને દુઃખ એટલે શું? અને દુઃખ કોને કહેવાય? પ્રથમ સુખ અને દુઃખ કોને થાય છે, કયાંથી થાય છે અને કયાં થાય છે? આપણને કોઇ પણ જાતનું સુખ અથવા દુઃખ બાહ્ય સાધનોથી થાય છે પણ તે આત્માની અંદર થાય છે. આપણને સોનાની પાટ જોઇને આનંદ થાય છે. મારી પાટ, મારી પાટ, એમ કહી જોઈ-જોઇને તમે હરખાશો. હર્ષ કહો, ખૂશી કહો કે આનંદ કહો એ એક જ વાત છે પણ સોનાની પાટને જોઇને જે આનંદ અને ખૂશી થઇ તે આનંદ કે ખુશી પાટમાં છે કે આત્મામાં છે? તમે કહેશો કે સોનાની પાટમાં આનંદ છે, પણ એની એ સોનાની પાટ જ્યારે બીજાની માલીકીની થાય છે, કોઈ કારણસર આપણે એને વેચી દેવી પડે છે, ત્યારે એ સોનાંની પાટને જોઇને આપણને આનંદ થશે કે દુઃખ થશે? તમે તરત જ કહેશો કે દુઃખ થશે. દુઃખ થવાનું શું કારણ? એની એ સોનાની પાટ છે, એનું એ એનું વજન છે. એજ એની આકૃતિ અને રંગ છે, કશો જ એમાં ફેરફાર થયો નથી છતાં એજ પાટને જોઇને હવે આપણું હૈયું ચીરાઈ જાય છે એનું શું કારણ? તમે જરા ઉંડાણથી આ વાતનો વિચાર કરશો તો તમને ખબર પડશે કે તમે એ સોનાની પાટ પ્રથમ મારી માનતા હતા અને હવે બીજાની છે, એ મારી નથી, હવે એ મારી ન રહી, હવે એ બીજાની માલીકીની છે, એમ તમારી માન્યતામાં ફરક પડયો. પ્રથમ તમે એને મારી માનતા હતા, તેનો તમને આનંદ હતો હવે એ બીજાની થઇ એટલે તમને દુઃખ લાગ્યું, ત્યારે એ સુખ અને દુઃખ, આનંદ અને શોક એ સોનાની પાટમાં નથી

પણ આત્માને જ સુખ અને દુઃખ થાય છે. જો કે આ સુખ અને દુઃખ કાલ્પનિક છે છતાં થાય છે આત્મામાં.

સુખ સગવડ ભર્યા પોતાના આલીશાન બંગલાને જોઇને માણસ હરખાય છે, અને બીજાને એ બંગલો બતાવીને રાજી રાજી થાય છે. એને પૂછો કે આનંદ બંગલામાં છે કે આત્મામાં છે. આનંદ બંગલામાં નથી, બંગલો જોઇ જોઇને આનંદ જરૂર થાય છે પણ તે આત્મામાં થાય છે. કોઇ કારણસર એ જ બંગલો વેચી દેવો પડે છે. એનો માલીક બીજો થાય છે ત્યારે એજ બંગલો જોઇ જોઇને દુઃખ થાય છે. અને મનમાં એ વિચારે છે કે કેવો મારો બંગલો હતો. કેવી એમાં સુખ સગવડ હતી, આ બંગલા માટે મેં અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો. મેં મારા રહેવા માટે બંધાવ્યો હતો, આજે એમાં બીજા રહે છે, એનો માલીક બીજો છે. હવે આ બંગલાનો મારો જરાય હક નથી, આ રીતે જ્યારે જ્યારે એ બંગલો જુએ છે ત્યારે ત્યારે એ બંગલો જોઇને એની આંખોમાંથી આંસુ સરે છે, અને એ ભારે ખેદ કરે છે.

પૂર્વકાળમાં જે બંગલાને જોઇને આનંદ થતો હતો, એજ આ બંગલો છે. હવે એ બંગલાને જોઇને દુઃખ થાય છે, કારણ કે માન્યતા ફરી. પહેલા એ બંગલાને પોતાનો માનતો હતો અને હવે એ બીજાનો માને છે એટલે આપણે સમજી શકીએ છીએ કે આનંદ બંગલામાં નથી, એમાં મારાપણાની બુદ્ધિ હતી તેથી આનંદ થતો હતો, અને એ આનંદ આત્મામાં થતો હતો.

આ દુઃખ અને સુખ એ સાચું સુખ નથી, કાલ્પનિક

છે, પણ થાય છે આત્મામાં, એજ રીતે સુંદર સ્વાદિષ્ટ અને ઈષ્ટ મિષ્ટ પદાર્થો આરોગીને સારી સુંદર મોહક અને આકર્ષક વસ્તુને નિહાળીને અને ખૂશબોદાર પુષ્પ આદિ પદાર્થોને સુંઘીને, મખમલ જેવી કોમળ શય્યામાં આળોટીને અને કોમળ સ્પર્શવાળી વસ્તુઓને સ્પર્શીને, તેમજ ભોગ વિલાસના સાધનો મેળવીને અને આ બધી વસ્તુઓનો ઉપભોગ કરીને જે આનંદ અને સુખ થાય છે તે આનંદ અને સુખ તે વસ્તુઓમાં નથી. તે તો સાધનો દ્વારા ભલે આનંદ થાય છે પણ એ આનંદ આત્મામાં થાય છે. તે તે જડ વસ્તુઓને ક્યારે પણ આનંદનો અનુભવ થતો નથી. મતલબ સુખ અને દુઃખનું જ્ઞાન અને અનુભવ આત્માને થાય છે. સુખ એ આત્માનો સ્વભાવ છે, દુઃખ પણ થાય છે આત્માને પણ એ આત્માનો સ્વભાવ નથી. દુઃખ એ કેવળ બાહ્ય નિમિત્તજન્ય છે. એ વિષયને આપણે આગળ ચર્ચીશું. હમણાં સુખના વર્ણનનો પ્રસંગ છે. માટે આપણે સુખનું વર્ણન કરીએ છીએ. સુખ એ આત્માને જ થાય છે, આત્મા સિવાય અન્ય કોઈપણ પદાર્થને સુખનું જ્ઞાન, સમજણ કે અનુભવ થતો નથી. એટલે એ વાત સ્પષ્ટ થઈ કે સુખ એ આત્માને થાય છે, સુખ એ આત્મામાં છે. બાહ્ય સાધનો દ્વારા આપણને સુખનું ભાન થાય છે પણ એ સુખનો ખજાનો આત્મામાં છે. આત્મામાં જો સુખ ન હોય તો ક્યારે પણ તેનો અનુભવ આત્માને થાય નહિ. જેમકે તલમાં તેલ છે તો તેને મસળવાથી હાથ ચીકણા થાય છે અને તેને પીલવાથી તેમાંથી તેલ નીકળે છે, કારણ કે એમાં તેલ છે. રેતીને ગમે તેટલી પીલવામાં આવે

તો પણ તેમાંથી તેલ નીકળતું નથી. કારણ કે તેમાં તેલ નથી. જે સ્થાનમાં પાણી હોય છે ત્યાં ખોદવાથી ત્યાંથી પાણી નીકળે છે અને જે સ્થાનમાં સમુળગુ હોતું નથી, ત્યાં ખોદવાથી પાણી નીકળતું નથી. માટે આપણે સારી રીતે સમજી શકીએ છીએ કે–આત્મામાં સુખનો અનુભવ થાય છે, આત્મામાં સુખ છે પણ સુખ કોઇ બહારની ચીજમાં નથી, બાહ્ય નિમિત્તો દ્વારા આત્માને જે સુખ થાય છે તે સુખ નકલી છે, બનાવટી છે, તુચ્છ છે, કાલ્પનિક છે, વાસ્તવિક નથી, કાયમનું નથી, ક્ષણ ભંગુર છે, તકલાદી છે અને પરિણામે ઘોર દુઃખનું કારણ છે.

બહારના કોઇપણ સાધન વિના આત્માને પોતાના સ્વભાવથી જે સુખ થાય છે તે સાચું સુખ છે. અસલી સુખ છે, આત્માના સ્વભાવજન્ય છે. તે સુખને સમજવાનો અને તેને પ્રાપ્ત કરવાનો આપણો મુખ્ય ઉદ્દેશ છે.

તે સુખનું માપ–દુનિયાના સુખો દ્વારા પ્રથમ આપણને સમજાવીશું અને પછી એ સુખનું સ્વરુપ સમજાવવામાં આવશે. આ વસ્તુને શાસ્ત્રકારોએ જે રીતે સમજાવી છે તે રીતે આપણે સમજાવવા પ્રયત્ન કરીશું.

## વિભાવદશાજન્ય દુઃખ

દુઃખ આત્મામાં થાય છે છતાંય એ આત્માનો સ્વભાવ નથી, આત્માને દુઃખનો જે અનુભવ થાય છે તે કર્મ જન્ય છે એટલે દુઃખનું અંતરંગ નિમિત્ત કર્મ છે, અને બહારનું નિમિત્ત પ્રતિકુળ સંયોગો છે. જ્યારે જ્યારે આપણને દુઃખ

થાય છે ત્યારે બારીક દૃષ્ટિથી આપણે વિચાર કરીશું તો આપણને ખબર પડશે કે કાં તો પ્રતિકુળ સંયોગ છે અથવા અનુકૂળ સંયોગનો અભાવ છે, કોઈ વખત કોઈના ઉપર રાગ હોય છે ત્યારે તેના વિયોગમાં પણ આપણને દુઃખ થાય છે તે વિરહજન્ય દુઃખ કહેવાય છે. કોઈ ઉપર આપણને દ્વેષ હોય તો તેના સંયોગમાં દુઃખ થાય છે. જે દ્વેષ નિમિત્તક દુઃખ કહેવાય છે.

કોઇને રૂપવંતી સ્ત્રીને જોતાં રાગ ઉત્પન્ન થયો તેમજ વિકાર ઉદ્ભવ્યો અને તેનો તેને સંયોગ ન થાય તો તેને દુઃખ થાય છે તે વિકારજન્ય દુઃખ કહેવાય છે.

આ પ્રમાણે રાગ, દ્વેષ, વિકાર, ક્રોધ, માન માયા, લોભ વિગેરે વિગેરે કારણોને લઇને અને અસાતાના ઉદયને લીધે રોગાદિ કારણને લીધે આપણને દુઃખ થાય છે. તે ઓછું યા વત્તુ એટલે સર્વ પ્રકારના દુઃખોનું અંતરંગ કારણ કર્મ છે. બાહ્ય કારણ બહારના નિમિત્તો છે. એ નિમિત્તો દૂર થતાં આત્માને દુઃખ થતું નથી અને આત્માને શાંતિનો અનુભવ થાય છે, ધીરે ધીરે આત્માના સાચા સુખોનો અનુભવ થવા લાગે છે. જેમ જેમ કષાયોનો અભાવ, રાગ દ્વેષની મંદતા અને આત્માની નિર્વિકારી દશા તેમ તેમ આત્મા સુખી અને શાંત થવાનો. કારણ કે આત્માનો મૂળ સ્વભાવ સુખ છે. સહજાનંદમય આત્મા છે અને દુઃખ એ તો વિભાવદશા જન્ય છે. પર નિમિત્તક છે, એટલે દુઃખ એ આત્માનો સ્વભાવ નથી.

## વિભાવદશા જન્ય સુખ

એવી રીતે આત્માને ઇન્દ્રિયો દ્વારા ભૌતિક પદાર્થોથી

પુદ્ગલના સંયોગથી જે આનંદ થાય છે તે આનંદ તો આત્માને જ થાય છે. છતાં એ સુખ પણ વિભાવદશા જન્ય છે. દુનિયાના કોઈ પણ પદાર્થને લઇને તેમજ અંતરંગ નિમિત્ત રૂપ કર્મને લઇને જે કંઇ આપણને સુખ થાય છે તે સુખ એ આત્મિક સુખ નહિ પણ વિભાવદશાજન્ય–પરનિમિત્તક સુખ છે. મતલબ સંસારનું કોઇપણ જાતનુ સુખ એ આત્માનું સાચું સુખ નથી પણ તે નકલી છે, અશાશ્વત છે, ક્ષણ ભંગુર છે, કાલ્પનિક છે, બનાવટી છે, કાયમ રહેનારૂં નથી અને તે સુખનો મોહ અને તેમાં આસક્તિ એ ઘોર દુઃખનું કારણ બને છે. માટે સંસારનું સુખ ત્યાજ્ય છે, એ સુખને મેળવવાની અભિલાષા એ પણ દુર્ધ્યાન છે, એટલે સુખ બે પ્રકારનું છે. એક વિભાવદશા જન્ય અને બીજું આત્માના સ્વભાવજન્ય, એ સ્વાભાવિક સુખ એ જ સાચું સુખ છે, તે જ મેળવવા માટે આપણે મહેનત કરવાની છે. એ સાચું સુખ મુક્તિમાં છે.

## ઉદાહરણ તરીકે

એક માણસ પાસે કોડી નહોતી, સાવ દરિદ્ર હતો. તેની પાસે તેના નસીબ ઉઘડતાં પાંચ લાખ થાય છે. તેથી તેને બહું ખૂશી થાય છે અને હું ધનવાન છુ તેમ એ માને છે મનમાં મલકાય છે કે મારી પાસે પાંચ લાખ છે અને આનંદમાં રહે છે. એમને આનંદમાં જોઇને કોઈ પૂછશે કે આટલા બધા આનંદમાં કેમ છો ? ત્યારે તેના જવાબમાં તે જણાવે છે કે ભાઇ! એક વખત હું સાવ કંગાળ હતો પણ આજે ભાગ્ય-બળે મારી પાસે પાંચ લાખ રૂપીઆ થયા એટલે મને ખૂબજ આનંદ

છે. એ મનમાં એમ પણ માનશે કે ધનમાં આનંદ છે, પણ ખરી રીતે ધનમાં આનંદ નથી. એ આનંદ કહો, સુખ કહો કે મજા કહો પણ તે કાલ્પનિક છે.

જ્યારે એ જ માણસ પાસે પાંચ લાખના વધીને ૧૦ લાખ થાય છે ત્યારે તેના આનંદનો કોઇ અવધિ રહેતો નથી. ખૂશી ખૂશી થાય છે પણ બધા દિવસ કંઈ સરખા હોતા નથી. વ્યાપારમાં નુકશાની જાય છે, ભાગ્ય પલટાય છે, ધન ઓછું થવા લાગે છે ત્યારે તેને ખૂબ આઘાત થાય છે. ૧૦ લાખના ઘટી ઘટીને પાછા પાંચ લાખમાં આવે છે ત્યારે તે પોક મૂકીને રડવા માંડે છે. અરેરે! મારું બધું જવા બેઠું. દીલ ઉદાસ થાય છે, ચેન પડતુ નથી, પહેલા જે પાંચ લાખમાં એ આનંદ માનતો હતો, હવે એના એ પાંચ લાખ તો અત્યારે પણ છે છતાં એ દુઃખી કેમ? શું ફર્યું? કલ્પના કે બીજું કંઈ? પહેલા એ માનતો હતો કે ધન વધે છે અને હવે માને છે કે બધું ઘટવા માંડયું. એટલે એ સુખ કાલ્પનિક છે. પહેલા પાંચ લાખમાં અને હમણાનાં પાંચ લાખમાં કશો ય ફરક પડયો નથી છતાં એ દુઃખી થાય છે.

કોઇ માણસ પાસે સોનાની પાટ છે. પોતાની માલીકીની છે. એ સોનાની પાટને જોઇ જોઇને એ હરખાય છે. ઘડી ઘડી એના ઉપર હાથ ફેરવે છે. તીજોરીમાં મૂકયા પછી ઘડી ઘડી જુએ છે. જોઈ જોઇને રાજી થાય છે. મારી સોનાની પાટ, મારી સોનાની પાટ એમ માનીને મલકાય છે. થોડા વખત પછી વ્યાપાર વગેરેમાં નુકશાન થાય છે. પડોશીને એ સોનાની પાટ કરજ પેટે આપી દેવી પડે છે. હવે એ પાટ પાડોશીના ઘરમાં છે.

હવે આ ભાઈ પડોશીના ઘરે જ્યારે જ્યારે જાય છે અને પેલી સોનાની પાટ જુએ છે ત્યારે એને જોઇને એની આંખમાં આંસુ ઉભરાય છે અને એ મનમાં વિચારે છે કે–આ સોનાની પાટ પહેલા મારી હતી પણ મારા કમનસીબે વેચી દેવી પડી.

હવે જરા અહીંઆ વિચાર કરો કે-જે સોનાની પાટ એના ઘરમાં હતી, એ જ આ સોનાની પાટ છે, એમાંથી જરા ય ઓછી થઈ નથી. વજનમાં ફરક નથી રંગમાં ફરક નથી, પ્રથમ એને જોઇને એ મલકાતો હતો, હવે રડવાનુ શું કારણ? એનું કારણ એ જ કે પહેલા એ સોનાની પાટ પોતાની માનતો હતો હવે એ પરાઈ માને છે. બોલો શું ફર્યું? કલ્પના કે બીજું કંઇ? માટે આ સુખ કાલ્પનિક છે.

એક માણસ એક સ્ત્રીને જોઇને એના ઉપર એનો ખૂબ રાગ થાય છે. વિવિધ પ્રયત્ન કરી એની સાથે લગ્ન ગ્રન્થીથી જોડાય છે, એની ખૂશીનો કોઈ પાર નથી. એને જોઇ જોઇને ગાંડો ઘેલો બની જાય છે. થોડા વખત પછી એને બીજી સ્ત્રી જોઈ જેથી એના ઉપર ખૂબ રાગ થયો. હવે તેની ઇચ્છા એ છે કે એની સાથે લગ્ન થાય તો સારા. હવે પેલી અળખામણી લાગે છે. અને પેલી આડખીલીરૂપ લાગે છે, જ્યારે જ્યારે આ ભાઇ પ્રથમની સ્ત્રીને જુએ છે ત્યારે એના મનમાં થાય છે કે આ મરી જાય તો સારૂં! લાગ આવે તો મારવા માટે પણ પ્રયત્ન કરે.

પહેલા જ્યારે બીજી ઉપર રાગ નહોતો, ત્યારે પેલીનું માથું દુઃખતું હતું ત્યારે આ ભાઇનું માથું દુઃખવા લાગતું હતું અને બેચેન બની જતો હતો. હવે એ માંદી પડે તો

આ ભાઇ રાજી થાય છે કે હવે આ જાય તો સારી પીડા મટે. પહેલા જેને જોઇને આનંદ આવતો હતો, મજા આવતી હતી અને રાજી થતો હતો. સ્ત્રી એની એ જ હોવા છતાં આજે એને મારી નાંખવાનું મન થાય છે. બોલો શું ફર્યું ? આમ બનવાનું શું કારણ? કહેવું જ પડશે કે કલ્પના ફરી. પહેલા એને એ પ્રેમપાત્ર માનતો હતો. હવે બીજીને પ્રેમ-પાત્ર માને છે આ રીતે દુનિયાના તમામ સુખો, કેટલાએક કાલ્પનિક છે મનથી માનેલા છે અને કેટલાક અમુક જાતની ઇચ્છાઓ અને વાસનાઓ તૃપ્ત થવાથી થાય છે પણ ખરી રીતે એ સાચા સુખો નથી એટલે કાલ્પનિક છે બનાવટી છે, ક્ષણ ભંગુર છે, પરાધીન છે કાયમ રહેનારા નથી, ક્ષણિક છે અને તે સુખોની આસક્તિ મૂર્છા કે ગૃદ્ધિના કારણે આત્મા ચીકણા અને અશુભ કર્મનું ઉપાર્જન કરે છે અને પરિણામે દુર્ગતિમાં જાય છે અને ઘોર દુઃખો પામે છે એટલે દુઃખના કારણરુપ હોવાથી તે સુખો પણ દુઃખ રૂપ છે.

છતાંય દુનિયાને એ સુખોનો અનુભવ હોવાથી શાસ્ત્રકારો એ સુખો વડે આપણને મુક્તિનું સુખ સમજાવે છે.

## એક શેઠનું સુખ

એક સુખી અને સમૃદ્ધ શેઠ એક ઉંચા ભવ્ય અને આલીશાન બંગલામાં રાચ-રચીલા અને રંગ રાગના વિપુલ સાધનો વચ્ચે અનેરો આનંદ માણતા, આકડા તુલ અને માખણ કરતાં ય અત્યંત સુકોમળ એવી મખમલની શય્યામાં બેઠા હતા.

ટયુબલાઇટનો ઝગમગતો પ્રકાશ ચોમેર પથરાયલો હતો,

વીજળીના પંખાઓ અવિરત ચાલતા હતા. બારી બારણા અને જાળી ઝરૂખામાંથી મંદમંદ મધુર અને શીતળ સમીરનો સંચાર થઈ રહ્યો હતો. અગર-તગર, અગુરુ અને દશાંગ જાતિના ઉંચા ધૂપથી ભરેલી ધૂપદાનીઓ ખંડને ખૂશબોથી ભરી દેતી હતી. ચંપા, ચંબેલી, મોગરો, જાઈ, જૂઇ, ગુલાબ, કેવડો અને કેતકી આદિના તાજા રંગબેરંગી પુષ્પોની સુવાસથી સમગ્ર ખંડ મઘ-મઘાયમાન થઇ રહ્યો હતો. કાચના ઝુમરો લટકી રહ્યા હતા. અત્યંત મૃદુ સુગંધથી મ્હેકતું, તેજનો ઝગારો મારતું હીરા પન્ના અને કિંમતી રત્નોથી જરેલું કુટ્ટિમતલ હતું. તાલમૃદંગ વીણા, વેણું, સારંગી, પિયાનો, શરણાઇ અને તબલા આદિ વિવિધ વાદ્યોની મધુરી સુરાવલીની રમઝટ જામી હતી. તાલબદ્ધ મીઠા મધુર કર્ણપ્રિય શ્રૃંગાર રસથી ભરેલા ગીતોની ભવ્ય જમાવટ થઇ રહી હતી. સેવામાં અનેક નોકર-ચાકર અને છડીદારો હાજર હજૂર હતા. શેઠજીની આસપાસ અપ્સરા જેવી રૂપાળી લાવણ્યના ભંડારસમી પ્રેમાળ નવજવાન યુવતીઓ બેઠેલી હતી, તેમની સાથે શેઠજી કામોત્તેજક, વિષય વર્ધક અને શ્રૃંગાર રસ ભરપૂર મીઠી ગોષ્ઠી માની રહ્યા હતા. દિલ અને દિમા-ગને બ્હેલાવનારા ભરપૂર સાધનોથી આખોય ખંડ ભર્યો ભર્યો હતો. કામક્રીડા કરતા રમણીય આંખને આંજી દે તેવા મન મોહક અને આકર્ષક ચિત્રોથી દિવાલો શોભી રહી હતી, એવી સુંદર ચિત્રાવલી નેત્રને આનંદ આપી રહી હતી.

શેઠ નિર્ભય હતા, જીવન નિરૂપદ્રવ હતું, શરીર નીરોગી હતું, વય જવાન હતી, અત્યંત નિશ્ચિંત અને નિસ્પૃહ હતા, ચિત્ત પ્રસન્ન હતું, મેઘ ગર્જનાથી ગગનાંગણ ગાજી રહ્યું હતું.

પૈસે ટકે સુખી હતા. અપાર ધન સંપત્તિ હતી. વધુ મેળવવાની અભિલાષા નહોતી. પત્ની પણ પતિવ્રતા અને સંસ્કારી હતી, પુત્રો પણ વિનીત હતા અને હાથ જોડીને વાત કરતા હતા. શેઠનો પડયો બોલ સૌ કોઇ ઝીલી લેતા હતા. માથે કંઇ કરજ કે દેવું નહોતું. હાથી, ઘોડા, પાલખી અને અદ્યતન સુખ સગવડ ભર્યા સાધનો સર્વત્ર ખડકાયલા હતા. ધંધો રોજગાર પણ ધમધોકાર ચાલતો હતો નાતજાતમાં અને સમાજમાં પણ સારો મોભો ધરાવતા હતા. ઇજ્જત આબરૂદાર હતા. સગા સ્નેહીઓ સાથે મૈત્રી ભર્યો મીઠો સંબંધ હતો. રાજ્ય તરફથી કશીય ડખલગીરી નહોતી કોઇની ગુલામી કે બંધન નહોતું.

બત્રીશ વાનીઓ અને તેત્રીશ વ્યંજન યુક્ત ઇષ્ટ-મિષ્ટ અને સ્વાદિષ્ટ ભોજન કરી, મધુર સ્વાદુ અને શીતળ જળનું પાન કરી, મુખમાં સુગંધીદાર તાંબૂલ લઇ હૃદયના તારને ઝણઝણાવી મૂકે તેવા પાંચ ઇંદ્રિયોના વિષય ભોગમાં શેઠ તલ્લીન હતા. કોઇ જાતનો અવરોધ, અંતરાય કે રૂકાવટ નહોતી. શાંત-પ્રશાન્ત ચિત્તે પ્રસન્ન અને સંતુષ્ટ ચિત્તે શેઠ ભોગ ભોગવી રહ્યા હતા.

બોલો આ શેઠ કેટલા સુખી છે? તમે કહેશો કે એનું વર્ણન ન થાય તેવા અત્યંત એ શેઠ સુખી છે. આવા સુખી શેઠ કરતા પણ મુક્તિમાં બિરાજમાન મુક્તાત્માઓને-સિદ્ધ પરમાત્માઓને સમયે સમયે અનંત ગણું સુખ હોય છે.

**એક દેશાધિપતિ મહારાજા**

એક મોટો દેશાધિપતિ રાજા છે. એના તાબામાં અનેક

નાના મોટા ગામડાઓ છે અને અનેક મોટા નગરો છે, આટલા રાજ્યથી તેને સંતોષ છે, વધારે રાજ્ય મેળવવાની લાલસા કે તૃષ્ણા નથી. અંતે ઉરમાં રૂપરૂપના અંબાર સમી અનેક રાણીઓ છે. તે ઘણી વિનીત, સુશીલ અને સંસ્કારી છે. પુત્રો પણ આજ્ઞાંકિત છે. મંત્રી મંડળ પણ અનુકૂળ છે. શરીરમાં કોઇ જાતનો વ્યાધિ કે રોગ નથી. બીજા રાજ્ય તરફથી કોઇ જાતનો ચઢાઇ કે લડાઇનો ભય નથી. હાથી, ઘોડા, રથ અને પાયદળનો પાર નથી ઢોર-ઢાંખર ગાડા ઊંટ પાલખી અને સુખાસનોનો સુમાર નથી. સેવકો બડે જાવ મહેરબાન ઘણી ખમ્માની નેકી પોકારે છે. અઢળક સંપત્તિ છે, સૌ કોઇ તેમની સેવામાં હાજર હજૂર છે. કોઇ વાતે મણા નથી. કશી કમીના નથી. કોઈ જાતની ઉણપ કે ખામી નથી. વધુ મેળવવાની આશા-અભિલાષા કે લાલસા નથી. અનેરા આનંદ પ્રમોદ અને વિનોદમાં દિવસો પસાર થઇ રહ્યા છે.

બોલો આ રાજા કેટલો સુખી છે? એનું વર્ણન થઇ શકે? આવા સુખી રાજા કરતાં પણ મોક્ષમાં બિરાજતા મુક્ત આત્માઓને સમયે સમયે અનંતગણું સુખ હોય છે અને તે પણ કાયમનું.

## ચક્રવર્તીનું સુખ

ઠાણાંગ સૂત્રમાં ત્રણ પ્રકારના પુરુષો બતાવવામાં આવ્યા છે. એક કર્મ પુરૂષ, બીજો ભોગ પુરુષ અને ત્રીજો ધર્મપુરુષ.

ચક્રવર્તીઓને ભોગ પુરુષ તરીકે ગણવામાં આવે છે. મતલબ સમગ્ર ભારત વર્ષમાં ઉત્પન્ન થયેલ ઉંચામાં ઉંચી

વસ્તુ, સારામાં સારી ભોગ સુખની સામગ્રી ચક્રવર્તીને હોય છે. બે ભૂજાના બે હજાર રક્ષક દેવો અને ચૌદ રત્નના રક્ષક ૧૪ હજાર દેવો એમ સોળ હજાર દેવતાઓ એમનાં સેવક હોય છે. નવ નિધાનનાં ધણી હોય છે. ચક્રવતીનાં શરીરમાં કોઇ દિવસ રોગ ઉત્પન્ન થતો નથી. તેઓ પોતાની ભૂજા બળથી રાજ્ય કરનારા હોય છે. એમનો કોઇ પ્રતિસ્પર્ધી હોતો નથી. તેઓ મહાન પુણ્યશાળી હોય છે. સમગ્ર પ્રજાને અત્યંત પ્રિય હોય છે. એમનું બળ પણ અથાગ હોય છે.

નદીના એક કિનારે સ્નાન કરવા માટે એક હાથમાં પાણીનો લોટો લીધો હોય, બીજા હાથમાં દોરડું હોય અને નદીના સામે કિનારે રહેલું મહાન સૈન્ય ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ સંગ્રામી રથ, અને ૯૬ ક્રોડ પાયદળ આ બધા એકઠા થઇને એ દોરડાને પકડી ચક્રવર્તીને નમાવવાનો-ખેચવાનો પ્રયત્ન કરે તો ય એ બધાની તાકાત નથી કે-ચક્રવતીને એક તસુ ભર પણ ખસેડી શકે! અને જો ચક્રવતી ધારે તો એક હાથમાં રહેલા એ દોરડાને જરાક ખેંચે તો સમગ્ર સૈન્ય નદીમાં આવી પડે, એવા એ અતુલબળી ચક્રવર્તીઓ હોય છે. સવારે અનાજ વાવે અને સાંજે લણે અને ધાન્યના ઢગલા ખડકાય એવા તો એ પુણ્યશાળી હોય છે. બત્રીશ હજાર મુગટ બદ્ધ રાજાઓ તેમની આજ્ઞામાં હોય છે. ૩૨ હજાર દેશ, ૭૨ હજાર નગર અને ૯૬ ક્રોડ ગામડાના અધિપતી હોય છે.

એમના સૈન્યનો પડાવ ૪૮ કોસમાં પડે છે. તેમની સત્તા સર્વોપરિ હોય છે. ચક્રવર્તીને ૬૪ હજાર સ્ત્રીઓ હોય છે.

હરેક સ્ત્રી સાથે રૂપ પરાવર્તન કરવાની અદ્દભૂત શક્તિ વડે ૧૪ હજાર રૂપ કરી તેઓ ભોગ ભોગવે છે. તેમનું મુખ્ય શરીર પટરાણી રૂપ સ્ત્રીરત્ન પાસે હોય છે. સમગ્ર ભારત વર્ષમાં એ સ્ત્રીરત્ન રૂપમાં અજોડ હોય છે. લાવણ્યની ભંડાર રૂપરૂપની અંબાર, અત્યંત સુકોમળ અને અપૂર્વ સૌંદર્ય-શાળી એ સ્ત્રીરત્ન હોય છે.

ખાવા-પીવાની અને ભોગવવાની ઉત્તમમાં ઉત્તમ, સુંદરમાં સુંદર સામગ્રીનો ભોગવટો ચક્રવર્તી કરે છે. એના ભોગ સુખનું શું વર્ણન કરવું ? બોલો આવા ચક્રવર્તીને કેટલું સુખ ? એનું માપ આપણાથી નીકળી શકે ખરું ? આવા સુખી ચક્રવર્તી કરતાં પણ મોક્ષમાં રહેલા સિદ્ધાત્માઓને સમયે સમયે અનંતગણું સુખ હોય છે.

## વૈમાનિક દેવનું સુખ

ચક્રવર્તી કરતાં પણ અત્યંત સુખ વૈમાનિક દેવતાને હોય છે. દેવોને ગર્ભાવાસમાં મનુષ્યની જેમ નવ મહીના રહેવું પડતું નથી. અત્યંત રમણીય ઉપપાત શય્યામાં તેઓ ઉત્પન્ન થાય છે. અને જન્મતાંજ બત્રીશ વર્ષના જવાન જેવા હોય છે. દેવોનું શરીર અત્યંત તેજસ્વી અને અત્યંત મનોહર હોય છે. માનવી એના મૂળરૂપને જોઇ ન શકે, તેવી અનુપમ કાંતિ ધરાવનારા હોય છે. ક્યારે પણ એમના શરીરમાં પરસેવો થતો નથી. દુર્ગંધનું તો નામ નહિ. બલ્કે એમના શ્વાસમાં પણ કમળના જેવી ખૂશબો હોય છે. અસંખ્યાત વર્ષના દીર્ઘ આયુષ્ય દરમ્યાન ક્યારે પણ એમને રોગ થતો નથી, અહીં તો આપણને ઘડીકમાં ખાંસી, ઘડીકમાં દમ, ઘડીકમાં તાવ અને શરદી, ઘડી-

કમાં પેટમાં દુઃખાવો, કાનની વેદના જુદી, આંખોની પીડા જુદી. ઘડીમાં ઝાડા ઉપર ઝાડા વળી ખાધેલું હજમ ન થાય આફરો ચઢે, ગેસ થાય, શરીરે કળતર થાય, માથાનો દુઃખાવો, પણ દેવને આમાંનું ક્યારેય કંઇ પણ હોતું નથી.

રાંધવાની માથાકૂટ નહિ. ચૂલો સળગાવવાની જરૂર નહિ. હાથ બગાડવાની જરૂર નહિ. લોટો ભરવાની પીડા નહિ. સુંદર વસ્ત્ર-અલંકારથી સજ્જ હોય છે. જીવે ત્યાં સુધી જવાનના જવાન રહે છે. વૃદ્ધાવસ્થા-જરાઅવસ્થાનું કામ નહિ માટે તે નિર્જરા કહેવાય છે.

તેમને રહેવા માટે મોટા મોટા રત્નમય વિમાનો હોય છે. તે શાશ્વત હોય છે અને તે વિમાનોમાં મોટા મોટા મહેલો હોય છે, તે મહેલોમાં દેવતાઓ નિવાસ કરે છે. આ રત્નો સૂર્ય કરતાં પણ અત્યંત તેજસ્વી હોય છે. તેનો સ્પર્શ ઘણો સુંવાળો હોય છે અને તે પાંચે વર્ણવાળા અત્યંત રમણીય અને મનોહર હોય છે. આ રત્નોના વિમાનોમાં સદાય રત્નોનો ઝળહળતો પ્રકાશ પ્રકાશ પથરાયલો હોય છે. અંધકારનું તો ત્યાં નામ નિશાન હોતું નથી. ત્યાં નથી ગરમી કે શરદી, નથી વર્ષાઋતુની પીડા અહીંઆ તો દર વર્ષે મેઘ રાજાની ચિંતા. વધારે વર્ષે તો ય પંચાત, ઓછો આવે તો ય ઉપાધિ, ત્યાં દુકાળ જેવું હોતું નથી. દેવતાઓમાં અસંખ્યાત જોજન દૂર ઉડીને જવાની અદ્ભૂત શક્તિ હોય છે અને અનેક રૂપ કરવાની અજબ તાકાત હોય છે. જેવું રૂપ લેવું હોય તેવું રૂપ ઇચ્છા થતાંની સાથે જ તેઓ કરી શકે છે.

ભોજનની ઈચ્છા થતાં સુંદરમાં સુંદર, ઉંચામાં ઉંચા,

ઈષ્ટ, મિષ્ટ અને સ્વાદિષ્ટ પુદ્ગલો એમની સામે આવી જાય છે અને ઈચ્છા પ્રમાણે ગ્રહણ કરી લે છે. તે પુદ્ગલો વૈક્રિય જાતિના હોય છે અને સુંદર રૂપ–રંગ સુગંધ અને મૃદુ સ્પર્શ યુક્ત હોય છે. અત્યંત ઈષ્ટ અને મનોજ્ઞ હોય છે. તે પુદ્ગલો ગ્રહણ કરતાંની સાથેજ એમને તૃપ્તિ થઈ જાય છે અને ગ્રહણ કર્યા પછી પણ ખૂબ આનંદ થાય છે. દેવતાઓ અપૂર્વ શક્તિશાળી મહાન પ્રભાવશાળી, અત્યંત સૌંદર્યશાળી અને અજોડ વૈભવ-શાળી હોય છે. એ દેવો રૂપરૂપના અંબારસમી દેવાંગનાઓ સાથે સ્વેચ્છ ક્રીડા કરે છે એ દેવો દેવાંગનાઓ સાથે નાચ ગાન, ક્રીડા અને ભોગ વિલાસ કરે છે. આમ એમનો અસં-ખ્યાત વર્ષનો દીર્ઘકાળ પણ આવા અનેરા આનંદ–પ્રમોદ અને વિલાસમાં ચપટીની જેમ પસાર થઈ જાય છે. દુઃખની થોડી મિનિટો પણ વર્ષો જેવી દીર્ઘ લાગે છે અને સુખના હજારો વર્ષો પણ પળ–વિપળ જેવા લાગે છે માટે જ સંગ્રહણી સૂત્ર-કાર વ્યંતર દેવોના સુખોનું વર્ણન કરતાં જણાવે છે કે–

> तहिं देवा वंतरिया, वरतरुणी गीय वाईय रवेणं ।
> निच्चं सुहिया पमुईया, गयंपि काल न याणंति ॥

વ્યંતર દેવો આટલા સુખી હોય છે. જ્યારે આ તો વૈમા-નિક દેવના સુખનું વર્ણન ચાલે છે. વૈમાનિક દેવોનું સુખ તો વ્યંતર દેવો કરતાં અત્યંત અધિક હોય છે. એમને કમાવવાની, વ્યાપારની કે કોઈ ગુમાવવાની ચિંતા હોતી નથી. હંમેશા ખૂબ હર્ષ અને આનંદમાં હોય છે એ દેવોને અસંખ્યાત વર્ષના પલ્યો-પમો અને સાગરોપમોના દીર્ઘ કાળમાં જરાય કંટાળો આવતો નથી. અત્યંત સુખ, શાંતિ અને આનંદમાં તેમનો સર્વ કાળ

વ્યતીત થાય છે. દેવતાઓના એક-એક ભોગમાં બબ્બે હજાર વર્ષ પસાર થાય છે, એવુ તો તેમનું ભોગ સુખ હોય છે અને દેવી નાટકમાં પણ બબ્બે હજાર વર્ષ વ્યતીત થાય છે. મનુષ્ય જો એવું દેવતાઈ નાટક જુએ તો છ મહીના સુધી ઉભો ને ઉભો રહે તોય તેને ભૂખ, પ્યાસ કે થાક લાગે નહિ એવા અદ્ભૂત દૈવીનાટક હોય છે. આવા દેવતાઈ મહાન સુખને અનુભવ કરનારા, અત્યંત સામર્થ્ય શીલ મહર્દ્ધિક દેવોનું અપૂર્વ સુખ હોય છે. આ વૈમાનિક દેવો કરતાં પણ મુક્તિમાં બિરાજતા મુક્તાત્માઓને સમયે સમયે અનંત ગણું સુખ હોય છે.

ઈંદ્રનું સુખ

દેવોના માલિક ઇંદ્રો દેવો કરતાં અત્યંત સુખી અને સમૃદ્ધ હોય છે ઇંદ્રોનું આયુષ્ય સાગરોપમોનું હોય છે. [૧૦ ક્રોડ એક ક્રોડનો ગુણાકાર કરતા જે રકમ આવે તેને ૧૦ ક્રોડાક્રોડી કહેવાય. એવા ૧૦ ક્રોડ ક્રોડી પલ્યોપમનુ એક સાગરોપમ થાય છે.] ઇંદ્રો લાખો વિમાનોના માલીક હોય છે. લાખોની સંખ્યામાં ઇંદ્રના આત્મરક્ષક દેવો હોય છે, હજારોની સંખ્યામાં ઇંદ્રના સામાનિક દેવો હોય છે અને એમની અત્યંત મનોહર અને રૂપાળી ઇંદ્રાણીઓ હોય છે તે પણ અત્યંત સામર્થ્યશાળી અને વૈભવશાળી હોય છે. અસંખ્યાતા દેવો ઉપર એમનો હૂકમ ચાલે છે. વૈમાનિકદેવલોકના ઇંદ્રને એમના આયુષ્ય દરમ્યાન ક્રોડો દેવીઓ થઈ જાય છે. કારણ કે દેવીનું આયુષ્ય વધારેમાં વધારે ૫૫ પલ્યોપમનું હોય છે. અને ઇંદ્રનું સાગરોપમોનું આયુષ્ય હોય છે. ઇંદ્રની કાંતિ ઋદ્ધિ-સિદ્ધિ અને સમૃદ્ધિનો પાર હોતો નથી. સામાન્ય દેવો

કરતાં ઇંદ્રની તાકાત અત્યંત અધિક હોય છે, એનો વૈભવ અને સામર્થ્ય અનુપમ હોય છે અને તેઓ અત્યંત તેજસ્વી અને યશસ્વી હોય છે. તેમનું સુખ પણ અવર્ણનીય અને અત્યંક હોય છે. આવા ઇંદ્ર કરતાં પણ અનંતગણું સુખ સિદ્ધિ પરમાત્માને મુક્તિમાં હોય છે.

## સર્વાર્થસિદ્ધના દેવોનું સુખ

ઇંદ્ર કરતાં પણ અત્યંત સુખ સર્વાર્થ સિદ્ધના દેવોને હોય છે. સાંસારિક સુખના હિસાબે વધારેમાં વધારે સુખ સર્વાર્થ-સિદ્ધના દેવો હોય છે. તેમનાથી વધારે સુખ કોઇપણ સંસારી જીવને હોતું નથી. પૌદ્ગલિક સુખના હિસાબે સર્વાર્થ સિદ્ધના દેવો ઘણા સુખી હોય છે. નીચેના કલ્પવાસી દેવોને યુદ્ધ તથા ઇર્ષ્યા આદિના કારણે દુઃખ પણ હોય છે. તેવું દુઃખ સર્વાર્થ સિદ્ધના દેવોને હોતું નથી. એ દેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે. આટલા દીર્ઘ કાળના આયુષ્ય દરમ્યાન કોઇ પણ દિવસ એમને દુઃખનું નામ નિશાન હોતું નથી. મતલબ તે દેવો મહાન સુખી હોય છે. માટે જ સંગ્રહણી સૂત્રકાર ફરમાવે છે કે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં વસનારા "अप्प वियारा अणत सुही" દેવોને અલ્પવિકાર અને અનંત સુખ હોય છે. આવા સર્વાર્થ સિદ્ધ દેવોના કરતા પણ અનંત ગણું સુખ મુક્તિમાં હોય છે, તેવા મુક્તિના સુખોનું વર્ણન શાસ્ત્રકારોએ નિમ્ન ગાથાઓમાં કર્યું છે.

यत्सौख्यं चक्रिशक्रादि पदवी भोग संभवम् ।
ततोऽनन्न गुणं तेषां, सिद्धावक्लेशमव्ययम् ॥

गुणस्थानक्रमारोह ॥१३३॥

ચક્રવર્તી અને શક્રેન્દ્ર વગેરેને પદવી, ઐશ્વર્ય તથા ભોગથી જે સુખ ઉત્પન્ન થાય છે, તેથી અનંતગણું સુખ મોક્ષના વિષે સિદ્ધપરમાત્માઓને હોય છે અને તે સુખ કલેશ વગરનું અને અવિચલ હોય છે.

सुरगुणसुहं समत्तं सव्वद्धा पिंडिअं अणंतगुणं ।
नय पावई मुत्ति सुहं, णंताहिंवग्गवग्गूहिं ॥

पन्नवणासूत्र

ભાવાર્થ-ચારે પ્રકારના દેવોનું ત્રણે કાળનું સમસ્ત સુખ ભેગુ કરવામાં આવે, અને તેને અનંતગણું કરવામાં આવે અને એનો અનંતીવાર વર્ગ કરવામાં આવે, આટલું ભેગુ થયેલું સુખ પણ મુક્તિના સુખને પહોંચી શકે નહિ.

नवि अत्थि माणुसाणं न सुक्खं नेव सव्वदेवाणं ।
जंसिद्धाणं सुक्खं अव्वाबाहं उवगयाणं ॥

पन्नावणासूत्र

દુનિયાના સમસ્ત મનુષ્યોને જે સુખ નથી અને જગતના સમસ્ત દેવોને જે સુખ નથી, તે સુખ અવ્યાબાધપણાને પામેલા સિદ્ધ પરમાત્માઓને હોય છે.

इअ सिद्धाणं सोक्खं अणोवमं नत्थि तस्स ओवम्मं ।
किंच विसेसेणित्तो सारिक्खामिणं सुणह वोच्छं ॥

શ્રીમલયગિરિજી મહારાજ કૃત શ્રી આવશ્યક સૂત્રની વૃત્તિમાં ઉપર્યુક્ત શ્લોક રજૂ કરી એ બતાવવામાં આવ્યું છે કે-જગતમાં કોઈ એવી ઉપમેય વસ્તુ નથી કે જેની સાથે સિદ્ધ પરમાત્માના સુખને ઉપમાન આપી સમજાવી શકાય.

મતલબ સિદ્ધ પરમાત્માના સુખની સરખામણી થઇ શકે તેવી કોઇ વસ્તુ આ જગતમાં અસ્તિત્વમાં નથી. છતાં જગતના જીવો જે સુખ દ્વારા સમજી શકે તે સુખનું વર્ણન કરીને તેનાથી અનંતગણું સુખ સિદ્ધ પરમાત્માના આત્માને એક સમયમાં થાય છે.

सिद्धस्ससुहोरासि, सव्वद्धा पिंडिअं जईहवेज्जा ।
सोऽणतवग्गभईओ, सव्वागासे न माईज्जा ॥
" पन्नवणासूत्र "

સિદ્ધ પરમાત્માના એક સમયના સુખની રાશિને ત્રણે કાળના સુખો વડે ગુણાકાર કરવામાં આવે અને એને અનંત અનંત વાર વર્ગથી ભાગવામાં આવે તો પણ અનંત વર્ગથી ભાગવામાં આવેલુ તે સુખ સમગ્ર આકાશમાં પણ સમાઇ શકે નહીં.

મુક્તિમાં સુખોનું વર્ણન કરવાથી ધર્મનું છેલ્લામાં છેલ્લું યાને અંતિમ ફળ જે છે તેનું વર્ણન કર્યું એટલે ધર્મના ફળ રૂપ ત્રીજા વિષયનું વર્ણન થયું. હવે ધર્મ કોને ફળે એ ચોથો વિષય આગળના વ્યાખ્યાનમાં સમજાવવામાં આવશે.

## મુક્તિમાં સાધન વગર સુખ શી રીતે ?

અહીં આપણને એક તર્ક થશે કે આ લોકમાં જગતના જીવોને ઓછુ કે વત્તુ જે કંઇ સુખ થાય છે, તે સુખ કોઇ પણ સાધન દ્વારા થાય છે, જેમ કોઇ સુંદર સ્ત્રીને જોઇને આનંદ થાય છે, અને સ્વાદિષ્ટ ભોજન આરોગવાથી મજા આવે છે. તે આનંદ સ્વાદિષ્ટ વસ્તુ દ્વારા આપણને થાય છે.

મતલબ આપણને જે સુખનો અનુભવ થાય છે તે સાધન દ્વારા થાય છે.

અત્યાર સુધીના વર્ણન દ્વારા સિદ્ધ પરમાત્માના સુખનાં પરિમાણ-માપનો વિષય સમજાવ્યો, હવે સિદ્ધ પરમાત્માને મોક્ષમાં સુખના સાધનોના અભાવે પણ કેવી રીતે સુખ થાય છે તે વિષય હવે આપણે સમજાવીએ છીએ.

આપણે વિચાર કરીશું તો સમજી શકાશે કે કેટલીક વખત મુખનાં સાધનો દ્વારા આપણને સુખ થાય છે અને કેટલીક વખત દુઃખના કારણો દૂર થતાં સુખ થાય છે, જેમકે એક માણસને જન્મટીપની સજા થતાં વર્ષોથી એ કેદમાં દુઃખી દુઃખી અવસ્થા ભોગવી રહ્યો છે, તેને સખત મજૂરી કરવી પડે છે, જેલર તરફથી પૂરી સતામણી, ખાવાનું ઠેકાણું નહિ, એ બિચારો કેદી ખૂબ દુઃખી થઇને કલ્પાંત કરે છે, ખૂબ રડે છે અને વિલાપ કરે છે, હે ભગવન્! હું આ ભયંકર કેદ-ખાનામાંથી કયારે છૂટીશ! મનુષ્ય હોવા છતાં નારકી જેવા ઘોર દુઃખો હું અહીંઆ અનુભવી રહ્યો છું, આના કરતાં જીવનો અંત આવી જાય તો આ દુઃખથી છૂટકારો થાય! આવા ભયંકર દુઃખો સહન કરતાં કરતાં વર્ષો પસાર થઈ ગયા. છતાંય હજી કંઇ ઠેકાણું પડતું નથી, એવામાં બનાવ એ બને છે કે-ત્યાંના રાજાને ત્યાં પુત્રનો જન્મ થાય છે અને પુત્રના જન્મની ખૂશાલીમાં રાજા તમામ કેદીઓને છોડી મૂકે છે કારણ કે કહ્યું છે કે-

युवराजाभिषेके च, परराष्ट्रापमर्दने ।
पुत्र जन्मनि वा मोक्षो बद्धानां प्रविधियते ॥

પેલો જન્મ કેદી પણ છુટો થાય છે. એ જન્મ કેદીને સવાર થતાં જ જેલર દ્વારા ખબર આપવામાં આવે છે કે તમે આજથી કેદથી છૂટા છો, તમને છોડી મૂકવામાં આવે છે, તમે હવે સ્વતંત્ર છો, જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો. આ સાંભળતાં જ કેદી એકદમ કેદમાંથી બ્હાર નીકળે છે. કેદ માંથી છૂટો થતાં બ્હાર નીકળતાં એના આનંદની કોઈ અવધિ નથી. ખૂશી ખૂશી થાય છે. હજી એને સ્નાન કર્યું નથી. વધેલા દાઢી મૂછ અને વાળની હજામત કરાવી નથી, કપડાં ફાટયા તૂટયા છે. છતાં એની ખૂશીનો પાર નથી, જીંદગીમાં જે આનંદ અનુભવ્યો નહોતો તેવો અપૂર્વ અને અનુપમ આનંદ આજે એને થાય છે. અત્યારે એની પાસે કોઈ પણ વિષય-સુખના કે ભોગોપભોગનાં કોઈ એવા સાધનો નથી, નથી બાયડી, છોકરો કે ધન છતાં એને શાથી આનંદ થાય છે ? આથી સમજી શકાય છે કે બાહ્ય સુખોપભોગના સાધન વિના પણ આત્માને આનંદ થાય છે. એ કેદી બ્હારના સુખના સાધનોના અભાવે પણ સુખી અને આનંદી જણાય છે. બોલો આ સુખ શેનું ? ભયંકર દુઃખથી મુક્ત થયો, કેદથી છૂટયો. તેનો તેને આનંદ છે. તો શું મુક્તાત્માઓ સંસારના દુઃખથી મુક્ત થયા તેનો તેમને આનંદ છે ?

## શું દુઃખાભાવનું નામ મુક્તિ છે ?

કેટલાકો એમ માને છે કે મુક્તિમાં દુઃખનો અભાવ છે એજ સુખ છે. પણ એ માન્યતા બરાબર નથી, દુઃખના અભાવને જો સુખ માનવામાં આવે તો સુખનો અભાવ એનું નામ દુઃખ એ વસ્તુ આવીને ઉભી રહેશે. એટલે સુખ અને દુઃખ જેવી

કોઇ વસ્તુ જ રહેતી નથી. માટે દુઃખ એ વસ્તુ જુદી છે અને સુખ એ વસ્તુ પણ જુદી છે, જો એમ ન હોત તો સુખ અને દુઃખ બન્નેનો પણ એક સાથે કેટલીક વખત અનુભવ થાય છે તે થાય નહિ. જેમકે એક વ્યાપારીને એક તરફ વ્યાપારમાં ખૂબજ નફો થયો તેથી તેને ખૂબજ ખૂશી થાય છે. અને બીજી તરફ તેજ વખતે એમને ખબર મળ્યા કે તમારા પુત્રનું મૃત્યુ થયું છે. એક તરફ પૈસા મળ્યાનો અનોખો આનંદ છે જ્યારે બીજી તરફ પુત્રના મૃત્યુથી દુઃખ થાય છે. સુખ અને દુઃખની, હર્ષ અને વિષાદની આ ઘટના એક જ સમયે બનવા પામે છે તેથી સમજી શકાય છે કે સુખ અને દુઃખ એ પરસ્પરના અભાવે થનારી વસ્તુ નથી પણ બન્ને તદ્દન સ્વતંત્ર વસ્તુ છે.

એક માણુસ જન્મનો રોગી છે, ભયંકર રોગથી રોજ રીબાય છે, અસહ્ય વેદના થાય છે, અચાનક એનો રોગ મટી જાય છે. તમે કહેશો કે અચાનક રોગ કેવી રીતે મટી જાય! તે વસ્તુ તમને એક ઉદાહરણ દ્વારા સમજાવીશું.

## મહાન ધનપતિ રોકફેલરનું દૃષ્ટાંત

અમેરિકાના મહાન ધનાઢ્ય રોકફેલરનું નામ બહુ જાણીતું છે, તેની પાસે અઢળક સંપત્તિ હતી, દાસ દાસી, નોકર ચાકર, લાગવગ, બાગ બંગલા અને બગીચા વિ. અદ્યતન સગવડોથી સભર તેનો પ્રાસાદ હતો, કોઈ વાતની ઉણપ કે ખામી નહોતી, એને મન પૈસો એ જ સર્વસ્વ હતું. પૈસાથી બધું જ ખરીદી શકાય છે, પૈસો છે તો બધું છે. દુનિયા મારી ગુલામ છે, મને કયાંય રોક ટોક નથી, હજારો મને સલામ

ભરે છે. આમ એના ઘમંડનો પાર નહોતો પણ એક વખત તેની કાયા રોગોથી ઘેરાઇ અને શરીરમાં અસહ્ય વેદના થવા લાગી, પાણીની જેમ પૈસા ખર્ચી દર્દને દૂર કરવા વિવિધ ઉપાયો યોજવામાં આવ્યા. પ્રખ્યાત ડોકટરો ચોમેર ફરી વળ્યા ખૂબજ સારવાર અને ટ્રીટમેન્ટ કરવામાં આવી, વિવિધ ઔષધોપચાર કરવામાં આવ્યા પણ કેમેય તેનો રોગ મટયો નહી ત્યારે તેનો ગર્વ ગળી ગયો, એ બોલવા લાગ્યો કે કયાં ગયા એ બધા મારા પ્રિય સ્નેહીઓ કે જે એમ કહેતા હતા કે અમે તમારા માટે મરી ફીટવા તૈયાર છીએ.

આજે મારૂ આ દર્દ કોઇ જ દૂર કરી શકતુ નથી. હું સમજતો હતો કે પૈસાથી બધુ બની શકે છે, પણ એ મારી ગંભીર ભૂલ હતી, આજે આટ આટલી સારવાર, આટ આટલા ઔષધો, ડોકટરો અને ટ્રીટમેન્ટ કરવા છતાં મારી વેદનાને કોઇ ઓછી કરી શકયુ નથી, તે રાત્રે રોકફેલરે એવો સંકલ્પ કર્યો કે જો મારો આ રોગ મટી જાય તો હું છૂટે હાથે મારી સંપત્તિનો સદ્ગ્યય કરુ! અને તેજ રાત્રે એનો રોગ મટી ગયો, તેનું દર્દ દૂર થઇ ગયું, ડોકટરો અને ઔષધો જે કામ ન કરી શકયા તે કામ સંકલ્પ બળે થયુ ( Will Power ) શુભ સંકલ્પ બળમાં અનેરી તાકાત રહેલી છે. મતલબ આ રીતે અચાનક પણ રોગ મટી જાય છે. આ રીતે પેલા રોગીનું દર્દ દૂર થયું એટલે એ રાજી રાજી થઇ ગયો. એ આમ ખુશી થઇને બેઠો હતો, તેટલામાં અચાનક મકાનની ભીંતતૂટી પડી, એટલે ધ્રાસકો લાગ્યો, રોગ મટયાનો આનંદ અને મકાનની ભીંત પડયાનું દુ:ખ. આમ સુખ અને દુ:ખ બન્ને સાથે થાય છે.

એક ભૂખ્યા માણસને ખૂબજ ભૂખ લાગી છે, ખાઉ ખાઉ કરી રહ્યો છે, આંખે અંધારા અને ચક્કર આવે છે તે વખતે કોઇ ઉદાર માણસ તેને સારૂં ભોજન આપે છે, તેથી તેને ખૂબ આનંદ થાય છે અને આનંદથી તે ભોજન આરોગી રહ્યો છે. તેટલામાં અચાનક ઉપરથી પત્થર પડે છે અને એના માથામાં વાગે છે તે લોહી લુહાણ થાય છે અને તેથી તે ત્યાંથી દોડયો પણ દોડતા દોડતા કાંટો વાગ્યો. પત્થરો અને કાંટો વાગ્યાનું દુઃખ પણ છે અને ભોજન મળ્યાનો આનંદ પણ છે. આમ સુખ અને દુઃખ સાથે થાય છે. એટલે દુઃખનો અભાવ એ સુખ અને સુખનો અભાવ એ દુઃખ એ વાત, એ માન્યતા બરાબર નથી.

એટલું જરૂર છે કે દુઃખનો, ઉપદ્રવનો અને ભવિષ્યના ભયનો અભાવ થતાં આત્માને જરૂર આનંદ થાય છે, સિદ્ધ પરમાત્માને કોઇ પણ જાતનું દુઃખ, કોઇ પણ જાતનો ઉપદ્રવ કે કોઈ પણ જાતનો ભય છે નહીં. ભવિષ્યમાં કદીય થવાનો નથી એટલે સિદ્ધ પરમાત્માને હંમેશ માટે તમામ દુઃખોનો અભાવ છે, છતાં સિદ્ધ પરમાત્માને દુઃખના અભાવરૂપ સુખ છે એમ નહિ, પણ સિદ્ધ પરમાત્માને મુક્તિમાં અજબ, અનુપમ, અજોડ, અલૌકિક અને અસાધારણ સુખ છે તે જુદુ જ છે. એટલે દુઃખનો પૂર્ણ અભાવ પણ છે અને અનુપમ અનંત સુખનો સદ્‌ભાવ પણ છે, તે કઇ રીતે અને કોનાથી છે, તે હવે આપણે સમજાવીશું.

## વ્યાખ્યાન પંદરમું

### સિદ્ધ પરમાત્માનું સુખ

આપણને જ્યારે જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે ઇન્દ્રિયો દ્વારા થાય છે અથવા શબ્દો શ્રવણ કરીને જ્ઞાન થાય છે. મતલબ આપણને જ્ઞાન થવામાં કોઈપણ સાધનની જરૂર રહે છે. પણ આત્માને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે કેવળ જ્ઞાનથી લોક અને અલોકનું સંપૂર્ણ જ્ઞાન થાય છે, તેમજ કેવળ દર્શનથી લોક અને અલોકનું સંપૂર્ણ દર્શન થાય છે. આ જ્ઞાનમાં યાને કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં ઇન્દ્રિયો વિગેરે સાધનની જરૂર નથી રહેતી. એટલે જેમ સામાન્ય માણસને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ઇન્દ્રિયો વિ. સાધનની જરૂર હોય છે, પણ કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં કોઈપણ સાધનની જરૂર રહેતી નથી. તેવી જ રીતે દુન્યવી સુખોને માટે બાહ્ય સાધનોની જરૂર પડે છે. પણ આત્માના સુખને માટે બાહ્ય સાધનની જરૂર રહેતી નથી. આત્માનું સાચુ સુખ એ સ્વાભાવિક છે અને તે આત્મજન્ય છે, આત્મિક છે, આટલી સ્પષ્ટતા પછી હવે આપણે આગળ ચાલીશું

આત્માને કેવળજ્ઞાન અને કેવળદર્શન થયા પછી તે જ્ઞાન અને દર્શન દ્વારા તમામ પદાર્થો અને તેનું સંપૂર્ણ સ્વરૂપ પૂર્ણ રીતે પ્રત્યેક સમયે જાણે છે અને જુએ છે. કેવળજ્ઞાન

અને કેવળદર્શન પ્રગટ થયા પછી ક્યારે પણ એનો વિનાશ થતો નથી પણ એ કાયમ રહે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન એ આત્માના સ્વાભાવિક ગુણો છે અને તે ક્ષાયિક ભાવના છે. ક્ષાયિક ભાવથી આત્મામાં જે ગુણો પ્રગટ થાય છે તે આત્માનો સ્વાભાવિક ગુણ હોય છે. અને તે ગુણ આત્મામાં સદાકાળ કાયમ રહેનારો હોય છે. તે ગુણનો ક્યારે પણ વિનાશ થતો નથી તે ગુણ કદી પણ દબાતો નથી, અવરાતો નથી. એટલે આત્મામાં ક્ષાયિક ભાવના જે જે ગુણો પ્રગટ થયા છે તે કાયમ રહેનારા છે. તેવી જ રીતે જે આત્માને કેવળજ્ઞાન અને કેવળદર્શન જ્યારે પ્રગટ થાય છે તે પણ હંમેશ માટે-કાયમ રહે છે. કારણ કે ક્ષાયિક ભાવથી પ્રગટ થનારાં ગુણો તે આત્માના સ્વાભાવિક ગુણો છે, તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શન પામ્યા પછી ક્યારેય આત્મા અકેવળી થતો નથી. કાયમ માટે કેવળજ્ઞાની જ રહે છે. કેવળજ્ઞાન થયા પછી જ આત્માની મુક્તિ થાય છે, એ અનાદિકાળનો નિયમ છે. એમાં ક્યારે ય પણ ફરક પડતો નથી એટલે કેવળજ્ઞાન અને કેવળદર્શન પામ્યા પછી ચૌદમા ગુણસ્થાને આરોહણ કરીને બાકી રહેલા સકળ કર્મનો ધ્વંસ કરીને આત્મા મોક્ષમાં જાય છે. બધાના માટે આ સરખો નિયમ છે. એમાં કોઇ દિવસ ફરક પડતો નથી. આત્મા કર્મ મુક્ત થાય એટલે સિદ્ધ પરમાત્મા કહેવાય. મુક્તિમાં ગયા પછી પણ, સિદ્ધ થયા પછી પણ હંમેશ માટે કેવળજ્ઞાન અને કેવળદર્શન કાયમ રહે છે. એટલે સિદ્ધ પરમાત્મા કેવળ-જ્ઞાન કેવળદર્શન દ્વારા પ્રત્યેક સમયે રૂપી અને અરૂપી તમામ પદાર્થોને જાણે છે અને જુએ છે.

આત્મામાં જ્ઞાન અને દર્શન યાને જાણવાની અને જોવાની શક્તિ ભરપૂર છે, અખૂટ છે, અનંત છે અને સ્વાભાવિક છે, તેમ આત્મામાં સુખ પણ સ્વાભાવિક છે, તેમજ સિદ્ધ પરમાત્માને કર્મનું દબાણ, કર્મનું આવરણ હટી જવાથી જેમ આત્માને જ્ઞાન અને દર્શન, જાણવાની અને જોવાની શક્તિ પોતાની મેળે જ સ્વાભાવિક પ્રગટ થાય છે, તેમ આત્માને સાચા સુઅને રોકનાર–આવરનાર કર્મ હટી જવાથી–નાશ થવાથી સુખ પણ સ્વાભાવિક પ્રગટ થાય છે. જેમ કેવળ–જ્ઞાનીને જ્ઞાન કરવામાં કોઇ પણ સાધનની જરુર રહેતી નથી, તેમ સિદ્ધ પરમાત્માને સુખનો અનુભવ કરવામાં પણ કોઈ પણ સાધનની જરૂર રહેતી નથી. જેમ પાતાળ કુવામાંથી પાણીનો ઝરો વહેવા માંડે છે, પાતાળકુવામાંથી પાણીનો ધોધ જેમ સ્વભાવિક વહે છે. એ રોકયું રોકાતું નથી. એ પાણીને કાઢવામાં જરાય મહેનત કરવી પડતી નથી. કેમકે એ પાણી અંદરથી સ્વાભાવિક નિકળે છે તેવી જ રીતે આત્મામાં પણ સર્વ કર્મનો ધ્વંસ થતાં સુખનો ધોધ પ્રગટ થાય છે. તે સુખ કોઇથી રોકયું રોકાતુ નથી, કોઇ તેનો અવરોધ કરી શકે નહિ, કેમકે સુખ એ આત્માનો સ્વાભાવિક ગુણ છે.

આ પ્રમાણે સકળ કર્મનો ધ્વંસ થતાં આત્મામાં બધાય ગુણો પ્રગટ થાય છે. જેમ સૂર્યનો પ્રકાશ વાદળાથી ઢંકાય છે, અવરાય છે, ઘોર વાદળાથી અંધકાર છવાય છે. ધોળે દિવસે જાણે રાત્રિ જેવો ભાસ થાય છે, પણ જોરદાર પવન દ્વારા એ વાદળા જ્યારે વિખરાય છે. અને આકાશ નિર્મળ અને શુદ્ધ થાય છે, ત્યારે સૂર્યનું તેજ–પ્રકાશ પ્રગટપણે આપ-

ણને દેખાય છે. જગતમાં અજવાળા અજવાળા પથરાય છે. એ પ્રકાશ પૂંજને પ્રગટ થવામાં તેલ-દીવેલ દીવેટ કે કોડીયા વિગેરે સાધનોની જરૂર પડતી નથી, કારણ કે એ પ્રકાશ, એ તેજ સૂર્યના રત્નોનું સ્વાભાવિક છે, તેમ કર્મનો ધ્વંસ થતાં સુખરુપ સ્વાભાવિક ગુણ પોતાની મેળે પ્રગટ થાય છે અને તે અનુપમ સુખનો અનુભવ સિદ્ધ પરમાત્માને સિદ્ધાવસ્થામાં યાને મુક્તિમાં પ્રત્યેક સમયે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ થાય છે, તેને જ અનુપમ અને પરમ સુખ કહેવામાં આવે છે.

એવા પરમપદે સ્થિત થયેલા પરમસુખનો અનુભવ કર-નારા સિદ્ધ પરમાત્મા હોય છે. આ વિષય અત્યંત સૂક્ષ્મ છે, છતાં સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરતાં સમજી શકાય તેમ છે અને શ્રદ્ધામાં પણ આવી શકે તેમ છે. આ વસ્તુ આપણા મગજમાં બરાબર બેસી જાય અને બરાબર ઠસી જાય તો સુખના અભિલાષી આત્માને મુક્તિના સુખની અભિલાષા જાગ્યા વિના રહે નહિ.

જ્યારે આ વિષય હ્રદયમાં સચોટ બેસી જશે ત્યારે આત્માને મુક્તિનો ઉત્કટ અભિલાષ જાગશે, મુક્તિમાર્ગની આરાધનામાં આત્મા અપ્રમત્તપણે તત્પર થશે અને ખૂબ સુંદર આરાધના કરીને થોડા જ ભવમાં મુક્તિધામમાં સીધાવશે.

આત્માને સચ્ચિદાનંદ સ્વરૂપ કહેવામાં આવે છે, તેનો પણ એ જ અર્થ છે. સહજાનંદ સ્વરૂપ-હંમેશાં રહેનારો યાને શાશ્વત જ્ઞાનમય અને આનંદ સ્વરૂપ આત્મા છે. આત્માને

સહજાનંદી પણ કહેવામાં આવે છે, કારણ કે તેનો પણ એ જ અર્થ થાય છે.

મતલબ આત્મા સ્વાભાવિક આનંદમય છે–આનંદ સ્વરૂપ છે. આનંદ કહો કે સુખ કહો એક જ વાત છે. સાચો આનંદ એ આત્માનો ગુણ છે. આનંદ જ્યારે પૂર્ણપણે પ્રગટ થાય પછી એને એ આનંદના માટે કોઈ પણ સાધનની જરૂર રહેતી નથી. એટલા માટે શાસ્ત્રકારો સિદ્ધ પરમાત્માને 'સિદ્ધાનંત ચતુષ્ટય'નું વિશેષણ આપે છે.

ગુણસ્થાનક ક્રમારોહમાં નિમ્ન ત્રણ ગાથાઓ દ્વારા સિદ્ધ પરમાત્માને મુક્તાવસ્થામાં સકળ કર્મનો ક્ષય થતાં જે ગુણો પ્રગટ થાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ રહી એ ગાથાઓ.

अनन्त केवलज्ञानं, ज्ञानावरणसंक्षयात् ।
अनन्तं दर्शनं चैव, दर्शनावरण क्षयात् ॥ १३० ॥

शुद्ध सम्यक्त्व चारित्र, क्षायिके मोहनिग्रहात् ।
अनन्ते सुख वीर्येच, वेद्य विघ्न क्षयात् क्रमात् ॥ १३१ ॥

आयुषः क्षीणभावत्वात्, सिद्धा नामक्षया स्थितिः ।
नाम-गोत्र क्षयादेवामूर्तोऽनंतावगाहना ॥ १३२ ॥

શ્રી સિદ્ધ પરમાત્માને જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી અનંત દર્શન, મોહનીયકર્મનો સર્વથા ક્ષય થવાથી. અનંત સુખ, અંતરાયકર્મનો ક્ષય થવાથી અનંત વીર્ય, વેદનીય-

કર્મનો સર્વથા ક્ષય થવાથી અનંત સુખ, આયુષ્ય કર્મનો સર્વથા ક્ષીણ થવાથી-અક્ષય સ્થિતિ, નામકર્મનો સર્વથા ક્ષય થવાથી અરૂપીપણું અને ગોત્ર કર્મનો સર્વથા ક્ષય થવાથી અગુરુલઘુ ગુણ પ્રગટ થાય છે.

સિદ્ધ પરમાત્માના સુખનું વર્ણન અનેક ગ્રન્થોમાં જોવા મળે છે. ગુણસ્થાનક ક્રમારોહમાં કહ્યું છે કે-

यदाराध्यं च यत्साध्यं यद् ध्येयं यच्चदुर्लभम् ।
चिदानन्दमयं तत्तैः संप्राप्तं परमं पदम् ॥ १३४ ॥

જે આરાધ્ય છે, સાધ્ય છે, ધ્યેય અને જે અત્યંત કષ્ટે પ્રાપ્ય છે તે જ્ઞાનનંદમય પરમ મોક્ષપદ શ્રી સિદ્ધ ભગવંતોએ પ્રાપ્ત કર્યું છે.

इयकालसव्वतित्ता, अतुलमुवगयाणं ।
सासयमव्वाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ॥

'શ્રી પન્નવણા' સિદ્ધ ભગવંતો નિષ્ઠિતાર્થ હોવાથી સર્વકાળમાં તૃપ્ત થયેલા છે. જેને કોઈની સાથે તુલના કે ઉપમા ન આપી શકાય એવા શ્રી સિદ્ધ ભગવંતો હંમેશ માટે સુખી હોય છે.

## 卐 વ્યાખ્યાન સોળમું. 卐

અત્યાર સુધીમાં ટૂંકાણમાં ત્રણ વિષય ઉપર આપણે વિવેચન કરી ગયા. હવે "ધર્મ કોને ફળે ?" એ ચોથો વિષય આજથી આપણે શરૂ કરીએ છીએ.

દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં શ્રી આર્યશય્યંભવ-સૂરીશ્વરજી મહારાજ "धम्मो मंगल मुक्किट्ठं" એ પદ દ્વારા ધર્મ એ ઉત્કૃષ્ઠ મંગળ છે એમ બતાવી આપણને ધર્મનું મહત્વ સમજાવે છે, "अहिंसा संयमो तवो" એ પદ દ્વારા ધર્મનું સ્વરૂપ સમજાવે છે. "देवावि तंनम संति" એ પદ દ્વારા ધર્મીઆત્માઓને દેવો પણ નમસ્કાર કરે છે એમ સમજાવે છે. એનો મતલબ એ થયો કે ધર્મી આત્મા ધર્મની આરાધના કરી અંતે પરમાત્મા બને છે અને દેવો અને દેવેન્દ્રોનો પણ પૂજ્ય બને છે. મતલબ ધર્મ કરનાર આત્મા પરમાત્મા બને છે. સર્વોપરિ બને છે અને સંપૂર્ણ સુખનો ભોક્તા બને છે. મુક્તિ એ ધર્મનું સર્વોપરિ અંતિમ ફળ છે, માટે આ ત્રણે વિષયો આપણે સંક્ષેપથી પૂર્વના વ્યાખ્યાનોમાં ચર્ચ્યા છે.

"जस्स धम्मे सया मणो" એ પદ દ્વારા ધર્મ કોને ફળે ? એ સમજાવે છે, મતલબ "ધર્મ કોને ફળે ?" એ ચોથો વિષય હવે સમજાવવામાં આવે છે.

## ધર્મ કોને ફળે ?

ધર્મ એ યોગ્ય આત્માને ફળે છે પણ અયોગ્ય આત્માને ફળતો નથી. જેમકે અનાજમાં ઉગવાની શક્તિ છે, છતાં અનાજના થેલે થેલા ભરીને સમુદ્રના કિનારે યા ખારી ભૂમિમાં વાવવામાં આવે તો એક પણ દાણો ઉગશે નહિ, પણ બધા ય દાણા ખારરૂપે પરિણમી વિનાશ પામશે, પણ એનું એ અનાજ ફળદ્રુપ, મીઠી, કાળી અને યોગ્ય ભૂમિમાં વાવવામાં આવે તો એક દાણાના સો દાણા ઉત્પન્ન થશે. ૧૦૦ દાણાના દસ હજાર અને દસ હજાર દાણાના દસ લાખ દાણા ઉત્પન્ન થશે. અનાજમાં ઉગવાની શક્તિ હોવા છતાં ખારી ભૂમિના કારણે અયોગ્યતાના કારણે વાવેલું અનાજ જેમ નિષ્ફળ જાય છે, તેવી રીતે પરમાત્મા જિનેશ્વર દેવે કથન કરેલા ધર્મમાં ફળ આપવાની અનેરી તાકાત હોવાં છતાં, વ્યક્તિની અયોગ્યતાના કારણે તેવું ફળ મળી શકતું નથી, તેમાં ધર્મની કસર નથી પણ આપણી કસર છે.

## જરૂર છે યોગ્યતાની

જો આપણો આત્મા યોગ્ય બને તો ધર્મ જરૂર ફળે. શ્રીપાળ મહારાજાને ભયંકર ઉંબર જાતિનો કોઢ રોગ હતો, પરંતુ શ્રી સિદ્ધચક્રજીની એક જ ઓળીની આરાધના કરતાં તે કોઢ રોગ મૂળથી નાશ પામ્યો અને કાયા કંચન જેવી સુંદર બની ગઈ. એમની માતા પણ એમને ન ઓળખી શકી, એવી સુંદર અને તેજસ્વી એમની કાયા બની ગઈ. શ્રી સિદ્ધચક્રજીના આરાધનથી અને તેના ન્હવણ જળથી કોઢ રોગ ફરી

ક્યારે પણ ઉથલો ન મારે એવી રીતે મૂળથી નિર્મૂળ થયો. તેમણે શ્રી સિદ્ધચક્રજીનું ન્હવણ જળ ૭૦૦ કોઢીઆઓના શરીર પર છાંટ્યું, જેથી એ સાતસો કોઢીઆનો કોઢ રોગ પણ મૂળથી નિર્મૂળ થાય છે-નાશ પામે છે. સિદ્ધચક્રજીનો કેવો ગજબ પ્રભાવ!

## આજે ધોળા ચાઠા ય જતા નથી.

વર્તમાનકાળે અનેક આત્માઓ શ્રી સિદ્ધચક્રજીની ઓળીની આરાધના કરે છે. શરીરે ન્હવણજળ ચોપડે છે, છતાં કોઢ રોગવાળાના ધોળા ચાઠા ય દૂર થતાં નથી. તેમને પૂછશો કેમ કંઈ અનુભવ થયો? કેટલી ય ઓળી કરી છતાં ય અમને તો કંઈ દેખાતું નથી એમ જવાબ એમના તરફથી મળશે. અરે એ લોકો બોલે છે કે ઓળી કરી કરીને થાકયા અને ન્હવણ જળ ચોપડીને થાકયા પણ અમને તો કંઈ દેખાતું નથી. આવા લોકોની વાત સાંભળનાર પણ શંકિત બની જાય કે શું શ્રીપાળ મહારાજાની વાત સાચી હશે કે પછી કેવળ એનો મહિમા ગાવામાં આવ્યો છે, આ રીતે એ તદ્દન સાચી વાત હોવા છતા એ સત્ય વસ્તુ ઉપર પણ માણસ શંકાશીલ બને છે, પણ આ વસ્તુ બરાબર નથી. શ્રીપાળ મહારાજાનો શ્રી સિદ્ધચક્રની એક ઓળીની આરાધના અને એના ન્હવણજળથી ઉંબર જાતિનો ભયંકર ચેપી કોઢ રોગ પણ મૂળથી નિર્મૂળ થયો. એ વાત સો ટકા સાચી છે, પૂર્ણ સત્ય છે, તેમ જ અત્યારે ઓળીની આરાધના કરનારના ધોળા ચાઠા પણ મટતા નથી, એ વાત પણ સાવ સાચી છે. આમ બનવાનું શું કારણ? એ સમજવાની ખાસ જરૂર છે.

આ વસ્તુના રહસ્ય-મર્મને જો સમજવામાં ન આવે તો આપણે પણ શંકાશીલ બની જઇએ, શ્રદ્ધા ભ્રષ્ટ બની જઇએ અને માનવજીવનને હારી જઇએ. ગીતાજીમાં પણ કહ્યું છે કે- "संशयात्मा विनश्यति" શંકાશીલ આત્માનો અંતે વિનાશ થાય છે યાને તે શ્રદ્ધાભ્રષ્ટ બની જીવનને હારી જાય છે. માટે શ્રી સિદ્ધચક્રજીના આરાધનથી શ્રીપાળ મહારાજાને આટલું બધું ફળ મળ્યું, મૂળથી કોઢ રોગ દૂર થયો, અઢળક ઋદ્ધિ-સિદ્ધિ મળી, નવ દેશનું રાજ્ય મળ્યું, નવ સ્ત્રીઓ થઇ, નવ પુત્રો થયા અને અંતે કાળ કરી નવમાં દેવલોકમાં ઉત્પન્ન થશે અને નવમા ભવે મુક્તિ પામશે આમ એમને કેમ ફળ્યું ? અને આપણને કેમ ફળ મળતું નથી ? તેનું શું કારણ ? કહેવું જ પડશે કે શ્રીપાળ મહારાજા યોગ્ય હતા. એમનામાં રહેલી ભાવના અને ભાવોલ્લાસ કોઇ અનોખો હતો.

## શ્રીપાળજીની યોગ્યતા

શ્રીપાળજીએ કયારે પણ એમના જીવનમાં ગમે તેવા કપરા કાળમાં પણ અનિતિ કે અત્યાચાર કર્યો નથી. દુરાચારનું નામ નહિ, કયારે પણ પરસ્ત્રી સામે ખરાબ દષ્ટિ કરી નથી. પરસ્ત્રીને તેઓ માતા-બ્હેન તુલ્ય સમજતા હતા, બુરુ કરે તેનું પણ ભલું કરવા તત્પર રહેતા હતા, ધવલશેઠે તેમનું બુરુ કરવામાં જરાય કસર રાખી નથી. એક વખત ધવલશેઠે શ્રીપાળજીને સમુદ્રમાં ફેંકી દીધા ડુમનું કલંક આપ્યું, છેવટે સાતમા માળે જયાં શ્રીપાળજી સૂતા હતા ત્યાં ખંજર લઇને મારવા માટે જાય છે. પરંતુ પુણ્યશાળી શ્રીપાળ મહારાજાનું પુણ્ય તપતું હતું.

પુણ્યશાળીનો વાળ વાંકો કરવાની કોનામાં તાકાત છે ? માટે જ અનુભવીઓનું કહેવું છે કે—

वने जने शत्रुजलाग्नि मध्ये
महार्णवे पर्वत मस्तके च ।
सुप्तं प्रमत्तं विषम स्थितं वा
रक्षन्ति पुण्यानि पुराकृतानि ॥

પુણ્યશાળી વનમાં હોય કે વસ્તીમાં હોય ! શત્રુ-જળ અને અગ્નિ દ્વારા ભયંકર ઉપદ્રવો થતાં હોય ! મહાસમુદ્ર હોય કે ઉન્નત ગિરિશૃંગ હોય, સૂતેલા હોય કે જાગતા હોય, સર્વત્ર સર્વદા સર્વથા પૂર્વકૃત પુણ્ય તેનું રક્ષણ કરે છે. તેમ જ પાપીને પાપ પણ છોડતું નથી કહ્યું છે કે—

પાપ છૂપાયા ના છૂપે, છૂપે તો મોટા ભાગ;
દાબી દૂબી ના છૂપે, રૂઈ લપેટી આગ.

ધવલશેઠ સાતમે માળ ચડી ખંજર દ્વારા સૂતેલા શ્રીપાળ મહારાજાને મારી નાખવા તૈયાર થાય છે. પણ ધવલશેઠ ચૂકયો અને સાતમે માળથી હેઠ નીચે પડયો. એનું એ એનું જ ખંજર એનાથી જ એની છાતીમાં ભોંકાય છે અને એના પ્રાણ નીકળી જાય છે, રૌદ્રધ્યાનના બળે તે ત્યાંથી સાતમી નારકીમાં ઉત્પન્ન થાય છે. જ્યાં ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે. મતલબ અસંખ્યાત વર્ષો સુધી નારકીના ઘોર-ભયંકર દુઃખોનો ભોગ બને છે. જયાંની એક ક્ષણ પણ આત્માને હચમચાવી મૂકે તેવી અને કંપાવી મૂકે તેવી ભયંકર હોય છે. અત્યારે એ સાતમી નારકીમાં છે અને તીવ્ર દુઃખને ભોગવી રહ્યો છે. પાપના કેવા માઠા ફળ છે અને પુણ્યના કેવા મીઠા ફળ છે,

પાપીનું જ્વલંત દૃષ્ટાંત ધવલશેઠ અને પુણ્યશાળીનું જ્વલંત ઉદાહરણ શ્રીપાળ મહારાજા છે.

શ્રીપાળ મહારાજા સદાચારી હતા, નીતિમાન હતા, પર-દુઃખભંજન અને પરોપકારી હતા, બુરુ કરનારનું પણ ભલું કરનારા હતા, ભલાઇની ભાવના હતી. આવી અપૂર્વ યોગ્યતા હતી ત્યારે તેમને ધર્મ ફળ્યો હતો અને નવપદજી ફળ્યા હતા.

## ધવલશેઠની અંતિમવિધિ

સવારના વખતે શ્રીપાળજીને ખબર પડી કે મારવા આવનાર ધવલશેઠ પોતે જ મૃત્યુના મુખમાં ધકેલાઇ ગયો. એમને થયું, અરેરે ! બિચારો મરી ગયો. સવારના વખતે લોકો પણ ત્યાં ભેગા થાય છે અને ધવલશેઠના પાપી કૃત્યને ફિટકારે છે, સૌ ધિક્કારે છે કે કેવો આ અધમ હતો. આમ સૌએ ધિક્કાર અને ફિટકારની ઝડી વરસાવી, પણ શ્રીપાળ મહારાજા તેને જરાય ફીટકારતા નથી. મનથી પણ તેનું બુરું ચિંતવતા નથી. ઉલટી એની દયા ખાય છે કે અરેરે ! બિચારો મરી ગયો. તેને પોતાના ઉપકારી માની તેની અંતિમ વિધિ–અગ્નિસંસ્કાર પોતે–જાતે જ કરે છે. કેવી એમની યોગ્યતા !

આજે આપણને કોઇ એક ગાળ ચોપડાવે તો આપણે તેને બે ચોપડાવીએ, પેલો બે ચોપડાવે તો આપણે એને ચાર ચોપડાવીએ. આપણું ચાલે તો એનું મૂળથી નિકંદન કાઢીએ, અન્યની ઋદ્ધિ સિદ્ધિ અને સમૃદ્ધિ જોઇને આપણને ઇર્ષ્યા આવે છે, અનીતિમય–જીવન જીવી રહ્યા છીએ, વાતવાતમાં અસત્ય વદીએ છીએ, ચોરી અને જારીમાં પાછા પડતા નથી.

દંભ કરવામાં, કપટ કેળવવામાં અને ઠગાઈ કે છેતરપીંડી કરવામાં પોતાને બાહોશ માનીએ છીએ અને બહાદુરી બકીએ છીએ અને ઉપરથી બોલીએ છીએ કે પેલાને કેવો બનાવ્યો, કેવો સીસામાં ઉતાર્યો, ધોળે દહાડે એની આંખમાં ધૂળ નાંખી કામ કાઢી લીધું. આ રીતે બોલતો જાય અને મૂછ ઉપર વળ ચઢાવતો જાય, જેમ વધારે સુખ અને સમૃદ્ધિ મળે તેમ પાપ વધારવાના અનેક સાધનો વધારીએ, દુરાચારના માર્ગો ખુલ્લા મૂકીએ, દેવ, ગુરુ અને ધર્મને ભૂલી જઈએ એટલુ જ નહિ પણ વખત આવે બેવફા બનીએ, ઉપકારી ઉપર પણ અપકાર કરતા વાર નહિ. કયાં આપણી દશા? અને કયાં શ્રીપાળજીની યોગ્યતા! યોગ્ય અને અયોગ્યમાં આસમાન પાતાળ જેટલું અંતર હોય છે. એ મહાપુરુષોમાં અપૂર્વ યોગ્યતા હતી. અપૂર્વ ઉત્તમતા અને અનોખી સજ્જનતા હતી. જ્યારે આપણામાં ભારોભાર અયોગ્યતા ભરી છે. પછી શ્રી સિદ્ધચક્રજીની આરાધના અને મહામંત્ર નવકાર આપણને શી રીતે ફળે?

શ્રી જિનેશ્વર દેવે પ્રરૂપેલો–કથન કરેલો ધર્મ જગતમાં અજોડ છે, અલૌકિક છે અને અસાધારણ છે. જિનેશ્વર દેવે કથન કરેલા ધર્મની સરખામણીમાં અન્ય કોઈ ધર્મ આવી શકે તેમ નથી. જેમ ગોળ અને ખોળમાં, સુવર્ણ અને પિત્તળમા મહાન અંતર છે તેમ અન્ય હિંસાદિકથી ભરેલા ધર્મમાં અને સર્વજીવોની રક્ષાનો ઉપદેશ આપનારા જૈન ધર્મમાં પણ ઘણું મોટું અંતર છે.

ધર્મની આરાધના આત્માને ધીરે ધીરે મુક્તિ ભણી લઈ જાય છે. મહાન ફળ આપનાર આ ધર્મ શું અનીતિખોરોને

ફળે ? દુરાચારીઓને-ભ્રષ્ટોને શું ફળે ? ઉપકારી પર અપકાર કરનાર અધમાત્માઓને શું ફળે ? બેવફા બનનારા અને ઉપકારી પ્રતિ પણ ચેડા કરનારા આત્માઓને આવો ઉત્તમ ધર્મ ફળે નહિ એમાં ધર્મની કસર નથી પણ આપણી કસર છે. માટે જો ધર્મનું ફળ મેળવવું હોય તો પ્રથમ યોગ્યતા પ્રાપ્ત કરો. આત્માને યોગ્ય બનાવો. બુરુ કરે તેનું પણ ભલું કરવાની ભલી ભાવના રાખો, પરોપકારમાં પરાયણ બનો, દુરાચાર અને અનીતિથી દૂર રહો, કોઈનું બુરુ ન ઈચ્છો, કોઈના બુરામાં ઉભા ન રહો, કોઇનીય પણ બુરાઇનો વિચાર ન કરો. જ્યારે આવી યોગ્યતા કેળવાશે ત્યારે ધર્મ અવશ્ય ફળશે એ નિઃસંદેહ હકીકત છે. આવા હુંડાવસર્પિણી જેવા કપરા કાળમાં પણ ધર્મ પોતાનો પરચો બતાવે છે. ધર્મ ફળે છે. વર્તમાન કાળમાં પણ ધર્મ ફળે છે અને નવકાર મંત્રનો અપૂર્વ પ્રભાવ અનુભવાય છે. એના કેટલાક દૃષ્ટાંતો હવે અહીં રજૂ કરીશું.

## એક પારસીભાઇ

વિ. સં. ૨૦૧૨ નું ચાતુર્માસ બીજાપુરમાં (કર્ણાટક) કરી ત્યાંથી વિહાર કરી પૂ૦ ગુરૂદેવાદિ સોલાપુર પધાર્યા હતા. શહેરમાં પધારવાના આગલા દિવસે નગર બહારની શેઠ ઠાકોરભાઈ વલસાડવાળાની મીલમાં એક દિવસ મુકામ કરવામાં આવ્યો હતો અને પૂ૦ આચાર્ય મહારાજનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. જૈનો ઉપરાંત અનેક પ્રતિષ્ઠિત જૈનેતરો પણ હાજર રહ્યા હતા.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ એક પારસીભાઈ પૂ૦ મહારા-

જશ્રીને કહેવા લાગ્યા કે મહારાજશ્રી! આપનો ઉપદેશ અમારા માટે તો નકામો છે. કારણ કે આપે તો પરલોક સુધારવાની વાત કરી અને અમે તો પરલોકને માનતા નથી. પૂ૦ મહારાજશ્રીએ તે પારસીભાઇને ખૂબ મીઠાશથી પૂછયું: ભાઇ! તમારા મત પ્રમાણે જે ધર્મ કરે તે કયાં જાય?

પારસીભાઈએ કહ્યું તે ભિસ્તરમાં (સ્વર્ગ) જાય અને પાપ કરે તે દોઝકમાં (નરક) જાય. ત્યારે પૂ૦ મહારાજશ્રીએ જણાવ્યું કે જે અમુક પ્રમાણમાં ધર્મ કરે તે તો ભિસ્ત યાને સ્વર્ગમાં જાય એ વાત બરાબર છે પણ હું તમને પૂછું છું કે જે માણસ થોડો–સ્હેજ–બીલકુલ સામાન્ય ધર્મ કરે તે કયાં જાય! આ સાંભળતા પારસીભાઇ જરા વિચારમાં પડી ગયા અને કહેવા લાગ્યા ગુરુજી! આ વાત તો અમારે ત્યાં નથી આવતી ત્યારે ગુરુદેવે પુનઃ પૂછયું કે જે સામાન્ય ધર્મ આચરવાથી સ્વર્ગમાં ન જવાય એવી ધર્મ–ક્રિયા–યા પુણ્ય જેણે કર્યું છે અને દોઝકમાં જવાય તેવા પાપ કર્યા નથી તો તેવી વ્યકિત કઇ ગતિમાં જાય? એટલે પાછા પારસીભાઈ મુંઝાયા અને વિચારમાં પડી ગયા. ત્યારે ગુરુ મહારાજે કહ્યું કે એવી જ રીતે જે માણસે દોઝકમાં જવા જેટલા પાપ નથી કર્યા પણ બહુ જ ઓછા પાપ કર્યા છે અને ધર્મકરણી જરા પણ કરી નથી તો તે કયાં જાય? તમારા મત પ્રમાણે દોઝકમાં કે ભીસ્તરમાં એ જઇ શકે નહિ.

મહારાજશ્રીની વાત સાંભળીને પારસીભાઈ ખૂબ જ મુંઝાયા અને પુનઃ વિચારમાં પડી ગયા અને કહેવા લાગ્યા કે ગુરુજી! આ વાતનો ખૂલાસો તો અમારે ત્યાં નથી.

એટલે ગુરુદેવે કહ્યું ત્યારે આ વાત પણ તમારે ત્યાં અધૂરી છે. પારસીભાઇની જિજ્ઞાસા વધુ જાગૃત થઇ ત્યારે પૂ૦ ગુરુદેવે પારસીભાઇને સમજાવ્યું કે જે માણસ ઓછી ધર્મ-ક્રિયા કરે તે માણસ થાય અને ઓછા પાપ કરે તે જનાવર ગતિમાં જાય અને મનુષ્યગતિ અને જાનવરગતિ તો આપણી નજર સમક્ષ છે-નજરે જોઇએ છીએ. તેમ જ ભીસ્ત અને દોઝક તમારા શાસ્ત્ર પ્રમાણે સિદ્ધ છે અને બીજી વાત આત્માને તમે અમર માનો છો તેમ જ ભીસ્તમાં ગયેલી અને દોઝકમાં ગયેલી વ્યક્તિ ત્યાંથી પાછી નીકળતી નથી. ત્યાંની ત્યાં જ રહે છે, એમ તમારી માન્યતા છે અને તમે અહીં મનુષ્ય થયા છો તો તમે અહીં ક્યાંથી આવ્યા ? એટલે પૂર્વજન્મ અને પુનર્જન્મ ન હોય તો આ વસ્તુ બને નહિ એટલે પરલોક છે, પૂર્વભવ અને પુનર્જન્મ પણ છે.

આ બધી વાત સાંભળીને પારસીભાઇ ખૂબજ પ્રભાવિત થયા. પરલોકને માનવા લાગ્યા અને જ્યાં સુધી સોલાપુરમાં સ્થિરતા હતી ત્યાં સુધી દરરોજ વ્યાખ્યાન શ્રવણ કરવા લાગ્યા નવકારમંત્ર શીખ્યા અને નિજને ધન્ય માનવા લાગ્યા અને પૂ૦ મહારાજશ્રીનો ખૂબજ જ આભાર માનવા લાગ્યા.

જૈનાચાર્યોની જૈનેતર ભાઇને સમજાવવાની કળા અનોખી હોય છે. એનું આ જ્વલંત ઉદાહરણ છે.

"પ્રસંગ પરિમલ (૨૭)"

આજ પારસીનો ૧૨ વર્ષ પછી અમારા ઉપર સોલા-પુરના આગેવાન ગૃહસ્થ શ્રી ઠાકોરભાઈ દ્વારા પત્ર આવ્યો. તે પત્ર વાંચવા જેવો હોઈ અત્રે તેનો અક્ષરશઃ ઉતારો આપ

વામાં આવે છે, જેથી વાચકોને ખ્યાલ આવશે કે વર્તમાન-કાળમાં પણ નવકાર મંત્રનો કેવો અજબ પ્રભાવ છે.

## પત્રની નકલ

શ્રીમાન્ પૂજ્ય આ. દેવ લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા શતાવધાની પૂજ્ય આચાર્યદેવ વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજીને ભાઇ સોરાબદારાશાના પ્રણામ હોજોજી. આપે મને જે પ્રેમથી તમારૂં પ્રસંગ પરીમલ પુસ્તક ભાઇજી ઠાકોરભાઈ શાહ સાથે મોકલાવ્યું તે માટે હું તમારો ઘણો આભારી છું-કે એક અદના માનસને ભી તમોએ ઘણા જ પ્રેમ સાથે યાદ કરી મારી સાથે વાત-ચીત થઇ હતી તે અને તેનો બોધ તમોએ મને સમજાવીયો હતો, તેનો બોલેબોલ તમોએ "એક પારસીભાઇ" એ મથાળે તમારી ચોપડીમાં છપાવીયું છે. હું તમોને મારા થોડા અનુ-ભવ તમારા આપેલ મંત્ર "નમો અરિહંતાણું" માટે લખું છું, જે હું અમથુ નથી લખતો પણ ખરા દીલથી લખું છું, જે ગમે તે લોક એને સાદો મંત્ર સમજે કે અવધૂત મંત્ર સમજે પણ મારા માટે તો એક આશીર્વાદ છે. એ મંત્ર મેં તમો પાસ લીધો હતો, તે વખતે તમોશ્રીજીએ એક ચોપડી આપી હતી, તે મેં વાંચી હતી, પણ તેમાંનો ઉપલો મંત્ર જ મેં મોંઢે કરી લીધો. તે પર જપ હું રોજ થોડો ઘણો કરતો આવીઓ છું. તેની અસર મારી પૂર્ણ શ્રદ્ધાને લીધે કહો કે તમો આપ સાહેબની દુઆથી કહો મને તો તેમાં દરેક રીતે ફત્તેહ મળી છે ને આશા છે, જે જીંદગીભર ભી મળશે.

(૧) મને વિંચી-વીંછી ઉતારવાનો ઘણો જ શોખ છે. જે

કોઈ બી રીતે કે-અબઘડીએ આવે ત્યારે હું એ મંત્ર બોલી ૩ વખત ઉપરથી હાથ નીચે ઝાટકી કાઢું છું. એમ ત્રણ વખત કરૂં છું કે-ગમે એવો કાતિલ વિંછી-નીચે કરડેલી જગા પર આવી જાય છે, પછી તેને હાથની કોણીથી અને ગુંટણથી હાથ પગ ધોઈ લીધા પછી દુધ-ચા પાણી સાકર નાંખી ખાવા કહું છું એ માનસ જગ્યા પર દેખાય (જતા દેખાય) ત્યારે હું હોઠ ડુબાવીઆ વગર દીલમાં (મંત્ર) ભણીઆ કરુ છું. તેથી લોકોને બહુ જ જલ્દી આરામ થઈ જાય છે.

(૨) અડધું માથું દુઃખતું હોય યા ગમે તેટલા દિવસનું જુનું બી હોય તો ચોક્કસ નસ દબાવી એ મંત્ર ચાલુ કરૂં છું જે ત્રણ યા ચાર દિવસમાં યા કોઈ વખતે ૧-૨ દિવસમાં આરામ થઈ પાછું ૫ વરસ વેર (સુધી) દુઃખતું જ નથી

બોલો શ્રીજી (સાહેબજી)! કે એવા મંત્ર ઉપર ને ઈશ્વર ઉપર કેમ ન શ્રદ્ધા રહે? આશીર્વાદ તો તમોશ્રીજીને જ પુગે ખરૂની!

(૩) માઠા શુલ હોય તો ૭ દિવસ કરૂં છું.

(૪) તાપ-તાવ હોય તો ૩ દિવસ કરૂં છું.

(૫) નજર ભી લાકો લઈ તુરત ઉતારૂં છું પણ મંગળ ને શનીવાર એ ઘણા જોસવાળા દિવસ પૂરવાર થાય છે.

શ્રીજી (સાહેબજી)! હું એક પાઈ તો શું ગણ કોઈપણ માન(ણ)સના કે મારા પોતીકા માન(ણ)સના હાતનું પ્રેમથી ભી આપેલું તે વખતે ખાતો જ કે પીતો પણ નથી, કોઈપણ દિવસ કોઈ ભી જમવા બોલાવે તો સાફ ના કહું છું. ગુસ્સો આવે તો માફી ચાહું છું, પણ હું તે પર કઈ ભી સ્વાર્થ

રાખ્યા વગર અચલ શ્રદ્ધા સાથ (મંત્ર) મનન કરું છું. બોલો તો સાહેબ આ વાતમાં તમે જાનો છે? મેં એ મંત્ર જપ કરી મેં મારા કઠીન દિવસો ભી સંતોષ સાથ ધીરજથી પસાર કીધા છે. તે હાલના મારા ચાલુ ધંધામાં જે બી લોકો મારા ઉપર ગાંડુ ઘેલું બોલે છે તો હું તેવોને કઇ ભી જવાબ નહીં આપતા તે લોકોને આશીર્વાદ આપું છું કે એ લોક સારૂં બોલે, નહીં તો પછી હું તેમ નહિ કરૂં તો મેં કીધેલી મહેનત પાણીમાં મલી જાય ને હું જેવોને તેવો જ નાહાન રહું-કમ અક્કલ રહું ને અજ્ઞાન કહેવાઉં ! હું તો મારૂં ચારિત્ર જેમ સારૂં બને તેની જ કોશીશ કરૂં છું. હું રૂપીયા ૧૦ દર મહીને કમાતો પણ હાલમાં ૬૦૦ મહીને કમાઉં છું. પણ મારામાં કંઈ પણ ભી જાતનો ફેરફાર થયો નથી કારણ મને મોહ રહ્યો નથી.

જો કે મારાથી પાપો તો હજારો થતા હશે તેથી હું પાપી તો કહેવાઉં જ. કારણ મારા વિચાર સારા ને નઠારા તો રહેતા જ હશે !

શ્રીજી (સાહેબજી)! કાગજ પુરો કરું છું. તસ્દી માફ કરજો.

ફરી એક વાર તમારા આશેશ (આશિષ) એક જાતવાન ગરીબ પર ઉતારશોજી. જે મને અનદીઠ રહેવા છતાં જ્ઞાન-બોધ મળતો રહે.

લી૦ આપનો,

૯-૧-૭૦ દારબશા

તા.-ક. મેં એ મંત્ર પર સિદ્ધિ મેળવી છે પણ ટકીને રહે એટલે બસ.

આ પત્ર જ સ્પષ્ટ બતાવે છે કે એક પારસી ભાઈને પણ નવકાર મહામંત્ર ઉપર કેવી અટલ શ્રદ્ધા છે. સાથે સાથે પરોપકાર પરાયણવૃત્તિ અને અમુક પ્રકારની યોગ્યતાના પણ દર્શન થાય છે.

[ ૨ ]

## મ્યુ. પ્રે. શ્રી ધનજીભાઇ પટેલ

૧૫ દિવસ પહેલાની જ તાજી વાત છે. આણંદના મ્યુનિસીપાલીટીના પ્રેસીડેન્ટ શ્રી ધનજીભાઈ પટેલ, તેઓ મોટર દ્વારા રાજકોટ ગયા હતા, ત્યાંથી ચોટીલા વિગેરે થઈ પાછા ફરતા આણંદ નજીક આવી પહોંચ્યા. ત્યાં અચાનક મોટર બંધ પડી ગઇ. શ્રી ધનજીભાઈ પટેલ મોટરમાં બેઠા હતા. બેઠા બેઠા સ્હેજ ઉંઘ આવી ગઈ અને બનાવ એ બન્યો કે પાછળથી એક માલગાડી પૂર જોશથી આવતી હતી.

શ્રી ધનજીભાઈના સાથીએ હાથ ઉંચો કરી મોટરવાળાને ધીરે હાંકવા ઇશારો કર્યો પણ એ ગાડીવાળાએ તો પૂરજોશથી હાંકે રાખ્યું. પરિણામે શ્રી ધનજીભાઇની ગાડી પેલી ગાડી સાથે અથડાતા એક મોટા ખાડામાં પડી ગઇ.

સામે એક મોટું ઝાડ હતું. જો ત્યાં અથડાઇ હોત તો ગાડીના ચૂરેચૂરા થઈ જાત. પણ મોટર ખાડામાં પડવા છતાં કોઇને કશી ઈજા ન થઇ અને સૌ આબાદ બચી ગયા. કારણ કે આ બનાવ બનતા સાથે શ્રી ધનજીભાઈ અરિહંત અરિહંત કરવા લાગી ગયા હતા.

આમ નવકાર મંત્રના પ્રભાવથી ભયંકર આફતમાંથી સૌ બચી ગયા. શ્રી ધનજીભાઈ પટેલ ત્રણ વર્ષ પૂર્વે પૂ૦ ગુરુદેવ જૈનાચાર્ય વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના સમાગમમાં આવ્યા પછી તેઓશ્રીના વ્યાખ્યાનોની તેમના ઉપર જબ્બર અસર થવા પામી અને ત્યારથી તેઓ નિયમિત નવકાર મંત્ર ગણવા લાગ્યા. પોતાના સાથીદારોને પણ વખતોવખત દર્શનાર્થે લાવી વ્યાખ્યાન સંભળાવે છે. તેમની મંડળીમાં ઘાંચી મોચી, પટેલ, બ્રાહ્મણ એમ વિવિધ કોમના ભાઈઓનો સમાવેશ થાય છે. પૂ૦ મહારાજશ્રીના ઉપદેશથી માંસ-મદિરા વિગેરેનો સૌએ ત્યાગ કર્યો છે અને સૌ નવકાર મંત્રનું નિયમિત સ્મરણ કરે છે.

"પ્રસંગ પરિમલ"

[ ૩ ]

## શેઠ પૂનમચંદ રૂપચંદ

વિ. સં. ૨૦૦૮ માં અમારૂં ચાતુર્માસ બેંગ્લોરમાં હતું. તે વખતે મદ્રાસથી સાઉથ ઈન્ડીયન ફ્લોર મીલ્સવાળા શેઠ પુનમચંદ રૂપચદ અમારી પાસે પર્યુષણ પર્વની આરાધના કરવા માટે આવ્યા હતા.

પર્યુષણ પછી તેઓ બેંગ્લોરના એક ભાઈ સાથે મ્હેસુર જવા માટે નીકળ્યા. રસ્તામાં એ મોટરને અકસ્માત્ થયો. એ જ વખતે એમનાં મુખમાંથી "નમો અરિહંતાણં" એ શબ્દો નીકળી પડયા, જેમને નવકારમાં શ્રદ્ધા હોય, જે નવ-

કાર મંત્રની રોજ ગણના કરતા હોય તેનાં મુખમાંથી જ અણીના વખતે આવા શબ્દો નીકળે.

પછી શું થયું ? તેની ખબર ન પડી જ્યારે આંખો ખોલી ત્યારે તેઓ મોટરની બ્હાર ઉભેલા હતા અને તેમને કંઈપણ ઈજા થઈ ન હતી. માત્ર બેંગ્લોરવાળા ભાઇને પગે જરા ઉઝરડો થયો હતો. બાજુમાં તૂટેલી મોટર પડી હતી, તેનો દરવાજો ક્યારે ખૂલ્યો ? કેમ ખૂલ્યો ? ફરી પાછો બંધ કેમ થઇ ગયો ? તે વિષે કોઈ કંઈ પણ જાણતું ન હતું. એટલે આ ચમત્કારિક બનાવ નવકાર મંત્રની ગણનાથી જ થયો હતો એ નિશ્ચિંત હતું.

આધુનિક યુગમાં નવકારમંત્રની ગણના કરવાથી કેવા અજબ બનાવો બન્યા છે, તેની કેટલીક વિગત મુનિરાજ શ્રી કીર્તિવિજયજીએ (હાલ આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરિજી) સંસ્કાર-સીડી, પ્રસંગ પરિમલ અને તેજસ્વી રત્નો નામના પુસ્તકમાં આપેલી છે તે ખાસ ધ્યાન પૂર્વક વાંચજો. "નમસ્કાર મહિમા"

કહેવાની મતલબ એ છે કે વર્તમાન કાળમાં પણ ધર્મ પોતાનો અપૂર્વ પ્રભાવ દાખવે છે એના અનેક દૃષ્ટાંતો અમારી પાસે મોજૂદ છે.

ગમે તેવો [illegible] હોય પણ હૃદયની શુદ્ધિ પૂર્વક કશી પણ અભિલાષા રાખ્યા વગર, ખરા ભાવથી જે આત્માઓ ધર્મની આરાધના કરે છે તેઓ તેનાં મીઠા ફળો પ્રાપ્ત કરે છે. આ લોકમા સુખ સાહ્યબી, પરલોકમાં સદ્‌ગતિ અને અંતે પરમ પદે પહોંચાડે છે એ નિઃશંક હકીકત છે.

[ ૪ ]

## શ્રી નરેન્દ્રભાઇ માણેકલાલ મોતીવાલા

મારી જાત અનુભવની વાત જણાવતાં આનંદ થાય છે કે, બે વર્ષ પહેલાની આ વાત છે [વિ. સં. ૨૦૧૬] આમ તો હું ખંભાતનો વતની છું. હાલ શાંતાકુઝમાં રહું છું. જ્ઞાતીએ વિશાનાગર (જૈનેત્તર) વણિક છું પણ મારા પાડોશમાં અમદાવાદના જૈનો રહે છે, તેમની પ્રેરણાથી તે વખતે હું શાંતાકુઝમાં બિરાજતા શતાવધાની જૈન મુનિ શ્રી કીર્તિવિજયજી (હાલ આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજી) મહારાજના દર્શનનો મને લાભ મળ્યો.

તેઓશ્રીએ મને થોડા ઉપયોગી પુસ્તકો વાંચવા માટે આપ્યા. સાથે સાથે નવકારમંત્ર આપી અને દરરોજ તેની માળા ગણુવા પ્રેરણા કરી. તે પ્રમાણે દરરોજ સવાર-સાંજ બે વખત હું ૧૦૮-૧૦૮ નવકારમંત્ર ગણુવા લાગ્યો.

આ કાર્યક્રમ પછી જ હું બીજા કામે લાગું છું. લગભગ નવકારમંત્ર ગણુતા મને બે વર્ષ થવા આવ્યા. ખરું કહું તો મને મારા કુટુંબની ચિન્તા હતી. રાતના ઘણીવાર ઊંઘ પણ નહોતી આવતી અને કંઈક અશાંતિ હતી. પણ નવકારમંત્રના પ્રભાવે મારી અશાંતિ દૂર થઈ ગઈ છે. ઊંઘ પણ બરાબર આવે છે. અને હું એક મીલમાં સારો પગાર દાર છું. સામાન્ય પ્રસંગોમાં પણ મને વારંવાર ક્રોધ ચઢતો હતો પણ હવે ઘણી જ સમતા રહે છે.

હમણાંનો તાજો જ દાખલો આપુ ! મારા મીલ માલીકે મને કહ્યું કે આપણી, પાસે હવે ઉંચા અને સારા મશીનો આવ્યા છે, જેથી કામ વધુ થશે એટલે ૧૫ માણસોને રજા આપી દેજો.

માલીકના હુકમ પ્રમાણે મેં ૧૫ માણસોને કામે આવવાની ના પાડી. એમાંના કેટલાકે તો મને એવી ગાળો સંભળાવી અને ન કહેવાના શબ્દો કહ્યા પણ મે એમના પર જરાય રોષ ન કર્યો. મને પણ એ લોકોને રજા આપવા બદલ ઘણું દુઃખ થયું કે બિચારાના છોકરા છૈયા શું કરશે ? પરંતુ થોડીવાર પછી જ મારી સામે રોષ દાખવનારા આવીને માફી માંગવા લાગ્યા. મને પણ આશ્ચર્ય થયું. હું તો આ પ્રસંગે નવકારમંત્ર જ ગણુતો હતો. ખરેખર નવકારમંત્રનો પ્રભાવ અપૂર્વ છે.

પ્રથમ મારો પગાર માસિક ૫૦૦–૬૦૦ હતો પણ થોડા વખત પછી ૧૨૦૦) નો થયો અને ત્યાર બાદ ૧૮૦૦) નો માસિક પગાર મળવા લાગ્યો.

આ બધો પ્રભાવ હું તો નવકારમંત્રનો જ સમજું છું.

"પ્રસંગ પરિમલ"

# 卐 વ્યાખ્યાન સત્તરમું. 卐

શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રીપાળચરિત્રમાં પ્રથમ શ્રી સિદ્ધચક્રજીનું સ્વરૂપ દર્શાવી 'શાંતો દાંતો જિતેન્દ્રિયો" એ શ્લોક દ્વારા આરાધક આત્મા કેવા પ્રકારની વિશિષ્ઠ યોગ્યતાવાળો હોય છે તેનું વર્ણન કરે છે. આરાધક આવા વિશિષ્ઠ ગુણ યુક્ત હોય છે, અને આવા ગુણથી રહિત-ગુણહીન આત્મા વિરાધક કોટિમાં ગણાય છે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે શ્રી સિદ્ધચક્રજીની આરાધના કરનાર આરાધક આત્મા અમુક ગુણ વિશિષ્ઠ હોવો જોઇએ તો જ શ્રી સિદ્ધચક્રજીની આરાધના ફળે છે. માટે આપણામાં વિરાધકપણું ન આવે તેનો પુરો ખ્યાલ રાખવાનો છે.

કેટલાક આત્માઓ દેવ-ગુરુ અને ધર્મની આરાધના કરવા છતાં, અને સદ્ગુરૂઓના સમાગમમાં આવવા છતાં ઈર્ષ્યા, નિંદા, દ્વેષ, છિદ્રાન્વેષીપણું અને દોષ દૃષ્ટિના કારણે આરાધના કરતાં પણ વિરાધક બને છે. કેટલાક આત્માઓ ધર્મક્રિયા આચરતાં પણ વિધિ તરફ બેદરકારી રાખે છે, આથી પણ આત્મા વિરાધક બને છે. કેટલાક આત્માઓ આચારની શિથિલતા અને

ભ્રષ્ટાચારનું સેવન કરી અને પાછા તેનું પોષણ કરી પોતાના દોષોને ઢાંકી, એ દોષોને દેશકાળના નામે ચઢાવીને પોતાનો ખોટો બચાવ કરે છે, તેઓ પણ વિરાધક કોટિમાં જ આવે છે. આવી વિરાધના આપણને ધર્મના ફળથી વંચિત રાખે છે અને કેટલીકવાર આવી વિરાધના અત્યંત અશુભ ફળને આપે છે, જેથી સંસારની વૃદ્ધિ થાય છે, અને આત્મા દુર્ગલિગામી બને છે અને તેને અનેકવિધ યાતનાઓના ભોગ બનવું પડે છે.

મુક્તિમાં લઈ જનારી ઉત્તમ ધર્મક્રિયાઓ અને શુભ અનુષ્ઠાનો કરતાં પણ આત્મા વિરાધક ભાવને પામી સંસારની રખડપટ્ટીમાં પડે છે. જન્મમરણની પરંપરાને વધારી લે છે. કેટલીકવાર ઉત્સૂત્ર ભાષણાદિના કારણે આત્માનો અનંત સંસાર પણ વધી જાય છે. જેવી વિરાધના, તેવું ફળ મળે છે. વિરાધના કરીને તેમ જ આળસ અને પ્રમાદમાં પડીને આત્મા સંસારને વધારી લે છે, માટે હરેક આત્માએ ખાસ એ ખ્યાલ રાખવાનો છે કે અમારાથી કદાચ આરાધના ઓછી થાય તો એટલી હરકત નહિ આવે પણ જો ભૂલેચૂકે વિરાધના કરી, તો તો આત્માને જન્મોજન્મ રખડવું પડશે, ભવપરિભ્રમણ કરવું પડશે. કારણકે સમકિત દૃષ્ટિ આત્માને વિરાધના એ અત્યંત ખટકે. સમકિત દૃષ્ટિ આત્માને આરાધકપણું ગમે, પણ વિરાધકપણું ગમતું નથી.

શ્રી રાયપસેણીસૂત્રમાં શ્રી સૂર્યાભદેવના વર્ણનમાં સૂર્યાભદેવ ભગવાન મહાવીર સ્વામીને પૂછે છે કે ભંતે! હું આરાધક છું કે વિરાધક? મતલબ સમકિત દૃષ્ટિ આત્માને આરાધકપણું ગમે છે પણ વિરાધકભાવ ગમતો નથી. વિરાધનાથી

તો તે સો ગાઉ દૂર ભાગે છે. મહામુશીબતે આ માનવભવમાં આરાધના કરવાની અપૂર્વ તક સાંપડી છે. તેમાં ય સંસારની આળ-પંપાળ અને જંજાળમાં મહામુશીબતે બે-ચાર ઘડી કાઢી આરાધક આત્મા આરાધના કરવા તત્પર બને છે. એમાં ય જો વિરાધના થઇ જાય તો આત્માની કેવી અવદશા થાય!

માટે વિરાધના ન થાય એની પૂરી કાળજી રાખવાની છે. કેટલાક આત્માઓ તો વિરાધના કરીને પણ વિરાધનાને આરાધનામાં ખપાવી અને વિરાધનાનું પોષણ કરે છે, તેઓ ઉત્સૂત્રભાષીમાં ખપે છે અને અનંત સંસાર પણ વધારી લે છે. કેટલીકવાર ઉત્સર્ગ-અપવાદના નામે શિથિલાચારનું પોષણ કરવામાં આવે છે તે પણ બરાબર નથી. પોતાની ખામી કે ઉણપને-ખામીને ઉણપ તરીકે ગણનાર હજી આરાધક છે. પણ ખામી કે ઉણપને-ઢાંકવી અને તેનો બચાવ કરવો એ મહાવિરાધના છે. તેનું પોષણ કરીએ તે પણ બરાબર નથી. શિથિલાચારના સેવન કરતાં પણ તેનું પોષણ અત્યંત ભયંકર છે. શિથિલાચાર કરતા તેનું પોષણ કરનાર મહા વિરાધક બને છે. માટે વિરાધના ન થઈ જાય તેનો ડગલે ને પગલે ખ્યાલ રાખવાનો છે.

વિરાધના વગરની થોડી પણ આરાધના સુંદર ફળ આપનારી બને છે. માર્ગમાં ઉંબરાણા પગે-યાને ઉઘાડા પગે ચાલનાર માણસ કાંટા કાંકરાનો ખ્યાલ રાખીને, નીચું જોઇને ચાલે છે કે કંઈ મને કાંટો વાગી ન જાય. તેથી તે ધીમે ધીમે ચાલે છે. તેવી રીતે વર્તમાનકાળમાં વિરાધનાના કાંટા વાગતા વાર નથી લાગતી. ડગલે ને પગલે આજના કલુષિત

અને જડ વાતાવરણમાં કાંટા વેરાયલા પડ્યા છે. જો સ્હેજ ચૂકયા, ભૂલ્યા કે ખ્યાલ ન રાખ્યો કે કોઈની હામાં હા પાડી, વગર વિચારે દેવ–ગુરુ અને ધર્મની વિરુદ્ધ બોલાઈ ગયું, નિંદા કુથલી થઈ ગઈ, ટીકા ટીપ્પણમાં પડી ગયા અને આશાતના કે અવહીલનામાં પડી ગયા તો આત્માને એનાં કડવા અને માઠા ફળ અસંખ્યાત વર્ષો સુધી ભોગવવા પડશે એ હકીકત છે.

વિરાધના ઘડી–બેઘડીની અને તેના કડવા ફળ અસંખ્યાત વર્ષ સુધી ભોગવવાના. માટે શક્ય તેટલી આરાધના કરો. પણ ભૂલેચૂકે આત્મા વિરાધનામાં ન પડી જાય તેનો ખુબ ખુબ ખ્યાલ રાખવાનો છે. કેટલીકવાર ધર્મના શુભ અનુષ્ઠાનો પણ અયોગ્ય આત્માને વિરાધનાનું કારણ બની જાય છે. દેવ–ગુરુ અને ધર્મ ઉપર વાત–વાતમાં શંકા કુશંકા રાખનાર, નિંદા કુથલીમાં ગડનાર, આ ગુરુ મારા અને આ ગુરુ તમારા. આવી ભેદનિતિમાં પડનારા, એક બીજાના દૂષણો જોનારા પોતાના માનેલા ગુરુમાં દેખીતા દોષોનો પણ ઢાંકપીછોડો કરનારા અને બીજા સાધુ મહાત્માઓને અછતા કલંકો આપવામાં ય જરાય અચકાનારા નહિ, એમને ડિંડિમ પીટીને છડેચોક જાહેર કરનારા એવા આત્માઓ સિદ્ધાંત મુજબની ધર્મક્રિયા કરતા પણ તપ–જપ કે ત્યાગ આચરતાં પણ એ વિરાધક બને છે, જીવનને એળે ગુમાવે છે. માટે વિરાધનાથી ખુબ બચવાનું છે.

ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામી ભગવાન ફરમાવે છે કે– 'जे आसवा ते परिसवा'' મતલબ આરાધક આત્માને કેટલીકવાર આશ્રવના સ્થાનો પણ સંવરના સ્થાનો બની જાય

છે. અમે વિરાધક આત્માને સંવરના સ્થાનો પણ આશ્રવના સ્થાનો બની જાય છે.

આરીસાભુવનમાં જોવું એ આશ્રવનું કારણ હોવા છતાં ભરત મહારાજાને સંવરનું કારણ બની જાય છે, અને સંવર ભાવમાં ચઢતાં અનિત્ય ભાવનામાં આરોહતા તેઓ કેવળજ્ઞાન અને કેવળદર્શન પામે છે. તેવી જ રીતે વિનયરત્નને રજો-હરણ આદિ સંવરના કારણો પણ આશ્રવના કરણો બને છે અને અંતે તેઓ દુર્ગતિગામી બને છે, શ્રીઉત્તરાધ્યનસૂત્રમાં કુલવાલક મુનિનું ઉદાહરણ આવે છે એ કુલવાલક મુનિ· ગુરુની આશાતના કરી અવિનીતપણે વિરાધક ભાવને પામી સદ્‌ગુરુના સમાગમમાં આવવા છતાં આરાધક ભાવને પામી ન શકયા પણ વિરાધક બની દુર્ગતિના ધામમાં સીધાવી ગયા તેવી રીતે જાણે-અજાણે જો આપણો આત્મા પણ વિરાધક બની જાય તો આપણને પણ દુર્ગતિના ધામમાં ઘોર દુઃખો પામવા પડશે, એ વાત ભૂલવા જેવી નથી.

ધર્મની આરાધના આરાધક બની કરવામાં આવે તો જરૂર ધર્મ ફળશે એમાં સ્હેજે શંકાને સ્થાન નથી. દેવ-ગુરુ અને ધર્મની સેવા-ઉપાસના અને ભક્તિ કરી અનંત આત્માઓ આ અગાધ સંસાર સાગર તરી ગયા અને સિદ્ધિ સૌધમાં સીધાવી ગયા. તેવીજ રીતે વિરાધના કરીને અનંત આત્માઓ સંસાર સમુદ્રમાં ખુચી ગયા, ડૂબી ગયા.

શ્રી સમવાયાંગ સૂત્રમાં બાર અંગનું સ્વરૂપ બતાવ્યા પછી શ્રી સુધર્માસ્વામી ભગવાન ત્યાંજ આગળના સૂત્રમાં

જણાવે છે કે–આ બારે અંગની વિરાધના કરીને અનંતા જીવો ચાર ગતિ રૂપ સંસારમાં ખુબ ભમ્યા. વર્તમાનકાળમાં સંખ્યાતા જીવો વિરાધના કરીને ભમે છે અને ભવિષ્યકાળમાં અનંતા જીવો વિરાધના કરીને ભમશે. તેમ તેઓશ્રી મૂળ સૂત્ર દ્વારા આપણને સમજાવે છે. એટલે કોઇએ વિરાધના ન કરવી એવો આપણને ગણધર ભગવાન ઉપદેશ આપે છે અને તે જ સૂત્રમાં આગળ આરાધનાનું ફળ બતાવે છે કે–આ બારે અંગની આરાધના કરીને એટલે સિદ્ધાંતની આજ્ઞા મુજબ વર્તીને અનંતા જીવો ચાર ગતિ રૂપ સંસારને તરી ગયા, સંખ્યાતા આત્માઓ તરે છે અને ભવિષ્યમાં અનંતા આત્માઓ તરી જશે વિગેરે સ્પષ્ટ રીતે વર્ણવે છે.

આ ઉપરથી આપણે સારી રીતે સમજી શકીએ છીએ કે વિરાધના કેટલી ભયંકર છે અને આરાધના કેવી કલ્યાણકારી છે માટે આરાધક આત્માએ શકય તેટલી આરાધના કરી જીવન ઉજ્વળ બનાવવાનું છે. આ વાત અહીં ઘડી ઘડી શા માટે સમજાવવામાં આવી છે, એનું કારણ એ છે કે–વિરાધના ડગલે ને પગલે થઈ જાય છે અને આરાધના દુર્લભ બની જાય છે. આપણે મનુષ્યનો જન્મ પામ્યા, પરમાત્મા જીનેશ્વર દેવનો ધર્મ પામ્યા છતાં આરાધના વિના આપણો આ માનવ ભવ નિષ્ફળ જાય તો આપણે ભવિષ્યમાં બહુ સહવું પડે, માટે ભવિષ્યમાં આત્માની ખરાબી ન થાય માટે ખુબ જ ચેતીને ચાલવાનું છે. એટલે જ આ વાતને ફરી ફરીને જણાવવી પડે છે કે આરાધનામાં તત્પર બનો અને વિરાધનાથી દૂર રહો.

સાધુ મહારાજને પણ પ્રતિક્રમણમાં રોજ બે વખત સવારે

અને સાંજે બોલવાનું હોય છે. "अब्भुट्ठिओऽमि आराहणाए विरओमि विराहणाए' મતલબ આરાધના માટે હું તૈયાર થયો છું અને વિરાધનાથી હું વિરામ પામું છું. એનો ભાવાર્થ પણ એ જ થયો કે-આરાધના કરો અને વિરાધનાથી દૂર રહો. આ સૂત્ર દરરોજ બોલવાનો હેતુ એ છે કે-આત્મા આરાધનામાં તત્પર રહે અને વિરાધનાથી અટકે.

ધર્મી આત્મા દેવગુરુ અને ધર્મ પ્રત્યે પૂરો વફાદાર હોવો જોઇએ. દેવગુરુ અને ધર્મનો સાચો ભક્ત હોવો જોઇએ, દેવ ગુરુ અને ધર્મના માટે અવસરે પ્રાણ પાથરનારો હોવો જોઇએ. એના હૈયામાં દેવગુરુ અને ધર્મનું પ્રથમ સ્થાન હોવું જોઇએ. ગમે ત્યારે ગમે ત્યાં પણ તે દેવગુરુ અને ધર્મને ભૂલે નહિ. દેવગુરુ અને ધર્મનો અનુરાગી હોય, દેવગુરુ અને ધર્મ પ્રત્યેનો રાગ એ ગુણાનુરાગમાં ગણાય છે. પ્રશસ્ત રાગ તરીકે ગણાય છે. દેવ ગુરુ અને ધર્મના રાગથી સંસારનો રાગ કપાઈ જાય છે. કારણ કે પ્રશસ્ત રાગ એ અપ્રશસ્ત રાગને કાપનારો છે. મોહનીય કર્મને ઢીલો કરે છે. ટૂંકાણમાં નિષ્કામ ભાવે કરેલી દેવગુરૂ અને ધર્મની આરાધના, સેવા ભક્તિ, સકળ કર્મના નાશનું કારણ બને છે.

સેવા અને ભક્તિ કદીય નિષ્ફળ જતી નથી, અંતે આત્માને જરૂર મુક્તિમાં લઈ જાય છે, એટલે આપણા દીલમાં પાકો નિર્ણય કરી લેવો જોઈએ કે, મારે આરાધક બનવું છે, પણ વિરાધક બનવું નથી. આરાધનામાં પહેલી તકે તૈયાર રહેવું અને વિરાધનાને ઝેર સમજી તેનાથી સદંતર વેગળા રહેવું. વિરાધનાને પણ આરાધનાના નામે ચઢાવવી એ ભયંકર ગુનો

છે અને શાસનનો દ્રોહ છે માટે સમજી વિચારી કદીય વિરાધનામાં ન પડવું એ જ હિતાવહ છે.

શ્રી નવકારમંત્રના છેલ્લા ચાર પદો આપણને એમ બતાવે છે કે–ઉપર બતાવેલા પંચ પરમેષ્ઠિ ભગવંતોને કરેલો નમસ્કાર એ સર્વ પાપનો નાશ કરનાર છે. એ પાંચ પદમાં દેવ અને ગુરુનો સમાવેશ થાય છે, માટે દેવ અને ગુરુની ભક્તિ–સેવા એ આત્માને તારનારી છે. સર્વ પાપનો નાશ કરનારી છે. જન્મ મરણની પરંપરાને મટાડનારી છે અને અંતે આત્માને મુક્ત બનાવનારી છે, યાને મોક્ષમાં પહોંચાડનારી છે.

નવકારમંત્રનો આરાધક પરંપરાએ મુક્તિપુરીમાં સીધાવે છે. એ વાત પ્રસિદ્ધ છે. એટલે એનો અર્થ એ થયો કે એ દેવગુરુની ભક્તિ સેવા કરનાર મોક્ષમાં સીધાવે છે. પરમાત્માની ભક્તિ આત્માને પરમાત્મા બનાવનારી છે એટલે વિરાધના વગરની આરાધના કેવળ કલ્યાણ કરનારી છે અને એ જ આત્મા માટે અત્યંત ઉપયોગી છે માટે દેવ–ગુરુ અને ધર્મ પ્રત્યેનો રાગ જેટલો વધે તેટલો સારો.

## અજબ ચમત્કાર

થોડા સમય પૂર્વેની આ સાચી ઘટના છે. મહામંત્ર શ્રી નવકારમંત્રના આરાધકોનું એક અધિવેશન પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીનાં તીર્થમાં ભરાયું હતું. એક પ્રસિદ્ધ લેખક કે જેઓ નવકારમંત્રના ઉપર અપૂર્વ આસ્થા ધરાવતા હતા, તેઓ પણ આરાધકોના આમંત્રણથી અત્રે આવી પહોંચ્યા હતા. સૌએ પોતાના અનુભવો વર્ણવ્યા. સભા બરખાસ્ત થઈ. સૌ વિખરાઈ ગયા.

રાત્રે નવ વાગે કેટલાક ભાઈઓ આ શ્રદ્ધાળુ ભાઈ પાસે વાર્તાલાપ કરવા ભેગા થયા. મોડી રાત સુધી ચર્ચા ચાલી. સૌએ વિદાય લીધી પણ એક વૃદ્ધભાઈ એક બાજુ બેઠા હતા. ધીરે રહીને તેમણે કહ્યું, ભાઈ! "મારે તમારી સાથે કંઈક વાત કરવી છે." એમના મિત્ર જરા આઘા ખસી ગયા અને શ્રદ્ધાળુભાઈ સાથે વૃદ્ધભાઈ એકાંતમાં બેઠા.

વૃદ્ધે હાથ બતાવ્યો. શ્રદ્ધાળુ ભાઈએ કહ્યું: ભાઈસાહેબ! હું, કંઈ જ્યોતિષ વિદ્યા કે પામીસ્ટ્રી જાણતો નથી, "ત્યારે વૃદ્ધે કહ્યું," ભાઈ! હું તમને હાથ બતાવવા આવ્યો નથી. પણ તમે બધાએ ભેગા થઈ પ્લેટ ફોર્મ ઉપર ઉંચા નીચા થઇ જોર શોરથી નવકારમંત્ર ઉપર ભાષણો આપ્યા, પણ ભાઇ! મૂકીદો હવે આ બધું. નવકાર ગણુતા ગણુતા આજે ૩૫-૩૫ વર્ષ વીતી ચૂકયા, કલાકોના કલાકો નવકાર ગણ્યા, લાખોની સંખ્યમાં ગણ્યા. માળા લઇને ગણ્યા, નંદાવર્ત અને શંખાવર્તની વિધિથી ગણ્યા, શ્વેત પુષ્પો અને અખંડ અક્ષતથી એકાસણા કરીને લાખ જાપ કર્યો, ત્રણ કાળ પણ નવકાર ગણ્યા, ઉઠતા બેસતા, ખાતા પીતા અને સૂતા પણ નવકારમંત્રનું સ્મરણ કર્યું પણ મને તો કંઈજ દેખાયું નથી, કંઇજ સાર નથી. ગણી ગણીને આંગળીના ટેરવા અને હાથ ઘસાઈ ગયા. બસ આ વાત મારે તમને કહેવી હતી.

હું નાનો હતો ત્યારે મારી માતા મને આ તીર્થના દર્શન કરવા લાવી હતી અને શ્રી શંખેશ્વરજી પાર્શ્વનાથ ભગવાનની સમક્ષ મને મારી માતાએ નવકાર મંત્ર શીખવાડ્યો હતો, આજે હું એ નવકાર મંત્રને દાદાના દરબારમાં પાછો મૂકવા

આવ્યો છું, સમજ્યા મારા મહેરબાન! શ્રદ્ધાળુ ભાઈ તો વૃદ્ધની વાત સાંભળીને સ્તબ્ધ થઇ ગયા.

શ્રદ્ધાળુ ભાઇને નવકાર મંત્ર ઉપર અપૂર્વ આસ્થા, દૃઢ શ્રદ્ધા અને પૂર્ણ વિશ્વાસ હતો. ઇલેક્ટ્રીકસીટીનો એ નિયમ છે કે-સ્વીચ દબાવો કે તરત જ લાઇટ થાય અને સ્વીચ દબાવતા પણ જો પ્રકાશ ન થાય તો સમજવું કે ક્યાં તો ગોળો નકામો છે ક્યાં તો ફ્યુસ ઉડી ગયો છે, ક્યાં તો પાવર હાઉસમાં ગડબડ છે, તે સિવાય આમ બને જ નહિ. જેમ ઇલેક્ટ્રીસીટી તેના નિયમ મુજબ સ્વીચ દબાવતા રીતસર પ્રકાશ પાથરે છે, તેમ મહામંત્ર નવકાર પણ તેના નિયમ મુજબ ચમત્કાર સર્જે છે એ નિઃસંદેહ હકીકત છે.

## અંગત જીવનની માહિતી

હવે શ્રદ્ધાળુ ભાઇએ તે વૃદ્ધ ભાઈના અંગત જીવન વિષે પૂછ્યું:-તમે શું કરો છો? કેટલા ભાઈ છો? શું વ્યવસાય છે? વિગેરે. ત્યારે વૃદ્ધે જવાબ વાળ્યો, "અમારો અમુક વ્યવસાય છે, મારે નાનો એક ભાઈ છે પણ એનું નામ લેવા જેવું નથી. મૂકો એનું નામ. એ મહા નાલાયક છે. એ દુષ્ટે મારી સામે કેસ કર્યો છે પણ હું એને છોડવાનો નથી. સીધો દોર કરી દઇશ. ઘર અને જમીન સંબંધી ઝગડો છે."

શ્રદ્ધાળુ ભાઇએ કહ્યું પણ કાકા! એ તો તમારો નાનો ભાઈ છે ને! તમે વડીલ છો ને! તમારે ઉદારતા દાખવવી જોઇએ. વૃદ્ધે કહ્યું, "ભાઈ સાહેબ એનું નામ ના દેશો હું

એને છોડવાનો નથી. લડીશ, ઝગડીશ અને એની ખબર લઈશ. એના મનમાં એ શું સમજે છે!"

વૃદ્ધને જ્યાં ભાઈની વાત આવતી ત્યાં એ વૃદ્ધ એવા ઉકળી જતાં હતાં કે ન પૂછો વાત! શ્રદ્ધાળુ ભાઈ સમજી ગયા કે દર્દ કયાં છે. નિદાન હાથમાં આવ્યા પછી ઔષધ તરત જ ફાયદો કરે છે. કયાં ખામી છે? નવકાર કેમ ફળતો નથી, આ વાત ધ્યાનમાં આવી ગઈ. જ્યાં આપણા હૃદયમાં ઠાંસી ઠાંસીને દુર્ભાવ ભર્યો હોય ત્યાં શું નવકારનો વાસ થાય ખરો! અને એ ફળે કઈ રીતે? પ્રત્યેક આરાધક, હરેક વાંચક પોતે જ એક મિનિટ આંખ બંધ કરીને વિચારમગ્ન બની વિચાર કરે કે મારા હૃદયમાં આવી દુર્ભાવના નથી ને! જો વિચાર કરશો તો તમને પોતાને જણાઈ આવશે કે—આ વૃદ્ધ ભાઈ કરતા પણ અમારા હૃદયમાં દુર્ભાવનાનો કચરો ઠાંસી ઠાંસીને ભર્યો છે.

ઉપકારી ઉપર અપકાર કરવા તૈયાર, દેવ-ગુરુ પ્રત્યે ચેડા કાઢવા તૈયાર, મા-બાપની સામેનું અસભ્ય વર્તન, ભાઈ-ભાઈમાં વિરોધ, પતિ-પત્નીમાં વિરોધ, પિતા-પુત્ર વચ્ચે કલહ, પાડોશીની સાથે ઝગડો, વાત-વાતમાં કલેશકંકાસ અને રગડા ઝગડા, આચાર-વિચારનું ઠેકાણું નહિ, ધોળે દહાડે બીજાની આંખમાં ધૂળ નાંખવા તૈયાર, ઈર્ષ્યા-અસૂયા, રાગ, દ્વેષ, વિષય-કષાય આ બધા દુર્ગુણો અને દુર્ભાવો જે હૃદયમાં ભર્યા હોય ત્યાં નવકાર કઈ રીતે નિવાસ કરે! પ્રથમ હૃદયને શુદ્ધ કરવું પડશે, અને હૃદયમાં ઉદારતા, ગંભીરતા, પરોપકાર પરાયણતા,

નમ્રતા, સરલતા, પવિત્રતા, કૃતજ્ઞતા, વિનય અને વિવેકશીલ અને સંતોષ આદિ ગુણોને વસાવવા પડશે.

શ્રદ્ધાળુ ભાઈએ કાકાની નાડ તપાસી, પૂરી ચકાસણી કરી. ધીમે રહીને કહ્યું. કાકા! મારા કહેવાથી તમે હજી છ મહિના જુઓ અને હું કહું તેમ આરાધના કરો. જુઓ પછી એનું પરિણામ! પણ કાકા! મને લાગે છે કે તે તમારા માટે આ વાત અશક્ય લાગે છે. તે પ્રમાણે તમે નહિ કરી શકો. "શ્રદ્ધાળુ-ભાઈએ જરા ચણો દબાવ્યો."

કાકા કહે ભાઈ! એ વાતમાં શું માલ છે. મેં વિવિધ રીતે અનેક વાર જાપ કર્યા, તપ જપ કર્યા અને તમે કહેશો તે પ્રમાણે શું હું નહિ કરી શકું?

શ્રદ્ધાળુ ભાઈએ કહ્યું કાકા! ખરું કહું છું તમે નહિ કરી શકો, રહેવા દો! શ્રદ્ધાળુભાઈએ બરાબર કાકાનો પારો ચઢાવ્યો. પુરી ચકાસણી કરી, જ્યારે કાકા આ વાતમાં સંપૂર્ણ સંમત થયા ત્યારે શ્રદ્ધાળુભાઈએ કહ્યું કાકા! જો હું કહું છું તે પ્રમાણે તમે બરાબર કરશો તો છ મહીનાની અંદર જુઓ તેનું કેવું સુંદર પરિણામ આવે છે અને આમ કરતાં જો તમને કંઈ સુંદર પરિણામ ન જણાય તો તમે ભગવાનની સમક્ષ નવકાર-મંત્ર મૂકી દેજો. પણ એક વાર હું કહું તેમ બરાબર તમારે કરવું પડશે.

કાકા કહે "ભલે ભાઈ! તમે જે કહેશો તે પ્રમાણે હું કરવા તૈયાર છું."

શ્રદ્ધાળુભાઈએ કહ્યું–અરે કાકા! છ મહીના તો શું ૪૬ દિવસમાં ચમત્કાર સર્જાશે. નહિતર મને લખજો. મારા ખર્ચે

હું મારા ગામથી તમારે ત્યાં આવીશ." પરંતુ જુએ કાકા ! આજ સુધી તમે તમારા નાનાભાઈ પ્રત્યે વૈરભાવ રાખ્યો, હવે તમે એનું ભલું ઈચ્છો અને પ્રાર્થના કરો કે "મારા નાનાભાઈનું ભલું થાવ. સારૂ થાવ" "કોઈનું ય હું બુરૂ ઈચ્છતો નથી." "शिवमस्तु सर्व जगतः मित्तीमे सब्व भूएसु" બસ નવકારમંત્ર ગણુતા પહેલા તમારે દરરોજ પવિત્ર હૃદયે આ શુભ ભાવના ભાવવાની છે. !

કાકા કહે પણ ભાઇ ! એ કેમ બને ! જે મને હેરાન પરેશાન કરે અને ખેદાન મેદાન કરવા ઇચ્છે એનું ભલુ થાઓ ! એ બને જ કેમ ? ત્યારે શ્રદ્ધાળુભાઇએ કહ્યું કાકા ? જુઓ હું કહેતો જ હતો ને ! કે તમે નહિ કરી શકો. ત્યારે કાકાએ જવાબ વાળ્યો ઠીક ભાઈ ! તમારા કહેવા મુજબ એમ ભાવના ભાવવા પૂર્વક નવકાર ગણીશ. કાકાએ નિયમ કર્યો કે–આ પ્રમાણે સૌના ભલાની ભાવના પૂર્વક અને નાનાભાઇના પણ ભલાની ભાવના પૂર્વક નવકારમંત્ર ગણીશ.

આમ વાત કરતા કરતા રાતના પોણા ત્રણ થયા હતા. શ્રદ્ધાળુભાઇ ખૂબ થાકેલા હતા. પણ એમને એમ કે એક આત્માનું ભલું થતું હોય તો તેઓ ઉજાગરો કરવા તૈયાર હતા.

કાકાએ વિદાય લીધી. શ્રદ્ધાળુભાઇએ આરામ કર્યો. સવારના છ વાગતા પછી તેઓ શ્રદ્ધાળુભાઇને મળવા આવ્યા. એમના મિત્રે કહ્યું, કાકા ! ભાઇને રાતનો ઉજાગરો છે. હમણા ઉઠાડશો નહિ. સુઈ રહેવા દો. આમ પરસ્પર તેઓ વાત કરતા હતા અને શ્રદ્ધાળુભાઈ અવાજ સાંભળતા જાગી ગયા. છેલ્લે કાકાએ શ્રદ્ધાળુભાઇને મળીને ત્યાંથી વિદાય લીધી અને હું

તમારા કહ્યા પ્રમાણે હવે નવકારમંત્ર ગણવાની શરૂઆત કરીશ એમ કહેતા ગયા. શ્રદ્ધાળુભાઈને પણ આનંદ થયો કે ચાલો ઉજાગરો સફળ થયો.

કાકાએ પોતાના ગામ જઈ પવિત્ર થઈને ભલાઈની ભાવના પૂર્વક નવકારમંત્ર ગણવાની શરૂઆત કરી. પહેલા દિવસે તો કાકાને આ શ્રદ્ધાળુભાઈ ઉપર થોડો ક્રોધ ચઢયો કે ક્યાં વળી મને એમને આવો નિયમ આપ્યો. બીજે દિવસે જરાક ક્રોધ ઓછો થયો અને ત્યાર પછીથી શાંતિ પૂર્વક ગણતાં ફક્ત બારજ દિવસમાં અજબ ચમત્કાર સર્જાયો.

પંદર દિવસ પછી શ્રદ્ધાળુભાઈ ઉપર ટપાલમાં ખાસુ એક મોટું કવર આવ્યું. શ્રદ્ધાળુભાઈ સમજી ગયા કે કાકાની કંઈ ફરિયાદ લાગે છે. કવર ફોડયુ. પત્ર વાંચવાની શરૂઆત કરી. પત્રમાં કાકાએ લખ્યું હતું કે, ભાઈશ્રી! શી વાત કરું! શું લખું! તમે મને જે નિયમ આપ્યો હતો એ પ્રમાણે પ્રથમ દિવસે મેં ગણવાની શરૂઆત કરી પણ મને તો તમારા ઉપર તે વખતે થોડો ગુસ્સો આવ્યો કે ક્યાં વળી એમને મને આવો નિયમ કરાવ્યો. બીજે દિવસે જરા ઠંડક વળી અને આ રીતે ભાઈના ભલાની ભાવનાપૂર્વક જ્યાં નવકારમંત્ર ગણતા બાર દિવસ થયા ને મારા વિચારોમાં અજબ પલ્ટો આવ્યો. મને થયું મારો નાનો ભાઈ. એની સાથે વૈર? સાથે શું લઈ જવાનું છે? પિતાજીએ મૃત્યુ વેળાએ કહ્યું હતું કે જોજે આ ઘર નાના ભાઈને આપવાનું છે. આમ પિતાજીના કહેવા છતાં, ઘર પચાવવાની મેં વૃત્તિ રાખી તે ઠીક ન કર્યું. મારા નાના ભાઈને બોલાવું અને એને ઘર સોંપી દઉં!

આ તરફ નાના ભાઇના વિચારોમાં પણ ભારે પરિવર્તન આવ્યું. નવકાર મંત્રે અજબ ચમત્કાર સર્જ્યો. નાનો ભાઈ વિચારે છે કે મોટાભાઈ વડીલ કહેવાય ! પિતા તુલ્ય ગણાય! એમની સાથે હું કોર્ટે ચઢયો, ઘર મોટાભાઈ ભલે વાપરે. કોર્ટનો કેસ પાછો ખેંચી લઉં ! અને તરત જ વકીલને કેસ પાછો ખેંચી લેવા ભલામણ કરી, પોતે અને પોતાની પત્ની બન્ને જણા, આજ સુધી મોટાભાઈ સાથે બારમો ચંદ્રમાં હતો, એક બીજાનું મુખ જોવા માંગતા નહોતા અને કાસલ કાઢી નાંખવાની ભાવના ધરાવતા હતા, તેઓ સામે પગલે જવા તૈયાર થાય ! એ શું ઓછી વાત છે ! મોટાભાઈની પણ એજ ભાવના અને નાનાભાઈની ભાવના પણ એજ....ગજબ પલ્ટો.

નાનો ભાઈ અને એમની પત્ની બન્ને જણા મોટાભાઇને ત્યાં આવી પહોંચ્યા. બન્નેની ખુશીનો કોઈ પાર નથી. જાણે આજે સોનાનો સૂરજ ઉગ્યો. નાનાભાઈએ મોટાભાઇને કહ્યું. મોટાભાઈ ! છોકરાનું વેવિશાળ કલકત્તાવાળા સાથે કરવાનું છે તેમાં મારા ભાભી અને તમારે બન્ને જણાએ આ બધી વિધિ કરવાની છે. ગઈ ગુજરી ભૂલી જજો. હું વકીલને કહીને જ આવ્યો છું કે, કેસ પાછો ખેંચી લેજો. અને આપ વડીલ છો, ભલે ઘર આપ રાખો.

ત્યારે તેના ભાભી બોલ્યા. ઘરનો હક તો નાના ભાઇનો છે. તમને જ આપવાનું છે, અમારે ન જોઇએ. આ બધી વિગતથી એ કાગળ ભરેલો હતો. કાકા લખે છે કે તમે તો છ મહીના અને ૪૧ દિવસની વાત કરતા હતા પણ મને તો તમારા કહ્યા પ્રમાણે ભાવના ભાવીને નવકાર ગણતો ફક્ત બાર

દિવસમાં જ અજબ ચમત્કાર સર્જ્યો. મારી આસ્થા ખુબ વધી. હું હવે ખુબ ભાવપૂર્વક નવકાર મંત્ર ગણું છું. અને તમારો ઉપકાર માનું છું,

સાચે જ મને લાગ્યું કે ગણનારમાં ખામી છે. નવકારમાં ખામી નથી, નવકાર તો મહામંત્ર એનો એ જ છે.

## વિરાધના એ મહાન ભયંકર છે.

ભગવાન મહાવીર દેવનો આત્મા પ્રથમ નયસારના ભવમાં ભયંકર અટવીમાં સાધુ મહાત્માના સમાગમથી સમકિત પામે છે, ત્યાંથી નવકાર મંત્રના સ્મરણપૂર્વક આરાધના કરી બીજા ભવમાં દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવી ત્રીજા ભવે શ્રી ઋષભદેવ ભગવાનના પૌત્ર પણે પેદા થાય છે. ભગવાન શ્રી ઋષભદેવસ્વામીની દેશના શ્રવણ કરી તેઓ વૈરાગી બને છે અને ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરે છે, પરંતુ પરીષહોથી તેઓ ગભરાયા, અને ચારિત્ર પાળી ન શક્યા, તેથી તેમને નવો વેશ રચ્યો, હાથમાં ત્રિદંડીયું. મસ્તકમાં ચોટી, પગમાં પાવડીઓ અને ભગવા વસ્ત્ર પહેરી ભગવાનની સાથે જ વિચરવા લાગ્યા. અમોઘ દેશના શક્તિદ્વારાં અનેકોને પ્રતિબોધ કરી સંયમના માર્ગે વાળવા લાગ્યા.

એક વખત તેઓ બિમાર પડે છે. કોઈ તેમની સેવા કરતું નથી. કારણ કે-સાધુઓ સાધુની-નિર્ગ્રંથ મુનિની સેવા કરે પણ અસાધુની સેવા કરતા નથી, તેથી મરિચી વિચાર કરે છે કે હું સારો થઈ જઈશ ત્યારે સેવા કરે તેવો એક શિષ્ય

કરીશ. કાળક્રમે તેઓ સ્વસ્થ થયા, છતાં પણ જે કોઈ એમની પાસે ધર્મ શ્રવણ કરવા આવે છે તે બધાને પ્રતિબોધ કરી ભગવાન ઋષભદેવસ્વામી પાસે મોકલે છે.

એક કપિલ નામનો રાજપુત્ર એમની પાસે આવે છે. તેઓ કપિલ રાજપુત્રને પ્રતિબોધ કરે છે. કપિલ રાજપુત્ર જ્યારે દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે મરિચિ તેમને ભગવાન ઋષભદેવ પાસે જવા પ્રેરણા કરે છે. ત્યારે કપિલ રાજપુત્રે કહ્યું, ભોમરિચિ ! શા માટે મને તમે ત્યાં મોકલો છો ? શું તમારી પાસે ધર્મ નથી ? કપિલ રાજપુત્રના આ વાકયો સાભળતાં મરિચિ વિચાર કરે છે કે–આ શિષ્ય મારે યોગ્ય છે. એમ વિચાર કરી મરિચિએ કહ્યું. "कविला इत्थंपि इहयं पि" કપિલ ! અહીંયા પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે, આ રીતે તેઓ ઉત્સૂત્રનું ભાષણ કરે છે, જેથી ભગવાન મહાવીરદેવના આત્મા એવા મરિચિનો પણ કોટાકોટિ સાગરોપમ પ્રમાણ સંસાર વધી જાય છે આ છે વિરાધનાનું ફળ.

મણ દુધપાકમાં ઝેરની કણી પડતાં તમામ દુધપાક વિષમય બની જાય છે અને ખાનારને વિપત્તિમાં મૂકાવું પડે છે. તેવી જ રીતે આરાધનામાં વિરાધનારૂપ જો ઝેરની કણી પડી જાય તો આત્માને પણ અપાર વિપત્તિના ભોગ બનવું પડે છે.

## જમાલીનું વૃત્તાંત

જમાલિ ક્ષત્રિયકુંડ નગરમાં જન્મ્યા હતા. ભગવાન મહાવીરસ્વામીની બેન સુદર્શનાના તેઓ પુત્ર હતા. અને ભગવાન મહાવીરસ્વામીની પુત્રી પ્રિયદર્શના સાથે તેમના લગ્ન થયા

હતાં. એટલે તેઓ ભગવાન મહાવીરના ભાણેજ અને જમાઈ થતાં હતા.

ભગવાન મહાવીરસ્વામી વિચરતા વિચરતા એકદા ક્ષત્રિય-કુંડ નગરમાં પધાર્યા. તેમને વંદન કરવા જમાલિ પોતાના પરિવાર સાથે ગયા. ત્યાં પ્રભુની દેશના શ્રવણ કરી તેમને વૈરાગ્ય જાગ્યો અને તેઓ દીક્ષા અંગીકાર કરવા તૈયાર થયા. ૫૦૦–૫૦૦ ક્ષત્રિય પુરુષો પણ તેમની સાથે દીક્ષા લેવા તૈયાર થાય છે. તેમના પત્ની પ્રિયદર્શના પણ એક હજાર સ્ત્રીઓની સાથે દીક્ષા લેવા તૈયાર થયા. દીક્ષા આપનાર ખુદ ભગવાન મહાવીરસ્વામી, દીક્ષા લેનારા ભગવાનના જમાઈ, પુત્રી અને ૧૫૦૦–૧૫૦૦ સ્ત્રી–પુરુષોનો સમુદાય હોય, પછી એ દીક્ષા મહોત્સવનું પૂછવાનું શું હોય ?

ભારે ઠાઠમાઠ અને અનેરી ધામધૂમથી દીક્ષા મહોત્સવ ઉજવાયો. જમાલિ મુનિ ભગવાન સાથે વિચરતા વિચરતા તપ ત્યાગમાં લીન બન્યા. અગ્યાર અંગના જાણકાર બન્યા. માંખીની પાંખને પણ ન દુભવે તેવી તો તેમની ઉંચી કરણી હતી. ભગવાન ગૌતમસ્વામી જેવું જેમનું ઉજવળ ચારિત્ર હતું. આવા એક મહાન જમાલિ મુનિ પણ જયારે "કડે માણે કડે" ભગવાન મહાવીરનું આ વચન બરાબર નથી, આ પ્રમાણે તેઓએ ઉત્સૂત્રનું ભાષણ કર્યું. સમજાવવા છતાં જયારે તેઓ ન સમજ્યા ત્યારે ભાગવાનની અનુમતિથી શ્રીગૌતમસ્વામીએ તેમને સંઘ બહાર કર્યા. આ રીતે જમાલિએ ઉત્સૂત્ર વચન બોલી વિરાધના કરીને સંસાર વધારી લીધો.

## સતી અંજના સુંદરી

અંજના સુંદરીએ પૂર્વ ભવમાં પરમાત્મા જીનેશ્વરદેવની મૂર્તિની આશાતના કરી હતી. ભગવાનની મૂર્તિને ઉકરડામાં નાંખી દઈ અશુભ કર્મ ઉપાર્જન કર્યું હતું. તેના પરિણામે અંજના સુંદરીના ભવમાં બાવીશ બાવીશ વર્ષો સુધી પતિનો વિરહ સહન કરવો પડયો અને ભારે દુખી થવું પડયું. જે સાંભળતાં પણ આત્માને કંપારી છૂટે અને આંખોમાં આંસુ ઉભરાઈ આવે. માટે જ પૂજાની ઢાળમાં પણ મહાપુરુષો કથન કરે છે કે—

"હસતાં બાંધ્યા જે જે કર્મો,
રોતા પણ નવિ છૂટે રે."

માટે "બંધ સમય ચિત્ત ચેતીએ,
ઉદયે શો સંતાપ."

## સતી દ્રૌપદી

સતી દ્રૌપદીએ–બ્રાહ્મણીના ભવમાં તપસ્વી મુનિરાજને જાણીને કડવા તુંબડાનું શાક વહોરાવ્યું હતું. આ વિરાધનાના પરિણામે તે જ ભવમાં એના બે હાલ થયા. પતિએ તેને ઘરથી બહાર કાઢી મૂકી. જંગલોમાં રખડવું પડયું. અનેક રોગોના ભોગ બની અને અંતે નારકીમાં ઉત્પન્ન થઈ સાતે નરકમાં ભમી, અસંખ્યાતકાળ અન્ય યોનિઓમાં પરિભ્રમણ કરતાં એનો આરો ન આવ્યો. સાધુ મહારાજની આશાતનાના કારણે એણે અંતકાળ સુધી સંસારમાં રખડવું પડયું. આ છે વિરાધનાનું ઘોર પરિણામ.

## શ્રીપાળરાજા

શ્રીપાળ મહારાજા પૂર્વભવમાં શ્રીકાંત રાજા હતા. એ શ્રીકાંત રાજાના ભવમાં તેમણે મુનિની ઘોર આશાતના કરી હતી, મુનિને કોઢીયા કહ્યા હતા. મુનિને પાણીમાં ડુબાડ્યા હતા, મુનિને ડુમનું કલંક આપ્યું હતું. એના પરિણામે શ્રીપાળજીના ભવમાં એમને દરિયામાં ડુબવું પડ્યું. ભયંકર ચેપી કોઢ રોગ થયો. ડુમનું કલંક આવ્યું. કર્મ કોઇનેય છોડતા નથી. ભલે પછી તે ચક્રવર્તી વાસુદેવ કે બળદેવ હોય! કર્મને કોઈની શરમ નથી. કર્મનો કરજો–દેવું–અસંખ્યાત વર્ષે પણ ચૂકવવું જ પડે છે.

અહીં તમે નાદારી લઈ લો, દેશ છોડી પરદેશ ભાગી જાવ, લાંચરૂશ્વતથી છૂટી જાવ કોઇની લાગવગ કે શે'શરમથી બચી જાવ, પણ કર્મ રાજાની બળવાન સત્તાથી કોઈ બચ્યું નથી, બચતું નથી અને બચશે પણ નહિ. માટે હરેક કાર્ય કરતાં પહેલાં હું શું કરૂં છુ અને આનું પરિણામ શું આવશે અને એનું પરિણામ કોને ભોગવવું પડશે! આ બધો વિચાર કરવાની અત્યંત જરૂર છે. બીજા કોઇ ભોગવવા નહિ આવે. અહીં તમે અઢાર પ્રકારના પાપકર્મ કરી, પ્રપંચ કરી લક્ષ્મી એકઠી કરી હશે! એનો ભોગવટો કરવા બધા તૈયાર થશે. પણ તમે જાતે કરેલા કર્મો કંઇ એ બધા થોડાથોડા વહેંચી લેવાના નથી. એ તો તમારે જાતે જ ભોગવવા પડશે. આ તો "જમવામાં જગલો અને કૂટવામાં ભગલો" એના જેવી સ્થિતિ થઇ. એવો તો મૂર્ખ કોણ હોય કે આપણે ઉપાર્જેલા ધનમાલનો ભોગવટો બધા કરે અને એનું પરિણામ પોતાને

ભોગવવું પડે. આવી મૂર્ખાઈ આપણો આત્મા અનંત કાળથી કરતો આવ્યો છે. શ્રી જીનેશ્વર દેવનું મહાશાસન મળ્યા પછી પણ સદ્‌ગુરુના સમાગમમાં આવ્યા પછી પણ અને શાસ્ત્રોના શ્રવણ પછી પણ જો આવી જ મૂર્ખાઈ કરતા રહીશું તો પછી આપણી સ્થિતિ કેવી થશે એ જાતે જ વિચારવાનું છે.

શ્રીપાળજીએ શ્રીકાંત રાજાના ભવમાં મુનિવરની આશાતના કર્યા પછી તેમની શ્રીકાંતારાણીના સમજાવવાથી તેઓએ મુનિશ્રીના ચરણકમળમાં પડી પુનઃ પુનઃ ક્ષમા માંગી. મુનિશ્રીને બહુમાનપૂર્વક ઘેર પધરાવ્યા. પગમાં પડયા અને મુનિરાજના ઉપદેશથી શ્રી સિદ્ધચક્રની આરાધના શરૂ કરી. તેથી થોડામાં બચી ગયા, એક જન્મમાં જ યાને શ્રીપાળજીના ભવમાં કોઢ રોગ વિ. થયો. થોડા વખત આપત્તિઓ ભોગવવી પડી પણ શ્રી સિદ્ધચક્રજીના આરાધનથી ભયંકર દુઃખથી બચી ગયા. આમ વિરાધના અને આરાધનાનું બન્નેનું ફળ આપણી નજર સમક્ષ છે. આપણે શું કરવું એ આપણે જ સમજવાનું છે.

## જ્ઞાનની આશાતના

માષતુષ મુનિના આત્માએ પણ પૂર્વભવમાં જ્ઞાનની વિરાધના કરી હતી. તેના પરિણામે "મારુષ અને મા તુષ" આ પદ પણ મહા મહેનત કરવા છતાં કંઠસ્થ નહોતા થતાં અને 'માસતુષ' માસતુષ થઈ ગયું. પણ કંઠસ્થ કરવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો અને ભાવનામાં ચઢી જતાં અંતે તેઓ કેવળજ્ઞાન પામ્યા. પણ એક વાર તો એમને જ્ઞાનની વિરાધનાનું ફળ વર્ષો સુધી ભોગવવું પડયું.

આજે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ડગલે ને પગલે આપણે વિરાધના કરી રહ્યા છીએ. પૂર્વકાળે ભાગ્યે જ આવી જ્ઞાનની આશાતના થતી હશે! કાગળીયા બાળી નાંખવા, છાપાની પસ્તી ઉપર છોકરાઓને ટટ્ટી બેસાડવા, રસ્તા ઉપર કાગળો-છાપાઓ વિ. ઉપર પગ મૂકીને ચાલવું, કાગળ, પુસ્તક વિ. ઉપર થૂંક લગાડી પાના ફેરવવા. એમ.સી.વાળી બાઈઓ છડેચોક-પુસ્તકો વાંચે, ચોપડા ઉપર બેસી જવું, હરેક કાર્યમાં છાપા વિ. ના કાગળોનો ઉપયોગ કરી જ્ઞાનની ઘોર વિરાધના અને ઘોર આશાતના થઇ રહી છે. કાગળોનો તો ખુબજ વપરાશ વધી ગયો હોવાથી વાત-વાતમાં કાગળની જરૂર, પડીકા બાંધવામાં. જ્યાં ત્યાં જે તે લપેટવામાં. પત્ર વ્યવહાર વધ્યો, વિવિધ વસ્તુઓની બનાવટમાં કાગળોનો ઉપયોગ થવા લાગ્યો. પ્રથમ પાટી અને પેનનો ઉપયોગ થતો હતો. આજે બાળકોને વાતવાતમાં નોટબુકની જરૂર પડે છે. આ રીતે જ્ઞાનની ઘોર આશાતના જાણે-અજાણે આપણા દ્વારા થઇ રહી છે.

## આરાધનાનું મહાન ફળ

જે આત્માઓએ શુદ્ધ આરાધના કરી છે તેઓ થોડા ભવમાં જ-અલ્પ સમયમાં જ આરાધનાના રૂડા ફળ પ્રાપ્ત કરે છે. તેના સંખ્યાબંધ દાખલાઓ આપણે ત્યાં મોજુદ છે. ધર્મકથાનુયોગમાં તેનો સમાવેશ થાય છે. એમાંથી આપણને જાણવા મળે છે કે-ઘોર પાપાત્માઓ અને અનેક અધમ-આત્માઓ પણ તે જ ભવમાં આરાધનાના પ્રતાપે મુક્તિએ સીધાવ્યા છે.

## મહાત્મા દૃઢ પ્રહારી

જેનું મૂળ નામ યજ્ઞદત્ત હતું. જ્ઞાતિના તેઓ બ્રાહ્મણ હતા, પરંતુ સંગ બળે તેઓ ખરાબ આદતે ચઢી ગયા. લૂંટ ફાટ અને ચોરીઓ કરવા લાગ્યા. જ્યાં ત્યાં દૃઢ-પ્રહાર કરવાના કારણે એમનું નામ દૃઢ પ્રહારી પડ્યું.

એક વખત એક બ્રાહ્મણના ઘરમાં તેણે ચોરી કરવા પ્રવેશ કર્યો, ત્યાં તેણે બ્રાહ્મણ, ગાય અને સગર્ભા સ્રીની હત્યા કરી. ભ્રૂણ હત્યા થતાં તે વખતનું કરૂણ દૃશ્ય નિહાળતા દૃઢ પ્રહારીના દિલમાં કંપારી છૂટી. ભારે વેદના થઈ. એના હૈયામાં કરૂણા ભાવ ઉભરાયો. ભારે પશ્ચાતપ થયો અને આ ભયંકર પાપથી છૂટવા તેમણે ભગવાન મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી.

દીક્ષા લીધા પછી લોકો મુનિ દૃઢ પ્રહારીને ભારે ઉપસર્ગ કરે છે છતાં પણ તેઓ ખૂબ જ સમતા રાખે છે. "कम्मे शूरा ते धम्मे शूरा" તે આનું નામ, ઉપસર્ગમાં અડગ રહ્યા. શુદ્ધ દીલે પાપનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા, ધ્યાનમાં અડગ રહ્યાં, અને અપૂર્વ સમતા ભાવે અંતે તેઓ કેવળજ્ઞાન પામ્યા અને મુક્તિએ સીધાવ્યા. આવા દૃઢ પ્રહારી જેવા ચાર ચાર જણની હત્યા કરનારા આત્મા પણ આરાધનાના બળે પરમપદને પામ્યા. આ છે આરાધનાનું મહાન ફળ.

## અર્જુનમાળી

અર્જુન માળી અને તેની પત્ની બંધુમતી એકદા યક્ષની

પૂજા કરવા માટે નગરની બ્હાર ગયા હતા. તેટલામાં ત્યાં છ જણની તોફાની ટૂકડી આવી ચઢી બંધુમતીનું અનેરુ સૌંદર્ય નિહાળી સૌ તેની તરફ આકર્ષાયા. પરસ્પર સૌએ વિચાર કર્યો કે–યેનકેન બંધુમતી સાથે આપણે મજા માણવી પણ એનો પતિ સાથે હતો, તેથી તેઓએ વિચાર કર્યો કે–આપણા છની આગળ એનું શું ગજું! પકડો એને અને દોરડાથી બાંધો.

વિચાર અમલમાં મૂકયો અને અર્જુનમાળીને દોરડાથી મુશ્કેટાટ બાંધી એક ખૂણામાં નાખ્યો. બંધુમતી આ દૃશ્ય જોઈ ગભરાઈ, પણ એ છએ જણાએ તેણીને પકડી અને અર્જુન માળીની સામે જ ભોગ ભોગવવા લાગ્યા. અર્જુનમાળી આ લોકોના આવા ખરાબ વર્તનથી ભારે ઉશ્કેરાયો. એના ક્રોધનો પાર ન રહ્યો. પણ એ લાચાર હતો. એને દોરડાથી કસીને બાંધવામાં આવ્યો હતો. છેવટે અર્જુનને યક્ષ ઉપર ક્રોધ ચઢયો. અરે દુષ્ટ યક્ષ! મેં તારી સેવાભક્તિ કરી શું એનું ફળ કંઈ નહિ? તું શું જોઇ રહ્યો છે? તું સાચો દેવ નથી. પત્થર જ લાગે છે. આ સાંભળતા યક્ષ ચીડાયો અને અર્જુનમાળીના દેહમાં એણે પ્રવેશ કર્યો. દોરડા તોડી નાખ્યા; અને ભારે ગદા ઉપાડી છએ પુરુષનો અને એક સ્ત્રીનો એમ સાતેનો ઘાણ વાળ્યો. સૌના પ્રાણ ગયા.

અર્જુનમાળી દરરોજ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરતો હતો, ૧–૨ દિવસ નહિ, પણ મહિનાઓ સુધી તેણે આ રીતે રોજ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરવાનું ચાલુ રાખ્યું હતું જ્યાં સુધી અર્જુનમાળીએ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા ન કરી હોય ત્યાં સુધી રાજગૃહીના દરવાજા

ઉઘડતા નહોતા, સૌ કોઈ આ ભયંકર વિકરાળ રાક્ષસ જેવા ક્રૂર અર્જુનમાળીથી ભય પામતા હતા.

તેટલામાં ભગવાન મહાવીરસ્વામીની પધરામણી થઇ, પણ લોકો ભયના માર્યા બ્હાર નીકળતા નહોતા. એક નવજવાને વિચાર્યું કે ભગવાન જેવા ભગવાન પધારે અને આપણે એમના દર્શનના લાભથી વંચિત રહીએ. હરગીઝ નહિ. એમ ડરવાથી શું ? હું તો પરમાત્માના દર્શન અવશ્ય કરીશ. જે થવાનું હશે તે થશે. "कार्यं साधयामि देहं पातयामि वा" એ સૂત્રને નજર સંમુખ રાખી, હિંમત રાખી તે યુવાન પ્રભુના દર્શને વિદાય થયો. એ નવજવાનનું નામ હતું સુદર્શન શેઠ.

હાથમાં કોઈ પણ હથિયાર લીધા વગર તેઓ સામી છાતીએ આગળ ધપ્યા. તેમના માતા-પિતા અને સંબંધીઓએ જવા ના પાડી, પણ સુદર્શન શેઠ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. મરણ તો જીવનમાં એકવાર આવવાનું છે. અગર ધર્મના માટે મૃત્યુ આવતું હોય તો એને હું મહોત્સવ માની વધાવી લઈશ. પણ પરમાત્મા મહાવીર દેવના દર્શન અવશ્ય કરીશ. સુદર્શન શેઠને દર્શન કરવા જતા જોઈ લોકો તરહતરહની વાતો કરવા લાગ્યા. આ તો ગાંડો થઈ ગયો છે. કોઈ જાણીને શું મૃત્યુના મુખમાં પ્રવેશવા તૈયાર થાય ! લોકો કહેવા લાગ્યા અરે ભાઈ ! રહેવા દો ! જશો નહિ. આમ ગાંડા ન થાવ પણ સુદર્શન શેઠના દૃઢ નિશ્ચય આગળ કોઈનું ન ચાલ્યું.

તેઓ દરવાજા પાસે પહોંચી ગયા, દરવાનને કહે દરવાન ! દરવાજો ઉઘાડ ? દરવાન કહે શેઠ ! હજુ અર્જુનમાળીએ સાત જણને માર્યા નથી, એટલે હાલ દરવાજો નહિ ઉઘડે પણ

સુદર્શને આગ્રહ કર્યો ત્યારે દરવાનને દરવાજો ઉઘાડવો પડયો. સુદર્શનને દરવાજા બહાર કાઢી તરત જ દરવાને દરવાજો બંધ કર્યો સુદર્શન શેઠ ભગવાન મહાવીરના નામનું સ્મરણ કરતાં કરતાં આગળ વધ્યા. લોકો નગરના કિલ્લા ઉપર ચઢીને જોવા લાગ્યા કે-સુદર્શનનું શું થાય છે. ગયો તો છે પણ એના ચ બૂરા હાલ થવાના છે. શેઠ અર્જુનમાળીની નજીક પહોંચ્યા ત્યાં તો અર્જુનમાળી ભયંકર વિકરાળ રૂપ લઈ કોડા જેવી મોટી આંખોથી ડરાવતો એની નજીક આવ્યો.

લોકોથી આ દૃશ્ય દૂરથી જોયું ન ગયું. લોકો તો પોકાર કરવા લાગ્યા. સુદર્શન શેઠ તે વખતે અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન. સાધુ ભગવંત અને ધર્મનું શરણું સ્વીકારી અનન્ય મને દૃઢ ચિત્તે ધ્યાનમાં લીન બન્યા. અર્જુનમાળી ગદા લઈને કુદીકુદીને એમને મારવા તૈયાર થાય છે, પણ એ સુદર્શન શેઠને મારી ન શકયો. સુદર્શનના તેજથી તે અંજાઈ ગયા. પંચપરમેષ્ઠિની અનેરી શક્તિથી અર્જુનમાળીની ગદા થંભી ગઈ અને એ જમીન ઉપર પટકાઈ ગયો. નિસ્તેજ અને નિશ્ચેષ્ટ બની ગયો, સુદર્શન શેઠના પ્રભાવથી અર્જુનમાળીના શરીરમાં રહેલો યક્ષ ત્યાંથી દૂર સુદૂર ભાગી ગયો. નગરની જનતા ફાટી આંખે કિલ્લા ઉપરથી ટગર ટગર જોઈ રહી છે. સૌને ભારે આશ્ચર્ય થયું. સ્હેજે બોલી જવાયુ વાહરે સુદર્શન!

સુદર્શન શેઠે તેની બરદાસ કરી, અર્જુનમાળીને ભાન આવ્યું. એ બેઠો થયો. તેણે પૂછયું, તમે કોણ છો ? અને અહીં કયાંથી? ત્યારે સુદર્શન શેઠે મધુર વાણીથી તેને જણાવ્યું કે હું ભગવાન મહાવીરના દર્શને જઈ રહ્યો છું. મારૂં નામ

સુદર્શન છે, આ વાકયો સાંભળતાં અર્જુનમાળીએ કહ્યું મને પણ સાથે લઈ જઈ ભગવાનના દર્શન કરાવો. સુદર્શન શેઠે કહ્યું ભલે ચાલો. બન્ને જણા પ્રભુના દર્શને ગયા, ભક્તિભાવ ભર્યા હૈયે ભગવાનને વંદના કરી યથાસ્થાને બેઠા. પ્રભુ મહાવીરની અમોઘ દેશના શ્રવણ કરતાં અર્જુનમાળીના હૈયામાં અનેરો ભાવ જાગ્યો, અને પાપના પશ્ચાત્તાપથી એના અંતરમાં અનોખી વેદના થવા માંડી.

તેને પાપની શુદ્ધિ માટે અને આત્માના ઉદ્ધાર માટે ભગવાન મહાવીર પાસે દીક્ષાની માંગણી કરી. ભગવાને અર્જુનમાળીને દીક્ષા આપી. દીક્ષા લીધા પછી તેણે ઘોર તપશ્ચર્યા આદરી છઠના પારણે છઠ કરવા લાગ્યા. છઠના પારણે નગરમાં ગોચરી લેવા જતા લોકો તેમને કડવા વેણ સંભળાવે છે, ગાળોનો વરસાદ વરસાવે છે, કોઇ થૂંકે છે, કોઇ ઇંટ પત્થર ને લાકડીથી પ્રહાર કરે છે, છતાં ભગવાન મહાવીર દેવની વાણીના અમીપાન કરી નિજના પાપ પખાળવા માટે મુનિ અર્જુનમાળી સમતાભાવ રાખે છે. કોઈના ઉપર લેશ પણ દ્વેષ કે રોષ કરતા નથી. આમ ૧–૨ દિવસ નહિ, મહિનાઓ સુધી અપુર્વ સમતાભાવ રાખે છે. પાપનો પશ્ચાત્તાપ કરે છે અને અંતે તેઓ કેવળજ્ઞાન પામે છે અને નિર્વાણ પામે છે.

આવો અર્જુનમાળી જેવો ભયંકર પાપાત્મા, ક્રૂર અને હિંસક આત્મા પણ તે જ જન્મમાં આરાધનાના બળે, ધર્મના પ્રભાવે સકળ કર્મનો ક્ષય કરી મોક્ષમાં સીધાવે છે. આરાધનાનું આ અપુર્વ ફળ છે. માટે શકય તેટલી આરાધના કરી આપણે પણ જીવનને અજવાળવાનું છે.

## ઇલાચીકુમાર

ઈલાચીકુમાર એક ધનવાન શેઠનો પુત્ર હતો. ખૂબ સંસ્કારી હતો પણ બૂરી સોબતના પરિણામે જ્યાં ત્યાં ભમતા નગર બહાર નૃત્ય કરતી નટડીમાં તે મુગ્ધ બન્યો.

એક નીચ નટડીની ખાતર તેણે ઘરબાર તજ્યા, મા-બાપ તજ્યા, સુખસાહ્યબી ત્યજી અને નટમંડળમાં ભળ્યો. નટ વિદ્યામાં નિપુણ બન્યો. નટડીને પરણવાની ખાતર બેનાતટ નગરના મહીપાળ રાજાના રાજમહેલના ચોકમાં નાટક શરુ કર્યું.

ઉંચા વાંસ ઉપર જાનની જોખમે નૃત્ય કરી રહ્યો છે. ચાર ચાર વાર નૃત્ય કરીને ઇનામ લેવા માટે તેણે રાજાની સમક્ષ હાથ લાંબો કર્યો પણ રાજા ખુદ તે નટડીમાં લુબ્ધ બન્યો હતો, તેથી તે નટને ઈનામ નહોતો આપતો.

રાજાની ભાવના હતી કે નટ નૃત્ય કરતાં વાંસ ઉપરથી પડી જાય અને એનાં પ્રાણ જાય તો નટડી મારી બને. ઇલાચીકુમાર પણ નટડીની ખાતર ઈનામ લેવા પાંચમી વાર વાંસ ઉપર ચઢયો. ત્યાંથી એની નજર એક ત્યાગી અણગાર ઉપર પડી. એક સુંદર નવજવાન શેઠાણી મોદક વ્હોરાવી, વ્હોરાવી કરી રહી છે. મુનિશ્રી ના ના કહી રહ્યા છે.

આ દૃશ્ય વાંસ ઉપરથી નૃત્ય કરતા ઇલાચીકુમારે નિહાળ્યું અને એની ભાવનામાં ગજબ પલટો આવ્યો. ક્યાં આ મહાત્મા અને ક્યાં હું! મારામાં અને આ મહાત્મામાં આસ

માન પાતાળ જેટલું અંતર છે. ધિક્કાર છે મને કે એક નટડી ખાતર સર્વસ્વને ત્યજીને હું આ આવા વાંસ પર જાનની જોખમે નૃત્ય કરવા તૈયાર થયો છું. નૃત્ય કરતાં જરાક ચૂકુ તો મારા હાડકા ખોખરા થઇ જાય અને મારા રામ રમી જાય અને દુર્ગતિ ગામી બનું એ જુદુ.

સામે એક સુંદર નવયૌવના ઉભી હોવા છતાં અને સ્થાન એકાંત હોવા છતાં આ નવયુવાન મુનિ નીચી નજર રાખી નિર્વિકાર દૃષ્ટિથી ઉભા છે. ધન્ય છે આ મહામુનિને અને ધિક્કાર છે મારી જાતને. આ રીતે વાંસ ઉપર નૃત્ય કરતા કરતા પાપનો પશ્ચાત્તાપ કરતા અને સુંદર ભાવનામાં ચઢતાં ઘન ઘાતિ કર્મનો નાશ કરી ઈલાચીકુમાર કેવળજ્ઞાન પામે છે.

એક નીચ નટડીમાં પાગલ બનેલો ઈલાચીકુમાર કેવળજ્ઞાન પામી મોક્ષે સીધાવે, આ કંઈ નાનીસુની વાત છે? આ પ્રતાપ છે આરાધનાનો.

## વ્યાખ્યાન અઢારમું

### એક વિશિષ્ટ પ્રવચન

#### નૂતન વર્ષની મંગળ ભાવના

નૂતન વર્ષના પ્રારંભમાં સૌ કોઇ મંગળ કરે છે. આપણે ત્યાં કાર્યની પૂર્ણાહૂતિમાં ખૂશાલીમાં મંગળ કરવાનું વિધાન છે. જેમ હંમેશા પ્રતિક્રમણમાં સાંજે છ આવશ્યક પૂર્ણ થતાં થતાં નવકારમંત્રનું મંગળ તરીકે સ્મરણ કરવામાં આવે છે, તેમજ પખ્ખીસૂત્રના પ્રારંભમાં "મમ મંગલમરિહંતા સિદ્ધા સાહુ સુંયચ ધમ્મો અ" એ શ્લોક દ્વારા મંગળ કરવામાં આવે છે, તેવી જ રીતે દીપાવલીના દિવસે વર્ષની પૂર્ણાહૂતિ થાય છે. એટલે ભગવાન મહાવીર સ્વામીનો નિર્વાણ મહોત્સવ ઉજવી મંગળ કરીએ છીએ અને નૂતન વર્ષના પ્રારંભમાં પણ કાર્તિક સુદ એકમની વ્હેલી સવારે માંગલિક સંભળાવી મંગળ કરીએ છીએ.

આ પ્રમાણે અવસરે અવસરે મંગળ કરવાનું વિધાન છે. ચાર પ્રકારના મંગળમાં આ મંગળની ભાવ મંગળ તરીકે

ગણુના કરવામાં આવી છે. આ ભાવ મંગળ દ્વારા કલ્યાણની કામના વાળા આત્માઓએ અન્યના કલ્યાણની જ કામના કરવાની છે. અન્યના કલ્યાણમાં આપણું કલ્યાણ તો સુતરાં થાય જ છે.

આજે તો ઘણાઓ મોજશોખ, એશઆરામ, અને અમન ચમન કરવાની, કમાવાની અને કમાઈને ભેગુ કરવાની ભાવના ભાવે છે. મોટા ભાગે આજે લોકો અનિતિ અને અધર્મદ્વારા ભેગુ કરવા માંગે છે. એટલે મંગળના બદલે અપમંગળ થાય છે. મંગળ એ શુભ વસ્તુ છે. ઉંચી વસ્તુ છે પણ સાચી સમજના અભાવે મંગળના બદલે આપણે આપણું જ અપમંગળ કરીએ છીએ.

કાર્તિક સુદ એકમના દિવસે યાને બેસતા વર્ષે શ્રી ગૌતમસ્વામી ભગવાનને કેવળજ્ઞાન થયું, એ વસ્તુની ખૂશાલીમાં આપણે નૂતનવર્ષના પ્રારંભમાં વિશિષ્ઠ મંગળ કરીએ છીએ, ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા તેથી સમસ્ત વિશ્વ ગમગીન બન્યું અને વિષાદના ઘેરા વાદળ છવાયા. એ ખેદમાંથી ઉગારનાર તે ગૌતમસ્વામી ભગવાન.

ગણધર ભગવંત શ્રી ગૌતરસ્વામીના મંગળ નામનું સ્મરણ કરતાં અને તેમના નામનો જાપ જપતાં મંગળ થાય છે. સર્વ કાધનાઓ, અભિલાષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ થાય છે. એ મહાપુરુષ મહાલબ્ધિવંત હતા. એ મહાપુરુષનો હાથ જેમના મસ્તક ઉપર પડતો હતો એ બધાયને કેવળજ્ઞાન થતું હતું. ભગવાન મહાવીર સ્વામીના ચૌદ હજાર સાધુઓમાં ૭૦૦

સાધુ ભગવંતોને કેવળજ્ઞાન થાય છે, જ્યારે ગૌતમસ્વામી ભગવાનના પચાસ હજાર શિષ્યો હતા, એ પચાસ હજાર સાધુઓને કેવળજ્ઞાન થયું હતું.

કાચી બે ઘડીમાં જેમણે દ્વાદશાંગી તથા ચૌદપૂર્વની રચના કરી હતી, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન અને ચાર જ્ઞાનના ધણી હતા. અનુપમ રૂપથી શોભતી સુવર્ણવર્ણી તેજસ્વી એમની કાયા હતી. આવા સમર્થ, અપૂર્વ પ્રભાવશાળી અને મહાન સામર્થ્યવંત હોવા છતાં એમનો વિનય ગુણ ઉચ્ચ કોટિનો હતો. એવા શ્રી ગૌતમસ્વામી ભગવાનને એકમના દિવસે કેવળજ્ઞાન અને કેવળદર્શન થયું હોવાથી એ દિવસ માંગલિક દિવસ તુરીકે ગણાય છે.

આપણે એકમના દિવસની ઉજવણી આજે રવિવારે કરવા ભેગા થયા છીએ. કારણ કે આજે પ્રવૃત્તિ વધી પડી છે. "પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ" એવી વાત છે. નિવૃત્તિમાં આરાધના કરવાની છે પણ નિવૃત્તિમાં પ્રવૃત્તિ વધી પડી છે. રવિવાર એટલે મોજશોખ કરવાનો દિવસ. મળવા જવાનું, મહેમાનો આવે એની આગતા સ્વાગતા કરવાની. સીનેમા જોવા જવાનું, ચોપાટીનું ભેળ ઉડાવવાનું એટલે રજામાં મજા માનવાની પછી ધર્મ કરણીની ફુરસદ કયાંથી મળે? ફુરસદ ન હોવા છતાં બેસતા વર્ષે તો શ્રીફળ લઈને વ્હેલી સવારે પ્રભુના દર્શને દોડી જાવ છો કારણ કે દર્શન કરવા ન જાવ તો વ્હેમ પડે કે આપણું વર્ષ બગડશે. કારણ કે આપણી દૃષ્ટિ સંસાર તરફની છે. એટલે હજી અંતરમાં ધર્મ રૂચ્યો નથી અને સંસાર ખૂંચ્યો નથી. દેવ-ગુરૂ અને ધર્મ એજ

તારક છે, ઉદ્ધારક છે અને જગતમાં એજ સાર છે. આ વાત અને આવી અટલ શ્રદ્ધા જ્યારે આત્માને થાય છે, ત્યારે આત્મા સમકિત દૃષ્ટિ બને છે. અને દેવગુરુનો ઉપદેશ જ્યારે જીવનમાં ઉતરે ત્યારે સમજવું કે તે ક્ષણ. તે ઘડી, તે દિવસ, તે માસ અને વર્ષ ધન્ય બને અને તે ભવ પણ મંગળ બની જાય, ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, વિપદા અને વિઘ્નોને દૂર કરી સુખ, સંપત્તિ અને ઈચ્છાઓને પરિપૂર્ણ કરે છે.

કોઈ પણ ગ્રન્થકાર ગ્રન્થની શરૂઆત કરતા મંગળ કરે છે, તેથી તેનું કાર્ય નિર્વિઘ્ન પરિપૂર્ણ થાય છે. મંગળ ધર્મને પુષ્ટ કરે છે. માટે ધર્મને માનનાર અવશ્ય પ્રસંગે ભાવ મંગળ કરે છે.

## નવકારમંત્ર

નવકારમંત્ર એ પરમ મંગળ છે. જૈનશાસનનો અપૂર્વ મંત્ર છે. ચૌદપૂર્વનો સાર છે. જીવનનો આધાર છે, અને હૈયાનો હાર છે. માટે પ્રત્યેક ઘડી-પળે તેનું સ્મરણ કરો. તન્મય બનીને એકાગ્ર ચિત્તે તેનો જાપ કરો. ખાતા-પીતા, ઉઠતા-બેસતા, સૂતા-જાગતા તેમ જ કોઈ પણ કાર્યનો પ્રારંભ કરતાં, પ્રયાણ કરતાં કે પ્રવેશ કરતા નવકાર મંત્રનું સ્મરણ કરો. અરે જન્મતા બાળકને નવકાર સંભળાવો. મૃત્યુ શય્યામાં પોઢેલાને પણ નવકાર સંભળાવો. કારણકે તે મહામંગળકારી છે. મનને પવિત્ર બનાવે છે, આત્માને શુદ્ધ અને નિર્મળ બનાવે છે અને સર્વ પાપનો નાશ કરી અજરામર પદને અર્પે છે.

## ખારવેલ ચક્રવર્તી

ખારવેલ ચક્રવર્તીની રાજસભામાં પ્રારંભમાં જ નવકાર-મંત્ર દ્વારા મંગળાચરણ કરી રાજ્યના કારભારની શરૂઆત કરવામાં આવતી હતી. એ ખારવેલ ચક્રવર્તીને નવકારમંત્ર ઉપર અપૂર્વ આસ્થા હતી. દૃઢ શ્રદ્ધા હતી અને અપૂર્વ વિશ્વાસ હતો. પાટણમાં સંપ્રતિ રાજાના પછી પુષ્પદંત રાજા રાજ-ગાદી પર આવ્યો હતો. તેણે સંપ્રતિ મહારાજાએ બંધાવેલા જિનમંદિરોને તોડવાનું કામ કર્યું. જૈનો ઉપર એ ભારે ઉપદ્રવ કરવા લાગ્યો. જૈનસંઘને હેરાન કરવામાં બાકી ન રાખી, ત્યારે જૈનોએ કલિંગદેશના મહારાજા ખારવેલ ચક્રવર્તીને આ વાતની જાણ કરવામાં આવી.

એ ખારવેલ ચક્રવર્તી સમકિત દૃષ્ટિ હતા. આજે પણ એ વાતની સાક્ષી પૂરતા શિલાલેખો મળી આવે છે. એ ખારવેલ ચક્રવર્તીએ વિપુલસેના લઇને પુષ્પદંતરાજા ઉપર ચઢાઈ કરી, પરસ્પર ભારે યુદ્ધ થયું અને અંતે પુષ્પદંત હારી ગયો, અને એને પકડીને કેદ કરવામાં આવ્યો.

છેવટે પુષ્પદંતે માફી માંગી. એટલે ખારવેલે તેને માફી આપી મુક્ત કર્યો. મુક્ત કર્યા પછી પણ એણે પુનઃ ઉપદ્રવ કરવા માંડયો. જનતાએ પુનઃ ખારવેલને જાણ કરી અને ફરી-વાર પુષ્પદંત સાથે ખારવેલે લડાઈ કરી. યુદ્ધમાં પુનઃ પુષ્પદંત હારી ગયો, તેને પકડવામાં આવ્યો. તેણે ફરી માફી માંગી અને ખાત્રી આપી કે હવેથી હું ઉપદ્રવ નહિ કરું! ત્યારે ફરીવાર પણ પરમ શ્રાવક ખારવેલે તેને છોડી મૂકયો. જ્યાં

સુધી ખારવેલ હયાત હતો ત્યાં સુધી પુષ્પદંત શાંત રહ્યો હતો. પણ ખેદની વાત છે કે બત્રીશ વર્ષની ઉંમરે ખારવેલ સ્વર્ગે સીધાવી ગયો.

ખારવેલ ચક્રવર્તીનો પુત્ર પણ જૈનધર્મમાં માનનારો હતો પણ ખારવેલ જેવો સમર્થ નહોતો. કહેવાની મતલબ એ છે કે, ખારવેલ ચક્રવર્તી પરમ શ્રાવક હતા. શ્રમણ સંસ્કૃતિના ઉપાસક હતા, એટલે રાજસભાનું કામકાજ શરુ કરતાં પહેલા તેઓ નવકાર મંત્રથી મંગળાચરણ કરતા હતા.

આપણો ઈતિહાસ ઘણો ઉજળો છે. જૈનોએ અને જૈન રાજા-મહારાજાઓએ કોઇનું પણ બુરુ કર્યું નથી. કોઈના ઉપર અન્યાય કર્યો નથી, કોઈના ઉપર અત્યાચાર ગુજાર્યો નથી. ન્યાય ને નીતિ માટે તેમને યુદ્ધો ખેલ્યા છે. નિર્દોષ અને બીન ગુનેગાર માર્યો ન જાય તેનો રીતસર ખ્યાલ રાખવામાં આવતો હતો. ઘોડા ઉપર બેસતી વખતે પૂંજણીથી પૂંજીને બેસતા હતા, અણગળ જળ વાપરતા નહોતા, વ્રતધારી હતા. વર્તમાન યુગના કેટલાક અજ્ઞાન લોકો આ વાતના રહસ્યને જાણ્યા વગર આવા મહાન અહિંસક અને નીતિમાન રાજાઓના માટે પણ યદ્વા તદ્વા બોલતા અચકાતા નથી, તેઓ કહે છે કે જોયું નાના જીવોની રક્ષા કરતા હતા અને મોટા જીવોને યુદ્ધોમાં હણતા હતા. પણ એ બિચારા અજ્ઞાન અને ભોળા માણસોને ખબર નથી કે એ નાના જીવો બીન ગુનેગાર છે અને બીન ગુનેગારને જાણી બુઝીને મારવા નહિ એવી એમની પ્રતિજ્ઞા અને વ્રત હતું. જેથી વ્રતનું ખંડન ન થાય તે માટે તેઓ પૂંજી પ્રમાર્જીને ઘોડા ઉપર બેસતા હતાં અને યુદ્ધમાં તો ગુનેગારની સામે લડવાનું છે, ત્યાં પણ તેઓ નીતિનું ઉલ્લંઘન નહોતાં કરતાં.

સામો માણસ નીચે ઉભો-ઉભો લડે તો તેઓ ઘોડા રથ કે હાથી ઉપરથી નીચે ઉતરીને એની સામે લડતા હતા. શત્રુ નીચે હોય અને એ ઉપર બેસે તો તેમાં તેઓ અનિતી અને અન્યાય સમજતા હતા. શત્રુ પાસે તલવાર, બંદુક યા શસ્ત્રાસ્ત્ર ન હોય તો તેઓ પણ શસ્ત્રાસ્ત્રને દૂર ફગાવી યા શત્રુને તલવાર આદિ શસ્ત્ર આપીને પછી યુદ્ધ કરતા હતા, તેમનું યુદ્ધ અનીતિ અને અત્યાચાર સામે હતું. કયારે પણ જૈન રાજાઓએ નિર્દોષ અને બીન ગુનેગાર ઉપર અનીતિ કે અત્યાચાર કર્યો નથી. આવી હતી આપણી સંસ્કૃતિ, જૈનોએ બુરૂ કરનારનું ય ભલું કર્યું છે. સંસારના સમસ્ત જીવોના સુખની કામના અને ભલાઈની ભાવના ભાવી છે.

"मित्तीमे सव्व भूएसु" शिवमस्तु सर्व जगतः

"सर्वे भद्राणि पश्यन्तु माकश्चित् दुःखभाग् भवेत्" राजाधिपानां शांति र्भवतु

મતલબ જગતના સકળ જીવોના કલ્યાણની કામના, સકળ જીવોના ભલાની ભાવના ભાવી છે. જૈનોના જેવી આવી ઉદાર ઉદાત્ત અને વિશાળ ભાવનાનાં મંગળ દર્શન તમને દુનિયાના પડમાં નહિ જડે.

શ્રી તીર્થંકર દેવના આત્માઓ એમના પૂર્વના ત્રીજા ભવે "સવિ જીવ કરૂં શાસન રસી, ઈસી ભાવ દયા મન ઉલ્લસી"

મતલબ વિશ્વના સકળ જીવોને શાસન રસીયા બનાવવાની ઉદાત્ત, ઉદાર અને સુંદર ભાવના ભાવે છે. આવી ઉચ્ચ ભાવનામાં જ્યારે તેઓ ઉત્કૃષ્ટ રસમાં ચડે છે ત્યારે તીર્થંકર નામકર્મ જેવી ઉત્તમ પ્રકૃતિ નિકાચિત કરે છે.

"શિવમસ્તુ સર્વ જગતઃ" અને "સવિ જીવ કરૂં શાસન રસી" આવી ભાવના જેના દીલમાં ઓછી વત્તી વસી છે એવા જૈનો બીજાને ધર્મના માર્ગે ચઢાવે, જૈન બનાવે તો કેટલા જૈનો વધે પણ માત્ર પોપટના રામ રામ જેવી આવી આપણી ઉપર છલ્લી ભાવના આપણું કલ્યાણ કરી શકે નહિ, તે માટે સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

આજે પ્લેટ ફોર્મ ગજવનારા ઘણા છે પણ અવસરે તન, મન અને ધનથી ભોગ આપનારા કેટલા ? આજની પરિસ્થિતિ તો એટલી બધી પલ્ટો ખાઈ રહી છે કે ન પૂછો વાત. સમગ્ર વિશ્વ, આખા નગર કે ગામની વાત બાજુએ રહી, અરે મહોલ્લાની વાત પણ બાજુએ મૂકો, પોતાના પાડોશીનું ભલુ કરવાની પણ જ્યાં ફુરસદ નથી. ફુરસદ છે પાડોશીનું કાસળ કાઢવાની. અરે એટલા દૂર પણ જવાની જરૂર નથી. પોતાના ઉપકારી માત-પિતા પ્રત્યે, પોતાના વડીલો, બંધુઓ સ્વજન અને સ્નેહીઓ પ્રત્યે પણ કેવી જાતનું વર્તન દાખવીએ છીએ. જો એનું વર્ણન કરવામાં આવે તો હૈયું કંપી ઉઠે. પછી વિચાર કરીએ છીએ કે નવકાર કેમ ફળતો નથી, સિદ્ધચક્રજી કેમ ફળતા નથી! સારુ છે ફળતા નથી નહિતર આપણું હૃદય તપાસે તો તો આપણા બારજ વગાડી દે.

આ તો આપણા દેવ વીતરાગ છે. પૂજક પ્રત્યે પ્રેમ નહિ અને નિંદક પ્રત્યે દ્વેષ નહિ. બાકી જો કોઈ બીજા દેવ આ સ્થળે હોય તો સાફ જ સંભળાવી દે કે કયા મોઢે અહીં તમે આવ્યા છો ? શું જોઇને માંગી રહ્યા છો, જરા તમારૂં હૈયું તો

તપાસો, તમારી કરણી તપાસો અને જરા તમારા વિચાર અને વર્તન તરફ નજર કરો!

જરૂર છે આત્મ નિરીક્ષણની પણ આત્મ નિરીક્ષણ જ કોને કરવું છે. પરદોષ નિરીક્ષણથી જ જ્યાં બૂરી આદત પડી હોય. સ્વદોષ દર્શન તરફ જ્યાં આંખ મીંચામણાં થતા હોય ત્યાં આત્મ વિકાસ, પ્રગતિ, અભ્યુદય અને સર્વોદયની આશા રાખવી એ તો આકાશના તારા ગણવા જેવી વાત છે. જો આપણે આપણો ઉદ્ધાર કરવો હોય! પ્રગતિ કે વિકાસની વાંછા હોય! અભ્યુદય કે સર્વોદયની ભાવના હોય તો આત્મ નિરીક્ષણ કરો. મારામાં કેટલી ઉણપ, ખામી અને તુટિ છે પ્રથમ તેનો વિચાર કરો અને એ ઉણપ, ખામી અને ત્રુટિઓ કેવી રીતે દૂર થાય! તેનો સમ્યગમાર્ગ જાણી, તે દોષોને દૂર કરવા કટિબદ્ધ બનો. જુઓ પછી મોક્ષ કંઈ દૂર નથી. મોક્ષ આપણી નજીક આવશે પણ આ માટે અનાદિની કુટેવને તિલાંજલી આપવી પડશે. પ્રભુ સંમુખ સ્નાત્ર ભણાવતી વખતે આપણે પણ બોલીએ છીએ કે "સવિ જીવ કરૂં શાસન રસી ઈસી ભાવ દયા મન ઉલ્લસી" શું આનો અર્થ આપણે નથી જાણતા!

## દ્રવ્ય દયા અને ભાવદયા

એક મરતા જીવને કોઈ બચાવે તો તમે તેની પ્રશંસા કરશો ભાઈ! તેં સારૂં કામ કર્યું! કસાઈના હાથમાંથી બકરાને છોડાવતા આપણને આનંદ થાય છે કે મેં ઠીક કર્યું કે એક જીવને બચાવ્યો. આને દ્રવ્યદયા કહેવામાં આવે છે.

પણ એક આત્માને ધર્મના માર્ગે ચઢાવવામાં આવે તો

જ્ઞાનીઓ એ કહે છે કે ચૌદરાજ લોકના જીવોને એકવાર અભયદાન આપવામાં જે લાભ સમાયેલો છે તેટલો લાભ એક જીવને ધર્મ પમાડવામાં છે, અને ધર્મના માર્ગે ચઢાવવામાં છે, આ છે ભાવદયા અને પેલી છે દ્રવ્ય દયા. દ્રવ્ય દયા અને ભાવદયામા આસમાન પાતાળ જેટલું અંતર છે. સરસવ અને મેરૂમાં જેટલો તફાવત છે તેટલો ફરક અને તફાવત દ્રવ્યદયા અને ભાવદયામાં રહેલો છે.

પણ આજે દ્રવ્યદયા માટે જેટલી મહેનત અને પરિશ્રમ થાય છે તેટલો ભાવદયા માટે થતો નથી, કારણકે ભાવદયાનું રહસ્ય આપણે સમજ્યા નથી. આજે આત્મા બાહ્યદૃષ્ટિ બન્યો છે. અભ્યંતર દૃષ્ટિ અને સૂક્ષ્મ દૃષ્ટિ રહી નથી. ગતાનુગતિકતા કામ કરી રહી છે. લોકહેરીમાં પડી ગયા છે. વાહવાહ જોઈએ છીએ.

હવે તમને તેનો ખ્યાલ આવશે કે આપણા સદ્‌ગુરુઓ કેવું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે. ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ અને વસ્ત્ર વિહોણાને વસ્ત્ર આપવું એનું નામ છે દ્રવ્યદયા અને એ જ આત્માને ધર્મ માર્ગે વાળવો એનું નામ છે ભાવદયા.

એક ઝવેરી ઝવેરાતનો ધંધો છોડીને મરચું મીઠું વેચવા બેસી જાય તો તમે એને ગમાર કહેશો કે શેઠ! આ શી મૂર્ખાઈ કરી રહ્યા છો. ઝવેરાતના ધંધાની દૃષ્ટિએ મરચાં મીઠાનો ધંધો સામાન્ય ગણાય.

તેવી જ રીતે સાધુ મહાત્માઓ અને સદ્‌ગુરુઓ જનતાને ધર્મ માર્ગે વાળી જગતના ઉપર અસીમ ઉપકાર કરી રહ્યા છે. આ છે ભાવદયા.

તેવી જ રીતે એક આત્માને ઉન્માર્ગે ચડાવવામાં મહાપાપ બતાવવામાં આવ્યું છે. આપણાથી બને તો કોઇને ધર્મ માર્ગે વાળવો પણ આપણા નિમિત્તે યા આપણા દ્વારા કોઈ ઉન્માર્ગે ન ચઢી જાય, ધર્મ વિમુખ ન બની જાય, અધર્મી ન બની જાય એનો પૂરો ખ્યાલ રાખવાનો છે. જે આત્મા ધર્મ પામ્યો નથી, જેને હજી ધર્મ રૂચ્યો નથી અને સંસારના સુખોમાં રાચી માચીને રહે છે એવા આત્માને ભવ ભ્રમણ કરવું પડે છે.

એવા આત્માને ધર્મના માર્ગે ચઢાવવામાં એના અનંતા ભવ કપાઈ જાય. સંસાર પરિમિત બની જાય અને જન્મ જન્મમાં એના દ્વારા જે અસંખ્ય અને અનંત જીવોની હિંસા થવાની હતી તેનાથી તે બચી જાય, ૧૮ પાપસ્થાનકો સેવવાનો હતો તે બધા પાપોથી અને અનંતા ભવોમાં અનંતા જીવોની હિંસા બંધ થઈ. અનંત જન્મ મરણ કરવાનો હતો તેથી તે આત્મા બચી ગયો. આ બધું બનવામાં કારણભૂત ધર્મ પમાડનાર આત્મા બને છે. તમે જરા સૂક્ષ્મદષ્ટિથી વિચારશો તો તમને સમજાશે કે એક આત્માને ધર્મના માર્ગે વાળવામાં કેવો મહાન લાભ સમાયલો છે અને આપણા સદ્‌ગુરુઓ અનેક આત્માઓને ધર્મ માર્ગે વાળવાનો કેવો સ્તુત્ય પ્રયાસ કરી રહ્યા છે અને જગતના જીવો ઉપર કેવો અસીમ અને અસાધારણ ઉપકાર કરી રહ્યા છે.

આવા પંચમ કાળમાં હુંડા અવસર્પિણી જેવા કપરા અને વિષમ કાળમાં પણ આપણા અહોભાગ્ય છે કે આવા સદ્‌ગુરુઓ આપણને "જાગતા રહેજો" ની હાકલ કરી મહામોહની નિદ્રામાં ઘોરી રહેલા, પોઢી રહેલા આત્માઓને જીનવાણીનું પાન કરાવી

આપણને ઢંઢોળી રહ્યા છે, જાગૃત કરી રહ્યા છે અને સન્માર્ગે વાળી રહ્યા છે. આ કંઈ જેવો તેવો ઉપકાર ન ગણાય. આવા સદ્ગુરૂના ઉપકારનો બદલો વાળ્યો વળે નહિ માટે જ ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણામાં ત્રણ જણના ઉપકારનો બદલો વાળ્યો વાળી શકાતો નથી. જીવનભર એમની સેવાશુશ્રૂષા કરો, એના માટે બધુંય સમર્પણ કરી એના ચરણ કમળની ઉપાસના, સેવા અને ભક્તિ કરો તો ય એ ઉપકારીઓના ઉપકારનો બદલો વાળ્યો વાળી શકાતો નથી.

## ધાર્મિક જ્ઞાનની આવશ્યકતા

આ બધી વસ્તુના હાર્દને સમજવા માટે ધાર્મિક જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે.

આજે કેટલાય ગ્રેજ્યુએટો, ડબલ ગ્રેજ્યુએટો B. A., M. A. અને C. A. થયેલા અમારી પાસે આવે છે. ત્યારે અમે એને પૂછીએ છીએ કે ધર્મનું શું ભણ્યા છો ? ત્યારે એ બિચારાઓને જવાબ આપતા શરમાવું પડે છે. કોઇ કહે છે અમને ફુરસદ નથી, કોઈ કહે છે અમને રસ નથી.

પણ જૈન જેવા ઉત્તમ કુળમાં જન્મ્યા પછી પણ દેવદર્શન, ગુરુવંદન કે સામાયિકની વિધિ પણ ન આવડે. જે જૈનો માટે અત્યંત આવશ્યક છે, અહર્નિશ જેની જરૂર પડે છે. આટલી વિધિ શીખવવામાં કંઈ વર્ષોની જરૂર નથી. ચીવટ અને લાગણી હોય અને ધ્યાન દઇને અભ્યાસ કરે તો એના માટે એક મહીનો પૂરતો છે. ધર્મની કંઈક લાગણી હોય તો રજાઓના દિવસોમાં પણ ધાર્મિક અભ્યાસ કરી શકાય છે પણ જ્યાં રજાઓમાં મજા

માણવાની હોય એને બીજા દિવસોમાં સ્કુલ-કોલેજનો બોજો એટલે પછી એ બિચારાઓની સ્થિતિ જંગલના રોઝ જેવી થઈ જાય છે.

## ફુરસદ નથી.

છાપા વાંચવાની, ગપ્પા મારવાની, પત્તા ફીચવાની, બીડી-સીગારેટ પીવાની, જ્યાં ત્યાં રખડવાની સીનેમા-નાટક અને મેચ જોવાની, આડાઅવળા ધંધા કરવાની આ બધા વ્યર્થ-નિરર્થક કાર્યો કરવાની એમને ફુરસદ છે, પણ આત્માને ઉજાળવાની અને ધાર્મિક શિક્ષણ લેવાની ફુરસદ નથી. એ જ વસ્તુ બતાવે છે કે આપણને ધર્મની કિંમત નથી માબાપ તરફથી ધર્મના સંસ્કારો જેને મળ્યા નથી, તેને ધર્મની કિંમત ક્યાંથી હોય! અને જેને ધર્મની કિંમત નથી તેનાથી સદ્ગતિ દૂર ભાગે છે અને દુર્ગતિના દ્વાર તેના માટે સદાના માટે ખૂલ્લા થાય છે.

જેઓ નાની વયમાં ધાર્મિક શિક્ષણ લેતા નથી અને ધર્મનો અભ્યાસ કરતા નથી તેમને મોટી ઉંમરે પારાવાર પશ્ચાત્તાપ કરવો પડે છે.

## માબાપની ફરિયાદ

આજે ઘણા માબાપો ફરિયાદ કરે છે કે છોકરાઓ અમારું માનતા નથી, અમારી સામે થાય છે. પણ એમાં વાંક છોકરાનો છે કે મા બાપનો? એ વિચારવાનું છે. નાની ઉંમરે તમે એમને ખૂબ લાડ લડાવ્યા, પંપાળ્યા અને ધર્મનો અભ્યાસ કરાવ્યો નહિ. સારા સંસ્કારો આપ્યા નહિ, પછી મોટા થતા એનું પરિણામ વિપરીત આવે એ સ્વાભાવિક છે.

માટે જો તમારે તમારા બાળકોને સંસ્કારી બનાવવા હોય વિનયી અને વિવેકી બનાવવા હોય તો તમે એને ગળથુંથીમાં જ સારા સંસ્કાર આપો. ધર્મનું જ્ઞાન આપો પણ કુવામાં હોય તો અવાડામાં આવે ને ? મા-બાપ પોતે જ છેલબટ્ટુક થઈને ફરતા હોય! ધોળા દહાડે ચેનચાળા કરતા હોય! અને વ્યાપારમાં જ રચ્યા પચ્યા હોય ! વારે-તહેવારે પણ "ખાવા બેઠા જપે અને જે આવે તે ખપે" એવી સ્થિતિ હોય, રાતના બાર વાગે પણ ચહા અને ચેવડો ઉડાવતા હોય! સીગારેટ અને ચીરૂટ ફૂંકતા હોય ! તો છોકરાઓમાં કયાંથી સારા સંસ્કાર પડવાના ! બાળકોને સુધારવા માટે પ્રથમ મા બાપે સુધરવાની જરૂર છે.

ઘણા માબાપો કહે છે કે છોકરો શાળા, સ્કૂલ કે કોલેજમાં નહિ જાય તો ખાશે શું ? એનું ગુજરાન કેવી રીતે ચાલશે ? પણ જેના નસીબ કે ભાગ્ય નથી હોતા તેવા ઘણાય B. A., M. A. અને C. A. થએલાઓ અરજી ઉપર અરજી કરીને થાકી જાય છે. એપોઈન્ટમેન્ટ આપે છે. છતાં ય ત્યાંથી નિરાશા મળે છે અને ત્રણ ચોપડી ભણેલાઓ લખપતિ અને કોડોપતિ બને છે. શું આ વાત આપણાથી અજાણી છે? એટલે એકલું ભણતર જ કામયાબ નીવડે છે એવું નથી. સાથે નસીબ ભાગ્ય કે પુણ્ય પણ જોઈએ અને પુણ્ય, નસીબ કે ભાગ્ય એ ઘડાય છે સત્કૃત્યો કરવાથી, દાન, શિયળ તપ અને ભાવ ધર્મની આરાધનાથી, દેવગુરુ અને ધર્મની સેવાથી, દીનદુઃખીના દુઃખ દુર કરવાથી. પણ ધર્મકરણી કરવામાં જ માણસને પ્રમાદ અને આળસ આવે છે. જેનાથી મળે છે, જેનાથી સુખ અને

આબાદ થવાય છે તેનાથી જ દૂર ભાગે છે અને જ્યાં ગુમાવવાનું હોય છે ત્યાં જ તનતોડ પ્રયત્ન કરે છે અને જીવનને બરબાદ કરે છે. પછી દુઃખ, દારિદ્રય આવે ત્યારે રાડો પાડે છે. હાયવોય કરે છે અને દીન બની જાય છે.

## આત્મા અમર છે

આત્મા અમર છે એ વાત આપણે ઉપર ઉપરથી જ બોલીએ છીએ, આપણી શ્રદ્ધામાં જ સડો છે, આત્માને અમર માનનારો આત્માના વિકાસ અને પ્રગતિ માટે કેવો પ્રયત્ન કરે ! પણ ઉંડે ઉંડે આપણને પરલોકની જ શ્રદ્ધા નથી અને પરલોક છે, આત્મા અમર છે, આપણે કરેલા કર્મો આપણને પોતાને જ ભોગવવાના છે. આ માન્યતા જો દૃઢ હોય તો એનું જીવન કેવું આદર્શ અને ઉન્નત હોય !

આ લોક માટે આપણે કેટલી મહેનત કરીએ છીએ. ઘડી પછીનો વિચાર કરીએ છીએ. વર્ષ પછીનો વિચાર કરીએ છીએ, સો વર્ષ ટકે તેવો મજબૂત બંગલો બંધાવીએ છીએ, એટલે ભવિષ્યનો વિચાર નથી કરતા એવું નથી. વિદ્યાર્થીઓ, વ્યાપારીઓ વિ. સૌ કોઇ ભવિષ્યનો વિચાર કરે છે, જીવન નિર્વાહ કેમ કરવો એની યોજના ને પ્લાન ઘડે છે. વિદ્યાર્થીઓ મારે અમુક લાઇન લેવી છે, એનો વિચાર કરી એ લાઈનમાં ઝુકાવે છે, વ્યાપારીઓ મને કયા વ્યાપારમાં કયા સ્થળે, કેવી રીતે લાભ થશે તેનો ખૂબ ખૂબ વિચાર કરે છે. મતલબ દુનિયાના તમામ સજ્ઞાન પ્રાણીઓ પોતાના ભવિષ્યનો વિચાર કરે છે, પણ આ એમનો ટૂંકો વિચાર છે, ટૂંકી દૃષ્ટિ છે.

જે વ્યક્તિ એક જીવનનો વિચાર કરે અને અહીંથી ક્યાં જઈશ? ત્યાં મારી શી દશા થશે? એનો વિચાર ન કરે એ કેટલી મોટી ભૂલ છે માટે કહેવું પડે છે કે-આપણે આત્મા અમર છે. પરલોક છે. વિગેરે વાતો બોલીએ છીએ એ કેવળ પોપટના રામરામ જેવી વાતો છે. એક તરફ પોપટ રામરામ કરે છે અને બીજી તરફ એજ પોપટ રામની તસ્બીર કે મૂર્તિ પર વિષ્ટા કરે છે. પણ એ તો અજ્ઞાન છે. એટલે એમ કરે પણ આપણને બુદ્ધિનો ફાંકો છે. હું આવો છું અને હું તેવો છું એમ વાતવાતમાં ઘમંડ કરનારો-આત્મા છે અને તે અમર છે, પર લોક છે અને પરલોકમાં આત્માને કર્મના ફળ ભોગવવા પડે છે, આમ મુખેથી બોલતા રહીએ અને પાપકર્મો આચરતા રહીએ અને ભવિષ્યનો વિચાર કરતા નથી. માટે કહેવું પડે છે કે આપણી બધી વાતો પોપટના રામરામ જેવી છે.

આ જન્મ માટે જેટલો વિચાર કરીએ છીએ તેટલો વિચાર આવતા જન્મ માટે કરતા નથી. હજારો ખર્ચીને માણસ મોટો બંગલો બંધાવે છે. લેઇટેસ્ટ ડીઝાઈનનું ફરનીચર વસાવે છે, અદ્યતન ઢબના અવનવા સાધનો વસાવે છે, કેટલીક વખત કરજ કરીને પણ સુખના સાધનો વસાવે છે, પણ ભલાને પૂછોને આ બંગલામાં તમે કેટલા વર્ષ રહેવાના? માટે એક ઉર્દૂ કવિ કહે છે કે—

આગાહ અપની મૌતસે, કોઈ બસર નહીં;
સામાન સો વરસકા, પલકી ખબર નહીં.

એક પળની, ઘડી પછીની માણસને ખબર નથી અને સામાન તો એટલો ભેગો કરે છે કે-સો વર્ષ પણ ખૂટે નહીં

પણ દિન દિન આયુ ખૂટે છે, જીવનદોરી પલકમાં તૂટે છે અને મોહરૂપી ચોરો આતમધન લૂંટે છે અને અચાનક પ્રાણ વછૂટે છે. પછી માથા કૂટે ય કામ નહિ આવે. એ પહેલા આત્માને સમજાવો. સમજ સમજ! આત્મા સમજ! જવાનું છે એ ચોક્કસ. હસતા હસતા જાવ કે રોતા રોતા જાવ, પણ ગયા વગર છૂટકો નથી! જયારે અહીંથી અચાનક એક દિવસ જવાનું થશે ત્યારે વિલે મોંઢે જવું પડશે તે પહેલા હે ચેતન! કંઈક ભાથુ બાંધી લે.

પૂ૦ ગુરુદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ એક સજઝાયમાં ફરમાવે છે કે—

રાજા ગયા મહારાજા ગયા ને ગયા છે ઈંદ્ર મોરારી;
અચાનક એક દિવસે ઉપડવું, આવશે તારી પણ વારી.
ભવિક તુમે કરી લ્યો ધરમ હિતકારી.

જેના વગર તને ઘડી ય ચેન પડતું નહોતું તેને છોડીને તારે જવું પડશે, જેને તું ટગર ટગર જોયા જ કરતો હતો એ તારી નજરથી દૂર થશે, બહાર જવા માટે કાર-મોટર વગર તને ચાલતું નહોતું. બત્રીશ શાક અને તેત્રીશ પકવાન્ન આરોગતો હતો. ઠંડીમાં કિંમતી શાલદુશાલા ઓઢીને રાજી થતો હતો, ટયુબ લાઈટના પ્રકાશ વગર, વીજળીના પંખા વગર, ઠંડા પીણાં અને ઉના પીણાં, લહેજતદાર ચહા, સંતરા મોસંબી આદિના ફળરસ, નોકર ચાકર, ફોન, રાચરચીલું વગેરે તારી જરૂરીયાતનો કોઇ પાર નહોતો, પણ જ્યારે તું અહીંથી રવાના થઈશ, ત્યારે તારી શી દશા થશે? અને પરલોકમાં આ બધી સુખ સગવડ વગર તને કેમ ચાલશે? આ બધો વિચાર અહીં કરવાનો છે.

## ઉલટી માન્યતા

તમે ધર્મમાં જે કંઈ ખર્ચ કરો છો તેટલા ઓછા થયા એમ માનો છો અને કંઈ પણ વસ્તુ ખરીદો છો તેને તમે રહ્યા માનો છો. આ જ આપણી મોટી ભૂલ છે. ધર્મ સ્થૂળ દૃષ્ટિએ દેખાતો નથી, પણ એનું ફળ આપણે નજરે જોઇએ છીએ. આ જન્મમાં તમને જે કંઈ મળ્યું છે, કોઈ લખપતિ કોઈ ક્રોડપતિ અને કોઇ કંગાળ-બેહાલ થઇને રખડે છે. આ જ વસ્તુ આપણને બતાવી આપે છે કે-પૂર્વકૃત પુણ્ય અને પાપનું ફળ છે નહિતર બધાની એક સરખી સ્થિતિ હોત!

પણ એમ બનતું નથી. એટલે પૂર્વે તમે દાન આદિ સત્કાર્યો કરી અને સુપાત્રમાં લક્ષ્મીનો વ્યય કરી જે કંઈ પુણ્યનું ઉપાર્જન કર્યું હતું એ પુણ્યની બેંકમાં જમા થયા હતા, એ પુણ્યની બેંકમાં જમા કરાવ્યા હતા. એટલે તમે ચેક લખો ત્યારે તરત જ શીકરે છે. પણ પુણ્યની બેંકમાં જમા કર્યા વગર કોઈ ચેક લખે તો શીકરે ખરો? એટલે ધર્મમાં જે કંઇ ખર્ચ્યું, વાસ્તવમાં તે જ જમા થાય છે અને આ લોક માટે સ્વજન-સ્નેહી માટે કે કુટુંબ માટે જે કંઇ ખર્ચ્યું, વાસ્તવમાં તે ગયું સમજો, પણ ધર્મ શ્રદ્ધાના અભાવે આપણી માન્યતા ઉલટી છે કે-બાગ-બગીચા અને બંગલા માટે ખર્ચ્યા તેને રહ્યા માનીએ છીએ અને સુપાત્રમાં સદ્વ્યય કર્યા તેને ગયા માનીએ છીએ રહ્યા માનતા હોત તો વધારેમાં વધારે લક્ષ્મી પુણ્ય કાર્યમાં જ ખર્ચત. કારણ કે તે જમા થાય છે.

સોનાની પાટમાં નાખ્યા તે રહ્યા નથી પણ ગયા સમજો.

કારણ કે તે સાથે આવવાની નથી. પરલોકમાં એ સોનાની પાટના પૈસા ઉપજવાના નથી પણ પરલોકમાં સાથે આવશે ધર્મ. જેને તમે મૂડી ઓછી થઇ સમજતા હતા તે મૂડી ઓછી થઈ નથી પણ તે તમને પરલોકમાં ચક્રવર્તી વ્યાજ સહિત તો શું પણ અનેક ગણી વધારે મળશે. દેવ-ગુરુ અને ધર્મની સેવામાં, સાધર્મીની ભક્તિમાં ખર્ચેલા પૈસા સાથે આવવાના છે. એ ભક્તિ કરી તમે પુણ્યરૂપી માલ ખરીદ્યો જે માલ તમને નજરે દેખાતો નથી એ પુણ્યરૂપી માલ આત્માની સાથે આવે છે. હીરાનો હાર કે સોનાની પાટ સાથે આવતી નથી. એ બધું તો અહીં જ પડી રહે છે. પરલોકમાં ગામ-નામ, નગર-દેશ, કપડાલત્તા અને પરિવાર બધું જ બદલાઇ જવાનું છે. ફક્ત આત્મા બદલાવાનો નથી. કારણ કે તે અમર છે, અખંડ છે અને અવિનાશી છે.

આજે તમે અહીં એક પાપ કર્યું તે ભોગવવાનું કોને? સો વર્ષે પણ આત્માને જ ભોગવવું પડશે. આ વસ્તુ જ્યારે હૃદયમાં બરાબર ઠસી જાય તો માણસ પાપ કરતા વિચાર કરે. અહીં આપણે સાપથી ડરીએ છીએ તેટલા પાપથી નથી ડરતા પણ સાપ એક જન્મમાં મારે છે અને પાપ તો જન્મ જન્મમાં દુઃખી કરે છે. આવો ખ્યાલ જ્યારે આવે ત્યારે માણસ પાપ કરતા અચકાય, એને પાપ ડંખે, પાપ કરતા ધ્રૂજારી છૂટે, માટે જ સમકિત દૃષ્ટિ આત્મા અનીતિ, દગો કે વિશ્વાસઘાત કરતા અચકાય.

પાર્શ્વનાથ ચરિત્રમાં ગંધાર શ્રાવકનું વર્ણન આવે છે. ચોરને એ વિશ્વાસ હતો કે શ્રાવક દગો ન કરે. ચોરને પણ

ગંધાર શ્રાવક પર વિશ્વાસ હતો. આજે તમારો સગો ભાઈ પણ, અરે તમારી પત્ની પણ તમારો વિશ્વાસ કરતી નથી. ધણી સટ્ટો કરતો હોય અને પૈસા સટ્ટામાં ખોતો હોય ત્યારે ધણીઆણી પોતાની પાસે રહેલી ખાનગી મિલ્કતનો ડબ્બો પિયરમાં મૂકી આવે છે. ભાઈને સુપ્રત કરે છે. ભલે પછી એ ભાઈ પોતે જ ડબ્બો હજમ કરી જાય.

## સાહિત્યની કિંમત નથી.

આ બધી વસ્તુને સમજવા-જાણવા માટે સારા સંસ્કારી સાહિત્યની જરૂર છે, પણ તમને જેટલી પૈસાની પડી છે તેટલી પુસ્તકની પડી નથી. તમને કોઈ ૧૦૦૦ ની નોટ આપે અને બીજી તરફ કોઈ પુસ્તક આપે તો તમે તરત જ ૧૦૦૦ ની નોટ તીજોરીમાં મૂકશો. કારણ કે તમને તેની કિંમત છે અને પુસ્તકને જ્યાં ત્યાં રખડતું મૂકશો. થોડા દિવસમાં કયાં તો તેનું પુંઠું ફાટી ગયું જણાશે તેના કેટલાય પાના ફાટી ગયા હશે! યા ઉધઇ આવી ગઈ હશે! યા પાણી વિગેરેથી પલળી ગયું હશે!

આજે મોટા ભાગે શ્રાવકોના હાથમાં જ્યાં જ્યાં જ્ઞાનભંડારો છે, તેની દશા તમે જોશો તો તમને એનો સંપૂર્ણ ખ્યાલ આવશે. નથી લઈ જનારને દરકાર, નથી સાચવનારને દરકાર, પોતાની વસ્તુને માણસ કેવી સારી રીતે સાચવે છે પણ પરભારી વસ્તુની માણસને આજે કિંમત નથી. તેમાં ઉપાશ્રય-જ્ઞાન-ભંડાર, જિનમંદિર વગેરેના સાધનોની તો ખૂબ જ બેદરકારી રાખીએ છીએ. પોતાના ચરવળા કટાસણા જુઓ અને ઉપાશ્રયના ચરવળા, કટાસણા જુઓ! મંદિરમાં રખાતા પૂજાના ધોતીયા જુઓ અને પોતાના ધોતીયા જુઓ.

શ્રાવકના હસ્તકના પાટણના જ્ઞાનભંડારના કેટલાય પુસ્તકો ત્યાંથી સરસ્વતી નદીમાં પધરાવી દેવા પડયા. ખંભતાના જ્ઞાન-ભંડારોની કેટલીય પ્રતો ખંભાતના અખાતમાં નાંખી દેવી પડી. સાધુ-મહારાજાઓની દેખરેખ નીચે જે જ્ઞાનભંડારો હતા તે સુરક્ષિત અને સુચારૂરૂપે સચવાઇ રહ્યા અને રહે છે. કારણ કે તેઓ પુસ્તકને-પ્રતને પોતાનો સાચો ખજાનો સમજે છે.

## આણાએ ધમ્મો

જૈન શાસનની પ્રણાલિકા અન્યંત ઉત્તમ છે. સામાયક પૌષધ, ઉપવાસાદિ દરેક ધાર્મિક કાર્ય આપણે ગુરુ મહારા-જની આજ્ઞા લઈને કરીએ છીએ. આથી સમજી શકાશે કે-જૈન શાસનમાં સદ્‌ગુરૂનું સ્થાન કેટલું મહત્વનું છે. કોઈ વ્યક્તિને મહીનાના ઉપવાસ કરવા હોય તો ગુરુ મહારાજ આજ્ઞા આપે તો કરી શકાય ! જો ગુરૂ મહારાજ આજ્ઞા ન આપે તો મહી-નાના ઉપવાસ પણ ન કરી શકાય અને કોઈ ઉપરવટ થઇને કરે તો તે આરાધક નહિ પણ વિરાધકની કોટિમાં આવે છે એટલે જૈન શાસનમાં "आणाए धम्मो" આજ્ઞામાં ધર્મ કહેલો છે.

ગુરુની આજ્ઞાથી એક નવકારશી કરનાર તે આરાધક ગણાય છે અને ગુરુ આજ્ઞા વિરુદ્ધ માસખમણની તપશ્ચર્યા આદરનાર પણ વિરાધક ગણાય છે. અરે ! ગુરુ આજ્ઞા વગર નાની સરખી ક્રિયા કરવાનો પણ નિષેધ કરવામાં આવ્યો છે. ખાંસી કે ઉધરસ ખાવી હોય તો તેમાં પણ ગુરુની આજ્ઞા લેવી પડે છે. પણ વારવાર આપણે ખાંસી-ઉધરસ ખાવાની આજ્ઞા

લઇ શકતા નથી તેથી પ્રતિક્રમણ પછી "બહુવેલ સંદિસાહુ અને બહુવેલ કરશું" એ બે આદેશો માંગવામાં આવે છે. શકયની આજ્ઞા માંગવાની છે અને અશકય માટે આ બન્ને આદેશો માંગવાના છે.

જૈન શાસનમાં આજ્ઞાને માન છે, ત્યાં વિનય છે અને ધર્મ વિનયમાં છે.

## વિકૃત સાહિત્ય

આપણી કોઇપણ સંસ્થા કે કોઇપણ કાર્ય જૈન શાસનની પ્રણાલિકા મુજબ સિદ્ધાંતની શૈલી મુજબ થવું જોઇએ. હરેક વસ્તુ વિચાર વિનિમય કરીને બધા મળીને સંગઠ્ઠન અને સંકલનપૂર્વક કરવામાં આવે તો ઓછી મહેનતે થોડા ખર્ચે એનાં રૂડા ફળ આવે, પરિણામ સુંદર આવે, આજે સંગઠ્ઠનના અભાવે "બોડી બામણીના ખેતર" જેવી આપણી પરિસ્થિતિ છે.

ગમે તેવા વક્તાઓ ગમે તેમ બોલે, શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરે, લેખકોનો પણ આજે રાફડો ફાટયો છે. આજે ઘણા લેખકો પોતાની માન્યતા મુજબના વિચારોને સેળભેળ કરીને કલ્પના મુજબ લખાણ લખે રાખે છે. ઇતિહાસને વિકૃત કરી નાંખે છે. આપણા પ્રાચીન મહાપુરુષો અને મહાસતીઓના પવિત્ર જીવન ચરિત્રને શબ્દોની રંગોળી પૂરી, ઓપ આપી, રસદાર બનાવવા માટે શબ્દોના સાથીયા પૂરી અલંકારી ભાષા વાપરી કલ્પનાના ચિત્રે ચિતરી સ્વચ્છંદ રીતે સ્વતંત્રતા પૂર્વક મન ઘડંત રીતે પાત્રોની કલ્પના કરી ચરિત્રોને વિચિત્ર રૂપે ચિતરી ઇતિહાસનું ખૂન કરે છે. કેટલાકો સિદ્ધાંતની બાબતોને

બદલી નાંખે છે. આવા લેખકો ખરેખર સમાજનો, જૈનશાસનનો અને સંઘનો ભયંકર દ્રોહ કરી રહ્યા છે.

કોઇપણ લેખકે લેખો યા પુસ્તકો પ્રગટ કરતા પહેલા સિદ્ધાંતના જાણકાર ગુરુમહારાજને નિરીક્ષણાર્થે-અવલોકનાર્થે મોકલવા જોઇએ જેથી ભૂલે ચૂકે આપણાથી સિદ્ધાંત વિરુદ્ધ શાસ્ત્ર વિરુદ્ધ લખાઇ ગયું હોય તો તેની શુદ્ધિ થઈ જાય અને સુધારો થઈ શકે, અને આપણે મહાપાપથી બચી જઇએ. આપણી ભૂલના કારણે યા અજ્ઞાનતાના કારણે અનેક આત્માઓ ઉન્માર્ગે ચઢી જાય તો તેનો મહાન દોષ આપણને લાગે છે. અને આપણે મહાન પાપના ભાગીદાર બનીએ છીએ.

કદાચ લેખકો જાણી બુઝીને આ વસ્તુ સામે આંખ મીંચામણા કરતા હોય, અને અમે જ હોશિયાર અને ડાહ્યા છીએ એમ ફાંકો રાખતા હોય, એવાઓને આ વસ્તુની પડી ન હોય અને સ્વતંત્ર દૃષ્ટિએ સ્વછંદતા પૂર્વક પોતાની કલમ ચલાવતા હોય તો તેવા લેખકોના પ્રકાશનો ગમે તેટલા રૂપે, રંગે સોહામણા હોય, રસદાર હોય અને વાંચકોના હૈયાને આકર્ષતા હોય તો પણ પોતાની જાતને બચાવવાની ખાતર એવા લેખકોના પુસ્તકો યા લેખો હાથમાં લેવા નહિ અને ભૂલેચૂકે લેવાઇ જાય તો હાથ ધોઈ નાંખવા અને એને અભરાઇએ ચઢાવી દેવા. નહિતર ઉન્માર્ગ પોષાક સંસ્કૃતિ ઘાતક અને શ્રદ્ધા વિઘાતક એવા વિકૃત સાહિત્યના વાંચનથી આત્મા ઉન્માર્ગે ચઢી જશે તો તેને સન્માર્ગે વાળવો ભારે થઈ પડશે. તેથી બહેતર છે કે સ્વેચ્છા પૂર્વક લખનારા આધુનિક લેખકોના લખેલા પુસ્તકોને હાથમાં જ ન લેવા. આ વસ્તુની આપણને

સમજણ ન પડે તો સદ્‌ગુરુની સલાહ લીધા પછી જ પુસ્તક હાથમાં લેવું. જૈનશાસનમાં સિદ્ધાંતની શૈલિ મુજબ પ્રમાણિક પણે લખાયલા લેખો અને પુસ્તકો જ માન્ય થઈ શકે. શાસ્ત્ર વિરુદ્ધ એક અક્ષર, એક શબ્દ, એક વાક્ય કે આખુ પુસ્તક અમાન્ય ઠરે છે, અસ્વીકાર્ય બને છે અને વાંચવા લાયક રહેતું નથી, એ ખાસ ધ્યાન રાખવાનું છે.

## આપણી પાઠશાળાઓ

આપણી ધાર્મિક પાઠશાળાઓ–મુંબઈમાં ધાર્મિક શિક્ષણ સંઘના પ્રયાસથી ઠીકઠીક પ્રગતિ સાધી રહી છે. આપણી પાઠશાળાઓ પણ જૈનશાસનની પ્રણાલિકા મુજબ સિદ્ધાંત મુજબની શૈલિથી ચાલવી જોઇએ. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ધાર્મિક અભ્યાસમાં કેમ વધુ રસ પડે, તેઓ તેના રહસ્યને સમજતા થાય, વિનય, વિવેક, વડીલોની આમન્યા, ધાર્મિક ક્રિયાકાંડની રૂચિ શિસ્ત, સાદાઇ, સદાચાર, નીતિ અને પ્રમાણિકતા આદિ ગુણોનો કેમ વિકાસ થાય, પ્રશ્નોત્તરો દ્વારા વિષયને સમજાવવાની શૈલિ બાળવર્ગ માટે અત્યંત ઉપયોગી થઈ પડશે. ધાર્મિક કેળવણી વગરની કેળવણી આત્મા વગરના શરીર જેવી છે, ખાલી ખોખા જેવી છે, માટે ધાર્મિક જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે. એ સંસ્કારી બાળકો આપણને ભવિષ્યમાં આશીર્વાદ રૂપ નીવડશે.

ધાર્મિક જ્ઞાનને પોપટીયા જ્ઞાન કહી તેના તરફ ઉપેક્ષા રાખવાની નથી. પોપટીયા જ્ઞાન પણ મોટી ઉંમરે અત્યંત ઉપયોગી નીવડે છે. જે બાળકોએ નાની વયમાં પોપટીયાજ્ઞાન યાને ધાર્મિક સૂત્રોને કંઠસ્થ કર્યા નથી હોતા, તેઓ મોટા થતા

ડીગ્રીઓ હાંસલ કર્યા પછી જિનમંદિરે જતા તથા ઉપાશ્રયે ગુરુમહારાજની પાસે જતા અચકાય છે કારણ કે તેમને જિન-મંદિરે શું બોલવું, ગુરુ મહારાજની પાસે કઈ વિધિ કરવી એની જાણકારીના અભાવે તેઓ આવતા અચકાય છે, એજ મહે-રબાનોએ જો નાનીવયમાં ગુરુવંદન વિધિ, ચૈત્યવંદન વિધિ અને સામાયિક આદિ વિધિ કંઠસ્થ કરી હોત તો આવતા અચકાત નહિં. આથી સમજી શકાય છે કે પોપટીયાજ્ઞાન પણ કેટલું ઉપયોગી છે.

બાળવયમાં સમજણ ઓછી હોય છે, તેઓ કંઠસ્થ ઝટ કરી શકે છે અને કંઠસ્થ કર્યા પછી મોટા થતાં તેઓ જરૂર તેના રહસ્યો જાણવા પ્રયત્ન કરશે, બાળકોને રસ પડે અને સારા સંસ્કારો પડે માટે રસદાર અને અસરકારક કથાઓ હળવી શૈલિમા તેમની સમક્ષ રજૂ કરવી જોઈએ, કથાના બ્હાને ઝુંડના ઝુંડ બાળકો વગર પ્રેરણાએ આકર્ષાશે, આ એક ખાસ અનુભવની વાત છે.

વિદ્યાર્થીઓના વધુ વિકાસ અને ઉત્તેજનાર્થે પરીક્ષાઓ યોજાવી જોઈએ અને સારા જેવા પારિતોષિકો વિતીર્ણ કરવા જોઈએ. શાસ્ત્ર શૈલિ મુજબ લખાયેલી નાની નાની કથાઓ રસ-દાર શૈલિમાં જે લખાયલી હોય અને જેના દ્વારા ઉત્તમ સંસ્કારો પડે તેવી ધર્મકથાઓ સારા શ્રદ્ધાળુ લેખકો દ્વારા બાળભોગ્ય ભાષામાં લખાવીને સુંદર ગેટઅપ અને વિવિધ ચિત્રોથી ભર-પુર પુસ્તકો બહાર પાડવા જોઈએ. તેમજ ધાર્મિક શિક્ષકો પ્રત્યે સૌ બહુમાન અને સન્માન દૃષ્ટિ રાખી એમને પણ યોગ્ય ટ્રેનીંગ આપી તૈયાર કરવાની જરૂર છે. સારા શિક્ષકો ત્યારે જ તૈયાર

થાય કે જ્યારે એમને પેટ પૂરતું આનંદથી મળી રહે. આપણે આ બાબતમાં વેઠ ઉતારવા જેવું કરીશું તો એનું પરિણામ હેઠ યાને સામાન્ય જ આવશે. માટે ધાર્મિક શિક્ષકોને આર્થિક દૃષ્ટિએ પૂર્ણ સંતોષ થાય તેવી યોજના ઘડવી જોઇએ.

એમને એમના દરજ્જાની મુજબ માન મળવું જોઇએ. એમને નોકરની શ્રેણિમાં ગણવામાં આવે તો નોકર જેવું જ કામ થાય પણ ધાર્મિક શિક્ષકોને વિદ્યાગુરુ તરીકેના માનવંતા બિરુદથી નવાજવા જોઇએ.

આ રીતે ધાર્મિક પાઠશાળાઓના વિકાસ માટે સાંગોપાંગ વિચાર વિનિમય કરી તે માટે યોગ્ય અને ઘટતું કરવામાં આવે એ અત્યંત આવશ્યક છે. કોઈપણ વસ્તુને સર્વાંગ સુંદર બનાવવી હોય તો પ્રથમ વિચારધારા સર્વાંગ સુંદર હોવી જોઇએ તો જ તેનું ધાર્યું પરિણામ આવી શકે.

આ પ્રમાણે આપણે આજના મંગળ પ્રવચનમાં અનેક મંગળ વાતોને ચર્ચી વિવિધ દૃષ્ટિ બિંદુ દ્વારા માર્ગદર્શન આપી સૌના ભલાની દૃષ્ટિ રાખી, સૌના મંગળની કામના કરી આજનું આ પ્રવચન સમાપ્ત કરીશું.

## 卐 વ્યાખ્યાન ઓગણીસમું. 卐

### ફળમાં ફરક કેમ ?

પરમાત્માની પૂજા ભક્તિ કરનારા સંખ્યાબંધ આત્માઓ હોય છે, પણ બધાને ફળ સરખું મળતું નથી. કારણ કે સૌના ભાવ સરખા હોતા નથી. સોની ભક્તિ સરખી હોતી નથી, સૌના ભાવ જુદા હોય છે. સૌના અધ્યવસાયોમાં ફરક હોય છે. સૌની લાગણી અને ભક્તિમાં ફરક હોય છે. સૌના રસમાં અને ઉલ્લાસમાં આસમાન પાતાળ જેટલું અંતર હોય છે. નાગકેતુએ ભગવાનની પૂજા કરતા ભાવનામાં ચઢતા કેવળજ્ઞાન મેળવ્યું. આપણા એવા ભાવ અને એવા અધ્યવસાય હોતા નથી, એટલે આપણને એવું ફળ મળતું નથી.

બીલાડી એ જ મુખથી અને એ જ દાંતથી પોતાના બચ્ચાને પકડે છે અને એ જ મુખથી ઉંદરડાને પકડે છે. પકડવાની ક્રિયા એક સરખી હોવા છતાં બન્નેનાં ભાવમાં આસમાન પાતાળ જેટલું અંતર છે. બીલાડી પોતાના બચ્ચાને વ્હાલથી અને વાત્સલ્યભાવથી પકડે છે, જ્યારે તે ઉંદરડાને મારી નાંખવાની અને એને હોઇયા કરી જવાની ભાવનાથી પકડે છે.

પરમાત્મા તો સૌના માટે સરખા છે. ગુરુ મહારાજની વાતમાં તો તમે તરત જ બોલી ઉઠશો કે–અમુક ગુરુ જુદા અને અમુક ગુરુ જુદા, અમુક ગુરુ ત્યાગી અને તપસ્વી અને અમુક ગુરુ એવા ત્યાગી અને તપસ્વી નથી એટલે એમની સેવા ભક્તિમાં ફરક પડે, પણ એ વાત બરાબર નથી.

શાલિભદ્રના જીવે પૂર્વભવે ગોવાળીયાના ભવમાં સાધુ મહારાજને ખીર વહોરાવી. તેના પ્રભાવે બીજા ભવમાં તેઓ શાલિભદ્ર બન્યા અને અઢળક સંપત્તિ પામ્યા. એ જ મુનિ-રાજને શું બીજા કોઈ ભાવિકે ગોચરી નહિ વહોરાવી હોય! એવું તો બને જ નહિ! એ મુનિરાજને વહોરાવનારા ઘણા ય ભાવિકો હશે! છતાં એ બધા વહોરાવનારામાં ફક્ત શાલિભ-દ્રના આત્માને જ–ગોવાળીઆને આવું અપૂર્વ ફળ મળ્યું અને બીજાને કેમ ન મળ્યું? એનું શું કારણ?

બારીક દૃષ્ટિથી આ વસ્તુનો વિચાર કરશો તો તમને ખબર પડશે કે–મુનિ તો એના એ હતા, છતાં ફળમાં આટલું મોટું અંતર કેમ પડયું? કહેવું જ પડશે કે–બધાના પરિણામમાં, ભાવમાં, ભાવનામાં, અધ્યવસાયમાં, ઉલ્લાસ અને રસમાં ફરક હતો માટે જ ફળમાં ફરક પડયો.

આંખનો એ સ્વભાવ છે કે એ બહારની વસ્તુને જુએ છે પણ પોતાની આંખમાં રહેલા કણ કે કસ્તરને તે જોઈ શકતી નથી. તેવી જ રીતે આપણે પણ બીજા તરફ દૃષ્ટિ કરીએ છીએ. બીજાના ઉપર તરતજ દોષનો ટોપલો ઓઢાડીએ છીએ. આ આપણી બહિર્મુખ દૃષ્ટિના કારણે જ આત્મા અનાદિ કાળથી આ સંસા·

રમાં આથડી રહ્યો છે. આત્માએ અંતર્મુખ બનવાની જરૂર છે. આત્મ નિરીક્ષણ કરવાની જરૂર છે, પરદોષ દર્શનની ટેવને ભૂલી, સ્વદોષ દર્શનની ટેવ પાડવાની છે. આત્મા જ્યારે આત્મ સંમુખ બનશે અંતર્મુખ બનશે ત્યારે તેનો ઉદ્ધાર, વિકાસ અભ્યુદય કે પ્રગતિ થતાં વાર નહિ લાગે.

રોજ તમે ફક્ત પાંચ મિનિટનો સમય કાઢી એકાંતમાં બેસી જાવ અને શાંત ચિત્તે તમે તમારા આત્માનું નિરિક્ષણ કરો કે હું કેવો છું? મારામાં કેટલા દોષ ભરેલા છે? મારી પ્રગતિ કેમ રૂંધાઈ ગઈ? આટઆટલો તપ-જપ અને ત્યાગ કેળવવા છતાં મરા કષાયો પાતળા પડ્યા કે નહિ? આટલું ચિંતન–મનન અને નિદિધ્યાસન કરશો તો સ્વલ્પ કાળમાં જ તમે સિદ્ધિ-સોપાનને ચઢી શકશો.

પરમાત્મા તો વીતરાગ છે, અનંતગુણના ભંડાર છે. રાગ-દ્વેષનો જ્યાં લેશ પણ નથી, કશી જ ખામી કે ઉણપ નથી, એવા વીતરાગ પરમાત્માની પૂજા-ભક્તિ કરનારા ઘણા હોય છે પણ બધાને સરખું ફળ મળતું નથી. એનું મુખ્ય કારણ એજ છે કે સૌની ભાવનામાં અને અધ્યવસાયમાં તારતમ્યતા હોય છે. સૌના દીલમાં ફરક છે. માટે જ કહ્યું છે કે—

"यादृशी भावना यस्य फलं भवति तादृशं"

મતલબ જેની જેવી ભાવના હોય છે તેવું તેને ફળ મળે છે.

એક ભાવિક આત્મા સાધર્મિવાત્સલ્ય કરે છે અને બીજા ભાઇ જ્ઞાતીનો જમણવાર કરે છે. જમનારા એના એ જ ભાઇઓ હોય છે છતાં ભાવનાના ફરકના કારણે એકને સાધર્મિ ભક્તિનો

લાભ મળે છે અને પુણ્યાનુબંધી પુણ્યનો બંધ પડે છે. જ્યારે બીજાને જ્ઞાતીભાઈઓને જમાડવામાં તેવો લાભ મળતો નથી. અહીંઆ વ્યવહાર દૃષ્ટિ છે. સંસાર વ્યવહારમાં અને ધાર્મિક દૃષ્ટિમાં મોટો ફરક છે.

ક્રિયા અને વિધિના ફરકના કારણે પણ ફળમાં મોટું અંતર પડે છે.

જે સમયે જે ક્રિયા કરવાનું શાસ્ત્રોમાં વિધાન છે. એ સમયે એ ક્રિયા ન આચરતા સમય અને કાળનું ઉલ્લંઘન કરીને ક્રિયા કરવામાં આવે તો તેમાં દોષ લાગે છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે—

कालेण निक्खमे भिक्खु कालेण य पडिक्कमे ।
अकालं विवज्जिज्जा काले कालं समायरे उ० सू०

જે કાળે જે ક્રિયા કરવાનું વિધાન છે તે કાળે તે ક્રિયા કરવામાં મહાન લાભ સમાયેલો છે ખેડુત ચોમાસાના વખતે ખેતી કરે નહિ અને વર્ષાકાળ વહી ગયા પછી ખેતર ખેડવા તૈયાર થાય તો શું તેનું કાર્ય સિદ્ધ થાય ખરું ?

कालंमि कीरमाणं किसीकम्मं बहुफलं भणियं ।
इअ सव्वच्चिअ किरीया, नियनियकालंमि कायव्वा ॥

તેવી જ રીતે ક્રિયા કરતા વિધિનું ઉલ્લંઘન કરી અવિધિથી ક્રિયા કરવામાં આવે તો તેના ફળમાં પણ મોટો ફરક પડે છે. જેમકે શેર દુધમા એના માપની જ સક્કર–ખાંડ નાંખવામાં આવે તો તે દુધ ગળ્યું થાય છે પણ ચપટી સાકર નાંખે તો તે દુધ મીઠું થતું નથી, શાક–દાળમાં મરચું–મીઠું માપસર

નાંખવામાં આવે છે તો જ ભોજન કરનારાઓને આનંદ આવે છે, તેમ જ્યાં જે વિધિ આચરવાની કહી છે તે વિધિનું ઉલ્લંઘન કરી ક્રિયા કરવામાં આવે તો તે ફળમાં મોટો ફરક પડે છે.

आसन्न सिद्धि आणं विहि परिणामो होइ सयकालं ।
विहिचाउ अविहि भत्तो, अभव्व जिअ दूर भव्वाणं ॥

જે આત્માઓ અલ્પકાળમા મુક્તિએ જવાના હોય છે, એવા ઉત્તમ આત્માઓને જ હંમેશા વિધિ મુજબ ક્રિયાકાંડ કરવાની ભાવના થાય છે. અભવ્યો તથા દુર્ભવી આત્માઓ મોટા ભાગે વિધિનો ત્યાગ કરે છે. વિધિ પ્રત્યે દુર્લક્ષ્ય રાખે છે અને અવિધિનું સેવન કરે છે.

એક તરફ ધર્મક્રિયા કરે, તપ-જપ અને ધ્યાન કરે અને બીજી તરફ સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની નિંદા-કુથલીમાં પડી જાય, ટીકા-ટીપ્પણમાં પડી જાય, ઇર્ષ્યા-અસૂયા કરે તો ય તે ક્રિયાનું ફળ હારી જાય છે.

જો કે ધર્મક્રિયાનું ફળ મળ્યા વગર રહેતું નથી. ધર્મક્રિયા ક્યારે ય નકામી કે નિષ્ફળ જતી નથી પણ લાભમાં મોટો ટોટો પડે છે. જેમ કે-એક વ્યાપારીને અમુક વ્યાપારમાં લાખ રૂપીયા મળવાના હતા પણ તેની ગફલતના કારણે યા બેદરકારીના કારણે ફક્ત ૫૦-૧૦૦ રૂા. મળ્યા. બોલો કેટલો મોટો ટોટો પડયો ? પણ તેની તેને ખબર નથી. એ તો સમજે છે કે નુકશાન તો થયું નથી ને ! ૫૦-૧૦૦ મળ્યા છે ને ! પણ એને ખબર નથી કે-જો મેં બેદરકારી યા ભૂલ ન કરી હોત તો ઘણો મોટો લાભ મળવાનો હતો એનાથી હું વંચિત રહ્યો.

તેવી જ રીતે જે ધર્મકરણી દ્વારા અને જે શુભ અનુષ્ઠાનો દ્વારા મહાન ફળ મળવાનું હતું પણ અવિધિ દોષના કારણે, બેદરકારીના કારણે કાળનું ઉલ્લંઘન કરીને ધર્મક્રિયા કરવાના કારણે રસ અને ઉલ્લાસ વગર-ભાવ વગર ઉપરછલ્લી દૃષ્ટિએ, ગતાનુગતિકાજે અને સમજ્યા વગર ક્રિયા કરવાથી ફળમાં મોટો ફરક પડે છે.

તેમ જ આ અપૂર્વ ધર્મક્રિયા દ્વારા મોક્ષ રૂપ મહાન ફળની અભિલાષા ન રાખતા કેટલાક આત્માઓ દુન્યવી સુખની અભિલાષાથી આ લોક અને પરલોકના સુખની કામનાથી, દુન્યવી ફળની ઇચ્છા, આકાંક્ષા કરી ધર્મ ક્રિયાને મલીન કરી નાંખે છે પણ એને ખબર નથી કે એક કાચના ટુકડાની ખાતર ચિંતામણી રત્નને હારી જવા જેવી આ મહામૂર્ખાઇ છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીના આત્માએ સંભૂતિમુનિના ભવમાં ચારિત્રની સુંદર આરાધના કરી પણ અંતે નિયાણું કર્યું. જેથી એ નિયાણાના પરિણામે તેઓ ચક્રવર્તીની ઋદ્ધિ સિદ્ધિ પામ્યા. પણ એમાં અત્યંત આસક્ત થવાથી એ બ્રહ્મદત્ત ચક્રવર્તી ત્યાંથી કાળ કરી સાતમી નારકીએ પહોંચી જાય છે.

પુણ્યાનુબંધી પુણ્યમાં અને પાપાનુબંધી પુણ્યમાં ઘણું મોટું અંતર છે; શાલિભદ્રને પુણ્યાનુબંધી પુણ્યથી અઢળક લક્ષ્મી મળી છતાં એમા તેઓ આસક્ત થયા નહિ. એનો ત્યાગ કરતા એમને વાર ન લાગી. જ્યારે પાપાનુબંધી પુણ્યના પરિણામે મેળવેલી લક્ષ્મીમાં માણસ આસક્ત બને છે અને પરિણામે દુર્ગતિના ઘોર દુઃખો પામે છે. આ દૃષ્ટિએ જ શાસ્ત્ર-

કારોએ પુણ્યાનુબંધી પુણ્યને પણ કથંચિત્ ઉપાદેય તરીકે ગણ્યું છે. આ લોક કે પરલોકના સુખની આશંસા વિનાની ધર્મકરણી એકાંતે મહાન લાભદાયક નીવડે છે. દિલપૂર્વક, રસપૂર્વક, ભાવપૂર્વક, પ્રેમપૂર્વક અને આશંસા દોષ રહિત કરેલી ધર્મક્રિયા એ ભાવક્રિયામાં ગણાય છે અને એનું મહાન ફળ આત્માને મળે છે.

મહાન જ્યોતિર્ધર શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ કલ્યાણમંદિર સ્તોત્રમાં એ જ વાત જણાવે છે કે—

आकर्णितोऽपि महितोऽपि निरिक्षीतोऽपि नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्र यस्मात् क्रिया प्रतिफलन्ति न भावशून्याः

હે જનબાંધવ ! હે દેવાધિદેવ ! મેં તમને સાંભળ્યા છે, પૂજ્યાં છે, સ્તવ્યા છે અને તમને નિહાળ્યા છે. છતાં મારી આ દુર્દશા થવાનું કારણ મેં એ બધી સ્તવન–પૂજન, દર્શન અને શ્રવણની તમામ ક્રિયા ભાવ વગર કરી અને ભાવ વગરની ક્રિયા ફળ ન આપે એ સ્વભાવિક છે,

માટે જ જ્ઞાનીઓ કહે છે કે–"ક્રિયા એ કર્મ પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ" ક્રિયા વડે કર્મ બંધાય છે, પરિણામ પ્રમાણે કર્મનો બંધ થાય છે અને ઉપયોગ હોય તો ધર્મ થાય છે. એટલે શુભ ફળ કે અશુભ ફળ, મજબુત કે ઢીલો બંધ સ્થિતિ અને રસમા મુખ્ય ભાગ ભજવે છે. ઉપયોગ વગરની ચિત્ત શૂન્યપણે કરેલી ક્રિયા એ ભાવક્રિયામાં ન ખપતાં દ્રવ્યક્રિયામાં ખપે છે. અનુયોગ દ્વાર સૂત્રમાં ભાવાશ્યકના વર્ણનમાં સૂત્રકાર ફરમાવે છે કે—

से किं तं आगम तो भावावस्सयं।
जाणए उवउत्ते से तं भावावस्सयं ॥

મતલબ જ્ઞાનપૂર્વક અને ઉપયોગપૂર્વક કરેલ આવશ્યક એ ભાવ આવશ્યકમાં ગણાય છે અને ઉપયોગ શૂન્ય દ્રવ્ય આવશ્યકમાં ગણાય છે. તેવી જ રીતે તમામ ધર્મક્રિયાઓમાં સમજવાનું છે.

એક જ મુનિની એક જ પ્રકારની સેવા કરનારા ત્રણ મિત્રો જુદા જુદા પરિણામ-ભાવના કારણે ભાવમાં ફરક પડવાથી ફળમાં કેટલો મોટો ફરક અને અંતર પડે છે, તે વાતનો ત્રણ મિત્રોની કથાથી અને પુણ્ય ઢય રાજાના વર્ણનથી આપણને ખ્યાલ આવશે

## પુણ્યાઢયરાજાની કથા

ધનધાન્યથી સમૃદ્ધ એવું લક્ષ્મીપુર નામનું નગર હતું. આ નગરમાં જ્ઞાતિના ક્ષત્રિય રામ, વામન અને સંગ્રામ નામના ત્રણ મિત્રો રહેતા હતા, પરસ્પર સૌને ગાઢ પ્રીતિ હતી, એક બીજાનો વિરહ સહન કરવા સૌ અસમર્થ હતા. એકદા આ ત્રણે મિત્રો ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયા, ત્યાં તેમણે કાઉસગ્ગ ધ્યાનમાં ઉભેલા એક મહામુનિને નિહાળ્યા. નિરખતાં જ સૌએ ભાવપૂર્વક મુનિશ્રીને પ્રણામ કર્યા.

તે વખતે વામનની નજર મુનિશ્રીની આંખ ઉપર પડી અને વામનના જાણવામાં આવ્યું કે મુનિશ્રીની આંખમાં કણુ, કસ્તર યા કાંટો પડયો લાગે છે! વામને રામ અને સંગ્રામને

વાત કરી કે જુઓ મિત્રો! મુનિશ્રીની આંખમાંથી પાણી ટપકી રહ્યું છે. જરૂર પવનથી ઉડીને મુનિશ્રીની આંખમાં કંઇક પડ્યું લાગે છે. બારીકાઇથી જોતાં તેમને લાગ્યું કે મુનિશ્રીની આંખમાં કાંટો પડયો છે.

મુનિશ્રી તો નિસ્પૃહ છે, એમને શરીર પર મમત્વ નથી, એ તો સમતા ભાવથી આ વેદના સહન કરે છે, અને આંખમાં પડેલ કાંટો પણ કાઢતા નથી, પણ આપણે આ સેવાનો લાભ લઇ જીવનને કૃતાર્થ કરીએ! પણ વામન ઠીંગણો હતો, એણે વિચાર્યું કે મારો હાથ તો મુનિશ્રીની આંખ સુધી પહોંચી શકે તેમ નથી ત્યારે રામે કહ્યું વામન! તું ખેદ ન કર, હું ઘોડી બનું છું, જેથી તું મારા ઉપર ચઢી જા અને મુનિશ્રીની આંખમાંથી કાંટો કાઢી નાંખ! ત્યારે સંગ્રામે કહ્યું અરે વામન મારા હાથના ટેકાથી તું સ્થિર થા અને કાંટો કાઢી નાખ! તરત જ રામ ઘોડી બન્યો, સંગ્રામે ટેકો આપ્યો અને વામન કાંટો કાઢવા તૈયાર થયો.

વામને ચતુરાઇથી મુનિશ્રીની આંખમાંથી કાંટો કાઢી નાંખ્યો, જેથી મુનિશ્રી વેદના મુક્ત થયા, વામને જ્યારે મુનિશ્રીની આંખમાંથી શરીરનો સંકોચ કરી કાંટો કાઢયો તો ખરો પણ એણે મનમાં વિચાર્યું કે આ સાધુ મહારાજ કેવા મલીન છે એમ ઘૃણા કરી અને તે વખતે તેણે ગોત્ર મદ પણ કર્યો કે આપણા જેવા ક્ષત્રિયો સિવાય આવા ઉપકારનું મહાન કાર્ય બીજા કોણ કરી શકે! એટલે તે વખતે તેણે નીચકુળમાં ઉત્પન્ન થવાનું અને ભવિષ્યમાં પાંગળા બનવાનું કર્મ બાંધી લીધું.

મુનિશ્રી વેદના મુક્ત બન્યા. સૌને અત્યંત આનંદ થયો.

મુનિશ્રીને પ્રણામ કરી કૃત કૃત્યતાનો અનુભવ કરતા અને આનંદ પ્રમોદ કરતાં ત્યાંથી વિદાય લીધી. માર્ગમા જતાં જતાં વામને કહ્યું કે મિત્રો ! જે મુનિરાજની સેવા–ભક્તિથી આપણુને અહીં પણ પ્રસન્નતા અનુભવી અને અપૂર્વ આનંદ અનુભવ્યો તો ભવિષ્યમાં તો આ સેવાનું કેવું સુંદર અને મહાન ફળ મળશે !

આ પ્રમાણે જ્યારે વામને વાત કરી ત્યારે રામે હસતા હસતા મશ્કરીમાં કહ્યું અરે ભાઈ ! ભવષ્યિની વાત તો દૂર રહી પણ મને તો અહીં તત્કાળ ફળ મળ્યું અને હું પશુ બન્યો ત્યારે સંગ્રામે જરા ડહાપણભરી વાત કરી મિત્ર ! આમ ન બોલ, આ પ્રમાણે મશ્કરી કરવાથી પુણ્યના ફળમાં કસર પડે છે. ફળમાં ફરક પડે છે. આપણે મુનિરાજને નિષ્કંટક કર્યા એટલે આપણુને ભવિષ્યમાં નિષ્કંટક રાજ્ય મળશે, ત્યારે વામન બોલ્યો મિત્ર ! તારી વાત સાચી છે. આ સાધુ સેવાનું ફળ મહાન અને અપરિમિત મળશે, એમાં શંકા નથી, આ પ્રમાણે ત્રણે મિત્રો પરસ્પર પ્રીતિપૂર્વક વાતો કરતા અને પુનઃ પુનઃ સાધુ સેવાની અનુમોદના કરતા પોતાના નિવાસ સ્થાને પહોંચ્યા.

આ ત્રણે મિત્રોમાં રામે મશ્કરીથી કહ્યું હતું કે મને તો સાધુ સેવાનું તત્કાળ ફળ મળ્યું અને હું પશુ થયો, એ રામ અહીંથી કાળ કરી હાસ્યોક્તિના કર્મથી હાથીપણે પેદા થાય છે, પણ સાધુની સેવા કરી હતી એ પુણ્યના પ્રભાવથી એ અવધિજ્ઞાન યુક્ત બહુ પુણ્યશાળી હાથી થયો, સંગ્રામે કહ્યું હતું કે–મુનિશ્રીની આંખ નિષ્કંટક કરવાથી નિષ્કંટક રાજ્ય મળશે તેથી બીજા ભવે તે પદ્મપુર નગરનો રાજા થયો, પૂર્વભવની

મૈત્રીના કારણે અવધિજ્ઞાની ગજરાજે તપનરાજા પાસે આવીને બોધ પમાડ્યો અને વામનને ગોત્રમદ અને મુનિશ્રીના મલીન અંગોપાંગ નિહાળી ઘૃણા કરી હતી તેથી તે બીજા ભવમાં વામન બન્યો.

રામનો આત્મા હાથી બન્યો છે. જેણે મશ્કરીમાં કહ્યું હતું કે મને તત્કાળ ફળ મળ્યું અને હું પશુ બન્યો તે જ રામ એ કર્મના પ્રભાવે હસ્તિરત્ન બન્યો છે એ જ હસ્તિરત્નને લઈને ધનાવહ શ્રેષ્ઠી પદ્મપુર નગરમાં તપન રાજાની રાજસભામાં આવે છે. ધનાવહ શ્રેષ્ઠીએ કહ્યું રાજન્! આ ગજરાજ અનેક લક્ષણોથી યુક્ત છે. હાથીના લક્ષણોના જ્ઞાનમાં નિષ્ણાંત મહાનુભાવોનું કહેવું છે, કે–મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે જ આવા પુણ્યશાળી અને શ્રેષ્ઠ હસ્તિરત્નની પ્રાપ્તિ થાય છે.

હાથીની આવી અદ્‌ભૂત કથા સાંભળી રાજા તપન સિંહાસનથી ઉભો થાય છે અને ગજરાજની સંમુખ જાય છે. તપન રાજાને જોતાં જ મેઘાડંબરને નિહાળી મયૂર જેમ નૃત્ય કરવા મંડી પડે તેમ આ હસ્તિરત્ન પણ તપન રાજાને નિહાળી અત્યંત પ્રમુદિત બની મેઘમંજુલ ધ્વનિથી ગર્જારવ કરવા લાગ્યો.

આ હસ્તિરત્નને નિહાળતાં જ તપન રાજાના રોમાંચ ખડા થઈ ગયા. અત્યંત પ્રમુદિત બનેલા નૃપતિ હાથીના અંગોપાંગ નિહાળી અને મનમાં વિચારે છે કે સાચે જ આ હસ્તિરત્ન અનેક શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત છે. ભાગ્યોદય હોય ત્યારે જ આવા પુણ્યશાળી હસ્તિરત્નની પ્રાપ્તિ થાય છે.

ત્યાર બાદ તપન રાજા અત્યંત ખૂશી થઈ હાથીને લાવનાર ધનાવહ શ્રેષ્ઠીનું ખૂબ સન્માન કરે છે.

આ હસ્તિરત્નની પરીક્ષા માટે રાજા તપન તેના જાણકારોને આમંત્રે છે. હસ્તિના લક્ષણ શાસ્ત્રના નિષ્ણાતો આ હસ્તિરત્નને નિહાળતાં જ ડોલી ઉઠે છે એમના રોમાંચ ખડા થઈ જાય છે, અને અત્યંત પ્રસન્ન થઈ મહારાજા તપનને જણાવે છે કે રાજન્ ! શાસ્ત્રના કથન મુજબ આ હાથી અત્યંત લક્ષણ યુક્ત સૌમ્ય અને નિર્દોષ છે, આવુ હસ્તિરત્ન આજ સુધી અમારા જોવામાં આવ્યું નથી. અમે પ્રથમવાર જ આવા શ્રેષ્ઠ હસ્તિરત્નને નિહાળી રહ્યા છીએ. આવો ગજરાજ ભાગ્યશાળીને પ્રાપ્ત થાય છે. તે ખરે જ ધન્યવાદને પાત્ર બને છે જે રાજાને પ્રાપ્ત થાય છે તેના શત્રુઓનો સંહાર થાય છે અને એ રાજા-રાજાઓના રાજા યાને રાજાધિરાજ બને છે.

જે દેશમાં આ હસ્તિરત્ન હોય છે તે દેશ સુખી અને સમૃદ્ધ બને છે અને એને કોઇનો ભય રહેતો નથી, રાજન્ ! વધુ શું કહીએ. આ હસ્તિરત્નનું મૂલ્યાંકન થઈ શકે તેમ નથી માટે ધનાવહ શ્રેષ્ઠી આ હસ્તિરત્નનું જે મૂલ્ય માગે તે આપી તેમને પ્રસન્ન કરો.

મહારાજાએ ધનાવહ શ્રેષ્ઠીને સપ્રેમ પૂછ્યું, કે હે શ્રેષ્ઠીવર્ય ! બોલો શું મૂલ્ય આપું ? ધનાવહ શ્રેષ્ઠીએ મહારાજાને જવાબ આપ્યો કે-રાજન્ ! આ હસ્તિરત્ન વિંધ્યાચળ પર્વતમાંથી પ્રાપ્ત થયો છે અને સર્વ હાથીઓમાં શિરોમણિ છે. અત્યંત પ્રસિદ્ધ છે. આ હસ્તિરત્નને પકડવા માટે અનેક માણસોએ અથાગ પ્રયત્ન કર્યો છે છતાં તેને કોઇ પકડી શક્યું નહિ.

હું પણ એને પકડવા માટે વિંધ્યાચળ પહાડ પર શુભ શુકન અને શુભ સ્વપ્નનાં કારણે ઉત્સાહી બની મેં પણ વિંધ્યા-

ચળ પર્વત પર નિવાસ કર્યો. આ હાથીને પકડવા માટે મેં અનેક યુક્તિ પ્રયુક્તિ કરી, ખૂબ વિચાર વિનિમય કર્યો છતાં કંઈ જ સૂઝયું નહિ અને સફળતા મળી નહી પણ આ ગજરાજ પોતાની મેળે જ મધુર ગર્જારવ કરતો મારી પાસે આવીને ઉભો રહ્યો. આથી મારું હૈયું હર્ષના હિલોળે ચઢયું, મારા હર્ષનો કોઈ અવધિ ન રહ્યો. આથી મને પારાવાર આશ્ચર્ય થયું મને લાગ્યું કે જરૂર મારા નસીબ ઉઘડી ગયા, ભાગ્યોદય થાય ત્યારે જ આવું અમૂલ્ય અને અલભ્ય હસ્તિરત્ન પ્રાપ્ત થાય છે અને તે પણ પોતાની મેળે જ. ત્યારબાદ આ હસ્તિરત્નની પૂજા-અર્ચા કરી આરતી કરી મેં એને નમસ્કાર કર્યો એટલે આ ગજરાજે મારી પીઠ ઉપર એની કોમળ સૂંઢ ફેરવી મને આશીર્વાદ આપ્યો, ત્યાર બાદ આ હસ્તિરત્ન મને પોતાની સૂંઢ વડે સંકેત કરી આગળ ચાલવા માંડયો. હાથી આગળ અને હું એની પાછળ પાછળ ચાલવા માંડયો.

ઘણો લાંબો રસ્તો કાપ્યો, અનેક ગ્રામ નગર અને પુરના પૌરજનો આ હસ્તિરત્નને નિહાળતા આનંદવિભોર બની જતા અને એને ખરીદી લેવા તૈયાર થતાં પણ આ ગજરાજે સૌની સંમુખ લાલ આંખ કરી સૌને તિરસ્કારી આગળ ચાલવા માંડયું. અનેક રાજાઓએ મોં માગ્યા દામ આપી ખરીદી લેવા તૈયારી બતાવી પણ આ હસ્તિરત્ને સૌના પ્રતિ અણગમો દર્શાવ્યો. સૌ એને ચાહતા, સૌ એને ઈચ્છતા કે આ ગજરાજ અહીં ઉભો રહે પણ એણે તો વણથંભ્યું પ્રયાણ ચાલુ રાખ્યું, આમ નિરંતર પ્રયાણ કરીને રાજન્! આ હસ્તિ પોતાની મેળે જ પ્રસન્નતા પૂર્વક આપના રાજમહેલના આંગણામાં આવી ચઢયો છે.

માર્ગમાં અનેક રાજા મહારાજાઓએ એને મોં માંગ્યા દામ આપી ખરીદવા તૈયારી બતાવી પણ સૌના પ્રતિ લાલ આંખ કરી અત્યંત અણગમો દર્શાવ્યો હતો પણ આપની સમક્ષ તો તે અત્યંત પ્રેમભરી નજરે જોઈ રહ્યો છે. વગર પ્રેરણાએ પોતાની મેળે જ તે અહીં આવી થંભી ગયો. આપના ભાગ્યમાં જ આવું અમૂલ્ય હસ્તિરત્ન લખાયું લાગે છે. મને પણ આપના દર્શન થયા જેથી હું પણ મારી જાતને ધન્ય માનું છું અને મારૂં જીવન કૃતાર્થ થયું માનું છું.

ધનાવહ શ્રેષ્ઠીનાં આવા સુંદર વચનો શ્રવણ કરી મહારાજા અત્યંત પ્રસન્ન થયા અને એકદમ હર્ષઘેલા બની બોલી ઉઠ્યા કે— શ્રેષ્ઠિવર્ય ! આ હાથી અનેક લક્ષણ યુક્ત છે અને મહાન ભાગ્યશાળી છે. આવા હસ્તિરત્નને લાવનાર વ્યાપારીને સમગ્ર રાજ્ય આપું તોય હું અનૃણ થતો નથી એવું બહુમૂલ્ય આ હસ્તિરત્ન છે.

મહારાજા તપનના આવા ગૌરવભર્યા વચનો શ્રવણ કરતા ધનાવહ શ્રેષ્ઠિનું હૃદય ગજગજ ઉછળવા માંડયું અને તે મીઠા મૃદુ અને નમ્ર વચનોથી મહારાજાને કહેવા લાગ્યા રાજન્ ! આ હસ્તિરત્ન આપના મહાન ભાગ્યે જ આપને પ્રાપ્ત થયું છે. આ હાથી આપનો જ છે. હું એનું કંઈપણ મૂલ્ય લેવાનો નથી. રાજન્ ! મારો આ અફર નિર્ણય છે. યોગ્યને જ યોગ્ય વસ્તુની પ્રાપ્તિ થાય છે.

તપનરાજાએ જ્યારે ધનાવહ શ્રેષ્ઠિએ કંઈ પણ મૂલ્ય નહિ લેવાનો આગ્રહ રાખ્યો ત્યારે મહારાજાએ મુખ્ય મંત્રીની સલા-

હથી ધનાવહ શ્રેષ્ઠિને પોતાનું અર્ધું રાજ્ય આપ્યું અને હાથીને સ્વીકાર્યો. ત્યારબાદ તપનરાજાએ ગજરાજની પૂજા-અર્ચા કરી અને એના ઉપર બેસીને સૈન્યની સાથે પોતાના નગરથી યુદ્ધ યાત્રાર્થે પ્રયાણ કર્યું.

શત્રુઓના સૈન્યને ભસ્મીભૂત કરવા માટે જાણે પ્રચંડ અગ્નિ ન હોય એવો બળવાન આ હાથી હતો, ગજરાજ સૈન્યની મોખરે ચાલે છે. માર્ગમાં આવતા ગ્રામ-નગર અને પુરના અધિપતિ-રાજા મહારાજાઓ જે આ તપનરાજાને નમતા નહોતા તેઓ યુદ્ધ માટે રણે ચઢયા. એ યુદ્ધમાં આ એકલા બળવાન હાથીએ શત્રુ સૈન્યનો વિનાશ કર્યો.

આ હાથીના બળ અને પરાક્રમથી સૈન્ય નાસી છૂટયું. કોઇ ક્યાં અને કોઈ ક્યાં એમ સૌ ભાગી છૂટયા, કૈક નમી પડયા અને આજ્ઞા શિરોધાર્ય કરી અને અનેક રાજાઓ એના તાબામાં આવી ગયા. આ હાથીએ મોટા મોટા નગરના કિલ્લાઓનો અને ભોરીંગ દારવાજાનો પણ પોતાના દંતશૂળ દ્વારા ભાંગીને ભૂકકો કરી નાંખ્યો. નગરમાં સામા આવતા સુભટોને પણ દંતશૂળથી મથી નાંખ્યા. આ પ્રમાણે ઠેર ઠેર શત્રુઓનો સંહાર કરતો, શત્રુઓને નમાવતો પોતાના સ્વામીને જય અપાવતો દેશવિદેશમાં વિજયપતાકા ફરકાવી પોતાના નગર તરફ પાછો ફરે છે.

આ ગજરાજના પ્રભાવે અનેક દેશોને જીતીને ચારે દિશામાં વિજય વાવટો ફરકાવ્યો અને તપનરાજા-રાજાધિરાજ બની હસ્તિરત્નની સાથે વિપુલ સૈન્યની સાથે અને બહોળા પરિવાર

સાથે ભારે ઠાઠમાઠથી, અનેરા આડંબરથી અને ભવ્ય ધામધૂમથી પદ્મપુર નગરમા પ્રવેશ કરે છે.

ઠેર ઠેર આસોપાલવના તોરણો-ધજા-પતાકા અને ભવ્ય મંડપો ઊભા કરી નગરને અત્યંત આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. પુરજનોનો ઉત્સાહ અપાર હતો. વાજા ગાજાથી ગગન ગુંજી રહ્યું હતું. ડંકા-નિશાન અને શરણાઈના સુરો આકાશને ભરી દેતા હતા. રંગ-બેરંગી ફુલની માળાઓ ઠેર ઠેર ટાંગવામાં આવી હતી. જેની ખૂશબો નગરજનોને અનેરી તાજગી આપી રહી હતી. સૌ કોઈ નવ્ય વસ્ત્રો પરિધાન કરી અલંકારોથી અલંકૃત થઈ મહારાજાની વિજયયાત્રાને વધામણા દ્વારા વધાવવા સંમુખ આવી રહ્યા હતા. ભવ્ય આડંબરથી પ્રવેશતા રાજા તપનને અને આ મહા પુણ્યશાળી અને સમર્થ ગજરાજના દર્શન કરવા માનવ મહેરામણ ઉમટયો હતો, છજાઓ અટારીઓ, અગાસીઓ અને આમ રસ્તાઓ જનમેદનીથી કીડીયારાની જેમ ઉભરાયા હતા.

કલાકારોએ રંગોળીઓ પૂરી હતી, ગૌરાંગનાઓ મધુર મંજુલ મંગળ ગીત લલકારતી હતી, પુરજનો જયજયના ધ્વનિ પોકારી રહ્યા હતા, અશ્વો હેષારવ કરી રહ્યા હતા, હાથીઓ મેઘ-મંજુલ ધ્વનિથી ગર્જારવ કરી રહ્યા હતા.

ભવ્ય સવારી નીકળી હતી, જનતા અક્ષતો-મૌક્તિકો અને રૂપા નાણાથી રાજાને વધાવી રહી હતી. સવારીની શોભાનો કોઈ પાર નહોતો. આ વિજયયાત્રા અને શોભાયાત્રા નિહાળી સૌનાં હૈયા હર્ષથી પુલકિત બન્યા હતા. સમગ્ર પ્રજા રાજા ઉપર અત્યંત પ્રીતિ ધરાવે છે. ભાટ-ચારણો મહારાજાની પ્રશસ્તિ યશોગાન અને બિરૂદાવલી બોલે છે,

સ્થાને સ્થાને નગરજનો હાથીની પૂજા અર્ચા કરે છે, આરતી ઉતારે છે. સૌ મંગળ કરે છે. સ્થાને સ્થાને ઠેર ઠેર તેનો સત્કાર કરે છે.

## એક આશ્ચર્ય

આ પ્રમાણે સવારી ભારે આડંબરપૂર્વક દબદબા ભરી રીતે રાજમહેલની નજીક આવી પહોંચી. તે વખતે હાથી જરા ગમગીન બની ગયેલો જણાયો. એના ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ હતી. રાજા પણ વિચારમાં જ પડી ગયો, હજી મહારાજાએ રાજમહેલમાં પ્રવેશ કર્યો ન હતો. પ્રવેશની તૈયારીમાં જ હાથીએ બાજુની દુકાનમાંથી લખવા માટે પોતાની સૂંઢમાં ચોક લીધો અને ચોક લઈને તેણે રાજમહેલના દરવાજાની ભીંત ઉપર એક શ્લોક આલેખ્યો. આ રહ્યો તે શ્લોક—

> अविज्ञा॰त्रयी तत्वो, मिथ्या सत्वोल्लसत् सुजः ।
> हा ! मूढ ! शत्रु पोपेण, मित्रप्लोषेण हृष्यसि ॥

આ પ્રમાણે હાથી શ્લોક લખી રહ્યો હતો ત્યારે નગરની જનતા–રાજા અને પ્રજામાં ભારે આશ્ચર્ય ફેલાયું. સૌને ભારે કુતુહલ થયું અને સૌ ફાટી આંખે એકી નજરે ટગર ટગર દરવાજાની ભીંત તરફ જોવા લાગ્યા. રાજાની દૃષ્ટિ આ શ્લોક ઉપર પડી, પણ તે શ્લોકનો અર્થ સમજી ન શક્યો, એટલે તેણે મંત્રીઓને પૂછ્યું. તે પણ આ શ્લોકનો અર્થ સમજી ન શક્યા. મહામાત્યો અને પ્રકાંડપંડિતો પણ શ્લોકનો ભાવ સમજી ન શક્યા. રાજા અને પ્રજા સૌ ગમગીન બની ગયા.

રાજા વિચારમાં પડી ગયો. આ શ્લોકનું શું રહસ્ય છે તેની કંઈ ખબર પડતી નથી. જરૂર મારા કોઈ ઈષ્ટદેવે મને ચેતવણી આપવા યા વિશેષ શિક્ષા આપવા આ કાર્ય પ્રારંભ્યું લાગે છે. શ્લોકનો સામાન્ય શબ્દાર્થ તો ખબર પડે તેવો હતો. શત્રુ કોણ ? અને કેવી રીતે તેનું પોષણ થાય છે અને મિત્ર કોણ અને કેવી રીતે તેનું શોષણ થાય છે. પોતાના હાથે જ પોતાના પગમાં કુહાડો કોણ મારે ? શું કંઈ મારા હાથે અનુચિત તો નથી રહ્યું ને ! એમ અનેક વિચાર વમળમાં રાજા અટવાઈ ગયો. રાજાએ એ નિશ્ચય કર્યો કે જ્યાં સુધી આ શ્લોકનો ભાવાર્થ જાણવામાં ન આવે ત્યાં સુધી મારે રાજ મહેલમાં પ્રવેશ કરવો નહિ. કારણ કે મિત્ર અને અમિત્રને જાણ્યા વગર શંકાશીલ દશામાં રાજમહેલમાં પ્રવેશ કરવો ઉચિત નથી.

એમ વિચાર કરી રાજાએ બહારના ભાગમાં જ પોતાનું સ્થાન રાખ્યું. મોટા મોટા પંડિતો, અનેક ધર્મના ધર્માચાર્યો અને વિદ્વાનોને રાજાએ શ્લોકનો અર્થ જાણવા માટે આમંત્રણ આપ્યું. સૌએ શ્લોક વાંચ્યો. પણ કોઈ એના રહસ્યને ન પામી શક્યું. પંડિતોનો પણ ગર્વ ગળી ગયો. રાજાએ સૌની વચ્ચે જરા આવેશમાં આવીને પૂછ્યું હવે છે કોઈ બાકી ? આ શ્લોકનો યથાર્થ ભાવાર્થ કથન કરનાર ? હોય તે આવી જાય અને મારા મનનું સમાધાન કરે. પણ રાજાના મનનું કોઈ સમાધાન કરી શક્યું નહી.

ત્યારે મુખ્ય મંત્રીએ મહારાજાને જણાવ્યું કે, રાજન !

આપ ફીકર ન કરો આપના મનનું સમાધાન કરે તેવા મહાબુદ્ધિનિધાન આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજ આ નગરમાં પધાર્યા છે, હું એમને અત્રે પધારવા આમંત્રણ આપું છું. તેઓશ્રી જરૂર આપણી વિનંતીને માન આપી અત્રે પધારશે અને શ્લોકનો યથાર્થ ભાવાર્થ રજૂ કરી આપણા મનનું સમાધાન કરશે.

મુખ્યમંત્રીની આ પ્રકારની વાત સાંભળી મહારાજાએ જવાબ વાળ્યો મંત્રીરાજ ! મોટા મોટા પંડિતો અને જાણકારો પણ આ શ્લોકના રહસ્યને રજૂ કરી શકયા નથી તો શું તેઓશ્રી તેના મર્મને રજુ કરી શકશે ! અસ્તુ યેનકેન મારા મનનું સમાધાન થવું જોઈએ અને સંદેહ દૂર થવો જોઇએ.

મહારાજાની આજ્ઞાથી મુખ્યમંત્રી પૂજનીય સૂરિ પુરંદર શ્રી આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે જાય છે અને એઓશ્રીને યથાવિધિ વંદન—નમસ્કાર કરીને વિનયપૂર્વક બે હાથ જોડીને વિનંતી કરે છે કે–પૂ૦ ગુરૂદેવ ! અમારા મહારાજાના મનનું સમાધાન કરવા આપ રાજમહેલમાં પધારો અને શ્લોકનો યથાર્થ–ભાવાર્થ કથન કરી આપની વિદ્વતાનો પરિચય આપો.

મુખ્ય મંત્રીરાજની વિનંતિને માન આપી જૈન શાસનની ઉન્નતિની ખાતર શિષ્યવૃંદ સહ સૂરિદેવ રાજમહેલમાં પધાર્યા. મહારાજાએ તેઓશ્રીનું ભાવભીનું ભવ્ય સ્વાગત કર્યું. સૂરીશ્વરજીની શાંતરસ ઝરતી કમનીય કાયા અને ભવ્ય લલાટ નિહાળી લોકો પરસ્પર વાતો કરવા લાગ્યા કે આચાર્ય મહારાજ તો મૂર્તિમાન શાંતરસના કુંડ જેવા ભાસે છે. હાથી જેવો હાથી પણ વંદનીય વિભૂતિ શ્રી સૂરીશ્વરજીને જોઇ દંતશૂળ અને સૂંઢ

ઉંચી કરીને નમસ્કાર કરવા લાગ્યો. રાજાએ પણ સિંહાસનથી ઉભા થઈ સૂરીશ્વરજીને ભાવભરી વંદના કરી. મહારાજશ્રીને પ્રેમપૂર્વક સિંહાસન ઉપર બેસાડયા. મહારાજા પણ બે હાથ જોડી વિનમ્રવદને ભક્તિભાવ ભર્યા હૈયે સૂરીશ્વરજીની સંમુખ બેઠા અને સૂરીશ્વરજીને શ્લોકનો અર્થ પૂછવા લાગ્યા.

ગુરૂદેવ ! ભલભલા દિગ્ગપંડિતો પણ આ શ્લોકનો મર્મભાવ કળી શકયા નથી. આપ અમારા ઉપર કૃપા કરીને આ શ્લોકના રહસ્યને પ્રકટ કરી અમારો સંદેહ દૂર કરો અને મારા હૃદયનું સમાધાન કરો. આ પ્રમાણે મહારાજાએ જ્યારે ભાવપૂર્વક પ્રાર્થના કરી ત્યારે શ્રી આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્લોકના યથાર્થ અર્થનું કથન કરે છે.

સૌ કોઇ નિર્નિમેષ દૃષ્ટિથી સૂરીશ્વરજીની સંમુખ નિહાળી રહ્યા હતા. વાતાવરણમાં નીરવ શાંતિ પ્રસરી હતી. સૌને શ્લોકના અર્થને જાણવાનું કુતુહલ હતું. પૂ૦ આચાર્ય મહારાજે મેઘ મંજુલ ધ્વનિથી શ્લોકનો અર્થ કથન કરતા જણાવ્યું કે જેઓ દેવ ગુરુ અને ધર્મ આ ત્રણ તત્વને જાણે છે, જે સત્વગુણમાં જ સતત રમણ કરે છે અને શત્રુ અને મિત્રના ભેદને જાણે છે તે જ ખરો તત્વજ્ઞ છે

## તત્વત્રયીનું સ્વરૂપ

પૂ૦ મહારાજશ્રીએ ત્રણ તત્વોનું સ્પષ્ટીકરણ કરતા જણાવ્યું કે—રાજન્ !

वितराग प्रभु देवो, गुरुस्तत्वोपदेशकः ।
धर्मश्चकरुणारम्य, त्रयी तत्वमिदं विदुः ॥

રાગદ્વેષાદિ અઢાર દૂષણોથી રહિત એજ સાચા દેવ છે. એ જ પરમાત્મા છે, યથાર્થ તત્ત્વના ઉપદેષ્ટા એટલે સત્યના ઉપદેશક એ ગુરુ છે અને દયામય ધર્મ એ ધર્મ છે.

જે સત્ત્વ દ્વારા દુસ્તર એવા સંસારસમુદ્રનો પાર પમાય તે જ ઉત્તમ સત્ત્વ છે. જે પુરુષાર્થ દ્વારા આત્માનું કલ્યાણ થાય એ જ સાચું સત્ત્વ અને સત્પુરુષાર્થ છે, પોતપોતાના કર્મના અનુસાર જે જીવાત્માઓ જન્મ-મરણની ચક્કીમાં પીસાઈ રહ્યા છે, દુઃખી થઈ રહ્યા છે એવા જીવોને શત્રુ તુલ્ય સમજી એનો નાશ કરવામાં જે પ્રયત્ન કે પુરુષાર્થ થાય છે તે ખરેખર મિથ્યા સત્ત્વ છે. એ અવળો પુરુષાર્થ છે. સત્પુરુષાર્થ દ્વારા આત્મા હંમેશ માટે સુખી થાય છે જ્યારે અવળા પુરુષાર્થ દ્વારા પોતે પણ દુઃખી થાય છે અને બીજા જીવોને પણ એના દ્વારા પીડા અને દુઃખ ઉપજે છે. સત્સત્ત્વ અને મિથ્યાસત્ત્વના ભેદને આ રીતે સૂરીશ્વરજીએ સુંદર રીતે સમજાવ્યો.

## સાચા શત્રુ અને મિત્ર કોણ?

હવે સૂરીશ્વરજી મહારાજ આ જગતના જીવોનો ખરો દુશ્મન કોણ છે? અને ખરો મિત્ર કોણ છે? તેનું રહસ્ય સમજાવે છે.

જગતના નાના મોટા સૂક્ષ્મ-બાદર તમામ પ્રાણીઓ આપણા મિત્ર છે માટે જ મહાપુરુષો ફરમાવે છે કે-" मित्तो मे सव्व भूएसु वेरं मज्झं न केणई " જગતના સકળ જીવો એ આપણા મિત્ર છે. કોઇપણ જીવ એ આપણો દુશ્મન નથી.

"शिवमस्तु सर्वजगतः" આ પદ દ્વારા પણ સકળ જીવોના કલ્યાણુની જ કામના કરવામાં આવી છે.

મતલબ-જગતના સકળ પ્રાણીઓ એ આપણા મિત્ર છે, અને ક્રોધાદિ કષાયો અને વિષયો એ સાચા શત્રુઓ છે, પણ અજ્ઞાન આત્મા નાના મોટા જીવોની હિંસા કરે છે, પ્રાણીઘાત કરે છે. બીજાને પીડે છે. એટલે મિત્રનો નાશ કરે છે અને વિષય કષાય રૂપ આત્માના જે કટ્ટર શત્રુઓ છે તેનું અહર્નિશ પોષણ કરે છે.

માટે જ જ્ઞાનીઓ કહે છે કે-

कषायविषयान् शत्रून् परिपुष्यन्ति मित्रवत् ।
सुहृदोसुमतः शत्रु कृत्य निध्नन्ति धिग्जडाः ॥

આત્મા કષાય અને વિષય રૂપ આત્માના કટ્ટર શત્રુઓને મિત્રની જેમ પ્રતિદિન પોષણ કરે છે, અને જગતના પ્રાણીઓ જે મિત્ર તુલ્ય છે તેને જ શત્રુ માનીને તેનો જ નાશ કરે છે. દુઃખી કરે છે એવા જડ આત્માઓને ધિક્કાર છે. આ પ્રમાણે ગુરુમહારાજે, આ પ્રમાણે શ્રી આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજે શ્લોકનો અત્યંત ગૂઢ અને અત્યંત રહસ્ય ભર્યો ભાવ જ્યારે સમજાવ્યો ત્યારે સૌનાં રોમાંચ ખડા થઈ ગયા.

મહારાજા આ યથાર્થ ભાવાર્થને શ્રવણુ કરી અત્યંત ખૂશ થયા. હૃદયમાં વૈરાગ્ય રસ ઉભરાયો. તે વખતે રાજા હર્ષથી ગદગદ કંઠે બે હાથ જોડી વિનમ્ર વદને વિનંતિ કરે છે કે, ગુરુદેવ ! આજે મારો જન્મ સફળ થયો. મારું જીવન કૃતાર્થ થયું. ધન્ય ઘડી અને ધન્ય દિવસ. સાચે જ આજે મારા આંગણે

સોનાનો સૂરજ ઉગ્યો. સંસારસાગરથી તારવા સાચે જ આપ એક મહાન જહાજ છો. મારા ભાગ્યના ઉદયે જ મને આપના દર્શન થયા છે. તત્ત્વ અને સત્ત્વના મર્મને હું સમજી ગયો. હવે આપ મારા ઉપર કૃપા કરી મારો ઉદ્ધાર કરો, અને મને ભવજલધિથી પાર કરો. સાચે જ આ સંસાર અસાર છે. સૌ સ્વાર્થના સગા છે. ધર્મ એ જ જગતમાં સાર છે અને જીવનનો આધાર છે માટે હે ગુરુદેવ! મને ચારિત્ર દીક્ષા આપી મારો ઉદ્ધાર કરો.

આ પ્રમાણે કહી તરત જ મહારાજાએ શ્રી આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજના બન્ને પગ પકડી લીધા. બીજા પણ અનેક લોકો શ્લોકનો સાચો મર્મભાવ જાણીને નિજને ધન્ય માનવા લાગ્યા.

## તપન રાજાની દીક્ષા

મહારાજાએ પોતાના મુખ્ય મંત્રી તથા અન્ય સર્વ પરિવારને સાફ સાફ જણાવી દીધું કે હું તો હવે દીક્ષા અંગીકાર કરી મારા આત્માનું કલ્યાણ કરીશ. આ હાથી મહાજ્ઞાની છે, ગજેન્દ્ર પોતાની સૂંઢમાં મંગળકળશ લઇ જે પુરુષના ઉપર અભિષેક કરે તેને તમે રાજગાદીએ બેસાડજો એમ સૂચન કરી તરત જ મહારાજા તપને ભારે ધામધૂમથી વંદનીય વિભૂતિ શ્રી આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી અને જીવનને ધન્ય બનાવ્યું.

રાજા જેવા રાજાએ જ્યારે ત્યાગનો પંથ અને સંયમનો

માર્ગ અંગીકાર કર્યો ત્યારે અનેક પ્રધાનો, ધનાઢયો અને મહાજનવર્ગે રાજાની સાથે જ દીક્ષા અંગીકાર કરી. માટે જ કહ્યું છે કે "महाजनो येन गतः स पन्थाः" મોટા ભાગે જનતા મહાન પુરુષનું અનુકરણ કરે છે અને એમની પાછળ ચાલે છે અને એ એક રાજમાર્ગ બની જાય છે.

તપનઋષિ તથા અનેક નૂતન દીક્ષિતો સાથે પૂજનીય આચાર્ય મહારાજ શ્રી આનંદચંદ્રસૂરીશ્વરજી મહારાજા ત્યાંથી વિહાર કરી અને ભૂમિતલને પાવન કરતા ભવ્યજનો ઉપર ઉપકાર કરવા લાગ્યા.

## રાજ્યાભિષેક

ત્યારબાદ ગજેન્દ્રની સૂંઢમાં મંગળ કળશ અર્પણ કરી મંત્રીશ્વરો હાથીને હાથ જોડીને વિનંતિ કરવા લગ્યા કે હે ગજેન્દ્ર! આ રાજ્યગાદીને શોભાવે તેવા પુરુષ પર કળશ ઢાળી એને રાજ્ય અર્પણ કરી આપ વિજયવંત વર્તો. એટલે તે વખતે સુવર્ણ અલંકારોથી અલંકૃત એ ગજરાજ મેઘગર્જારવની જેમ મંજુલ ધ્વનિ કરતો આગળ ચાલ્યો. મંત્રીઓ અને બહોળો પરિવાર તેની પાછળ પાછળ ચાલે છે. આ પ્રમાણે હસ્તિરત્ને સૂંઢમાં મંગળ કળશ લઈ પ્રયાણ શરૂ કર્યું. માર્ગમાં પંચરંગી પુરૂષો હાથીની સંમુખ આવીને ઉભા રહે છે. રાય અને રંક પણ સામે આવીને ઉભા રહે છે. મનમાં તેઓ એમ ધારતા હતા કે આ હાથી અમારા ઉપર કળશ ઢાળશે પણ હાથી તો કોઈની સામે પણ ન જોતા આગળ ને આગળ ચાલ્યો જાય છે.

હાથીએ તો વણથંભ્યુ પ્રયાણ આગળ ને આગળ ચાલુ રાખ્યું. ગ્રામ, નગર, પુર અને પાટણ વટાવતાં વટાવતાં હાથી અત્યંત દૂર નીકળી જતાં મંત્રીઓ અને પૌરજનો વિચારમાં પડી ગયા અને અત્યંત ચિંતાતુર બની ગયા. હાથીએ તો દૂર સુદૂર એક નિર્જન અટવીમાં પ્રવેશ કર્યો. તે વખતે ત્યાં એક વૃક્ષની નીચે એક પુરુષ સૂતેલો હતો, ત્યાં તે હાથી ઉભો રહ્યો. એ પુરુષે વસ્ત્રથી પોતાના અંગોપાંગ ઢાંકેલા હતા. તે પુરુષના ઉપર આ ગજેન્દ્રે મંગળ કળશ દ્વારા જળથી અભિષેક કર્યો.

બંદીજનોએ જયજયના પોકારો કર્યા. વાજીંત્રોના મધુર નાદથી ગગન ગુંજી ઉઠયું. તે વખતે એ વૃક્ષની નીચે સૂતેલા પુરુષને મંત્રીઓએ વસ્ત્ર ઉંચકીને ઉઠાડયો.

જ્યાં એ પુરુષ ઉઠયો ત્યાં તો સૌની નજર તેના અંગોપાંગ ઉપર પડી ત્યારે સૌના જોવામાં આવ્યું કે, આ પુરુષના અંગોપાંગ તો સાવ ટૂંકા છે, સંકોચાયલા જણાય છે.

મંત્રીશ્વરોએ વિચાર્યું કે અહો આ પુરુષ કેવો ભાગ્યશાળી છે, ઉત્તમ લક્ષણ અને રાજ ચિન્હોથી યુક્ત હોવા છતાં શરીરે પાંગળો છે. એક તણખલું ઉપાડવા પણ સમર્થ નથી. આ પણ એક વિધિની વિચિત્રતા છે.

મંત્રીઓ વિચારવા લાગ્યા કે શું આવો પુરુષ રાજા થવાને યોગ્ય છે? આ પ્રમાણે મંત્રીઓ વિગેરે વિચારતા હતા તેટલામાં અવધિજ્ઞાની હાથીએ પોતાની સૂંઢ વડે ઉંચકીને એ પાંગળા પુરુષને પોતાની પીઠ પર સ્થાપન કર્યો અને એણે તો નગર તરફ પ્રયાણ કર્યું. મંત્રીશ્વરો અને સમગ્ર જનતા

આશ્ચર્યમુગ્ધ બની પરસ્પર વાતો કરવા લાગ્યા કે, આ હાથી મહાજ્ઞાની લાગે છે અને આ પુરુષરત્નના યોગે રાજ્યની વૃદ્ધિ કરવા ઈચ્છે છે. એટલે મંત્રીઓના મનનું સમાધાન થયું અને ભારે આડંબરથી પ્રવેશોત્સવ કરાવ્યો. ભલે આપણે એના કુળ અને શીલથી અજ્ઞાત હોઈએ પણ આ પુરુષ મહાન ભાગ્યશાળી લાગે છે. એવા આ પુરુષરત્નનો ભવ્ય ભભકાથી રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને એનુ પુણ્યાઢય એવું શુભ નામ રાખવામાં આવ્યું.

## રંગમાં ભંગ

આ અવસરે રંગમાં ભંગ પડે તેવો એક પ્રસંગ ઉભો થયો. જેનું અર્ધું રાજ્ય આપવામાં આવ્યું હતું તે ધનાવહ શેઠ આ હસ્તિરત્નને લઈને અત્રે આવ્યો હતો. તે શેઠ મહાન ગર્વિષ્ઠ હતો એટલે તેણે આવા પાંગળાને રાજા તરીકે માનવાનો ઇન્કાર કર્યો. એણે અનેકોને પોતાના પક્ષમાં લીધા આથી સૈન્યમાં ફૂટફાટ પડી. અડધુ સૈન્ય અને માંડલિક રાજાઓ આ ધનાવહ શેઠની પાછળ ચાલી નીકળ્યા. હાથીઓ મહાવતો, અશ્વો અને ઘોડેસ્વારો અને મૂખ્ય સેનાધિપતિ પણ તેની પાછળ ચાલવા લાગ્યો. "જીસકે તડમેં લડુ ઉસકે તડમેં હમ" એ ઉક્તિ ચરિતાર્થ થઇ. જગતમાં બળવાન પુરુષો જ વિજયને વરે છે, એમ વિચારી અનેક નોકર ચાકર પણ ધનાવહ શેઠના પક્ષમાં જ ભળ્યા.

આ પ્રમાણે વિપુલ સૈન્ય અને મહાન પરિવાર નગર બ્હાર નીકળી ગયા એટલે નાગરિકો પણ શેઠને જ અનુસર્યા તે વખતે મહાવતે મહાજ્ઞાની હાથીને પણ શેઠની પાછળ અનુસ-

રવા ખૂબ પ્રેરણા કરી છતાં હાથી તો જરાય ડગ્યો નહિ અને એક પગલું પણ આગળ ભર્યું નહિ, ત્યારે મહાવત સમજી ગયો કે આ હાથી મહાજ્ઞાની છે. માટે મારે પણ તેને જ અનુસરવું જોઈએ. પુણ્યાઢય રાજા માટે ફક્ત એક રાજમહેલ જ હતો, સૌ કોઇએ પૂંઠ વાળી, લગભગ નગરનો મોટો ભાગ ધનાવહ શ્રેષ્ઠિની પાછળ રહ્યો. પણ ભાગ્ય કંઈ પરવારી ગયા નહોતા. પુણ્યના ઉદયથી તો રાજગાદી પ્રાપ્ત થઈ છે એ જ પુણ્યના પ્રભાવે બધું સારું થશે એમ વિચારી થોડા ઘણા બળવાન પુરૂષો બાકી રહ્યા હતા તેમની સાથે પુણ્યાઢય રાજા પણ ધનાવહ શ્રેષ્ઠિ સાથે યુદ્ધ કરવા તૈયાર થાય છે.

હાથીના મહાવતે પણ પુણ્યાઢય રાજાને વિનંતી કરી કે, સ્વામિન્! આપ આ હાથી ઉપર આરૂઢ થઈ જાઓ. આ હાથી આપને રણસંગ્રામમાં અવશ્ય વિજય અપાવશે. આપ જરાપણ ગભરાશો નહિ, કંટાળશો નહિ, પુણ્યાઢય રાજાએ પણ મહાવતની વિનંતી સ્વીકારી જેથી મહાવતે પુણ્યાઢય રાજાને ઉંચકીને હાથી ઉપર બેસાડયો. અને યુદ્ધ કરવા ચાલી નીકળ્યા.

શત્રુસૈન્ય પણ સજ્જ થઈ ગયું હતું. સમશેરો ઉછળી. રણશીંગા ફૂંકાયા. ધનુષના ટંકારવો થવા લાગ્યા. દિશાઓ ધ્વનિથી ગાજી ઉઠી. ધનાવહના વિપુલ સૈન્યે પુણ્યાઢય રાજાના સૈન્યને વેર વિખેર કરી નાંખ્યું. કૈક હણાયા. રક્તની નદીઓ વહેવા લાગી.

શેઠે પડકાર કર્યો અરે આ પંગુ રાજાને જ હણો, મારો, પણ આ હાથીને મારશો નહિ. તેટલામાં તો ગજેન્દ્રે પોતાના પરાક્રમનો પરચો આપવા માંડયો. જેમ વલોણું વલોવવાવાળી

વનિતા વલોણાને વલોવે તેમ આ ગજરાજે શત્રુના સૈન્યને મથી નાંખ્યું. પણ જ્યાં રાત્રિનો અંધકાર પસર્યો ત્યાં તો વિરોધીઓ આ હાથીને ઘેરી વળ્યા.

પુણ્યાઢ્ય રાજા ભયંકર આફતમાં આવી ગયા અને ખૂબ ચિંતાતુર બન્યા. હવે શું કરવું ! કેમ બચાવ થશે પુણ્યાઢ્યરાજાના પક્ષના લોકો પણ બબડવા લાગ્યા કે આ હાથીએ શા માટે આ પાંગળાને ગાદી પર બેસાડયો. આમ વાતાવરણ ગમગીન બની ગયું. વિષાદના ઘેરા વાદળ છવાઈ ગયા. તેટલામાં ભાગ્ય-દેવી અદૃશ્યપણે પુણ્યાઢ્ય રાજાને કહે છે અરે પુણ્યાઢ્ય ! ધીરજ રાખ, હિંમત ન હાર. હાથમાં એક તણખલું લે અને એને તું શસ્ત્ર માન ! અને શત્રુ સૈન્ય પર ફેંક. તણખલું પણ શત્રુનો સંહાર કરી તને વિજય પ્રાપ્ત કરાવશે.

તેટલામાં તો પવનથી પ્રેરાઇને તે જ ક્ષણે એક તણખલું ઉડીને પુણ્યાઢ્ય નૃપતિના હાથમાં આવી ચઢયું. ભાગ્યદેવીના કથન મુજબ પુણ્યાઢ્ય રાજાએ શત્રુ સૈન્ય પર જ્યાં એ તણ-ખલું ફેંકયું ત્યાં તો આકાશમાં ભયંકર ગર્જારવ અને ગડગ-ડાટ શરુ થયો અને અગ્નિની જ્વાળાઓ ઉછળવા માંડી. મોટા મોટા પહાડો અને ધરતી ધ્રુજવા લાગી. પુણ્યાઢ્ય રાજાના પુણ્યના પ્રભાવથી તણખલું પણ વજ્ર બની ગયું. તે જ વખતે અદૃશ્યપણે ભાગ્યદેવીએ ગગનમાં ઘોષણા કરી કે–અરે લોકો ! તમે સાંભળો. જે કોઈ પુરુષ આ પુણ્યાઢ્ય રાજાને નહિ નમે તેના ઉપર આ વજ્ર પડશે અને એના ચૂરેચૂરા થઈ જશે.

સૌ કોઈ ભયભીત બની ગયા. સૌ ધ્રુજવા લાગ્યા. સૌના

હાજા ગગડી ગયા અને વિચારવા લાગ્યા કે બાપરે મરી ગયા. આપણું આવી બન્યું. એટલે "ડરતી હરહર કરતી" એ ઉક્તિ અનુસાર સૌ ટપોટપ પુણ્યાઢ્ય નૃપતિના શરણે આવ્યા. સૌએ પુણ્યાઢ્ય નૃપતિને નમસ્કાર કર્યા અને એકી અવાજે સૌ બોલી ઉઠયા, હે નાથ! આપ અમારા સ્વામી છો અને અમે આપના દાસ છીએ. ભૂમિ ઉપર આળોટતો ધનાવહ શેઠ પણ પુણ્યાઢ્ય રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો, સ્વામિન્! મારા પર કૃપા કરો, મારો ગુનો માફ કરો. આજથી આપ અમારા નાથ છો, સ્વામી છો અને અમે તમારા દાસ છીએ, સેવક છીએ.

## નગર પ્રવેશ

આ પ્રમાણે પુણ્યબળે પુણ્યાઢ્ય રાજાએ દૈવી વજ્રની સહાયતાથી સમગ્ર શત્રુઓ પર વિજય મેળવી વિજયયાત્રા કરી. પુણ્યાઢ્ય નૃપતિએ પુરમાં પ્રવેશ કર્યો ચારે દિશામાં–આકાશમાં અવિરત–સતત પુણ્યાઢ્ય રાજાની આજ્ઞાનું જો કોઈ ઉલ્લંઘન કરે યા માનવા તૈયાર ન થાય તેનો નાશ. ચારે દિશામાં ઉંચે આકાશમાં અવિરત–સતત વજ્ર ભમ્યા કરે છે તેમ જ આકાશવાણી પૂર્વક ત્રણલોકને કંપાવતું દૂર-સુદૂર અનેક દેશોમાં પણ સતત આ વજ્ર ભમ્યા કરે છે. "સર્વત્ર સર્વ દેશોમાં પુણ્યાઢ્ય નૃપતિની આજ્ઞા વર્તાવો." આ પ્રમાણે જાણે ઉદ્ઘોષણા ન કરતું હોય તેમ અગ્નિજ્વાળા પ્રગટ કરતું વજ્ર દેશ-દેશના સીમાડાઓમાં ભમી રહ્યું છે.

વજ્રના બળે સમગ્ર દેશના રાજવીઓ પુણ્યાઢ્ય નૃપતિની આજ્ઞા માનવા લાગ્યા. આ રીતે અનેક દેશો પર પોતાનું

આધિપત્ય ધરાવતા અખંડ આજ્ઞા અને શાસન પ્રવર્તાવતા પુણ્યાઢય રાજા સુખપૂર્વક સ્વર્ગમાં જેમ ઈંદ્ર પોતાનું અખંડ શાસન પ્રવર્તાવે અને અનુપમ સુખને ભોગવે તેમ આનંદ પ્રમોદમાં પોતાના દિવસો વ્યતીત કરવા લાગ્યા.

## શ્રી તપનઋષિની પધરામણી

એકદા ઉદ્યાનપાલકે બે હાથ જોડી વિનમ્રવદને પુણ્યાઢય રાજાને તપન મહર્ષિની પધરામણીના વધામણા આપ્યા અને કહ્યું કે–આપણું ઉદ્યાન તેઓશ્રીના પાદપદ્મથી પાવન બન્યું છે. આ સુંદર સમાચાર સાંભળતાં જ પુણ્યાઢય રાજા ખૂબ જ હર્ષિત બન્યો અને પ્રમુદિત બની મોટા પરિવાર અને આડંબર સાથે ગજરાજ પર આરૂઢ થઈ શ્રી તપનઋષિનાં દર્શને જાય છે.

## શ્રી તપન મહર્ષિની દેશના

શ્રી તપન રાજર્ષિની દેશના શ્રવણ કરવા માટે નગરમાંથી ટોળે ટોળા ઉમટી રહ્યા હતા. રાજા અને પ્રજા ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થઈ હતી. સૌ વાણી શ્રવણ કરવા ઉત્સુક અને આતુર હતા. બે હાથ જોડી અંજલિપૂર્વક વિનમ્રવદને પ્રણામ કરી સૌ યથાસ્થાને બેઠા હતા. તે વખતે શ્રી તપન રાજર્ષિએ પોતાની વાણીનો પ્રવાહ ગંગાના પ્રવાહ જેમ અસ્ખલિત રીતે વહેતો કર્યો. કૈક આત્માઓ એ અમી સમી મીઠી દેશનાના પ્રવાહમાં ભાવ અને ઉલ્લાસ પૂર્વક ઝીલી રહ્યા હતા. મહર્ષિએ પોતાની અમોઘ અને અમૃતમયી દેશનામાં આત્મા

મૂળ ક્યાં હતો અને કેવી રીતે તેણે વિકાસ કર્યો, તેની પ્રગતિના પગરણ કેવી રીતે મંડાયા અને આ રીતે પ્રગતિ સાધતા સાધતા, વિકાસ કરતા કરતા કેવી રીતે પંચેંદ્રિયપણાને પામ્યો અને દેવદુર્લભ જેવા માનવભવની પ્રાપ્તિ એને શી રીતે થઈ! એનું વર્ણન કરતાં કરતાં તેમણે ફરમાવ્યું કે—

એક વખત આપણો આત્મા અનાદિ નિગોદમાં, અવ્યવહાર રાશિમાં–સૂક્ષ્મ નિગોદમાં હતો. અવ્યવહાર રાશિમાં નિગોદના અસંખ્યાત ગોળા છે. પ્રત્યેક ગોળામાં અસંખ્યાત નિગોદ છે અને પ્રત્યેક નિગોદમાં અનંતાનંત–જીવાત્માઓ છે. નીચેની ગાથા એ જ વાતને રજૂ કરે છે.

गोला य असंखिज्जा, असंखनिगोअओ हवई गोलो ।
एकेक्कम्मि निगोए, अणंतजीवा मुणेयव्वा ॥
સં. સૂ૦ ગા. ૩૦૧

એક એક નિગોદમાં જે જીવો છે તે જીવોની સંખ્યા ત્રણે કાળના સિદ્ધના જીવોથી અનંત ગુણી છે. શાસ્ત્રકારો ફરમાવે છે કે–

न सा जाई न सा जोणी न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ सव्वे जीवा अणंतसो ॥

સકળ વિશ્વમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન કે કુળ નથી કે જ્યાં આ આત્માએ અનંતીવાર જન્મ મરણ ન કર્યા હોય. સોયની અણી જેટલી જગ્યામાં પણ આત્મા અનંતીવાર જન્મ્યો અને મર્યો છે. જ્ઞાનીઓ કહે છે કે–

अस्थि अणंता जीवा जेहिं न पत्तो तसाईपरिणामो ।
उववज्जंति चयंति य, पुणोवि तत्थेव तत्थेव ॥

આ વિશ્વમાં અસંવ્યવહાર રાશિમાં યાને સૂક્ષ્મ નિગોદમાં અનંતા જીવો એવા છે કે—જેમણે કયારે પણ ત્રસાદિ પરિણામ યાને એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય આદિ જાતિને ન પામ્યો હોય ! મતલબ સૂક્ષ્મ એકેન્દ્રિય નિગોદના થાળામાંથી કદી બહાર નીકળ્યા નથી.

જ્યારે એક આત્મા સિદ્ધ થાય છે, મુક્ત થાય છે યાને મોક્ષે સીધાવે છે, ત્યારે એ અવ્યવહાર રાશિથી નિગોદના થાળામાંથી એક આત્મા બહાર નીકળે છે.

નારકીના જીવો નરકમાં ઘોર વેદના અને તીવ્ર યાતના ભોગવી રહ્યા છે. એનાં કરતાં પણ અનંતગણું દુઃખ નિગોદમાં હોય છે. અનંતા જીવો એક જ શરીરમાં નિવાસ કરે છે. સાથે આહાર અને સાથે જ શ્વાસોશ્વાસ લે છે. એટલે એ જીવોને મહાન દુઃખ હોય છે. આવી ઘોર દુઃખની અવસ્થામાં સૂક્ષ્મ નિગોદમાં આત્મા અનંત પુદ્ગલ પરાવર્ત સુધી ભમ્યો. ત્યાંથી સિદ્ધના નિમિત્તે અકામનિર્જરા દ્વારા ભવિતવ્યતાના યોગે આત્મા કર્મના ભારથી કંઈક હલકો થયો ત્યારે તે અવ્યવહાર રાશિમાંથી ભયંકર દુઃખો ભોગવી વ્યવહાર રાશિમાં આવે છે.

અહીંઆથી પણ અકામનિર્જરા દ્વારા ધીરે ધીરે એ પ્રગતિ સાધતો અને વિકાસ કરતો બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિયપણાને પ્રાપ્ત કરે છે. તેમાં ય તેને દેવ-

યોગે માનવભવની પ્રાપ્તિ થાય છે. તેમાં ય તેના પ્રબળ પુણ્યોદયે અને ભવિતવ્યતાના પરિપાકે–આર્યદેશ, ઉત્તમ કુળ, પંચેન્દ્રિયજાતિ, દીર્ઘ આયુ, નિરોગી શરીર વિગેરે ઉત્તમ અને ઉમદા સામગ્રી પ્રાપ્ત કરે છે.

આટઆટલી ભવ્ય સામગ્રી પ્રાપ્ત થયા પછી પણ માનવતા મળવી એ અતિ દુર્લભ છે અને માનવતા પામ્યા પછી પણ સદ્‌ગુરુનાં યોગમાં શાસ્ત્રનું શ્રવણ એ વળી અતિદુર્લભ છે. પુણ્યયોગે શાસ્ત્રશ્રવણનો સુયોગ પણ સાંપડે છતાં તેમાં શ્રદ્ધા થવી એ તો અત્યંત દુર્લભ છે. માટે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે–"सद्धा परम दुल्लहा" શ્રદ્ધા પરમ દુર્લભ છે અને કદાચ શ્રદ્ધા થાય તો એને જીવનમાં ઉતારવું એ તો અત્યંત કઠીન છે.

તાણાવાણાની જેમ સદ્‌બોધને જીવનમાં ઉતારવો, અમલમાં મૂકવો અને તેનું આચરણ કરવું એ કંઇ નાનીસૂની વાત નથી. માટે જ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રકાર પરમર્ષિ ફરમાવે છે કે–

चत्तारि परमंगाणि दुल्लहाणि य जंतुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥

પુણ્યયોગે–ઉત્તરોત્તર આવી સુંદર અને સભર સામગ્રી પ્રાપ્ત થવા છતાં પણ આત્મા આળસ અને પ્રમાદમાં પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરે છે અને દેવદુર્લભ આ માનવદેહને એળે ગુમાવે છે, હારી જાય છે અને વેડફી નાંખે છે માટે જ જ્ઞાનીઓ કહે છે કે—

मज्जं विसय कसाया निद्दा विगहा य पंचमी भणिया ।
एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥

મદ્ય, વિષય, કષાય નિદ્રા અને વિકથા આ પાંચે પ્રમાદમાં આસક્ત બની આત્મા અનંતકાળ આ સંસારમાં રખડે છે. સામાન્ય જીવોની વાત જવા દો અરે ચૌદપૂર્વી જેવા મહાજ્ઞાનીઓ પણ આ પ્રમાદને વશ પડી નિગોદમાં ચાલ્યા ગયા તો બીજા જીવોનું તો પૂછવું જ શું ? એ જ વાત નિમ્ન ગાથામાં જ્ઞાનીઓ રજૂ કરે છેઃ—

जई चउदसपुव्वधरो वसई निगोये अणंतयंकालं ।
निद्दाए पमायाए ता होहिसि कई तुमं जीव !।।

માટે જ પુખ્ખરવરદ્દી સૂત્રમાં સૂત્રકાર આપણને ચેતવણીનો સૂર ગાજતો કરી જાગૃત કરે છે કે-

को देव-दाणव-नरिंद-गणच्चि अस्स ।
धम्मस्स सारमुवलब्भ करे करे पमायं ।।

દેવ દાનવ અને નરેન્દ્રોથી પૂજાયલા એવા ધર્મના સારને પામીને કોણ પ્રમાદ કરે ! ભગવાન મહાવીરદેવ શ્રી ગૌતમ સ્વામી ભગવાનને ઉદ્દેશીને ફરમાવે છે કે–'ગોયમા ! સમયમાં પમાયએ' હે ગૌતમ ! એક સમયનો પણ તું પ્રમાદ ન કરીશ. ગૌતમસ્વામી ભગવાન એટલે ઉત્કટ ત્યાગી અને ઉત્કટ તપસ્વી, કાચી બે ઘડીમાં દ્વાદશાંગીની રચના કરનારા, વજ્ર ઋષભનારાચસંઘયણ અને સમચતુરસ્ત્ર સંસ્થાનના ધારક જગતમાં રૂપમાં બીજા નંબરે, એમનો હાથ જેના ઉપર પડે તેને કેવળજ્ઞાન થાય એવા મહાનલબ્ધિનિધાન, ચાર જ્ઞાનનાં ધણી, દીક્ષા લીધા પછી યાવજ્જીવ છઠના પારણે છઠની તપશ્ચર્યા આદરનારા આવા ઉચ્ચ અને આદર્શ મહાત્માને પણ

ભગવાન જેવા ભગવાન એક ક્ષણનો અરે એક સમયનો પણ પ્રમાદ ન કરવાની હાકલ કરે છે, ત્યારે આપણા જેવાનું શું ?

ચાર-આઠ આના ખોવાઈ જાય, વ્યાપારમાં ખોટ પડે, વસ્ત્ર અચાનક ફાટી જાય યા ઘીની વાઢી ઢળી જાય તો આપણને પારાવાર પશ્ચાત્તાપ અને દુઃખ થાય છે, પણ એક-એક ક્ષણ મહાકિંમતી પસાર થઈ રહી છે તેનો આપણને ખેદ થતો નથી માટે પામર એવા આપણી શી દશા! એક કવિ કહે છે કે-

આ ચાર દિન કુડકપટના, કાલે સવારે વહી જશે,
સુખ સંપત્તિ ને સાહ્યબી, હોતી નહોતી થઈ જશે;
બાજી રચેલી તરંગની, મનમાં અધૂરી રહી જશે,
યમદૂત ગળચી પકડીને, નિશ્ચય નરકમાં લઈ જશે.

માટે હે મહાનુભાવો! ધર્મની સુંદર આરાધના કરો, તપ જપનો ખપ કરો, લપસપથી દૂર રહી જ્ઞાન ધ્યાનમાં-સેવા-શુશ્રૂષામાં, ત્યાગમાં અને આત્મસાધનામાં અહર્નિશ રચ્યાપચ્યા રહી જીવનને ઉજ્જવળ અને આદર્શ બનાવો. શ્રી તીર્થંકર દેવો તે જ ભવમાં મોક્ષે જવાના હોય છે, એમ જ્ઞાનથી જાણવા છતાં પણ તપ-ત્યાગમાં અને સંયમની સાધનામાં લયલીન બને છે. એક સમયનો પણ પ્રમાદ કરતા નથી. એ જ વાત નિમ્ન ગાથામાં જ્ઞાનીઓ રજૂ કરી આપણને પ્રમાદ ન કરવાની પ્રેરણા કરે છે. આ રહી તે ગાથા-

तित्थयरो चउनाणी सुरमहिओ सिज्झिअव्व धुवंमि ।
अणिगूहिअ बल विरिओ सव्वथामेसु उज्जुमई ॥

શ્રી તીર્થંકર દેવો ચાર જ્ઞાનના ધણી હોવા છતાં દેવો અને દેવેન્દ્રોથી પૂજાવા છતાં અવશ્ય એ જ ભવમાં મુક્તિ પામવાના હોવા છતાં જ્ઞાનથી આ પ્રમાણે જાણવા છતાં આત્મ-સાધનામાં વીર્યને ફોરવે છે, શક્તિને છૂપાવ્યા વગર સતત અવિરત આરાધનામાં ઉદ્યમવંત રહે છે તો આપણે આત્મ-સાધનાર્થે કેવો ઉદ્યમ અને પુરુષાર્થ કરવો જોઈએ તે સ્હેજે સમજી શકાય તેમ છે. માટે ગણધર ભગવાન સુધર્માસ્વામી આચારાંગ સૂત્રમાં ફરમાવે છે કે—

'खणं जाणाहि पंडिए' ક્ષણ-સમયને જે ઓળખે એનું નામ પંડિત. આ અમૂલ્ય અને કિંમતી સમયનો આપણે કેવો દુરુપયોગ કરી રહ્યા છીએ, તેનું આપણને જરાય દુઃખ થતું નથી. પણ હે ચેતન! ગયેલી ક્ષણ, વીતેલો સમય ફરી પાછો આવવાનો નથી. આત્માને ભાન નથી. એ મોહના નશામાં બેભાન બની, ભાન ભૂલી દુઃખના ઝુલે ઝુલી રહ્યો છે, પણ મહાન પુણ્યના ઉદયે લક્ષ ચોરાશી યોનિમાં પરિભ્રમણ કરી-આત્માએ આ અમૂલ્ય માનવનો દેહ મેળવ્યો છે. એને જો આપણે ક્ષણિક સુખોમાં, ક્ષણિક પ્રલોભનોમાં, એશ આરામ-અમનચમન અને મોજશોખમાં વેડફી નાંખીશું તો અહીંથી ક્યાં જઈને અટકાઈશું તે કહી શકાય તેમ નથી. દુર્ગતિના ધામમાં આત્માને દુઃખી દુઃખી થવું પડશે. ધર્મની આરાધનાના અભાવે આ આત્મા અનંતકાળથી દુઃખી દુઃખી થઈ રહ્યો છે.

देवेंदचक्कवट्टित्तणाइं मोत्तुं च तित्थयरभावं ।
अणगारभाविता वि यसव्वे जीवा अणंतसो ॥

દેવેન્દ્રપણું યાને ઇન્દ્રપણું, ચક્રવર્તીપણું, તીર્થંકર પદવી અને ભાવિત અણગાર આદિ ભાવો સિવાય આત્માએ અનંતીવાર બધી વસ્તુ પ્રાપ્ત કરી છે છતાં કયાંય તેને તૃપ્તિ થઈ નથી; અસંખ્યાતકાળ સુધી દેવતાઈ ભોગો ભોગવ્યા છતાં ત્યાંય તેને તૃપ્તિ થઈ નથી તો આ નાનકડા મનુષ્યજીવનમાં શું તૃપ્તિ થવાની છે ? માટે હે મહાનુભાવો ! ચેતો ! જાગો ! અને પ્રગતિના પંથે પ્રયાણ કરો.

આવી સભર સુંદર સામગ્રી મળવા છતાં જો એને એળે ગુમાવીશું, પછી કરીશું, પછી કરીશું પણ કાલ કોણે દીઠી છે. કાળરાજા અચાનક કોળીઓ કરી જશે ત્યારે તારી શી દશા થશે ! કાળરાજાના પંજામાંથી કોઈ બચ્યું નથી. આગમશાસ્ત્રો પોકારીને કહે છે કે—

> तित्थयरा गणहारी सुरवइणो चक्की केसवा रामा ।
> संहरिया हयविहिणा सेसजीवेसु का गणना ॥

અરે ખુદ તીર્થંકર દેવો, ગણધર ભગવંતો, ઇન્દ્રો, ચક્રવર્તીઓ, બળદેવો અને વાસુદેવો આવા મહાન બળવાન આત્માઓને પણ કાળરાજાએ છોડયા નથી તો આપણું શું ગજું ? માટે ધર્મની આરાધના કરી આત્માને નિર્મળ અને વિમળ બનાવવા માટે અહર્નિશ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

દેશના પૂર્ણ થયા બાદ શ્રી પુણ્યાઢય નૃપતિએ ગુરુ મહારાજને કહ્યું. 'ગુરુદેવ ! મેં પૂર્વભવે એકી સાથે શું ધર્માધર્મ કર્યાં હશે ! જેથી આ ભવમાં મહાન રાજ્ય અને બીજી તરફ શરીરે પાંગળાપણું પામ્યો ?' પુણ્યાઢય નૃપતિના પ્રશ્નમાં ગુરૂ

દેવે તેનાં પૂર્વ ભવની હકીકત કહી સંભળાવી. જેની થોડી-- ઘણી હકીકત આપણે પૂર્વે કહી ગયા છીએ. અને અહીં પણ એ વાતને સંક્ષેપમાં રજૂ કરીશું.

લક્ષ્મીપુર નામના નગરમાં રામ, વામન અને સંગ્રામ નામના ત્રણ મિત્રો રહેતા હતા. એકદા તેઓ જંગલમાં ક્રીડા કરવા ગયા હતા. ત્યાં તેમણે એક મુનિશ્રીને જોયા. જેમની આંખમાં કાંટો પડવાથી આંખમાંથી દડ દડ પાણી ટપકી રહ્યું હતું. તે વખતે ત્રણે મિત્રોએ મુનિની સેવા કરવાનો વિચાર કર્યો.

તરત જ તેમાંનો રામ નામનો એક મિત્ર ઘોડી બન્યો. બીજો વામન તેના ઉપર ચઢયો અને ત્રીજા સંગ્રામે ટેકો આપ્યો. વામને ચતુરાઇથી મુનિશ્રીની આંખમાંથી કાંટો કાઢી નાંખ્યો. મુનિ વેદના રહિત બન્યા. જેથી ત્રણે મિત્રોને ઘણો આનંદ થયો.

ત્યાર બાદ રામ અને વામન કંઇક મશ્કરીમાં ચઢયા. રામે કહ્યું મુનિની ભક્તિનું ફળ મને તો તરત જ મળ્યું અને હું તત્કાળ જાનવર બન્યો. આ કર્મના પરિણામે રામ બીજા જન્મમાં હાથી બને છે પણ સાથે સાથે મુનિની સેવાભક્તિ કરી હતી તેથી તે પુણ્યશાળી અને અવધિજ્ઞાની થયો. એજ હાથી તપન રાજાને મળે છે અને ભીંત પર શ્લોક લખે છે અને એની સહાયથી જ પુણ્યાઢય રાજાને નિષ્કંટક મહાન રાજ્ય મળે છે, જેનું વર્ણન આપણે પૂર્વે કરી ગયા છીએ. સંગ્રામને પણ મુનિની સેવાના પ્રભાવે નિષ્કંટક રાજ્યઋદ્ધિ મળી, અને તે તપન નામનો રાજા થયો.

વામને મુનિના શરીરની ઘૃણા કરી હતી અને ગોત્રમદ કર્યો હતો તેથી તે નીચ કુળમાં દાસીનો પુત્ર થાય છે અને તે પાંગળો બને છે. પણ સાધુસેવાના પ્રભાવે તે જ રામનો આત્મા હાથી બને છે અને સંપૂર્ણ રીતે પુણ્યાઢય રાજાને મદદ કરે છે. હાથીના સંસર્ગથી પુણ્યાઢય અને પુણ્યાઢયના સંસર્ગથી હાથી....એમ પરસ્પરની મદદથી બન્ને જણા પોતપોતાનું કલ્યાણ કરી શકે છે.

આ પ્રમાણે જ્ઞાની ગુરુ ભગવંતે પુણ્યાઢય રાજાને ટૂંકમાં વર્ણન કહી સંભળાવ્યાં પછી ગુરુદેવે પુણ્યાઢય રાજાને તેના પૂર્વભવનું વિસ્તૃત વર્ણન કહી સંભળાવ્યું.

## પુણ્યાઢય રાજાનો પૂર્વભવ

માલવ દેશના ભૂષણ સમી ઉજ્જયિની નામની નગરી હતી ત્યાં સુબાહુ રાજાનું શાસન ચાલતું હતું. તેનો કિન્નર નામનો એક છત્રધર હતો. તેની હરિણી નામની પત્ની હતી, તેણીએ એકદા સ્વપ્નામાં મેરુશિખર પર ચંદ્રમાનો અભિષેક કરતી મહાલક્ષ્મીને જોઈ. જેથી તેણીને અત્યંત ખૂશી થઈ, અને તેણીએ પોતાના પતિદેવને વાત કરી, તેનો પતિ કિન્નર છત્રધર આ સ્વપ્નને શ્રવણ કરી અત્યંત ખૂશ થયો અને તેણે પોતાની પત્નીને કહ્યું પ્રિયે! આ સ્વપ્નના પ્રભાવે તને એક ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે.

પોતાના પતિદેવનાં મુખકમળથી સ્વપ્નનું ફળ શ્રવણ કરતાં હરિણીને ઘણી ખૂશી થઈ. જ્યારથી હરિણીને ગર્ભ રહ્યો ત્યારથી

તેઓ કાંતિ કીર્તિ અને સુખ સંપત્તિ વિગેરેથી વધવ લાગ્યા, અને બન્ને પતિપત્નિ વિશેષ કરીને દેવપૂજા, ગુરૂસેવા અને ધર્મની આરાધનામાં વધુ ઉદ્યમવંત બન્યા અને આનંદપ્રમોદમાં દિવસો વ્યતીત કરવા લાગ્યા.

જ્યારે ગર્ભ ત્રણ મહીનાનો થયો ત્યારે તેણીને રત્નાકર એટલે સમુદ્રનું પાન કરવાનો દોહલો ઉત્પન્ન થયો. આ દોહદ પૂર્ણ કરવા કિન્નરે અનેકવિધ પ્રયત્નો કર્યા પણ તેણીનો દોહદ પૂર્ણ ન થયો. દોહદ પૂર્ણ ન થવાના કારણે તેણીનું શરીર કૃશ થવા માંડયું અને મુખ મ્લાન બની ગયું. કિન્નર પણ અત્યંત ચિંતાતુર બન્યો, શું કરવું અને શું ન કરવું તેની તેને કંઈ સૂજ ન પડી, મંત્ર, તંત્ર અને યંત્રના જાણકાર પુરુષોને આમંત્ર્યા, વિચક્ષણ પુરુષોની સલાહ લીધી અને આ માટે પુષ્કળ ધનવ્યય કર્યો પણ કોઈ જ ઉપાય ન સૂઝયો.

કિન્નરને એકદા એક ઈંદ્રજાળીયાનો ભેટો થયો. ઇન્દ્રજાળીયાને તેણે બધી વાતથી વાકેફ કર્યો. ઈંદ્રજાળીયાએ કિન્નરને કહ્યું. હે છત્રધર ! તારી પત્નીને ઉત્તમ સ્વપ્નું આવ્યું છે જેથી તને ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે. એનો રત્નાકર પાન કરવાનો દોહદ હું હમણાં જ પૂર્ણ કરૂં છું. તમે જરાય ચિંતા ન કરતા. આ પ્રમાણે કહીને તે ઈંદ્રિજાળીયાએ પોતાની શક્તિ દ્વારા તેના ઘરની નજીક જ સમુદ્ર બનાવ્યો, જેથી હરિણી અતિ પ્રમુદિત બની અને તેણીએ તરત જ એક શ્વાસમાં સમુદ્રના તમામ જળનું પાન કર્યું, એનાં રોમાંચ ખડા થઈ ગયા. અને આનંદનો કોઇ અવધિ ન રહ્યો. તેણીએ નવ

મહીના પૂર્ણ થયા બાદ એક પુત્રરત્નનો જન્મ આપ્યો. સ્વપ્નાનુસાર તેનું નામ શ્રીદત્ત રાખવામાં આવ્યું.

બીજના ચંદ્રમાની જેમ શ્રીદત્ત ધીરે ધીરે મોટો થાય છે. અને યૌવનમાં પગલાં માંડે છે, શ્રીદત્તના શરીરમાં ઉત્તમ લક્ષણો હતા–જાણકારોએ કહ્યું કે આવા ઉત્તમ લક્ષણવાળો પુરુષ રાજગાદી પામે છે. આ વાત કર્ણોપકર્ણ ત્યાંના રાજાએ સાંભળી અને એ રાજાને થયું કે આ શ્રીદત્ત કંઇ મારૂં રાજ્ય ન લઇ લે તેથી તે રાજાએ આ શ્રીદત્તને મારી નાંખવા માટે સુભટોને હૂકમ કર્યો કે તમે યેનકેન શ્રીદત્તને મારી નાંખજો.

ચીઠ્ઠીના ચાકર સુભટો શ્રીદત્તને મારી નાંખવા માટે યુક્તિ પ્રયુક્તિ શોધી રહ્યાં હતાં. ત્યાં તો શ્રીદત્તે પણ સાંભળ્યું કે, અહીંનો રાજા મને મારી નાંખવા મથે છે. આ સાંભળતાં જ શ્રીદત્ત ગુપ્ત રીતે કહ્યા વગર ત્યાંથી ભાગી છૂટયો. જેના પુણ્ય તે જ છે એનો વાળ વાંકો કોણ કરી શકે ?

ત્યાંથી શ્રીદત્ત એક ભયાનક અટવીમાં પહોંચી ગયો, તે ઘણો શ્રમિત થયો હતો, તેને ભૂખ અને પ્યાસ પણ લાગી હતી, તેટલામાં તેણે ફળફૂલથી લચી રહેલું એક વૃક્ષ નિહાળ્યું.

શ્રીદત્ત આ વૃક્ષનું નામ નહોતો જાણતો. તેના ફળોના નામથી પણ અજ્ઞાત હતો, પણ ફળ રૂડા-રૂપાળા અને ખાવામાં મીઠા હતા જેથી ભૂખના દુઃખને દૂર કરવા તેણે તે ફળ ખાધાં અને એક વસ્ત્ર ઓઢી તે જ વૃક્ષની નીચે તે સૂઇ ગયો. પણ થોડી જ વારમાં તેનાં અંગોપાંગ સંકોચાઈ ગયા અને તે પાંગળો બની ગયો. કારણ કે એ વૃક્ષનું નામ સંકોચ વૃક્ષ

હતું અને એ વૃક્ષનાં ફળો જે વ્યક્તિ આરોગે તેનાં અંગો-પાંગ-સંકોચાઈ જાય અને તે પાંગળો બને.

ગુરુમહારાજ આ પ્રમાણે પુણ્યાઢય રાજાને તેનાં પૂર્વભવનું વર્ણન સંભળાવી રહ્યા છે, પુણ્યાઢય રાજા એકચિત્તે આ વર્ણન સાંભળી રહ્યો હતો. ગુરુમહારાજાએ પુણ્યાઢય રાજાને કહ્યું કે–તેં પૂર્વભવે સાધુસેવા કરી હતી અને પુનઃ પુનઃ તેની અનુમોદના કરી હતી એટલે આ અવધિજ્ઞાની હાથીની સહાયથી તને રાજ્યની પ્રાપ્તિ થઇ. પણ તેં સાધુસેવા કરતાં ગોત્રનો મદ કર્યો હતો અને સાધુમહાત્માના મલિન શરીરની ઘૃણા કરી હતી એટલે તેં ગોત્રમદ કર્યો તેથી તું નીચ કુળમાં ઉત્પન્ન થયો અને કાંટો કાઢતાં સૂગ અને ઘૃણા કરી તેથી તારું શરીર તે કર્મના પ્રભાવથી સંકોચાઇ ગયું અને તું પાંગળો બન્યો. શુભ અને અશુભ ભાવથી જુદા જુદા કર્મના પરિણામથી તને અંગ સંકોચ, રાજ્યઋદ્ધિ એમ બન્ને વસ્તુ સાથે પ્રાપ્ત થઈ.

આ પ્રમાણે ગુરુમહારાજના મુખેથી પોતાનો પૂર્વભવ શ્રવણ કરતાં પુણ્યાઢય રાજાનું હૈયું પીગળી ગયું. હૃદયમાં વૈરાગ્ય ભાવના જાગી. અને દીક્ષા લઈ કલ્યાણ કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ. પુણ્યાઢય નૃપતિએ ગુરૂદેવને બે હાથ જોડીને વિનંતિ કરી કે ગુરુદેવ ! મને ચારિત્ર આપી મારો ઉદ્ધાર કરો. આ જગતમાં દેવ–ગુરુ અને ધર્મનું જ સાચું શરણ છે. હું આપના શરણે આવ્યો છું.

ગુરુદેવે કહ્યું : કે હે પુણ્યાઢય નૃપ! તારાં અંગોપાંગ

સંકોચાયેલા છે અને તું પાંગળો છે એટલે ચારિત્રની પડિલેહણાદિ ક્રિયા તું કરી શકે નહિ માટે તને ચારિત્ર શી રીતે અપાય! પણ તું ચિંતા ન કરીશ તને આ જ ભવે ગૃહસ્થના વેશે કેવળજ્ઞાન થવાનું છે અને તું નિર્વાણ પામવાનો છે.

ગૃહસ્થના વેશે કેવળજ્ઞાન થશે એ વાત ગુરુમુખથી શ્રવણ કરી પુણ્યાઢ્ય નૃપતિને અત્યંત આશ્ચર્ય થયું. શું ગુરુદેવ! ગૃહસ્થના વેશમાં મને કેવળજ્ઞાન થશે? ગુરુદેવે કહ્યું:–હા તને ગૃહસ્થના વેશમાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. આ વાતને સમજાવવા માટે ગુરુદેવે સિદ્ધના પંદર ભેદોનું વર્ણન સંભળાવ્યું.

ગૃહસ્થના વેશે કેવળજ્ઞાન થાય પણ ગૃહસ્થના ભાવમાં નહિ, પણ ભાવ તો ઉંચા અને સાધુતાના જ હોય ત્યારે કેવળજ્ઞાન થાય. કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન થાય છે અને કર્મ ક્ષય ઉત્તમ ધ્યાનથી થાય છે એટલે તે વખતે પુણ્યાઢ્ય નૃપતિની સંમુખ ચાર ધ્યાનનું વિસ્તૃત વર્ણન કરી ગુરુમહારાજે કહ્યું કે તું શુક્લધ્યાનમાં ચઢી ઘાતિ કર્મનો નાશ કરી કેવળજ્ઞાન પામશે અને તે જ વખતે તારૂં આયુષ્ય પણ ક્ષીણ થશે યાને ચાર અઘાતિ કર્મોનો પણ વિનાશ થશે અને તું અંતકૃત્ કેવળી થઈ નિર્વાણ પામીશ.

## વ્રતની માંગણી

આ ભવમાં તું મોક્ષે જઈશ, આ વાત જ્યારે ગુરુમહારાજના મુખથી શ્રવણ કરી ત્યારે પુણ્યાઢ્ય નૃપતિને અત્યંત આનંદ થયો. તે વખતે પુણ્યાઢ્ય ભૂપે ગુરુદેવને બે હાથ

જોડીને ગુરુદેવ સમક્ષ ગૃહસ્થના વ્રતોની જ્યારે માગણી કરી ત્યારે મહામહોત્સવપૂર્વક વિધિપૂર્વક તેઓશ્રીએ તેમને સમ્યક્ત્વ મૂળ બાર વ્રતો ઉચ્ચરાવ્યા અને હિતશિક્ષા આપતા જણાવ્યું કે-રાજન્! તારે આ હાથીને હવેથી કોઈ પણ પ્રકારના બંધને બાંધવો નહિ, એ છૂટો રહેવા છતાં તે કોઇને કશી પણ હરકત નહિ કરે, આ હાથી અહીંથી કાળ કરી સૌધર્મ દેવલોકે ઉત્પન્ન થનાર છે અને સાતમા ભવે તો સિદ્ધ-ક્ષેત્રમાં સીધાવશે યાને મોક્ષે જશે. હાથી છે જાનવર પણ અતિ ઉત્તમ અને ઉંચો જીવ છે. અનેક સત્કૃત્યો દ્વારા નિજના દોષોને દૂર કરી તે પોતાના જીવનને ઉજ્જવળ બનાવશે.

આ પ્રમાણે ગુરુમહારાજે આપેલી હિતશિક્ષાને પુણ્યાઢય નૃપ વિનયપૂર્વક બે હાથ જોડી પોતાના મસ્તકપર ચઢાવે છે. અને ત્યાંથી પોતાના રાજમહેલમાં સીધાવે છે, ગુરુમહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી પુણ્યાઢય નૃપતિએ હાથીના બંધનો છોડી નાંખ્યા અને હરરોજ તેની પૂજા, અર્ચા અને ત્રણ વખત તેની આરતિ ઉતારે છે. હાથી પણ જીવદયાની ખાતર નીચે જોઇને મંદમંદ ગતિએ ચાલે છે. આહાર-વિહાર પણ પરિમિત કરે છે, પર્વના દિવસોમાં પ્રીતિપૂર્વક પ્રભુની ભક્તિ કરે છે. અને સુંદર આરાધના કરે છે.

એક વખત ગજવૈદે પુણ્યાઢય નૃપતિને જણાવ્યું કે—રાજન્! હાથીને જ્વર ચઢયો છે. અને હાથીને જ્યારે જ્વર ચઢે ત્યારે સમજી લેવું કે હવે એનું મૃત્યુ સમીપમાં જ છે. પુણ્યાઢય રાજા જેમ પોતાના માતા-પિતા અને ભ્રાતાની સેવા જે ભાવ બહુમાન અને લાગણીથી કરે તેના કરતાં પણ

વિશેષ પ્રેમભાવથી હાથીની સેવા-શુશ્રૂષા કરવા લાગ્યો અને એણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે જે વ્યક્તિ આ હાથીને સાજો કરશે, નીરોગી કરશે અને સ્વસ્થ કરશે તેને હું મારૂં અડધું રાજ્ય આપીશ, અરે અડધું તો શું હું એને સમગ્ર રાજ્ય આપવા તૈયાર છું, મારે રાજ્યની શી જરૂર છે!

રાજાના હુકમથી ચોરે ને ચૌટે અને ગલીએ ગલીએ સમગ્ર નગરમાં ઢંઢેરો પીટાય છે. ઢંઢેરો સાંભળીને નગરમાંથી આ વિષયના જાણકાર કુશળ વૈદ્યો આવે છે, એ બધાએ હાથીને રોગ-રહિત કરવા માટે વિવિધ ઔષધોપચાર કર્યા, પણ કેમેય હાથી સ્વસ્થ ન થયો. કારણ કે એનું મૃત્યુ નજીકમાં જ હતું.

## હાથીએ અણસણ આદર્યું

તે વખતે હાથીએ જમીન ઉપર અક્ષરો લખ્યા કે-મેં અન્નજળનો ત્યાગ કર્યો છે અને અણસણ આદર્યું છે કારણકે આ રોગથી હું કોઇ રીતે બચી શકું તેમ નથી.

હાથીએ વિચાર્યું કે મારૂં મૃત્યુ નગરમાં થાય એ ઠીક નહિ, હાથી નગરમાં મૃત્યુ પામે એ અશુભ છે એવી લોકોક્તિ છે એમ જાણી ગજરાજ પોતે જ વેદનાગ્રસ્ત હોવા છતાં ધીમે પગલે નગરની બહાર નિકળી જાય છે. રાજા અને પ્રજા આદિ મહાન પરિવાર તેની પાછળ જાય છે.

## અંતિમ આરાધના

હાથી એક ઉપવનમાં જઈને ઉભો રહે છે. તે સ્થળે પુણ્યા-

ઢય નૃપે ફુલોથી શોભતો એક ભવ્ય મંડપ ઉભો કર્યો અને હાથીને અંતિમ નિર્યામણા શરૂ કરાવી. બંદીજનો ઉત્તમ શ્લોકો ઉચ્ચારવા લાગ્યા, પૂર્વ મહર્ષિની ઉત્તમ કથાઓ સંભળાવવા લાગ્યા. ધર્મની સુંદર વાતો કરવા લાગ્યા અને પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવા લાગ્યા. હાથી આરાધનામાં અત્યંત મશગુલ બન્યો, વેદનાને ક્યાંય ભૂલી ગયો અને નિજને ધન્ય માનવા લાગ્યો.

## હાથીનું મૃત્યુ

મધ્ય રાત્રિના સમયે સૌ કોઈ નિદ્રાધીન બન્યા હતા, પણ પુણ્યાઢય નૃપતિ તો જાગતા જ હતા, તે વખતે હાથીએ અંગ મરડયું અને આંખો મીંચાવા લાગી જેથી પુણ્યાઢય રાજાએ નવકાર મંત્ર સંભળાવ્યા. નવકાર મંત્રનાં ધ્યાનમાં શુભ ભાવમાં સમાધિપૂર્વક હાથી તે વખતે મૃત્યુ પામે છે અને ત્યાંથી દેવલોકમાં ઉત્પન્ન થાય છે. હાથીના મૃત્યુથી પુણ્યાઢય નૃપતિને ભારે દુઃખ થાય છે. શોકાકુલ બને છે અને અશ્રુ સારે છે. પ્રભાત સમયે ચંદન, કર્પૂર, કેસર, કસ્તુરી અને અગર-તગર આદિ સુગંધી દ્રવ્યોથી જેમ પોતાના પ્રિય સ્નેહીનો અગ્નિ સંસ્કાર કરે, તેમ હાથીનો રાજા પોતે અગ્નિસંસ્કાર કરે છે.

અંતિમ વિધિ પતાવી ત્યાંથી મહામુશીબતે રાજા રાજમહેલમાં પાછો ફરે છે. રાત્રિના સમયે હાથીના ધ્યાનમાં અગાસીમાં પુણ્યાઢય રાજા સૂતો છે, હાથીના વિરહમાં તેની નિદ્રા ઉડી ગઈ. તે અત્યંત શોક કરતો બોલવા લાગ્યો કે—આ હાથી વગર રાજ વૈભવ અને સુખસમૃદ્ધિની મારે શી જરુર છે? આત્મા વગરના શરીરની જેમ કોડીની કિંમત હોતી

નથી તેમ આ હાથી વગર મારૂં જીવન નિરર્થક છે. આ કાન અને આ ચક્ષુઓ શા કામના? જેનો ધ્વનિ હું સાંભળતો નથી અને જેનું રૂપ અને દર્શન હું કરી શકતો નથી, તેના દર્શન વગર મને કેમેય શાંતિ-તૃપ્તિ નથી. હજી પણ મારા પુણ્ય જો કંઈ જાગૃત હોય તો મને હાથીના દર્શન થાવ!

રાજા આ પ્રમાણે વિચાર કરે છે અને વિલાપ કરે છે અને અનેક સંકલ્પ-વિકલ્પ કરે છે. તે જ વખતે તેની સમક્ષ અગાસીમાં જ તે હાથી રાજાના જોવામાં આવ્યો. આથી રાજાના આશ્ચર્યનો કોઈ અવધિ ન રહ્યો.

આમ અચાનક હાથીનાં દર્શન થતાં રાજા હર્ષઘેલો બન્યો. અને ઉભો થઈને ગજરાજને ભેટી પડયો અને તેને ખૂબ પ્રેમથી આલિંગન કર્યું. પણ પાછો વિચાર આવ્યો કે શું મૃત્યુ પામેલો હાથી પુનર્જીવિત થતો હશે! એમ તો બને જ નહિ. આગમ શાસ્ત્રોનું ફરમાન છે કે મૃત્યુ પામેલો જીવ પુનર્જીવિત થતો નથી, તો આ શી રીતે બન્યું? આ પ્રમાણે રાજા શંકિત બન્યો. શું હું મરેલાને જોઈ રહ્યો છું. કે આ સ્વપ્ન છે! ના આ સ્વપ્ન નથી હું તો જાગું છું. અને આ મડદું નથી ત્યારે શી હકીકત છે? એમ અનેક સંકલ્પ-વિકલ્પ કરે છે.

તે વખતે ગજરાજ કહે છે-રાજન્! હાથી મૃત્યુ પામ્યો છે એ વાત સો ટકા સાચી છે, શંકા વગરની છે, નહિતર અગાસીમાં ક્યાંથી હોય! સાક્ષાત્ તું મને જોઈ રહ્યો છે એ વાત પણ સાચી છે. સ્વપ્ન નથી કારણ તું જાગે છે. જાગતાને સ્વપ્ન ક્યાંથી આવે! માટે હે રાજન્! તું શાંતિથી નીચે બેસ. હું

તને મારૂં યથાર્થ સ્વરૂપ દર્શાવું છું. રાજા તો દિંગજ થઈ ગયો. એની જાણવાની જિજ્ઞાસા વધી. ખૂબજ તાલાવેલી લાગી અને તે શાંત ચિત્તે હાથી જે કહે તે સાંભળવા ઉત્સુક થયો.

## આરાધનાનો પ્રભાવ

રાજન્ ! મને જ્યારે જ્વર ચઢયો ત્યારે મેં વિચાર કર્યો કે રાજા આ બધા વૈદ્યોને પુષ્કળ ધન આપીને પોષે છે છતાં તેમાંનો કોઈપણ મારો જ્વર ઉતારવા કે મને રોગ રહિત કરવા સમર્થ થયો નહિ એટલે મને થયું કે આ બધાને હું પગતળે પીસી નાંખું, સાળા હરામનું ખાય છે.

આ જાતની દુર્ભાવનાએ હું ચઢયો હતો અને રૌદ્ર ધ્યાનમાં હું ચઢી સીધો નરકમાં પહોંચી જવાની તૈયારીમાં હતો. તેં મને દુર્ગતિના ખાડામાં પડતા બચાવી, સુંદર આરાધના કરાવી તેથી મારી ભાવનામાં પલ્ટો આવ્યો. હું શુભ ભાવના ભાવવા લાગ્યો. તેં મને અંતિમ આરાધના અને નિર્યામણા કરાવી, નવકારમંત્ર સંભળાવ્યા, આ પ્રમાણે તેં મારા ઉપર અસીમ અને અનહદ ઉપકાર કર્યો છે.

રાજન્ ! એ આરાધનાના પ્રતાપે હું સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો છું. ઉત્પન્ન થતાં જ મેં અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકયો કે મેં શું સુકૃત કર્યા ? જેના પ્રભાવે હું દેવલોકની અપૂર્વઋદ્ધિ-સિદ્ધિ પામ્યો. ઉપયોગ મૂકતાં જ મેં તને જોયો. તને મારા વિરહમાં દુઃખી દુઃખી અને આકુળ વ્યાકુળ જોઈ તરત જ દિવ્ય વૈભવોને ત્યજી તારી પાસે હાથીના રૂપમાં હાજર થયો છું.

રાજન્! આ બધો પ્રતાપ અને પ્રભાવ તારો છે. તું મારો સ્વામી છે અને તું મારો ગુરુ પણ છે. હું જ્યારે તારે ત્યાં હાથી રૂપે હતો ત્યારે તેં મારું ખૂબ પ્રેમથી પોષણ કર્યું હતું અને અંતે સુંદર આરાધના કરાવી છે. જો તેં મને નવકાર મંત્ર સંભળાવ્યા ન હોત અને આરાધના ન કરાવી હોત તો મારી શી વલે થાત! અસંખ્યાત વર્ષો સુધી નારકીની તીવ્ર યાતનાઓનો ભોગ બનત! માટે હે રાજન્! તારા ઉપકારનો બદલો વાળ્યો વળે તેમ નથી, તું મારો ગુરુ છે અને ગુરુનાં દર્શન ખાલી હાથે થાય નહિ માટે હું તને આ દિવ્ય ફળ આપું છું. તું તેનું તરતજ ભક્ષણ કર! જેથી તારું પાંગળાપણું સત્વર દૂર થઇ જશે.

## અપૂર્વ ટેક

હાથીના રૂપમાં આવેલા દેવતાએ જ્યારે રાત્રે ફળ ખાવાની પ્રેરણા કરી તે જ વખતે પુણ્યાઢય રાજા બોલી ઉઠયા અરે! ગજરાજ! તમે આ શું બોલો છો? તમારા જેવો વિવેકી દેવ મને રાત્રે ભોજન કરવાની પ્રેરણા કરે! મહા આશ્ચર્ય! પણ ગજરાજ! શરીર સારું થાય કે ન થાય પ્રાણ ભલે જાય પણ કદી જ રાત્રે ભોજન નહિ કરું! આ મારો દૃઢ નિર્ણય છે.

રાત્રિભોજનનો આદર કરતા અને રાત્રિભોજનનો ત્યાગ કરતા હંસ અને કેશવની જેમ અનેક આપત્તિઓ અને વિપુલ સંપત્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે હંસને વિપત્તિ અને કેશવને સંપત્તિ મળી, આ પ્રમાણે ગુરુમુખથી સાંભળ્યા પછી હે દેવ! હું રાત્રિભોજન કરું? ફળ ખાઉં? હરગીઝ નહિ.

ત્યારે ગજરાજના રૂપમાં રહેલા દેવે કહ્યું રાજન્! માનવ અને દેવમાં આજ મોટો ભેદ છે.

માનવો ત્યાગ કરી શકે છે, વિરતિધર્મ સ્વીકારી શકે છે ત્યારે દેવો ત્યાગ કે વિરતિ કરી શકતા નથી. માટે હે પુણ્યાઢય! મારામાં અને તારામાં આસમાન પાતાળ જેટલું અંતર છે. ધન્ય છે તને. હવે તું પ્રભાતે ઉઠીને જિનપૂજા કર્યા પછી તું આ ફળનું ભક્ષણ કરજે એટલે તારો રોગ દૂર થશે અને એનો રસ શરીરે ચોપડજે જેથી તારૂં પાંગળાપણું દૂર થઈ જશે. અને તારા અંગોપાંગ સારા થઈ જશે.

આ પ્રમાણે કહીને હાથીના રૂપમાં આવેલ દેવ તત્ક્ષણ અદૃશ્ય થઇ ગયો. પુણ્યાઢય રાજા વિચારે છે કે મૃત્યુ પછી પણ આ હાથી મારા ઉપર કેટલો ઉપકાર કરે છે. જીવતો હોય તો મારા ઉપર કેટલો ઉપકાર કરે!

## સ્મારકની તૈયારી

પુણ્યાઢય રાજાએ હાથીની કાયમી સ્મૃતિ માટે ત્યાં એક ભવ્ય જિનમંદિર ઉભું કરવાનો નિર્ણય કર્યો. આ રીતે શુભ અધ્યવસાય અને વિચારણામાં સમગ્ર રાત્રિ પસાર કરી. પ્રભાતના સમયે જિનપૂજાદિ કૃત્ય કરી દેવે આપેલા દિવ્ય ફળનું ભક્ષણ કર્યું. એટલે તરત જ સૂર્યના ઉદયથી કમળો જેમ વિકસ્વર થાય તેમ તેના અંગોપાંગ ખીલી ઉઠયા. રાજા રોગ રહિત બન્યો અને કાયા અતિકમનિય અને દર્શનીય બની.

પુણ્યાઢય નૃપતિનાં દર્શન કરી પ્રજાજનો ખૂશ-ખૂશાલ

થયા અને રાજા પણ આનંદ પ્રમોદ અને વિનોદમા અંતે-ઉરીઓની સાથે સ્વેચ્છ ક્રીડા કરવા લાગ્યો. આમ ક્રીડા કરતાં દિવસોના દિવસો વ્યતીત થયા. એમ સુખથી કાળ નિર્ગમન થતાં પુત્રનો જન્મ થયો. તેની સાથે જાણે અમૃતના કુંડમાં સ્નાન કરતો હોય તેવો અપૂર્વ આનંદ તે અનુભવવા લાગ્યો.

આમ કેટલોક કાળ વ્યતીત થયા પછી એકદા પુણ્યાઢય નૃપતિ વનમાં ક્રીડા કરવા માટે જાય છે. તેણે હાથીના અન-શનનું સ્થાન જોતાં જ તે વિચારમાં પડયો કે અરે હું કેવો મૂર્ખ છું ? કામક્રીડામાં મશગુલ બનીને હાથીના નામથી મેં શ્રી જિનમંદિર રૂપ કાયમી સ્મારક ઉભું કરવાનો નિર્ણય કર્યો હતો. એ વાતને કેટલો સમય વીતી ગયો અને એ વાતને હું ભૂલી ગયો ધિક્કાર છે મને, તરત જ રાજાએ પોતાના પ્રધાનોને હુકમ કર્યો કે-તમે હાથીના નામની કાયમી સ્મૃતિ-રૂપ ગગનચુંબી શિખરબંધી ભવ્ય જિનપ્રાસાદ તે સ્થળે ઉભો કરો. દિવસો, માસો કે વર્ષો ભલે વીતે પણ જયાં સુધી આ જિનમંદિર તૈયાર નહિ થાય અને તેમાં પરમાત્માની મૂર્તિની પ્રતિષ્ઠા નહિ થાય ત્યાં સુધી મારે અન્નજળનો ત્યાગ છે.

આવો કડક અભિગ્રહ રાજાએ ગ્રહણ કર્યો. પ્રધાનો અને મહાજનો સૌ કોઇએ રાજાને સમજાવવા પ્રયત્ન કર્યો કે રાજન્ ! આ તો સાગર તરવા જેવું દુઃશકય કાર્ય છે. માટે આપ આવો કઠીન અભિગ્રહ ગ્રહણ ન કરો. પણ રાજા તો પોતાના નિર્ણયમાં અફર રહ્યો, તે ઉદ્યાનમાંથી પાછા ફરી પુનઃ રાજમહેલમાં પધાર્યા. મંત્રીશ્વરોએ શુભ લગ્ને અને શુભ મુહૂર્તે મંગળ દિવસે જિનમંદિર બંધાવવાનો પ્રારંભ કર્યો. પુણ્યાઢય

રાજાએ ત્યારથી અન્ય આરંભ સમારંભના કાર્યોને ત્યજીને અન્નજળનો ત્યાગ કર્યો, અન્નજળનો ત્યાગ કર્યે આજ આઠ દિવસ વ્યતીત થયા હતા. આઠ–આઠ ઉપવાસ થયા હતા.

## ભાવના ફળી

આ રીતે જ્યારે માણસ એક વસ્તુની પાછળ યાહોમ કરીને પડે છે. "કાર્યં સાધયામિ દેહં પાતયામિ વા" જ્યારે આવો અડગ નિર્ણય કરીને તે કાર્ય સિદ્ધ કરવા તૈયાર થાય તો તેની પડખે દેવો પણ સહાય રૂપે આવીને ઉભા રહે છે. અહીંઆ પણ એવું જ બન્યું હાથીનો જીવ દેવ સવારના વખતે જ પ્રત્યક્ષ થઇને પુણ્યાઢય રાજાને કહે છે હે પુણ્યશાળી પુણ્યાઢય નૃપ! તારો જય થાવ. તું વિજયવંત બન, કોઈથી ય ન કરી શકાય તેવો તારો કરડો અભિગ્રહ છે. માટે રાજન્! તારી આવી દૃઢતાથી પ્રેરાઇને તારું લોકોત્તર સ્વરૂપ પ્રગટ થવાનું છે તેમ અવધિજ્ઞાનથી જાણીને અને તપન રાજર્ષિની પાસે એ વાતનો નિર્ણય કરીને જિનબિંબ તૈયાર કરી તેમની પાસે તેની પ્રાણપ્રતિષ્ઠા કરાવી, અને એ ઉપવનમાં સત્વર ગગનચુંબી શિખરબંધી જિનપ્રાસાદ તૈયાર કરીને તેમાં યથાવિધિ તે બિંબને સ્થાપન કર્યું છે. તારા ભાગ્યનો મને તું પ્રતિનિધિ જ સમજજે, તારા મનોરથ તું પૂર્ણ કર અને શ્રી ચંદ્રાનન પ્રભુને વંદન કરી નમસ્કાર કરી તું પણ જગતમાં વંદનીય બન!

પુણ્યાઢય નૃપતિં તે વખતે વિચાર કરે છે કે અહાહા! આ હાથીએ મારા ઉપર કેવો અનહદ ઉપકાર કર્યો. તે જ

વખતે રાજા ત્યાંથી ઉઠીને નૂતન ભવ્ય જિનપ્રાસાદના દર્શને જાય છે. પરમાત્માના દર્શન કરી નિજને ધન્ય માને છે.

જિનમંદિરનાં દ્વારો ઉન્નત રંગમંડપ તોરણો બાંધણી ત્રિકોણ ચતુષ્કોણ સ્થંભોની માંડણી ભવ્ય કુટ્ટિમતલ અને ગગનચુંબી જિનપ્રાસાદ જોઈને રાજાનું મસ્તક ડોલી ઉઠયું.

પુનઃ પુનઃ તે સ્તુતિ કરવા લાગ્યો અને અનુમોદન કરી પુણ્યનો ભાગી બન્યો. તે વખતે પુણ્યાઢય નૃપતિને એટલો બધો આનંદ થાય છે કે તે સમગ્ર વિશ્વને ભૂલી જાય છે. સમભાવથી ભાવિત બને છે અને શુક્લધ્યાનમાં આરૂઢ થાય છે.

ક્ષપકશ્રેણિએ આરોહણ કરતાં નિર્મળ ધ્યાન દ્વારા ઘાતિકર્મનો જડમૂળથી વિનાશ કર્યો અને વિમળ-નિર્મળ એવું કેવળજ્ઞાન પામ્યો.

તે જ વખતે તેના અઘાતિ કર્મો પણ વિનાશ પામ્યા અને તે અંતકૃત્ કેવળી થઈ નિર્વાણ પામે છે, સિદ્ધ થયો, બુદ્ધ થયો અને સકળકર્મથી મુક્ત થયો.

પુણ્યાઢય નૃપતિના નિર્વાણથી પ્રધાનો અને મંત્રીજનો ખૂબ આક્રંદ કરવા લાગ્યા અને ખૂબ વિલાપ કરવા લાગ્યા. જાણે છાતી ઉપર વજ્રપાત ન થયો હોય તેવા દુઃખનો અનુભવ કરવા લાગ્યા.

ગજરાજના જીવ દેવે આક્રંદ કરતી રાણીઓ અને વિલાપ કરતા પોરજનોને આશ્વાસન આપી પુણ્યાઢય નૃપ-

તિની અંતિમ વિધિ અગ્નિસંસ્કાર કરી પુણ્યાઢય નૃપતિના પુત્ર પુણ્યસાર યુવરાજને ધામધૂમપૂર્વક રાજગાદીએ બેસાડી તેને ધર્મકાર્યો અને પ્રતિદિન જિનપૂજા આદિ કરવાની પ્રેરણા કરી.

બીજા દેવોની સાથે તે પણ તત્ક્ષણ અદૃશ્ય થયો, આ કથાનો સાર એ છે કે-એક જ મુનિની ભક્તિ કરનાર ત્રણ મિત્રો જુદા જુદા ભાવથી જુદું જુદું ફળ પામે છે, ભક્તિ કરનાર ભક્તિનું ફળ પામે છે, હાંસી કરનાર હાંસીનું ફળ પામે છે.

માટે દેવ ગુરુ અને ધર્મની ભક્તિ કરતા જરાપણ વિરાધના ન થાય, હાંસી મશ્કરી ન થાય અને શ્રદ્ધામાં ખામી ન આવે એ રીતે નિઃશંકપણે શુદ્ધ ભાવથી ભક્તિ કરતા રહીએ, ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક આપણે જો ભક્તિ ને આરાધના કરતા રહીએ તો આપણે પણ તે પ્રમાણે ઉત્તમ ફળ પામી શકીએ અને મુક્તિ મેળવી શાશ્વત સુખના ભોક્તા બની શકીએ........

# વ્યાખ્યાન વીસમું

પૂર્વભવમાં જેમણે ઘોર પાપકર્મો કર્યાં હતાં અને આ ભવમાં જેમણે હિંસાદિ અનેક કુકૃત્યો આચર્યાં હતાં, તેવા આત્માઓ પણ જ્યારે ધર્મ પામે છે અને આરાધનામાં તલ્લીન બને છે ત્યારે કલ્યાણ કરી જાય છે, સદ્‌ગતિગામી બને છે અને મુક્તિ પામે છે. આ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવકથિત ધર્મની આરાધના કરનારા આત્માઓ સ્વર્ગ અને મોક્ષના રૂડાં ફળ પામે છે. એમ જાણીને ભવ્ય આત્માઓએ આરાધનામાં અહર્નિશ તત્પર રહેવું જોઈએ, એજ પરમાત્માનો ઉપદેશ છે અને સદ્‌ગુરુઓ પણ આપણને એ જ પ્રેરણા આપે છે.

અત્યાર સુધીના વર્ણન દ્વારા ધર્મ કોને ફળે છે તે વસ્તુ સમજાવી. હવે આરાધના કરનાર આરાધક આત્માને ધર્મ ક્યારે ફળે ? એ વસ્તુ હવે આપણે સમજાવીશું.

## ધર્મ કોને ફળે ?

આરાધક આત્મા માટે પ્રથમ મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિની અત્યંત આવશ્યકતા છે. મનશુદ્ધિ યાને મનમાં શુદ્ધ અને પવિત્ર વિચારો રાખવા, દુર્ધ્યાનથી દૂર રહેવું,

સદ્ધ્યાનમાં મન પ્રવર્તાવવું, બીજાના ભલાની ભાવના ભાવવી, કોઇનું ય પણ બુરું ન ઇચ્છવું, કોઈનું બુરું તો નહિ જ કરું! એવો દૃઢ નિર્ણય આપણા દિલમાં હોવો જોઇએ કારણ કે પ્રત્યેક આત્મા કર્માધીન છે. દરેકને પોતપોતાના કર્મ અનુસાર ફળ મળે છે. કોઇ કોઈનું બુરુ કરી શકતું નથી, માટે જ અનુભવીઓએ કહ્યું છે કે—

सुखस्य दुःखस्य न कोऽपि दाता परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाऽभिमानः स्वकर्मसूत्रग्रथितो हि लोकाः ॥

सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु य निमित्तमेत्तं परो होई ॥

આત્માને પોતાના કરેલા કર્મો જ સુખ–દુઃખ આપે છે. અમુકે મને ખેહાનમેહાન કરી નાંખ્યો, અમુકે મારૂ બુરૂં કર્યું, અમુકે મને હેરાનપરેશાન કરી નાંખ્યો, દુઃખી દુઃખી કરી નાંખ્યો એમ માનવું એ નરી અજ્ઞાનતા છે. આ મેં કર્યું, મારા વડે જ બધું છે, આ પ્રમાણે માનવું એ કેવળ મિથ્યાભિમાન છે કારણ સૌનું ભલું બુરું યા સારું નરસું એ પોતપોતાના કર્મના અનુસારે જ થાય છે, એમાં બીજા તો નિમિત્ત માત્ર છે. સિદ્ધરાજે કુમારપાળને મારી નાંખવા શું ઓછા પ્રયત્નો કર્યા હતા? છતાં કુમારપાળનું પુણ્ય તેજ હતું તો તેનો કોઈ વાળ વાંકો ન કરી શક્યું. જ્યારે આપણું ધાર્યું કશું થતું નથી, સામાના ભાગ્ય જો તેજ છે તો કોઇની તાકાત નથી કે કોઇ એનું બુરું કરી શકે! જ્યારે આપણે કોઇનું બુરૂં કરી શકતા નથી પછી બીજાનું બુરુ કરવાની ભાવના રાખવી અને બીજાનું

કાસલ કાઢવાની કે નિકંદન કરવાની વિચારણા કરવી એ નરી અજ્ઞાનતા છે.

વચનશુદ્ધિ— હંમેશા સત્ય બોલવું, પ્રમાણિકપણે વર્તવું, આપણા વચન કે વાણીદ્વારા કોઈનું અહિત ન થાય તેવું વચન ઉચ્ચારવું. મતલબ "હિતમિતં તથ્યં" "સત્યં શિવં સુંદરં" યાને અન્યને હિતકારી પ્રમાણોપેત અને સત્ય વચન વદવું. અનુભવીઓ પણ એજ વાતની સાક્ષી પૂરે છે.

"सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्"
प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यंति जंतवः ।
तस्मात् प्रियमेव वक्तव्यं वाक्येऽपि का दरिद्रता ॥

મતલબ મીઠી વાણી બોલવાથી સૌને આનંદ થાય છે. માટે હંમેશા સત્ય પણ પ્રિયવચન વદવું, મીઠી વાણીના ઉપયોગમાં વળી શી દરિદ્રતા! મતલબ ધર્મથી અવિરુદ્ધ, સત્ય પ્રિય અને હિતકર વચન બોલવું. ક્યારે પણ ધર્મ-વિરૂદ્ધ, શાસ્ત્રવિરૂદ્ધ બોલવું નહિ એનું નામ છે વચનશુદ્ધિ.

કાયશુદ્ધિ

દુરાચારના દુઃખદ માર્ગેથી સદા દૂર રહેવું. કાયાને પવિત્ર રાખવી. ખોટે રસ્તે જવું નહિ, બ્રહ્મચર્યનું પાલન કરવું, પરસ્ત્રી-ગમનથી દૂર રહેવું. પરસ્ત્રીગમન યા વેશ્યાગમન કરવાથી આલોકમાં ઈજ્જત-આબરૂ બરબાદ થાય છે, નામ બદનામ થાય છે, રોગના ભોગ બનવું પડે છે, માન-પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે, કાયા અપવિત્ર બને છે અને પરલોકમાં દુર્ગતિના

ઘોર દુઃખો પામવા પડે છે. માટે પરસ્ત્રીનો તો ત્યાગ જ હોવો જોઇએ.

તેમ જ અનિતિ કરવી નહિ, અનીતિનું ધન પેટમાં પડવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, અનીતિનું ધન ટકતું નથી અને ખોટે રસ્તે તેનો વ્યય થાય છે. ચિત્ત ચંચળ અને અસ્થિર બને છે. માળા ફેરવવામાં મન સ્થિર રહેતુ નથી, ઉલ્ટી બુદ્ધિ સૂઝે છે, ધર્મભાવના બગડે છે, ધર્મક્રિયામાં જોઇએ તેવો રસ આવતો નથી. શાસ્ત્રોમાં પુણીયા શ્રાવકનું વર્ણન આવે છે, તેઓ એક વખત સામાયિક કરવા બેઠા હતા ત્યારે તેમનું મન અસ્થિર બન્યું, સામાયિકમાં ચિત્ત ચોંટતું નહોતુ ત્યારે તેમણે વિચાર કર્યો કે કેમ આમ બને છે? જરૂર કંઈક અનીતિ થઈ હોવી જોઇએ નહિતર આમ બને નહિ. પોતે ખૂબ વિચાર કર્યો છતાં કંઈ ભૂલ જડી નહિ ત્યારે તેમણે પોતાની પત્નીને પૂછ્યું કે આજ કંઈ તારાથી ભૂલ થઈ છે? ત્યારે તેમની પત્નીએ જવાબ આપ્યો સ્વામીનાથ! બીજું તો કંઇ પણ નહિં પણ આપણે ત્યાં છાણા ખૂટી ગયા હતા, તેથી પાડોશીને ત્યાંથી તેમને પૂછ્યા વગર જ છાણા લીધા હતા. ત્યારે પુણીયા શ્રાવકે કહ્યું-એ તેં ઠીક ન કર્યું. પૂછ્યા વગર પારકાની વસ્તુ લેવી એ એક પ્રકારની ચોરી કહેવાય અને એ છાણા દ્વારા રસોઈ બનાવી અને એ રસોઈ મેં વાપરી એટલે આજે મારૂં ચિત્ત સામાયિકમાં ન લાગ્યું. એટલે તે વખતે તેણીને તેણે ઠપકો આપ્યો. ત્યારે તેણીએ ભૂલ કબૂલ કરી અને કહ્યું કે, સ્વામીનાથ! હવેથી હું તેમ નહિ કરું!

અહીંઆ આપણને આ વાતથી ખૂબ જ સમજવાનું મળે

છે કે–સામાન્ય અનીતિ થઈ જવાથી પણ સામાયિકમાં પુણીયા શ્રાવકનું દીલ ન ચોંટયું તરત જ એની નજર અનીતિ પર ગઈ કે જરૂર કંઇક અનીતિ થઇ ગઇ લાગે છે. કારણ કે એ વાત પ્રસિદ્ધ છે કે અનીતિનું ધન પેટમાં પડે તો જરૂર બુદ્ધિ બગડે. ધર્મકર્મમાં ચિત્ત સ્થિર ન રહે અને કાયા અપવિત્ર બને છે. માટે અનીતિ અને અપ્રમાણિકતાથી દૂર રહેવું અને નીતિમાન બનવું એનું નામ કાયશુદ્ધિ છે.

આ પ્રમાણે આત્મા જ્યારે સિદ્ધાંત મુજબ આરાધના કરે છે, શુદ્ધ ભાવથી અને ક્રિયાના સતત અભ્યાસથી મન સ્થિર થવા માંડે છે, ધીરે ધીરે ક્રિયામાં પ્રેમ અને ઉલ્લાસ વધે છે, ઉત્સાહ અને રસ આવે છે. આ રીતે ઉત્સાહ અને ઉલ્લાસથી ક્રિયા કરતાં રસ વધતાં મન એમાં લીન બને છે, અત્યંત સ્થિર બને ત્યારે એ ધર્મની આરાધના તત્કાળ ફળે છે, અને મહાન ફળ આપે છે.

## કોની આરાધના ?

જન્મ જન્મમાં બૈરા છોકરા અને પરિવારની સેવા કરી પણ શુદ્ધ ભાવે દેવ–ગુરુ અને ધર્મની આરાધના કરી નહિ તેથી જ આપણો આત્મા આ સંસારમાં અનાદિ કાળથી આથડી રહ્યો છે. હજી પણ સમજીને અમૂલ્ય માનવદેહ મેળવીને દેવ–ગુરુ અને ધર્મની ઉમદા સામગ્રીને પ્રાપ્ત કરીને પણ જો આળસ અને પ્રમાદમાં મળેલ અણમોલ તકને એળે ગુમાવી દઈશું તો ૮૪ લાખ યોનિના ચક્કરમાં પડવું પડશે. "पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनं" જેવું

બનશે. માટે આવી ધર્માંરાધનની સુંદર તક હાથમાંથી ન ચાલી જાય તે પહેલા આત્માએ આત્માને ઓળખી, દેવ-ગુરુ અને ધર્મને પીછાણી, રત્નત્રયીની આરાધનામાં તત્પર બનવાનું છે.

દેવ-ગુરુ અને ધર્મ એ તત્ત્વત્રયીમાં પ્રથમ દેવ પદ છે. એ દેવપદમાં અરિહંતદેવ અને સિદ્ધ પરમાત્માનો સમાવેશ થાય છે. એ દેવપદની એટલે પરમાત્મપદની આરાધના કેવી રીતે કરવી જોઇએ તેને માટે યુગાદિ દેશનામાં ગ્રન્થકાર જણાવે છે કે—

पुष्पाद्यर्चा तदाज्ञा च तद्द्रव्यपरिरक्षणम् ।
महोत्सवा तीर्थयात्रा च भक्तिः पंचविधा जिने ॥

(૧) પુષ્પાદિથી પૂજા કરવી એટલે અષ્ટપ્રકારી પૂજા કરવી. (૨) પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું એટલે એમનાં ઉપદેશને જીવનમાં ઉતારવો. (૩) દેવદ્રવ્યનું રક્ષણ કરવું. (૪) મહોત્સવો ઉજવવા અને (૫) તીર્થયાત્રા કરવી. આ રીતે શ્રી જિનેશ્વરદેવની પાંચ પ્રકારે ભક્તિ કરી જીવન ઉજ્જવળ કરવું. પરમાત્માની પૂજા કરતાં પહેલા આપણા કપાળમાં તિલક કરીએ છીએ એ તિલક દ્વારા એમ સૂચવવામાં આવે છે કે હે પ્રભો! તારી આજ્ઞાને શિરસાવંદ્ય કરી યાને મસ્તક પર ચઢાવી પછી હું તમારી પૂજા કરું છું. આ વાતમાં કેવું સુંદર રહસ્ય છૂપાયેલું છે. પરમાત્માની કેસર-ચંદન-પુષ્પ-ધૂપ-દીપ આદિ વિવિધ સામગ્રી દ્વારા પૂજા-અર્ચા કરવા છતાં જો પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે તો વાસ્તવમાં ચંદનાદિથી કરેલી પૂજા એ પૂજા નથી માટે જ કહ્યું છે કે—

वीतराग ! सपर्याया-स्तवाज्ञापालनं वरम् ।
आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥

હે વીતરાગ દેવ ! તમારી પૂજા કરતાં પણ તમારી આજ્ઞાનું પાલન એ શ્રેષ્ઠ છે કારણકે આજ્ઞાની આરાધના અને આજ્ઞાનું પાલન એ મુક્તિપદ અપાવે છે જ્યારે આજ્ઞાની વિરાધના અને આજ્ઞાનુ ઉલ્લંઘન એ ભવભ્રમણ કરાવે છે.

પરિમિત જળથી સ્નાનાદિ કરી શ્વેતવસ્ત્રો પરિધાન કરી આઠપડો મુખકોષ બાંધી કેસર-ચંદન અને સુવાસિક પુષ્પોથી અહર્નિશ પ્રભુની પૂજા કરવી.

ધૂપ, દીપ અને ચામર ઢાળી અષ્ટપ્રકારી પૂજા કરવી, દ્રવ્ય પૂજા કર્યા પછી ભાવપૂજા કરતાં ડાબો પગ ઉંચો કરી સ્વસ્તિક આદિની રચના કરી અક્ષરો—પદોના સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક અર્થ સમજીને ભાવ—ઉલ્લાસપૂર્વક ચૈત્યવંદન કરવું. વચ્ચે ભાવવાહી સ્તવન મંદ મધુર સ્વરે લલકારવું. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા શિરસાવંદ્ય કરવી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, દેવદ્રવ્યનું રક્ષણ કરવું. ભૂલેચૂકે પણ દેવદ્રવ્યની એકપાઈ સીધી રીતે કે આડકતરી રીતે આપણા ઉપભોગમાં ન આવે તેનો ખ્યાલ રાખવો જિન-મંદિરની ૮૪ આશાતનાઓ ટાળવી. ઓછામાં ઓછી વર્ષમાં એકાદ તીર્થયાત્રા કરવી જેથી ત્યાંની પવિત્ર રજથી આત્મા પાવન બને છે. ભાવોલ્લાસ જાગે છે અને સમકિત નિર્મળ બને છે.

શક્તિ મુજબ છ'રી પાળતા સંઘ કાઢી સુપાત્રમાં ધનનો સદ્વ્યય કરવો, સંઘપૂજાદિ ધર્મકૃત્યો કરી જીવનને ઉજમાળ બનાવવું. શ્રી અરિહંતદેવનું અને શ્રી સિદ્ધ ભગવંતનું સ્મરણ

કરવું. સ્તુતિ, સ્તોત્રો દ્વારા એમના ગુણોનું કીર્તન કરવું, એમનો જાપ, એમનું ધ્યાન, એમનાં ગુણોનાં ચિંતનમાં આત્માને ઓતપ્રોત કરવો, અવસરે અવસરે અઠ્ઠાઈ મહોત્સવો ઉજવવા.

શ્રી જિનેશ્વરદેવના શાસનને માનનારા વધારે કેમ થાય તે માટે તન, મન અને ધન દ્વારા યોગ્ય પ્રયત્ન કરવો, અન્યને ધર્મમાં જોડવા, આપણા નિમિત્તે કોઈ અધર્મ ન પામે એનો ખ્યાલ રાખવો શ્રી જિનેશ્વરદેવના શાસનની આરાધના કરનારા આત્માઓની સેવાભક્તિ કરવી, એમનો આદર અને એમનું બહુમાન કરવું. આ પણ એક પ્રકારની પરમાત્માની પૂજા-ભક્તિનો પ્રકાર છે.

ગુરુપદમાં-આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને સાધુ ભગવંતો આ ત્રણ પૂજ્યોની સેવા-ભક્તિ અને ઉપાસના કરવી, તેમના ગુણગાન, તેમનું માન-સન્માન અને બહુમાન કરવું. અભ્યુત્થાનાદિથી વિધિપૂર્વક તેમને વંદન કરવું, જગતમાં એમનો મહિમા કેમ વધે તે રીતે વર્તન કરવું, તેમનું ધ્યાન તેમનો જાપ, તેમનાં ગુણોનું કીર્તન, તેમનું સ્મરણ, તેમની આજ્ઞાનું પાલન, તેમને કલ્પ્ય વસ્તુનું દાન કરી લક્ષ્મીનો સુપાત્રમાં સદ્વ્યય કરવો. ગુરુ મહારાજ સંબંધી ૩૩ આશાતનાઓ ટાળવી તેમની સેવાભક્તિ કરવી. આ રીતે દેવ અને ગુરુપદની આરાધના કરનાર આત્મા આરાધક બને છે.

ધર્મ આરાધના કરનારે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ જપનો પણ ખપ કરવાનો છે. જ્ઞાનની આરાધનામાં સમ્યગ્જ્ઞાનની આરાધના કરવાની હોય છે. દર્શનની આરાધનામાં શંકા કાંક્ષાદિ અતિચારોને ટાળીને નિઃશંકભાવે આરાધના કરવી,

દર્શનાચારના આઠ આચારના પાલનપૂર્વક આરાધના કરવી. મિથ્યાત્વીના સંસર્ગથી દૂર રહેવું. મિથ્યાત્વની પુષ્ટિ ન થાય તેવી રીતનું વર્તન રાખવું. આપણું સમ્યક્ત્વ નિર્મળ બને તેવા ઉપાયો યોજવા, અને આપણા સંસર્ગમાં આવનારનું પણ સમકિત નિર્મળ બને તેવી રીતે અનન્ય શ્રદ્ધા–આસ્તા અને ટેક પૂર્વક મન વચન કાયાને પ્રવર્તાવવી.

આપણી વાણી અને વર્તન, રહેણી અને કરણી અને આચાર અને વિચાર એવા ઉંચા અને સુંદર રાખવા કે જેથી આપણને જોઇને આપણા વચનો શ્રવણ કરીને અને આપણા સમાગમમાં આવીને અન્ય આત્માઓ આરાધક બને, આપણો વ્યવહાર, આપણી વેશભૂષા, આપણા વ્યાપાર અને એવો સુંદર વ્યવહાર રાખવો કે જોનારનું હૈયું ગજગજ ફુલે અને એને પણ આરાધના કરવાનો ઉલ્લાસ જાગે. પરમાત્માની ભક્તિમાં અને ગુરુ સેવામાં જે જે ઉપકરણો–સાધનો ઉપયોગમાં આવે તે બધા પોતે જાતે જ પોતાના ધનનો વ્યય કરી વસાવવા, જિન-મંદિરો બંધાવવા, જિનમૂર્તિઓ ભરાવવી આ બધા શુભ કૃત્યોથી દર્શનશુદ્ધિ થાય છે અને સમકિત નિર્મળ બને છે. આ રીતે આરાધના કરનાર આરાધક બને છે, સુલભબોધિ બને છે અને ભવભ્રમણનો અંત કરી પરિમિત ભવે મોક્ષે સીધાવે છે.

## જ્ઞાનની આરાધના

જ્ઞાનના આઠ અતિચાર ટાળી અને જ્ઞાનના આઠ આચારના પાલનપૂર્વક સમ્યગ્જ્ઞાનની આરાધના કરવી. સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ કરવો, પઠનપાઠન કરવું, સ્વાધ્યાય કરવો, ચિંતન,

મનન કરવું, અનુપ્રેક્ષા કરવી, સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કરવો, પ્રચાર કરનારને સહાયક થવું, જે જે સાધુ ભગવંતો-ગુરુ મહારાજાઓ શાસ્ત્રશૈલી મુજબ સિદ્ધાન્તની પ્રણાલિકા મુજબ શુદ્ધ પ્રરૂપણા કરતા હોય તેવા ગુરુદેવના વ્યાખ્યાનો યોજવા, એમાં અન્યને રસ લેતા કરવા, લોકો વિપુલ પ્રમાણમાં શ્રવણ કરે તેવી રીતે પ્રચાર કરવો, શ્રોતાઓનું બહુમાન કરવું, એમને આદરપૂર્વક બેસાડવા અન્ય લોકોની ધર્મભાવના કેમ વધે તેવું વલણ ધરાવવું. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની વિરાધનાથી દૂર રહેવું. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનોની આશાતનાથી ભયંકર જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે.

આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ, રક્ષણ, પોષણ અને પ્રચાર થાય તેવો પ્રયત્ન તથા તેવા સાધનો ઉભા કરવા. આગમ-શાસ્ત્રો ને સિદ્ધાન્ત મુજબની શૈલીથી લખેલા પુસ્તકોનો પ્રચાર કરવો. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનની આરાધના કરનારા આત્માઓ આરાધકો બને છે. ભવિષ્યમાં જ્ઞાનાવરણીયકર્મના આવરણો દૂર થઇ ધીમે ધીમે નિર્મળ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને અંતે આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, પરમાત્મા બને છે, સર્વજ્ઞ, સર્વદર્શી અને સર્વશક્તિમાન બને છે.

## ચારિત્રની આરાધના

ચારિત્રની આરાધના માટે ચારિત્રની આરાધના કરનારા મહામુનિવરોની સેવા-શુશ્રૂષા કરવી, આરાધનામાં સહાયક થવું, ધાર્મિક અનુષ્ઠાનો કરવા, બીજાને કરાવવા અને કરનારની અનુ-મોદના કરવી, દોષદૃષ્ટિનો ત્યાગ કરી શુદ્ધ બુદ્ધિથી આરાધક

આત્માઓનો ઉલ્લાસ કેમ વધે તેવી પ્રવૃત્તિ કરવી, સર્વવિરતિ લેવાની ભાવનાવાળાની ભાવના કેમ વધે. એની ભાવનાને ધક્કો ન પહોંચે એ રીતે એને સહાયક થવું, પણ અંતરાય ન કરવો; ચારિત્ર લેનારને, અંતરાય કરનારને શાસ્ત્રકારો કહે છે કે-ઋષિમુનિની હત્યા કરવામાં જે પાપ લાગે તેટલું પાપ અંતરાય કરનારને લાગે છે. એવા આત્માઓને ભવાંતરમાં ચારિત્ર ઉદયમાં આવતું નથી, મતલબ ચારિત્ર લેવાને ઉત્સુક મુમુક્ષુ આત્માને ચારિત્રની ભાવનાથી પાડવામાં મહાપાપનો બંધ થાય છે.

જૈનશાસનના રહસ્યને નહિ સમજનારા એવા અનેક આત્માઓ આજે મોહ યા અજ્ઞાનતાના કારણે કોઈ ભવ્યાત્મા ચારિત્ર લેવાની ભાવના પ્રકટ કરે કે તરત જ તેમા પત્થરો નાંખવા તૈયાર થાય છે. તેઓ બોલી ઉઠે છે કે-શું ઘેર બેઠા ધર્મ નથી થતો? પણ ભલાને પૂછોને કે જો ઘેર બેઠા ધર્મ થતો હોત તો તે જ ભવે મોક્ષે જવાના છે એમ નિશ્ચિત જ્ઞાનથી જાણવા છતાં આપણા પરમોપકારી શ્રી તીર્થંકર દેવો શા માટે ગૃહવાસનો ત્યાગ કરી ચારિત્ર અંગીકાર કરે છે? શા માટે તપ જપ આદરે છે? ઉગ્ર પરીષહો અને ઉપસર્ગો સહન કેમ કરે છે? એજ વસ્તુ આપણને બતાવી આપે છે કે ગૃહસ્થાવસ્થામાં કલ્યાણ નથી પણ સંસારનો ત્યાગ કરી ગુરુ-કુલવાસમાં રહી ચારિત્રની આરાધના કરવામાં કલ્યાણ છે.

સંસારી આત્માઓને ડગલે ને પગલે હિંસાદિ લાગે છે, ત્યારે સંયમી જીવનમાં ષટ્ જીવનિકાયની રક્ષા દ્વારા, અહિંસાદિ વ્રતોના પાલન દ્વારા, શાસ્ત્ર-સિદ્ધાંતના પઠન-પાઠન દ્વારા અને

તપ ત્યાગમાં લીન બની સ્વપર કલ્યાણની જેવી ઉત્તમ સાધના થાય છે તેવી અંશે પણ ગૃહસ્થાવાસમાં થતી નથી. જેઓ ગૃહસ્થના વેશમાં કેવળજ્ઞાન પામીને ગૃહીલિંગે સિદ્ધ થયા છે; તે પણ ચારિત્રની ભાવનાએ સિદ્ધ થયા છે. પણ ગૃહસ્થાવાસનાં પોષણની ભાવનાએ કોઈ સિદ્ધ થયું નથી, થતા નથી અને થશે પણ નહિ.

ભૂતકાળમાં આ પવિત્ર ચારિત્રમાર્ગની આરાધના કરીને અનંત આત્માઓ આ સંસાર સમુદ્રથી તરી ગયા, સંખ્યાતા આત્માઓ વર્તમાનકાળે તરી રહ્યા છે અને અનંતા આત્માઓ ભવિષ્યમાં તરી જશે. માટે આ દીક્ષા જેવા પરમ પવિત્ર માર્ગમાં ભૂલેચૂકે પણ જાણે-અજાણે પણ આપણો આત્મા અંતરાયક ન બને એનો પૂરો ખ્યાલ રાખવાનો છે.

લાડવા ખાવાની ભાવનાથી ભિક્ષુકે દીક્ષા લીધી હતી અને પૂજનીય શ્રી આર્યસુહસ્તિસૂરિજી મહારાજે દીક્ષા આપી હતી. એક જ દિવસમાં ચારિત્રની આરાધનાથી એ ભિક્ષુકનો આત્મા બીજા ભવે સંપ્રતિરાજા બને છે. કેવો ચારિત્રનો અપૂર્વ પ્રભાવ છે. ચોથા શ્રી સમવાયાંગ સૂત્રમાં મોહનીયકર્મ બાંધવાના ૩૦ સ્થાનો બતાવવામાં આવ્યા છે તેમાં એક એ પણ છે કે—ચારિત્ર લેનારને વિઘ્ન કરનાર અને અંતરાય કરનાર આત્મા પ્રબળ મોહનીય કર્મને બાંધે છે.

બિચારા કેટલાક આત્માઓ મોહ અને અજ્ઞાનવશ એકદમ સમજ્યા વગર બોલી ઉઠે છે કે દીક્ષામાં શું છે? ઘર બેઠા શું ધર્મ ન થાય? આ કાળમાં કોણ શુદ્ધ ચારિત્ર

પાળે છે, અમુક ભ્રષ્ટ થયો, અમુક ભાગી ગયો. એવા પતિતોના દાખલાઓ આપી બીજાને પાડી નાંખે છે. બીજાની શ્રદ્ધાને બગાડે છે. પોતે ડૂબે છે અને બીજાને ડુબાડે છે. પણ એમને ખબર નથી કે આવા પંચમ કાળમાં હુંડાવસર્પિણી જેવા વિષમ કાળમાં પણ જ્યાં ડગલે ને પગલે પતનના સાધનો મોજૂદ છે. આજની વેશભૂષા, આધુનિક વાતાવરણ અને વિષયવિલાસના સાધનોનું જબ્બર આકર્ષણ હોવા છતાં વૈભવ વિલાસને ઠોકરે મારી અનેક પુણ્યાત્માઓ સુંદર ચારિત્ર પાળી રહ્યા છે, તપ-જપની સુંદર આરાધના કરી રહ્યા છે અને જગતને સાચો માર્ગ દર્શાવી સ્વ-પરનું કલ્યાણ કરી રહ્યા છે. એવા દાખલાઓ એ લોકો નહિ આપે!

ધંધો-વ્યાપાર કરતા કમાનારના દાખલા આપશે અને કહેશે કે જોયું અમુક કમાયો, અમુકને લાખ મળ્યા, અમુક ક્રોડપતિ થયો. અરે પેલો ફુટપાથ પર સૂનારો આજે મોટરમાં બેસી મોજ કરે છે છોકરીને પરણાવતાં અમુક હમણાં જ પરણી અને થોડા દિવસમાંજ રાંડી, શું એવો દાખલો આપશે? અમુક સ્ટીમર ડૂબી ગઈ, પ્લેન તૂટી પડ્યું, બસ ઉંધી વળી, પાટા પરથી ટ્રેન ખસી ગઈ, હજારોની ખાનાખરાબી થઈ માટે પ્લેન, ટ્રેન, બસ આદિનો ઉપયોગ ન કરવો એવું કહેશો ખરા! ચાલનારો અને સીડી પર ચઢનારો ભાન ન રાખે તો પડે તેથી ચાલવાનું કે ચઢવાનું બંધ ન થાય. પરણનાર રાંડે તેથી પરણવાનું બંધ કરતા નથી, વ્યાપાર કરનારા ઘણા નાદારી લે છે છતાં વ્યાપાર બંધ કરાતો નથી. તેમ દીક્ષા લઈને નાસી ભાગી જાય, છોડી દે-તેથી દીક્ષા ન અપાય એમ ન બોલાય.

ચાર જ્ઞાનના ધણી શ્રી ગૌતમસ્વામી ભગવાન જેવા ખેડુતને દીક્ષા આપી ભગવાન મહાવીર પાસે આવે છે ત્યાંજ પેલે ખેડુતનો જીવ નૂતન દીક્ષિત ભગવાનને જોતાં જ ઓઘો નાંખીને ચાલતો થાય છે. તે વખતે સમવસરણમાં બેઠેલા કેટલાકે હસે છે, ત્યારે ભગવાન મહાવીરસ્વામી કહે છે- અરે આમ હસો નહિ, એ જીવ પણ પામી ગયો. એ જીવ મોડો વહેલો પણ અવશ્ય મોક્ષે જવાનો–એમાં શંકા નથી. ભગવાન કહે છે કે "પડિવાઇ અનંતા" ચઢનારા કરતા પડનારા અનંત છે પણ સાથે સાથે તેઓ કહે છે કે એ પડનારાજ એક દિવસે ચઢી જશે મુક્તિ પ્રાપ્ત કરશે એ રખે ભૂલતા! પણ જેને પડવાના ભયે ચઢવાનો પ્રયત્ન જ કર્યો નથી, એને ચઢવું નિશ્ચિત નથી. પણ આ સંસારી જીવડાઓને મહામોહ એવો સતાવી રહ્યો છે કે ન પૂછો વાત. એને જન્મ–મરણના દુઃખોનો ખ્યાલ નથી. દુર્ગતિના દુઃખોનો જો ખ્યાલ આવી જાય તો એક ઘડીભર સંસારમાં ઉભો રહેવા ન પામે, પણ ખાવા–પીવાના અને ભોગવવાના નકલી–બનાવટી કાલ્પનિક તુચ્છ અને વિનશ્વર સુખોમાં એ એવો ગાંડો અને પાગલ બન્યો છે કે એને એનું પોતાનું ભાન જ રહ્યુ નથી. આવા મોહી જીવડાને જો ખબર પડે કે અમુક ભાઇ યા બ્હેન દીક્ષા લેવા તૈયાર થયા છે તો તેની પાસે વગર પૈસે વકીલાત કરવા તૈયાર થશે, મુમુક્ષુને કહેશે કે અરે ભાઇ! હજી તું સમજ્યો નથી; પણ ભાઇને પૂછોને તમે તો સમજ્યા છો ને! શું જવાબ આપે! ત્યાં એ ગલ્લાતલ્લા કરશે. આવા મોહી અને અજ્ઞાન આત્માઓ મુમુક્ષુજનોની ઉત્તમ ભાવનાને ધક્કો પહોંચાડી

મહાપાપના ભાગીદાર બને છે. પણ એને ખ્યાલ નથી કે આ દુઃખમય સંસારમાં સાર શું છે?

અનાદિકાળથી સંસારનો ભોગવટો કર્યો; અનંતા જન્મ મરણ કર્યા, અનંતીવાર દુર્ગતિના દુઃખો પામ્યા, ઘણુ ખાધું, ઘણું પીધું અને ઘણું ભોગવ્યું, પણ પરિણામ શૂન્ય, સાથે શુ આવે છે? બધુંય મૂકીને રવાના થવું પડે છે, સાથે આવે છે પાપના ભારા, જે જનમ-જનમમાં તારાજ કરે છે.

આપણે તો બીજાની ભાવનાને ચઢાવવાનો પ્રયત્ન કરવો જોઇએ અને કહેવું જોઇએ કે-ભાઈ! તમને ધન્ય છે અને અમને ધિક્કાર છે કે અમારાથી છૂટતું નથી, તમે સંસાર છોડીને કલ્યાણ કરવા તૈયાર થયા છો-બલિહારી છે તમારી, સંસાર તો ઝેર છે, પાપની ભઠ્ઠી છે. ચારિત્ર વિના કોઈની મુક્તિ થઈ નથી. જ્યારે ને ત્યારે કલ્યાણ કરવું હશે તો ચારિત્ર લીધા વિના છૂટકો નથી. તો પછી નાહક આ સંસારમાં ચાર ગતિના ચક્કરમાં શા માટે આથડવું?

જેમ બને તેમ વ્હેલી તકે કલ્યાણ કેમ ન કરવું? શ્રી તીર્થંકર દેવો, ચક્રવર્તિઓ, બલદેવો, રાજા મહારાજાઓ અને શેઠ શાહુકારોએ પણ આ પવિત્ર ચારિત્રના મંગળ માર્ગે જ પ્રયાણ કરી કલ્યાણ કર્યું છે.

આ દેવદુર્લભ માનવભવની કિંમત ત્યાગમાં છે, ભોગમાં નથી. દેવો અને દાનવો પણ આ માવભવ એટલા જ માટે ઝંખે છે કે અમે માનવભવ મેળવી ચારિત્રની-ત્યાગધર્મની આરાધના કરી મુક્તિગામી બનીએ!

શ્રી ભગવતીજી સૂત્રમાં સૂત્રકાર કથન કરે છે કે ચારિત્રની જઘન્યપણે આરાધના કરનાર આત્મા પણ ૭-૮ ભવમાં મોક્ષે સીધાવે છે, પણ તે આત્મા પ્રત્યૈક જન્મમાં આરાધક હોવો જોઇએ. વચમાં જો વિરાધના કરે તો એને પણ રખડવું પડે. ત્યારે જે આત્મા ચારિત્રની જઘન્ય આરાધના કરે તે પણ થોડા ભવોમાં મુક્તિગામી બને તો જેઓ સુંદર આરાધના કરે તો તે અલ્પ કાળે મોક્ષે સીધાવે એમાં શી નવાઈ !

આ પ્રમાણે આપણે ધમ્મો મંગળની પ્રથમ ગાથા ઉપર ચાર વિષય પર અત્યંત સંક્ષેપમાં વિવેચન કરી ગ્રન્થને પૂર્ણ કરીશું. સૌ કોઈ આ ગ્રન્થ વાંચી, વિચારી સાર ગ્રહી જીવનમાં ઉતારી અને જીવનને ઉન્નત બનાવે એ જ એક અભિલાષા.

સર્વમંગળમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્ ;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

**સમાપ્ત**

○ ○ ○ સાહિત્ય અંગે સુંદર ○ ○ ○

# ✻ અભિપ્રાય ✻

●

આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજીનું ગુર્જર ગિરામાં લખાયેલું સાહિત્ય જનપ્રિય અને જનતામાં અત્યંત ઉપયોગી નીવડયું છે. વાંચકો આ સાહિત્યને હોંસે હોંસે વાંચે છે અને શ્રદ્ધાબળ વિકસિત કરે છે.

જડવાદના ઝેરી જડબામાં જકડાયેલી જનતાને ઝગમગતી જ્યોત જગાવી અને આત્મકલ્યાણના પંથનો પથિક બનાવે છે. અધ્યાત્મનો ઈશારો છે. આકર્ષણમય આદર્શ છે. તત્ત્વનો તરણિ છે. તેમાં ય કથા-રંગ જમાવવાની આવડત તો તેઓની આગવી અને અનોખી છે.

પ્રસંગરંગને સંગીન બનાવી સાહિત્યમાં તાત્ત્વિક બોધના પૂરક તત્ત્વોને ઠાંસી ઠાંસીને ભરે છે. સાથે જ સતત પરિશ્રમ ઉઠાવી સાહિત્યક્ષેત્રના અઠંગ ઉત્કર્ષ પામવા સૌ કોઈ વ્યક્તિ મજ્જ છે. હું તો ઘણા સમયથી તેમની સાહિત્ય-પ્રચારની પ્રશસ્ત પ્રવૃત્તિ જોઈ રહ્યો છું, અનુમોદી રહ્યો છું અને આનંદ અનુભવી રહ્યો છું.

પુનઃ પુનઃ આવું અણમોલરત્ન જેવું સાહિત્ય વિપુલ પ્રમાણમાં પ્રચારે એ જ એક અભ્યર્થના અને અંતરના આશીર્વાદ.

લેખક : પૂજ્ય આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજ**

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦ ૦૦૧